'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મોક્ષને દ્વાર

॥૧૪॥




**પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


સંસાર - મોક્ષનું સ્વરૂપ - મોક્ષાભિલાષ - મુક્તિમાર્ગ - નિર્વાણ

## મોક્ષમાર્ગ મેળવવાના ચાર રસ્તા

**જિનભક્તિ, જીવમૈત્રી, પુદ્ગલવિરક્તિ, આત્માનુભૂતિ.**

ઉપરના આ ચાર અદ્ભુત તત્ત્વોને
જીવનમાં ઉતારવાથી - ચારે મળીને મોક્ષમાર્ગ બને છે.
વિષયેચ્છાવાળાને મોક્ષમાર્ગ કઠિન છે,
વિષયેચ્છાને તજનારને મોક્ષમાર્ગ મળવો સરળ છે.
પ્રભુ આદર્શ - પ્રેરક - માર્ગદર્શક તરીકે ઉપકારક છે.
તેમના પ્રત્યે કૃતજ્ઞતાભાવ, પૂજ્યભાવ રાખીને જ
મોક્ષમાર્ગ અવિચ્છિન્ન રહે છે. મોક્ષમાં પરને ઉપકાર છે.

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી
**આચાર્યદેવ શ્રીમદ્વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત
**આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ
**આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી
**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સંવત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને 'હસ્તાક્ષર થીમ સૉંગ' સાંભળવા મળશે.

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ

# પરમ ભદ્રંકર મોક્ષને દ્વાર

॥ ૧૪ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ


સંસાર - મોક્ષનું સ્વરૂપ - મોક્ષાભિલાષ - મુક્તિમાર્ગ - નિર્વાણ

- **PARAM BHADRANKAR MOKSH NE DWAR**

  Personal Diaries comprising of Divine thoughts regarding attaining Salvation.

  by Pujya Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

- **VOLUME - 14**

  Year 2025 • સંવત્ ૨૦૮૧ • 500 Copies / 324 Pages • For Private Circulation only.

---

- **PUBLISHER**

  © Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust - Rajkot

  team@mindfiesta.com

---

- **SPONSOR**

  Smt. Jayaben Chunilal Dodhia (Parasbhai)
  Halar | London

---

- **ENHANCED & DESIGNED BY**

  Bharti Deepak Mehta
  Fiesta Studios
  Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
  bharti@mindfiesta.com
  +91 98252 15500

- **eBOOKS AVAILABLE AT**

  www.bhadrankar.com
  www.navkarday.com
  Amazon Kindle
  Telegram : HastaksharNuAkshayPatra



## અધ્યાત્મયોગીની આ ગ્રંથશ્રેણીના અંતિમ પડાવે હૃદયસંવેદનો...!



જેમ પરમ કૃપાળુ દેવાધિદેવ ચરમ તીર્થપતિ પ્રભુ મહાવીરસ્વામી ભગવાને દીક્ષા લીધી અને કેવળજ્ઞાન ન પામ્યા, ત્યાં સુધી એમનો પ્રમાદકાળ અતિ અલ્પ રહ્યો હતો, તેમ વર્તમાન કાળની વિશ્વવિભૂતિ અમારા દાદાગુરૂ મહારાજ અધ્યાત્મયોગી પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીના પ્રાયઃ ૫૦ વર્ષના દીક્ષાપર્યાય કાળમાં પ્રમાદનો કાળ ખૂબ જ અલ્પ રહ્યો, એના અમો સૌ સતત સાક્ષી રહ્યા છીએ.

સૌને એ સર્વવિદિત છે કે સાહેબજી દરરોજ પ્રભુદર્શન-વંદન, શાસ્ત્રીય પઠન-પાઠન, પ્રવચનપ્રદાન, શિષ્યોને હિતશિક્ષા, પત્રલેખન, દરરોજના ચિંતનોની અનુપ્રેક્ષા-લેખન તથા રૂબરૂ આવેલા આરાધકો-સાધકોની સાધનાને યોગ્ય માર્ગદર્શન પણ કરતાં, તેથી આજે ખ્યાલ આવે છે કે તેઓનો પ્રમાદકાળ કેટલો અતિ અલ્પ રહ્યો હશે! તો જ તેઓ પોતાના દીક્ષાકાળમાં તાત્ત્વિક ચિંતનોની આ ૨૨૪ રોજનીશીઓ લખી શક્યા હશે ને?

આજે મને એ દિવસ યાદ આવે છે કે અમદાવાદ પરિમલ સંઘમાં અમે વિ.સં.૨૦૬૯નું ચાતુર્માસ હતાં, ત્યારે દાદાગુરૂદેવની હસ્તલિખિત એ ડાયરીઓ અમારા સમીપ આવી. તેમાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મનમોહનસૂરીશ્વરજી મહારાજ, પંન્યાસશ્રી નયનરત્નવિજયજી મહારાજ તથા કેટલાંક સાધ્વીજી ભગવંતો ઉપરાંત આરાધક શ્રાવક-શ્રાવિકાઓને તેની ખબર પડી, તો તેઓ સૌની માંગણી આવી કે આ અધ્યાત્મભર્યા લખાણોનું જો તમો સ્કેન કરાવો, તો અમને તેની ૧-૧ કોપી ખાસ આપજો.

અમને આ બાબતે અનુભવ નહીં, તેથી અમદાવાદમાં એક પ્રેસવાળા ભાઈ હસ્તક બધી ડાયરીઓનું સ્કેન કરાવ્યું, તો કુલ વીસેક હજાર પાનાં થયાં. આ સ્કેનનું કાર્ય તો થયું, પણ તેના પાનાં જર્જરીત તથા અમુક પાનાં અસ્ત-વ્યસ્ત! હું ત્યારે ચકરાવે ચડી ગયો કે આની વ્યવસ્થિત કોપી કરવી કઈ રીતે? મને એકદમ માનસિક ભાર થઈ ગયો કે શું કરૂં? ત્યાં જ મારા પૂજ્ય ગુરૂમહારાજ આચાર્યદેવશ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજના ફાગણ સુદ ૪, સં.૨૦૩૯ના દિવસે કાળધર્મ પૂર્વે બોલાયેલા શબ્દો યાદ આવ્યા કે: ''હું જાઉં છું પણ મારા ગુરૂ મહારાજના કામમાં તમને સહાય કરવા જરૂર આવીશ.'' ભાવો ભૂંસાઈ ગયેલા પણ ગુરૂ મહારાજ તો વચનથી બંધાયેલા હતાં, તેથી જાણે ચમત્કાર થયો.

પૂજ્યપાદ્ દાદાગુરૂ મહારાજ અને ગુરૂ મહારાજે જ રાજકોટથી અમારા શશીકાંતભાઈના સુપુત્ર દિપકભાઈ તથા પુત્રવધૂ ભારતીબેનને અમદાવાદ મોકલ્યા! તેઓ તો અચાનક જ આવેલા. થોડી ઔપચારિક વાતો થઈ પછી મેં મારી મુંઝવણ તેમને જણાવી. તેઓએ સહજ ભાવે કહ્યું કે: ''આપ ચિંતા ન કરો. દસેક વર્ષથી ઑનલાઈન એજ્યુકેશનનો મહાવરો હોવાથી અમે રાજકોટ લઈ જઈ પ્રયત્ન કરી જોઈએ. ગુરૂકૃપાથી બધું થઈ જશે.''

ભારતીબેને તો અવિહડ ભક્તિથી તેઓનું જીવનચરિત્ર 'પારસમણિ' લખેલું, ત્યારથી જ જાણે તેઓ પૂજ્ય દાદાગુરૂ મહારાજના અનન્ય કૃપાપાત્ર બની ગયેલા, તેથી રાજકોટ જઈને બધું વ્યવસ્થિત પ્લાનીંગ કરી તેનું એસ્ટીમેટ કઢાવ્યું, તો મોટી રકમ આવી, પરંતુ પરમ ગુરૂભક્તાત્મા સી.કે.મહેતાનો સંપર્ક કરતાં તેઓએ કહ્યું: ''ખર્ચ વિષે ચિંતા ન કરતાં. બસ! કાર્ય જલ્દીથી શરૂ કરો.'' તેમાંથી ૧૦ વર્ષે એ રોજનીશીઓ બની 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ની ૧૦૮ ગ્રંથોની શ્રેણી... જાણે ૪૦ વર્ષે તેનો પુનર્જન્મ થયો!

જેમ જેમ દર મહિને એક પછી એક ભાગો પ્રગટ થતાં ગયાં, તેમ તેમ અનેક મહાત્માઓ, આરાધકો, સાધકોના હાથમાં ૨૨૪ પાનાંના તે દરેક ગ્રંથો પહોંચતાં જાણે ૨૧મી સદીના આગમો મળ્યાં હોય, તેવા ભાવોથી ભાવિત થયેલા પોતાના અભિપ્રાયો જણાવી તેઓ પ્રોત્સાહિત કરતાં ગયાં. એ રીતે પ્રથમ તો ૬૮ બૃહદ્ ભાગ તૈયાર થયા.

હવે શું કરવું? ત્યાં જાણે પૂજ્ય ગુરૂદેવે જ પ્રેરણા કરી કેઃ 'આ વોલ્યુમોમાંથી વિષયવાર ચિંતનો અલગ કરીને નાના ભાગમાં પ્રગટ કરો.' તેથી તે કામ ચાલુ થયું. નવકાર, મૈત્રી, પરોપકાર, આત્મા, જિનાગમ, અનેકાન્ત-સ્યાદ્વાદ, અહિંસા-સંયમ-તપ, રત્નત્રયી, મંત્રાક્ષરો, બ્રહ્મચર્ય, ભક્તિ, જિનશાસન, પ્રેમ, ધર્મ, મનનો વ્યાપાર, કર્મનો અધિકાર, સત્ય, શ્રદ્ધા, કષાયોનો પ્રતિકાર, પરમાત્મા અને મોક્ષમાર્ગ જેવા નવકારથી નિર્વાણ સુધીના વિષયોની અદ્ભૂત સંકલના કરીને સર્જેલ ૪૦ લઘુભાગો થઈને આજે અખંડ ૧૦૮ ભાગ પૂરાં થયા. 'પરમ ભદ્રંકર મોક્ષને દ્વાર' એ આ ગ્રંથશ્રેણીનો અંતિમ ભાગ છે. આ ભાગમાં પૂજ્ય સાહેબજીએ અપ્રતિમ રીતે જણાવ્યું છે કેઃ

'મોહનો ક્ષય તે મોક્ષ. મોક્ષ પામવાની ઈચ્છા જ ધર્મ. મોક્ષમાર્ગે સાધ્ય સિદ્ધત્વ છે. નિર્વાણના મૂળમાં નવકાર છે અને નવકારનું ફળ નિર્વાણ છે. જીવ કર્મરોગથી મુક્ત થાય કે તરત મોક્ષપ્રાપ્તિ થાય. ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફલસિદ્ધિ, લોકવિરૂદ્ધજ્ઞાન, ગુરૂજનપૂજન તથા પરાર્થકરણ, એમ મોક્ષમાર્ગ માટે આવશ્યક એવી મુખ્ય ૬ વસ્તુની માંગણીનું એક ચિંતન આ ભાગમાં ખૂબ ઉપયોગી છે.

મોક્ષનું કારણ બ્રહ્મજ્ઞાન-આત્મજ્ઞાન છે, સિદ્ધ ભગવંતનું ધ્યાન કરવાની એકદમ સરલ રીત શું છે? મોક્ષ માટેના બે રસ્તાઃ એક પુરૂષપ્રયત્ન અને બીજો ભગવદનુગ્રહ, જેમાં પ્રથમમાં વિચારની અને બીજામાં શ્રદ્ધાની જરૂર છે. ચાર ગતિ એ ચાર કષાયોનું ફળ છે અને પાંચમી મોક્ષગતિ એ મૈત્રીભાવનું ફળ છે, વગેરે આ ભાગમાં અત્યંત સરળ રીતે જણાવાયું છે. વળી આસ્તિક્ય કે સમ્યક્ત્વના ષટસ્થાનકઃ જીવ છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષના ઉપાયો પણ છે. આત્માને નિવાસ કરવા યોગ્ય સ્થાન મોક્ષ જ છે, એ વિષે ય દાદાગુરૂ મહારાજ પૂરતો પ્રકાશ પાડે છે.

મોક્ષનાં ચાર દ્વારઃ સંતોષ, સત્સંગ, વિચાર તથા શમ. સંતોષ એ પરમ લાભ છે. સત્સંગ એ પરમ ગતિ છે. વિચાર એ પરમ જ્ઞાન છે તથા શમ એ પરમ સુખ છે. રાગનો ત્યાગ અને ત્યાગનો રાગ એ મોક્ષનો માર્ગ છે, તેથી તે માર્ગને અનુસરવો.'

આવા તો અનેક તાત્ત્વિક - આધ્યાત્મિક ચિંતનોનો ખજાનો આ ભાગમાં છે. ભારતીબેન તો આ કાર્યમાં અત્યંત ડૂબી ગયેલા કહું એના કરતાં લીન થઈ ગયેલા, એમ કહું તો વધુ ગમશે. એ લઘુભાગો પણ ઝડપી ગતિએ બહાર પડવા લાગ્યા. વિષયવાર થવાથી એ જ મેટર પણ સૌને વધુ પ્રિય બની ગયું. હવે તો વિષયવાર આ નાના વોલ્યુમોની ડિમાન્ડ વધતી રહી છે અને જે મંગાવે, તેમને મોકલાતી રહી છે.

આ ૧૦૮ ભાગની અનુપમ ચિંતનોની શ્રેણી આપણા સુધી પહોંચતી કરવામાં મહદ્ આર્થિક સહયોગીઓ - એમ જ કહો ને કે બે અર્થસારથિઓ છે, જેમાં 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના બૃહદ્ ૬૮ ભાગ ઉપરાંત 'પરમ ભદ્રંકર શ્રી નવકાર'ના ૯ લઘુભાગ, 'પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર'ના ૯ લઘુભાગ તથા 'પરમ ભદ્રંકર મંત્રાક્ષરોનો મહિમા'ના ૭ લઘુભાગના એકમેવ અર્થસારથિ રહ્યા મુંબઈ-વડોદરાના અમારા સુશ્રાવક **સી.કે.મહેતા**, જેઓ સાહેબજીના પરિચયમાં ૧૫ વર્ષ સુધી રહી ધર્મ પામ્યા હતા.

અંતિમ ૧૪ લઘુભાગના અર્થસારથિ છે લંડનના માતુશ્રી **જયાબેન ચુનીલાલ દોઢીયા** હસ્તે **પારસભાઈ**, પરદેશમાં રહ્યા છતાં તેઓની ઉદારતા તથા શાસનપ્રેમ અતીવ પ્રશંસનીય છે. વળી સૌથી વિશેષ સ્નેહપરિશ્રમ કર્યો છે રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ અને અધ્યાત્મભાવથી ભાવિત એવા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**એ, જેમણે પોતાના ૩૦ સહકાર્યકરો - તજજ્ઞો સાથે ૧૦ વર્ષનો દિવસ-રાતનો જબ્બર પુરૂષાર્થ કરીને આધુનિક ટેક્નોલોજીની સહાયથી પૂજ્યશ્રીના જ હસ્તાક્ષરોમાં આ ૧૦૮ ગ્રંથો શાસનને ઉપલબ્ધ કરાવ્યા, જે સમસ્ત જગતમાં પ્રથમ અને વિરલ કાર્યરૂપ છે.

બસ, આ શ્રેણી પૂર્ણ થતાં એક બાજુ આનંદ છે કે સાડા ત્રણ દાયકાથી અમૂલ્ય નિધાનની જેમ ઢંકાયેલો પૂજ્યશ્રીનો તત્ત્વખજાનો સૌને વ્હેંચી શકાયો અને દુ:ખ એ વાતનું છે કે બસ! જે અપૂર્વ ચિંતનોના આધારે અંતિમ ૧૨૦ મહિના જેટલો એકધારો સમય નવકારથી નિર્વાણના ભાવોથી ભાવિત રહી શક્યા, તે કાર્ય હવે સંપન્ન થઈ ગયું!

આજે આ ગ્રંથનો છેલ્લો ૧૦૮મો ભાગ પ્રગટ કરતાં અમારૂ હૃદય અત્યંત પુલકિત સાથે વ્યથિત પણ છે, કેમકે મનમાં થાય છે કે: 'બસ! ગુરૂદેવનું આ હૃદયસ્પર્શી - જીવનસ્પર્શી સાહિત્યનું સર્જન પૂર્ણ થશે? હવે શું? અમે જેટલા વ્યથિત થઈએ છીએ, તેના કરતાં અનેકગણા વ્યથિત તો ભારતીબેન છે. તેઓ અશ્રુપૂર્ણ નયને કહે છે કે: ''સાહેબજી, ગુરૂ મહારાજે આપણને સંસારસાગર તરવાને કેવી સરસ અધ્યાત્મસભર નાવમાં બેસાડી સ્વાધ્યાયયાત્રા કરાવી! કિન્તુ હવે શું?''

હવે શું? હા.. વર્ષોની સાહિત્યયાત્રા આજે જ્યારે પૂર્ણવિરામ પામી રહી છે, ત્યારે અંતરાત્મા અત્યંત વિષાદમયી છે. જાણે કહે છે કે: 'ગુરૂ મહારાજ! હવે આનો સ્વાધ્યાય કરવાનો અવસર - જવાબદારીનો અવસર કેવી રીતે મળશે?' પરંતુ હજુ આ કાર્ય વિસ્તાર પામતું જ રહ્યું છે. વિષયવાર લઘુભાગોના અંગ્રેજી એવં હિન્દીમાં અનુવાદનું કાર્ય ચાલુ થયું છે તથા એ દરેક ભાગનું ઓડિયો રેકોર્ડીંગનું કાર્ય પણ આ ભાગ સંપન્ન થયેથી ત્વરિત ચાલુ થનાર છે, પણ ત્યાં સુધી આ ચિંતનોનો આલેખિત ખજાનો એવો તો સમૃદ્ધ છે કે જેની અનુપ્રેક્ષાથી પણ અહીં રહીને પરમ તત્ત્વની અનુભૂતિ કરવા આપણે સહુ સમર્થ બની શકીશું.

જેમણે માત્ર વાત્સલ્ય જ આપ્યું હોય, જેઓની દિવ્ય કૃપા સતત અનુભવી હોય, એવું જૈનશાસનનું મહામૂલું રત્ન જ્યારે કાળ ઝૂંટવી લે, ત્યારે કાળજાના ઘા સહન કરવા સહેલા નથી હોતાં, કેમકે એવા ગુરૂનો વિરહ સહજસહ્ય હોતો નથી, પરંતુ જ્ઞાનદિવાકર એવા દાદાગુરૂમહારાજનો આ લેખિત સંસ્કારવારસો એ વિરહને સહ્ય બનાવી રહ્યો છે.

પરમ કૃપાળુ પરમાત્માને હૃદયની સંવેદનાઓભરી પ્રાર્થના કે પૂજ્ય દાદાગુરૂદેવના ભાવોથી અમે ભાવિત બનીએ, તેવી શક્તિ-સામર્થ્ય-સમજદારી અમોને ભવોભવ આપજો. જ્યારે પ્રાર્થનાની આંખ ભીની હોય છે, ત્યારે ગુરૂની આંખ પણ કોરી હોતી નથી. અસ્તુ.

આ. મનમોહનસૂરિ

હેમપ્રભ વિ.



# મારા ઉપકારીના ઉપકારીનો
# કરૂં હું ઋણસ્વીકાર,
# કરી નતમસ્તકે નમસ્કાર!

પ.પૂ. અધ્યાત્મયોગી દાદાગુરૂદેવ પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજીગણિવર્યના જીવન અને જ્ઞાન વિશે મોટાગુરૂદેવ પં.વજ્રસેનવિજયજી મહારાજ ઘણી વાતો કરતા. અમને પૂજ્યશ્રીનાં દર્શન-વંદન-વાણીનો લાભ તો નથી મલ્યો, કિન્તુ ગુરૂદેવ પૂ.હેમપ્રભસૂરિજી મહારાજે જણાવેલ વાતો સુણી 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું વાંચન થતું, એટલે એ લેખિત હિતશિક્ષા ઉપર અહોભાવ તથા બહુમાન વધતાં જ ગયાં.' તેમાં પૂજ્ય ગુરૂદેવે વાત કરી કે: 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ ગ્રંથોમાંથી હવે વિષયવાર શ્રેણીઓ પ્રકાશિત થનાર છે, તેમાં લાભ લેવા જેવો છે. મને તત્ત્વજ્ઞાનથી ભરેલા સાહિત્ય માટે તો ખૂબ જ ભાવ, તેથી પૂર્વે 'આત્મસાધના માર્ગ', ૪૫ આગમ પેટી, ગુજરાતી 'શ્રી ઉપમિતિપ્રપંચ કથા' તથા મંત્રના ૭ ભાગનો લાભ મળેલ છે, તો આ અંતિમ ૧૪ ભાગનો લાભ કેમ જતો કરાય?

પરમ દાદાગુરૂદેવ મારા ઉપકારીના ઉપકારી છે. તેઓની ઉત્તમ વાણી અનેકનું કલ્યાણ કરી રહી છે. આપણને ગમતી વાણી વધુમાં વધુ આત્માઓ સુધી પહોંચે, તેનો અનહદ આનંદ આનંદ છે. પરમાત્મા, પૂજ્ય દાદાગુરૂદેવ, પૂજ્ય મોટાગુરૂદેવ અને પૂજ્ય ગુરૂદેવના ઉપકારોમાં આ એક બહુ જ મોટા ઉપકારનો ઉમેરો થયો છે. આ ગ્રંથના વાંચન દ્વારા સૌને સમકિતની પ્રાપ્તિ થઈ આત્મવિકાસ થાય, તેવી અંત:કરણપૂર્વક પ્રાર્થના.

લંડન/હાલાર

પારસભાઈ ચુનીલાલ દોઢીયા

'મોક્ષ' એટલે મન - વચન - કાયાની ક્રિયાથી મુક્તિ.

મોક્ષ એટલે... આત્મસ્વાતંત્ર્ય અર્થાત્ નિરુપાધિકપણું.

'મોક્ષ' એટલે સર્વ કર્મથી નિર્મોક્ષ થવા કર્મના કારણભૂત એવા મોહનો ક્ષય કરી મોક્ષની ઇચ્છાથી જ ધર્મ કરવો.

મોક્ષ એટલે... પરવસ્તુના સંમોહનની અપેક્ષાથી સર્વથા મુક્ત થવું તે. ત્યાં સંપૂર્ણપણે સ્વાતંત્ર્ય છે.

મોક્ષ એટલે... અનંતની ભૂમિકા પ્રાપ્ત કરવી.

મોક્ષ એટલે... જન્મ - મરણાદિના ભયથી રહિત અને અનંતજ્ઞાન - દર્શન - વીર્ય તથા અનંતસુખની સંપૂર્ણ સમૃદ્ધિ સહિત જીવની નિર્બંધ અને આઝાદ અવસ્થા.

મોક્ષ એટલે... જીવનું શુદ્ધસ્વરૂપ. મોક્ષમાં રહેવાવાળા સિદ્ધ અને દેહમાં રહેવાવાળા આત્મામાં કોઈ ભેદ નથી.

મોક્ષ એટલે... જીવ અજીવ અર્થાત્ ઈશ્વર થાય, ચિત્ત અચિત્તતા અર્થાત્ નિર્વિકલ્પતા પામે તથા વિચાર રૂપી સૂક્ષ્મનો અસ્ત થાય, તેને મોક્ષ કહેવાય.

આપણે શૂન્ય બનીએ, એ જ આપણો મોક્ષ છે.

મો = મોહ, ક્ષ = ક્ષય. મોહનો ક્ષય તે મોક્ષ (નિરૂક્તિ અર્થ).

'મોક્ષ' એટલે આત્મામાં આત્મબુદ્ધિ ધારણ કરવી.

'મોક્ષ' એટલે મોહનો ક્ષય કઈ રીતે ?

'મોહ' એટલે અનાત્માને આત્મા - આત્માને અનાત્મા મનાવવો અને અનાત્મા વસ્તુસંબંધી રાગ-દ્વેષ કરવા.

મોહ = Hypnotise કરવું,

પરવસ્તુમાં મુંઝાવું, પરવસ્તુના આકર્ષણને વશ થવું. રાગ-દ્વેષથી રહિત થઈ પોતાનું વિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કરવું, તે જ મોહના ક્ષયરૂપી 'મોક્ષ' કહેવાય છે. દુ:ખ પ્રત્યે અરતિ તથા સુખ પ્રત્યેની રતિથી આત્માને છોડાવવાનો ઉદ્યમ અને તે માટે ધર્મક્રિયા - બંને શુભ ધ્યાનનો હેતુ છે. શુભ ધ્યાન તે ભોગમાં આત્મબુદ્ધિનો ત્યાગ છે અને મોક્ષમાં આત્મબુદ્ધિનો અંગીકાર છે.

મોક્ષ તે આત્માનું સ્વરૂપ છે - ભોગ તે પરસ્વરૂપ છે.

મોક્ષ સ્વરૂપ પામેલા અરિહંતો તથા સિદ્ધોનું સતત સ્મરણ એ સંસારના નિવારણનો ઉપાય છે.

હે પ્રભુ ! મને મોક્ષના પંથે નીચેની છ વસ્તુ આપો:

ભવનિર્વેદ: મારે મોક્ષ મેળવવાનો પ્રયત્ન કરવાને માટે ભવરાગ દૂર કરવાની તત્કાળ જરૂર છે.

માર્ગાનુસારિતા: અસદ્ગ્રહના વિજયાર્થે મારે મોક્ષના પંથે આગળ જવા માટે તત્ત્વાનુસારિતાની ખાસ જરૂર છે.

ઇષ્ટફલસિદ્ધિ: ઉદ્દેશમાં પ્રવૃત્તિ માટે ચિત્તસ્વાસ્થ્ય અને એ માટે મારે ઇષ્ટફલસિદ્ધિની જરૂર છે.

લોકવિરુદ્ધત્યાગ: મોક્ષ મેળવવાને માટે સર્વજનનિંદાદિ પરપીડાકારક પ્રવૃત્તિના પરિહારની મારે ખાસ જરૂર છે.

ગુરુજનપૂજા: ગુરુજનપૂજા કર્યા વિના આ લોકમાં ગ્રાહ્ય વચન અથવા તો ચેષ્ટાવાળા બની શકાતું નથી.

પરાર્થકરણ: એ વિના પુરુષની વૃદ્ધિ થતી નથી અને તે વિના શુભગુરુયોગ અથવા તદ્વચનસેવા થતી નથી.

જૈન સિદ્ધાન્તાનુસાર મોક્ષની પ્રાપ્તિ થતાં જીવ અને જીવત્વ બંને અવિનાશીપણે કાયમ રહે છે. 'જીવત્વ' એટલે જીવનું જ્ઞાનસુખ આદિ સ્વરૂપ.

આપણે સમગ્ર જીવન કેવું પસાર કરવું જોઈએ ?

(૧) દેહની રાખ કરવી.

(૨) બ્રહ્માદિ સૂક્ષ્મ તત્ત્વો તે તે દેવતામાં વિલીન કરવા.

(3) ઈશ્વરના ચિન્તન વડે સંકલ્પનો છેદ કરવો.

(૪) છેલ્લે જીવ શિવમાં મળી જાય.

તદ્ભાવભાવિત ઈશ્વર પ્રત્યેના ભાવથી ભાવિત થવું.

સ્વજનની ઇચ્છાપાલકોનો આનંદ હંમેશા ખંડિત છે, કેમકે સ્વજનની ઇચ્છા કદી પૂર્ણ થતી નથી.

તે પૂર્ણ કરવાનો ઉપાય પરહિતમાં સદા રત થવું, તે છે.

પરહિતમાં રતને મુક્તિ પણ પરહિત માટે ઇષ્ટ છે.

પરહિતમાં રત થનાર જીવને આરંભમાં
સ્વાર્થ અને સ્વાર્થજન્ય કલેશોથી મુક્તિ છે અને
અંતમાં જીવનના સકલ કર્મોથી મુક્તિ છે.

ધર્મનું લક્ષણ જ પરહિતરતતા છે.

મોક્ષના હેતુભૂત ધર્મને બતાવનાર તીર્થંકર પરમાત્માઓ
પરહિતવ્યસની, પરાર્થરસિક અને સ્વાર્થરહિત હોય છે.

સર્વ જીવોનું સર્વોત્કૃષ્ટ હિત સાધી મોક્ષપ્રાપ્તિ કરવાના
એક જ કાર્ય માટે માનવભવ મળ્યો છે.

સર્વનું શ્રેષ્ઠ હિત કરવા કર્મોથી, કર્મના બંધનોથી, બંધનોનું કારણ આસક્તિથી મુક્ત થવું પડશે અને મોક્ષ પણ સાધન છે, સાધ્ય તો છે 'શિવમસ્તુ સર્વ જગતઃ |' વિશ્વ ઉપર તીર્થંકરોની ભાવનાનું સાર્વભૌમ સામ્રાજ્ય છે. એને જેઓ આવકારે છે, એ માર્ગે પ્રગતિ સાધવા માટે જિનેશ્વરોની સર્વકલ્યાણકારી આજ્ઞાનું પાલન કરે છે,
તેમને માટે મોક્ષના દરવાજા ખુલ્લાં થાય છે.

સર્વના હિત માટેનું સક્રિય કાર્ય સર્વવિરતિ છે.

તેનો અધિકાર માનવોનો જ છે. માનવભવ દ્વારા જ તે શક્ય છે, દેવ દ્વારા નહીં, દેવેન્દ્ર દ્વારા પણ નહીં! સર્વ જીવો આત્મસમાન - આત્મા પરમાત્મસમાન છે, એટલું જ જ્ઞાન બસ નથી પણ સર્વનું હિત એ
Cosmic cause છે અને તેને જાણવું,
જોવું અને આચરવું, એ જ મુક્તિનો ખરો ઉપાય છે.

# મોક્ષ માટે બે રસ્તા છે:

## એક પુરુષપ્રયત્ન અને બીજો ભગવદનુગ્રહ.

પ્રથમ માર્ગ વિચારનો - બીજામાં શ્રદ્ધાની જરૂર છે.
પહેલો માર્ગ શરૂઆતવાળા માટે છે,
બીજો માર્ગ આગળ વધેલા કુશળ પુરુષો માટે છે.
પહેલાં માર્ગની સાધના મન - ઇંદ્રિયોની મદદથી થાય,
બીજાની સાધના શ્રદ્ધાથી મળતાં પ્રભુના અનુગ્રહથી થાય.
ભવનો ભય જેને લાગ્યો છે,
તેણે વિષયોથી ભય પામવો જોઇએ. મોક્ષનો અભિલાષ જેને જાગ્યો છે, તેણે પરમેષ્ઠિથી રાગ જોડવો જોઇએ. વિષયોનો ભય કષાય અને કર્મથી આપણને બચાવે છે, પરમેષ્ઠિઓનો રાગ મૈત્રી અને મોક્ષ મેળવી આપે છે. સ્વાધ્યાયથી વિકસતાં મૈત્રીભાવથી મોક્ષનાં સાક્ષાત્ કારણો થાય. પરમેષ્ઠિઓનાં ધ્યાન - આરાધનાથી જીવ, મૈત્રી અને મોક્ષ મેળવે છે. વિષયોનાં ધ્યાન - ઉપભોગથી જીવ કષાય - કર્મ ઉપાર્જે અને પરિણામે સંસારમાં ભટકે છે.

**<u>મોક્ષ પોતાની મેળે જ પ્રાપ્ત થઈ શકે ? ના.</u>**

વિવેક પ્રાપ્ત થતાં મનુષ્યની રુચિ મોક્ષ પ્રતિ થાય અને
તેને અનુલક્ષીને જે ક્રિયા કરે છે,
તે વડે મોક્ષ મેળે મેળે નજદીક આવે છે.
મોક્ષ જેમ પોતાની આડાઈ સિવાય કાંઈ નડતું નથી.
મોક્ષ પોતાની પાસે જ છે અને આત્મા સ્વયમેવ
મોક્ષસ્વરૂપ છે. માનવશરીર ભોગાર્થે નથી, મોક્ષાર્થે છે.
સુબુદ્ધિનો નિર્ણય મોક્ષાર્થે - કુબુદ્ધિનો નિર્ણય ભોગાર્થે છે.
સર્વવિષયક ભાવનું બળ જ્યારે અંકુરિત થઈને
ફળ આપવાની તૈયારીને બતાવે, ત્યારે મોક્ષ મળે છે.
મોક્ષ એ ચેતનાની સ્થિતિ છે કે જ્યાં ભાવના પ્રભાવે નહીં,
પરંતુ સ્વપ્રભાવથી પ્રકાશિત થવાનું છે.
ક્રિયા અથવા તો કર્તવ્ય દ્વારા બુદ્ધિ સૂક્ષ્મ થયાં વગર
કેવળ ચર્ચાથી મોક્ષનું સ્વરૂપ સમજમાં આવતું નથી.
સત્ય સમજવાથી આ લોકમાં સુખ મળે અને
પ્રભુસ્મરણથી પરલોકમાં મોક્ષ મળે.

મોક્ષ મેળવવાના ૬ સોપાન ✲ આજરોજ, ચૈત્ર વદ ૩, ભોમ

(૧) પ્રભુકૃપા (૨) સત્સમાગમ

(૩) ઈશ્વરનું આરાધન (૪) શરણાગતિ

(૫) જડ - ચેતનનો વિવેક (૬) સત્શાસ્ત્રની પ્રાપ્તિ.

એ વિચાર મુક્તિમાર્ગમાં પરમ સહાયક છે કે...

જીવની યોગ્યતા પરના ઉપકારે વિકસે છે,

જીવની અયોગ્યતા સ્વના ઉપકારે રહેલી છે.

જેમાં સ્વનું ગૌરવ પોષાય, તે ભવનો માર્ગ નક્કી,

જેમાં પરનું ગૌરવ થાય, તે મોક્ષનો માર્ગ.

અહીં 'મોક્ષ' એટલે સ્વના વિચારમાંથી સર્વથા મુક્તિ.

જ્યાં સુધી શ્વાસ લેવા જેટલી શક્તિનો પણ

પોતે પોતાના માટે ઉપયોગ કરતો રહે છે,

ત્યાં સુધી વિશુદ્ધ આત્માનો પણ મોક્ષ થતો નથી.

તે જણાવે છે કે મોક્ષ = ઉપકારની સહજ - સર્વોચ્ચ ભૂમિકા.

કીડી ઉપર કાંકરી પડતાં પ્રભુ ભાર પણ લાગે જેવા

આત્માને કાંકરા જેવી સંસારની આપદાઓ શું કરે ?

જિનાલયમાં જવાથી મોક્ષ યાદ આવે અને
ઉપાશ્રયમાં જવાથી ત્યાગ યાદ આવે.

કુલેશ્યાનો ત્યાગ કરવાથી અનંત ફળ મળે અને
કર્તાપણાંનો અહંકાર છોડવાથી મોક્ષ મળે.

શેના વિચારથી શેનો પ્રતિકાર થાય?

મૃત્યુના વિચારથી રાગદોષનો પ્રતિકાર થાય છે,
મુક્તિના વિચારથી દ્વેષદોષનો પ્રતિકાર થાય છે અને
આત્માના વિચારથી મોહદોષનો પ્રતિકાર થાય છે.

મૃત્યુનો અવિચાર તીવ્ર રાગને, મોક્ષનો અવિચાર તીવ્ર
દ્વેષને અને આત્માનો અવિચાર તીવ્ર મોહને સૂચવે છે.

'હું દેહ છું' તે ભ્રમ, 'હું આત્મા છું' તે સત્ય.
ભ્રમ તે ભ્રમણનું અને સત્ય તે મોક્ષનું મૂળ છે.

સ્વાભાવિક પ્રકૃતિ બીજના ચંદ્રમા સમ સતત વર્ધમાન છે.
આથી જ તો સિદ્ધશિલા ચોરસ કે લંબગોળ નહિ, કિન્તુ
બીજના ચંદ્રમાનાં આકારની છે.

અક્ષય મોક્ષસુખ એ ધર્મરૂપી કલ્પવૃક્ષનું ફળ છે.

## આપણા જેવા મહાભાગ્યવાન કોણ ?

જગતમાં જુનું તીર્થ શત્રુંજય છે.

જગતમાં જુની પ્રતિમા તે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ છે. જગતમાં જુનો મંત્ર તે શ્રી નમસ્કાર મહામંત્ર છે. તે બધાની સાથે સંબંધ બંધાવી આપનાર ગુરુઓના ગુરુ તે શ્રી ગૌતમ ગણધર અને મોક્ષમાર્ગમાં પ્રત્યક્ષ સહાયકમાં સહાયક કોઈ હોય, તો તે શ્રી મહાવીરદેવ છે.

મહાવીરની ભક્તિ, ગૌતમસ્વામીની લબ્ધિ, નવકાર મહામંત્રની શક્તિ, પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ અને સકલ તીર્થશિરોમણિભૂત તીર્થ શ્રી શત્રુંજય - એ પાંચ વસ્તુ જેને જન્મથી મળી છે, તેના જેવા મહાભાગ્યવાન બીજા કોણ ? શ્રી અરિહંતદેવ, તેમનું નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ - જગતમાં એ ચારે વસ્તુથી ચઢીયાતી વસ્તુ મુમુક્ષુઓને માટે બીજી કઈ છે ? વહેલું મોક્ષસુખ જોઈતું હોય, તો તેણે એ પાંચે વસ્તુ - તન્મયતા, અમૃતતુલ્યની નિષ્ઠાપૂર્વકની ભક્તિ કરવી.

# નાસ્તિકવાદ : મોક્ષ નથી.

(૧) 'મોક્ષમાં સુખ છે' એમ કહેવું, એ સાચું નથી. જ્યાં શરીર નથી, જ્યાં ઈંદ્રિયો નથી અને જ્યાં વિષયો પણ નથી, ત્યાં વળી કેવી રીતે જ સુખ હોય?

(૨) 'મોક્ષમાં દુઃખ નથી, માટે ઉપાદેય' એ કહેવું ખોટું છે. દુઃખનો અભાવ તો મૂર્છા અને પાષાણના સ્તંભમાં પણ હોય છે, તો તેમાં મૂર્છાવાળી કે પાષાણ જેવી અવસ્થા માટે કોણ પંડિત પ્રવૃત્તિ કરે? ન જ કરે.

(3) કાળ અનંત થયો છે અને જો મોક્ષમાર્ગ ચાલુ હોય, તો આજ પહેલાં સંસારનો વિલય કેમ ન થાય?

(૪) જીવ વ્યાપક છે, તો વ્યાપકને મુક્તિસ્થાન વળી જુદું કેવી રીતે હોય કે જ્યાં કેવળ સુખ-સંપત્તિ જ હોય અને દુઃખનો તો અંશમાત્ર પણ ન હોય?

(૫) અનંત જીવો એક જ સ્થાને કેવી રીતે રહી શકે?

(૬) પહેલાં ભવ કે પહેલાં મોક્ષ? મુક્તિમાં પહેલાં કોઈ પણ ન હોય, તો પહેલો પ્રારંભ કેવી રીતે થયો?

(૭) જ્યાં ગીત નહિ, નૃત્ય નહિ, હાવભાવ - વિલાસ કે શૃંગાર નહિ અને હાસ્ય - કુતૂહલ નહિ, તેવા મુક્તિમાં જવા કરતાં જંગલના શિયાળ થવું શું ખોટું ?

પ્રતિવાદ : ખોટું છે.

(૧) 'મુક્તિ નહિ' એમ કહેનાર ભવાભિનંદી - અભવ્ય છે અથવા તો તેની પ્રકૃતિ જડ - ગુણશૂન્ય છે. જે કોઈ આત્માઓને મુક્તિની કામના નહિ, તેઓને શાસ્ત્રોમાં દુષ્ટબુદ્ધિવાળા અને બહુલ સંસારી આત્મા કહ્યાં છે.

(૨) શરીર - ઇંદ્રિયો અને વિષયથી થનારાં સુખ એ સુખ નહિ પણ દુ:ખનાં મૂળ છે, તે તો વ્યાધિનો પ્રતિકૂળ પ્રતિકાર છે. સાચું સુખ તે છે કે જેમાં ઇંદ્રિયોની વૃત્તિ નહિ. એવું (ઉદાર ઉપશમજનિત) સુખ તો ફક્ત મહાત્મા પુરુષોને જ અનુભવસિદ્ધ રહે છે.

(3) ઉપશમ સુખની ઇચ્છા કે મુક્તિસુખની ઇચ્છા કહો, તે બન્ને એક જ છે. એવા સુખની ઇચ્છા અને કામના વિના તેને માટે પ્રયાસ પણ થતો નહિ.

મુક્તિ મેળવવાના પ્રયાસના પ્રારંભ જે
સંતમાં આત્મા વિરહ્યુ પરપદાર્થની જેમ જ નહિ.
ચંદ્રની ચંદ્રિકાની જેમ મુક્તિસુખ એ
આત્માનું સ્વાભાવિક અને શાશ્વત સુખધામ છે.
(૪) પ્રશમસુખની તરતમતા દેખાય છે, તો તેનો પ્રકર્ષ
પણ માનવો જોઈએ, તેનું જ નામ 'શિવસુખ' છે.
(૫) દોષ અને આવરણોની હાનિ દેખાય છે, તેનો નિઃશેષ
નાશ પણ માનવો જોઈએ, તેનું જ નામ 'પરમપદ' છે.
(૬) જ્યાં સુધી શરીર અને મન છે,
ત્યાં સુધી જ જીવનમાં દુઃખ રૂપી પવન છે.
શરીર અને મનના નાશની સાથે
આધિ અને વ્યાધિસ્વરૂપ દુઃખનો પણ નાશ છે.
(૭) સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો લય, સર્વ
પદાર્થોનો સંયોગ અને સર્વ ઇચ્છાઓની પૂર્તિથી
જે સુખનો લાભ થાય છે, તેનાથી ય અનંતગુણું
સુખ મુક્તિધામ સદા મોક્ષના સ્થાનમાં રહેલું છે.

(૮) જીવરાશિ અનંતાનંત છે, તેથી અનંત જીવો સિદ્ધ થવા છતાં ભવ અક્ષત રહે છે. જીવને પરિમિત માને, તો જ ભવ ખાલી થાય કે મુક્તને જન્મ લેવો પડે. 'જે સિદ્ધો થયાં અને હવે થશે, તે નિગોદનો જ એક અંશ છે' એમ કહેનાર જૈનશાસનને સંસારના વિલયની આપત્તિ છે જ ક્યાં? સમુદ્રનું એક બિન્દુ જવાથી મસમોટાં રત્નાકર કે સમુદ્રને શી હાનિ છે?

(૯) વ્યાપક જીવને મોક્ષ સિદ્ધિ નથી, તેમ ભવ પણ ઘટતો નથી અને બંધ-મોક્ષ પણ ઘટતો નથી, શરીર પ્રમાણ આત્મામાં જ બધું ઘટે છે. ૧૪મા ગુણસ્થાનકે યોગનો નિરોધ કરી, ૩ ભાગહીન અવગાહના કરી, પછી જીવ સિદ્ધશિલાની ઉપર જઈને વસે છે અને તેથી ધર્માસ્તિકાય વિના જીવ આગળ જતો નથી.

(૧૦) જ્યાં એક સિદ્ધ, ત્યાં અનંતા સિદ્ધ દૂધમાં સાકરની જેમ ભળી જાય છે. દ્રવ્યને દ્રવ્યમાં ભળતાં સંકડાશ રહેય પણ અદ્રવ્યને તો તે સંકડાશ કેવી રીતે રહેય?

(૧૧) જેમ કાળ અનાદિ, તેમ શિષ્યો પણ અનાદિ છે.
અનાદિ લક્ષમાં પૂર્વાપરનો વિવાદ હોઈ શકે નહીં.
શાશ્વત લક્ષમાં તો કોઈ પ્રશ્નને જ અવકાશ નથી.

(૧૨) જેને મોક્ષતત્વની સદ્દહણા થાય, તેનું જ મન ધર્મમાં સ્થિર રહે. જૈન શાસ્ત્રોમાં મુક્તિની ઇચ્છાને જ મોટો યોગ માન્યો છે અને મુક્તિની ઇચ્છાવાળાને જ અમૃતક્રિયાનો સંયોગ થયેલો માનેલો છે.

તત્વાર્થીને, કોઈ વખતે ભેદવિજ્ઞાનને, કોઈ વખતે આત્મસ્વરૂપને તો કોઈ વખતે દેહાદિકના સ્વરૂપનો, એમ રીતે જ્ઞાનમાં નાના પ્રકારના વિચાર થાય, પરન્તુ શ્રદ્ધાનમાં પરસ્પર સાપેક્ષપણું જ હોય.
જેમ કે તત્વવિચાર કરે, ત્યારે
ભેદવિજ્ઞાન આદિના અભિપ્રાય સહિત જ હોય!

o

*In our philosophy, મુક્તિ means ~~[illegible]~~ cessation of sufferings.*

કુંભારીયા તીર્થ, પ્ર. જેઠ વદ ૧૩, બપોરે રાા વાગે.

## સિદ્ધનું ધ્યાન કેવી રીતે કરવું ?

અવ્યવહારમાંથી વ્યવહારરાશિમાં લાવનારનું સ્મરણ
ચિત્તમાં કાયમ રહેવું, એ સિદ્ધના ધ્યાનનો ઉપાય છે.

સિદ્ધશિલાનું ધ્યાન શીતળતા - પ્રકાશ ફેલાવે છે.

દેવાધિદેવનું દર્શન શુભ ભાવને જગાવે, તેમ સિદ્ધશિલાનું
દર્શન સમભાવને અને આત્મસમદર્શિત્વને જગાવે છે.
સ્વનું સર્વમાં વિરમણ થાય, એટલે સર્વવિરતિ આવે જ.

મોક્ષ સિવાય, બાકીનું બીજું કંઈ ન ઈચ્છ.

ઇંદ્રિયવૃત્તિરહિત સુખ તે ઉપશમ સુખ.

તે અત્યંત સારભૂત છે.

સર્વવ્યાપીને બંધ અને મોક્ષ ન ઘટે.

મોક્ષતત્ત્વની શ્રદ્ધાવાળાને જ ધર્મમાં મન સ્થિર રહે
તથા બુદ્ધિ અંતે મોક્ષને પામીને જ તૃપ્તિ અનુભવે છે.

જે અનિત્ય છે, તે અસત્ છે અને
જે અસત્ છે, તેના પ્રત્યે બુદ્ધિને હંમેશા અનાદર છે.

પુણ્યના ફળો ભોગથી નાશ પામે છે, જ્યારે
મોક્ષનાં સુખ પરિપૂર્ણ અને અખંડ રહે છે.

ભાવનમસ્કાર પુણ્યની પુષ્ટિરૂપ અને મિચ્છામિ દુક્કડં પાપની ગર્હારૂપ છે. પુણ્યની પુષ્ટિ અને પાપની વિરતિ-એ બે જીવને મોક્ષમાર્ગે આગળ વધવાના સાધનો છે. મોક્ષમાર્ગના પથિકને પુણ્ય કરવું જ પડે, એ કરતાં-કરતાં મોક્ષ પામે ત્યારે પુણ્ય પણ અંતે છૂટી જાય.

પુણ્યતત્ત્વની શ્રદ્ધાથી મોક્ષની આશા પ્રગટે છે.

મોક્ષની આશા તો માત્ર સાચા સાધકોમાં જ દેખાય છે. મોક્ષની ઇચ્છા નહીં - મોક્ષની આશા એ મોટી વસ્તુ છે.

પૂર્ણ ત્યાગી આધીન પુણ્યને
પુણ્યબંધ એને મોક્ષ સમાન પ્રિય લાગે છે.

પ્રેમથી બંધાતું પુણ્ય એ પુણ્યાનુબંધી હોવાથી
મોક્ષમાં પ્રતિબંધક નહિ પણ સહાયક છે.

મોક્ષ જ્ઞાનથી પમાય, પુણ્યથી નહીં. જ્ઞાનપણે પરિણમવું, તે મોક્ષનું કારણ છે, કિન્તુ પુણ્યપણે પરિણમવું, તે નહીં.

મોક્ષની ઈચ્છા પણ અંતે મોક્ષમાં પ્રતિબંધક છે,
છતાં અવસ્થા વિશેષે તે ઉપકારી છે.

મોક્ષની આવશ્યકતાનું જ્ઞાન અને શ્રદ્ધાન હોય,
તેને જ મોક્ષની ઈચ્છા થાય.
ઈચ્છા કરવામાત્રથી મોક્ષ ન મળે, છતાં ઈચ્છાની પાછળ
રહેલ શ્રદ્ધાન અને જ્ઞાન જ ચારિત્રને મેળવી આપે.
એ જ રીતે 'સર્વ જીવો સુખી થાઓ'
અન્યા ઈચ્છામાત્રથી બધા સુખી થઈ શકતાં નથી,
પરંતુ તે ઈચ્છા બાબત જીવોમાં રહેલા
જીવત્વનું જ્ઞાન અને શ્રદ્ધાન હોય, તો જ થાય.
તે જ્ઞાન-શ્રદ્ધાન બાબતના હિતમાં પ્રવૃત્તિ પણ કરાવે છે,
તેથી મોક્ષની ઈચ્છાની જેમ તે ઈચ્છા પણ પ્રશસ્ત છે.
તે આર્તધ્યાનનું કારણ નથી, શુભધ્યાનનો હેતુ છે.
મોક્ષનું મુખ્ય કારણ ચિત્તનું સમાધાન છે.
ભોગોની ઈચ્છા ઓછી થયે જ મોક્ષની ઈચ્છા સંભવે
અને મોક્ષની ઈચ્છા જાગે, તો ભોગની ઈચ્છા જાય.

મોક્ષમૂલક સર્વ દર્શનો માને છે કે...

'ધર્મમાં સર્વનો વિચાર કરવો અનિવાર્ય છે.'

સર્વના વિચારથી સ્વમાં બળ આવે છે.

મોક્ષ વિના પુદ્ગલ સાથે સર્વદા, ભેદ સિદ્ધ થઈ ન શકે,
તેથી તે અવસ્થા પૂર્વે તે સાધ્ય તરીકે હોઈ શકે,
પ્રસંગોચિત સમાધિ માટે જડદ્રવ્યોની સાથે
ભેદ કે અભેદની ભાવના હોઈ શકે. સિદ્ધાવસ્થા, કે
જે સાધ્ય છે, તે ભેદ તથા અભેદ ઉભયથી અતીત છે,
તેથી ભેદ કે અભેદ સાધ્ય ન બની શકે, સાધન બની શકે.
ગ્રંથિ ભેદતાં પ્રમોદ ભાવના પ્રત્યે થાય છે કે જેથી સર્વ
જીવોનું હિત કરે અને બીજાનું વચન પણ સાચું જ છે.

પ્રમોદ એક પ્રકારનું આસ્તિક્ય જ છે.

'મુક્તેરાસન્નભાવેન પ્રમોદો હ્યત્ર વિજૃમ્ભતે ।'

અર્થ: મુક્તિ નજીક થવાથી જે આનંદ પ્રગટે છે તે.
આવો શ્લોક 'યોગબિન્દુ'માં આવે છે. તાત્પર્ય કે મોક્ષની
ઇચ્છા પ્રબળતર થતાં જ પ્રમોદભાવ પ્રગટ થાય છે.

# મોક્ષની સાધનશ્રેણી

(૧) વિરતિ-વૈરાગ્ય (૨) પ્રભુભક્તિ (૩) આત્મદર્શન.

તીર્થના ઉપકાર તળે જ સ્વર્ગ અને મોક્ષના સુખો મળે.

અભવ્ય આત્મા મોક્ષ અને અરિહંતકૃપાને માનતો નથી,
બાકી બધું દૃશ્ય હોવાથી માને છે.

મુક્તિ અને કૃપા - એ બન્ને અતીન્દ્રિય વસ્તુ હોવાથી
તેની શ્રદ્ધાના વિષયમાં આવતાં નથી, તેથી તે અભવિ છે.

વિશુદ્ધ કર્તવ્ય કરનારા મુમુક્ષુ બધા પ્રકારના ધ્યેયનો
આશ્રય કરીને મોક્ષને સાધે છે, તેનું કારણ માધ્યસ્થ્ય છે.

મોક્ષવિષયક માધ્યસ્થ્ય અપ્રમત્તાદિ ઉપરના
ગુણસ્થાનકોએ પ્રગટે, જેને 'અસંગાનુષ્ઠાન' પણ કહે છે.

જ્યાં સુધી સંસારમાં એકપણ જીવ બાકી કે દુઃખી છે,
ત્યાં સુધી તીવ્ર સંવેગવાળો મુમુક્ષુ આત્મા
પોતાને પૂર્ણ સુખી માની શકતો નથી.

સૌને પોતાના જેવા ગુણોનો વિનિયોગ કરવાની શક્તિ
મેળવવા જ તે સિદ્ધિનું સુખ અથવા મુક્તિપદને ઝંખે છે.

જૈનદર્શન આઠે આઠ કર્મનો ક્ષય થવાથી મોક્ષ માને છે.

સાંખ્યનો મોક્ષ એટલે પ્રકૃતિથી પુરુષે પૃથક્ થવું અને
વેદાંતી મોક્ષ એટલે માયાથી છૂટી બ્રહ્મમાં લીન થવું.

કર્મના ક્ષયથી મોક્ષ અને આત્મજ્ઞાનથી કર્મક્ષય થાય.

કર્મ એ બંધન છે પરંતુ તેનાથી મુક્ત થઈ શકાય છે.
ભૂતકાળે બાંધ્યા છે, ભવિષ્ય માટે તમે મુક્ત છો.

જ્યાં બંને પગ બંધાય, ત્યાં નર્ક-છૂટી જાય, ત્યાં મુક્તિ છે.

જીવ કર્મરોગથી મુકાય, એટલે મોક્ષ પ્રાપ્ત થાય !

સુંદર અનુષ્ઠાન, શુદ્ધ વર્તન અને ધ્યેયની શુદ્ધતા -
એ ત્રણ મળે, ત્યારે જીવ કર્મરોગથી મુકાય છે.

મુક્તિ કેવળ કર્મથી નહીં, કિન્તુ જ્ઞાન + ક્રિયાથી છે.

નિષ્કામ કર્મથી ચિત્તશુદ્ધિ, યોગથી ચિત્તસ્થૈર્ય અને
આખરીએ જ્ઞાન વડે મોક્ષનો લાભ થાય છે.

પ્રથમ કર્મયોગ, પછી રાજયોગ અને છેલ્લે જ્ઞાનયોગ.

કર્મોમાં મોહનીય કર્મ, ઇંદ્રિયોમાં રસનેન્દ્રિય, વ્રતોમાં
બ્રહ્મચર્ય વ્રત અને ગુપ્તિઓમાં મનોગુપ્તિ બળવાન છે.

જૈન દ્રષ્ટિએ જીવનો મોક્ષ ન થાય, ત્યાં સુધી જીવ
કોઈપણ સમયે કર્મને બાંધવા સિવાયનો રહેતો જ નથી.

મોક્ષાર્થીએ કર્મશત્રુનો ઉચ્છેદ કરવા શૂર બનવું,
ઉપસર્ગો સહન કરવા નિર્ભય-પરિષહો સહવા ધીર બનવું,
રાગાદિ - ક્રોધાદિ નિવારવા ગંભીર બનવું,
સંયમપાલન કરવા સ્થિર બનવું અને
ઈંદ્રિય વર્ગથી નિશ્ચિન્ત થઈ ધ્યાનમાં નિષ્પ્રકંપ રહેવું.

પરહિતનિરત થયાં વિના વિશ્વનું ઋણ ઉતરતું નથી.
એ ન ઉતરે, ત્યાં સુધી કર્મક્ષય કે મોક્ષ મળતો નથી.

બધાં કર્મો પ્રભુને અર્પણ કરે, તે જીવતાં મોક્ષમાં જ છે.

ઝાડનાં ફૂલ, નદીનાં પાણી, પૃથ્વીનું અનાજ પરોપકાર અર્થે છે, તેમ આપવું અને વાવવું બંને બરાબર છે.

અનાદિકાલીન મોહનીય કર્મના સંસ્કારમાંથી આત્મા જેમજેમ છૂટતો જાય, તેમ તેમ આંશિક મોક્ષ પામે છે.

એમ વર્તવાથી મોક્ષનો લાભ અને ભવમાંથી છૂટવા માટે આત્માના શુદ્ધ સ્વભાવમાં પ્રવેશ કરી શકાય છે.

'યોગબિન્દુ' શ્લોક ૪૦માં કહ્યું છે કે:

'યોગ' એવા નામ બે અક્ષર પણ
જો વિધિપૂર્વક સંભળાય, તો તેનાથી પાપક્ષય થાય છે.

યોગનું સાધન = રત્નત્રયી, મોક્ષનું સાધ્ય = રત્નત્રયી.

મોક્ષનો આશય અન્ય પરાવર્તોમાં થતો નથી.

આગમો કહે છે કે સદાચાર એ સદ્વિચારની કસોટી છે,
યોગમાર્ગ કહે છે કે સદ્વિચાર એ સદાચારની કસોટી છે.
યોગ અને આગમ બંને મળીને મોક્ષમાર્ગ જ બને છે.

## થોડા પ્રશ્નોત્તર

આપણું સાધ્ય શું? શુદ્ધ સ્વરૂપ મોક્ષ પામવો તે.
મોક્ષ માટેનું સાધન શું? મોક્ષમાર્ગે રત્નત્રયીરૂપ ધર્મ.
મોક્ષ મેળવવા માટે પ્રેરક કોણ? અરિહંતરૂપ ઉપદેશક.
મોક્ષમાર્ગના સાધક કોણ? પંચમ પદે પ્રતિષ્ઠિત એવા સાધુ.
મોક્ષમાર્ગે આચારસહાયક કોણ? શાસનરક્ષક આચાર્ય.
મોક્ષમાર્ગે જ્ઞાનસહાયક કોણ? શ્રુતના પાઠક ઉપાધ્યાય.
આરાધનામાં સહાયક ઉત્તરસાધક કોણ? સંઘરક્ષક શ્રાવક.

# મોક્ષ માટેનો ટૂંકામાં ટૂંકો માર્ગ કયો ?

અરિહંતાદિ ચારનું શરણું લેવું,
સિદ્ધાદિ પાંચ પરમેષ્ઠિઓનું ચિન્તન કરવું અને
મુક્તાત્માઓના ગુણોનું આત્મામાં આરોપણ કરવું.
ફળત્યાગની ખાતર ઠેઠ મોક્ષફળ સુધી ચલાવવાની છે.
મોક્ષની આશા છૂટે, ત્યારે મોક્ષ આપોઆપ આવી મળે છે.
મોક્ષની વાત મનમાંથી અળગી કરી નાંખી સાધનામાં સતત
મંડ્યા રહેવું, એ જ મોક્ષને પાસે લાવવાનો ઈલાજ છે.

જન્મનું ફળ અજન્મા થવું તે છે.

સૌ મોક્ષસુખને ચાહે છે, એમાં નીચેનો શ્લોક પ્રમાણ છે:

'સર્વં પરવશં દુઃખં સર્વમાત્મવશં સુખં ।
ઇતિ પ્રોક્તં સમાસેન લક્ષણં સુખદુઃખયોઃ ॥'

પ્રાણીમાત્ર સ્વવશતાને ચાહે છે, પરવશતાને નહીં, એ
હકીકત પ્રત્યક્ષ સિદ્ધ છે, તેથી જાણે - અજાણે પણ
જીવમાત્રની ચાહના તો મોક્ષના શાશ્વત સુખ માટે છે,
માત્ર તેના સાચા ઉપાયનું ભાન કોઈ વિરલને થાય છે.

શ્રી આચારાંગ, અ. ૨૬ - ૨

ભવસમુદ્રમાં ડૂબતાં જીવોને બે આધાર:

(૧) ગુરુઆજ્ઞા (૨) સ્વનિરીક્ષણ.

પ્રભુ અને ગુરુની આજ્ઞાનું પાલન એક બાજુ આત્માને મોક્ષ અને બીજી બાજુ જગતનું હિત આપે છે.

'સંસાર નિઃસાર છે' તેનો અર્થ છે કે સંસારમાં વિષય - કષાયની પરિણતિ નિઃસાર છે.

'સંસાર' એટલે મન કહે તે પ્રમાણે ચાલવું, જ્યારે 'મોક્ષ' એટલે નમસ્કાર અથવા વિનયપૂર્વક તથા ગુરુની આજ્ઞા પ્રમાણે જીવનમાં ચાલવા પ્રયત્ન કરવો.

મોક્ષની ઇચ્છા એટલે આજ્ઞાપાલનનો અધ્યવસાય.

તે જ આપણને સ્વચ્છંદતાથી મુક્તિ અપાવે છે.

મુક્તિ જ પરંપરાએ સકલ કર્મનિર્મોક્ષનું કારણ છે.

'આજ્ઞા જ મોક્ષ;' કેમકે તે મોક્ષનું અવન્ધ્ય કારણ છે.

આત્મભાવના સંપૂર્ણપણે વિકસિત થયે જ મોક્ષ જવાય.

મોક્ષસ્થિત આત્માની સહજ તથા સતત ઉપકારિતા છે.

મોક્ષ = મોહનો ક્ષય = પ્રભુઆજ્ઞાથી મોહનો ક્ષય.

મોક્ષ અને મોક્ષમાર્ગમાં આજ્ઞાનું મહત્ત્વ છે,
સંસાર અને તેના હેતુઓમાં ઇચ્છાનું મહત્ત્વ છે,
મોહનો સંહાર કરવાનું સામર્થ્ય 'આજ્ઞા' શબ્દમાં જ છે.

મોક્ષમાર્ગે અંતરાય કરનાર છે મોહ.

મોહનો પ્રતિપક્ષી મંત્ર 'આજ્ઞા' છે.
મોહમાં 'બધું મારું છે' એ વાસના છે, જ્યારે
આજ્ઞામાં 'બધું પ્રભુનું છે' એ ભાવના છે.
આજ્ઞા એ અજ્ઞાનનાશિની વિદ્યા છે.
એની વારંવાર ભાવના કરવી, એ ભવનાશિની છે.
ભૂલ કરતાં ય પ્રભુની આજ્ઞા ઉત્કૃષ્ટ છે. આરાધેલી તે
આજ્ઞા મોક્ષ માટે અને વિરાધેલી સંસાર માટે થાય છે.

આજ્ઞાપ્રધાન બનવાથી બેવડો લાભ થાય:

સ્વચ્છંદતા મટે અને અહંકાર છૂટી અર્હંકાર આવે છે.
મોક્ષનો માર્ગ અતીન્દ્રિય છે, તેથી મન - ઇન્દ્રિય કે બુદ્ધિથી
પકડી શકાતો નથી, માત્ર આજ્ઞા દ્વારા ગ્રાહ્ય બને છે.

ધર્મનું ફળ એટલે 'મોક્ષ'; તો 'મોહ' એટલે શું ?

અજ્ઞાન, સંશય, વિપર્યય, રાગ, દ્વેષ, ધર્મનો અનાદર, પ્રમાદશીલતા, યોગદુષ્પ્રણિધાન, મન - વચન - કાયાના યોગોનો દુષ્ટ - વ્યાપાર ઇત્યાદિ 'મોહ' છે.

તેનો વિજય આજ્ઞાપારતંત્ર્ય વડે થાય છે, કેમકે ઇચ્છા એ સંસાર છે, આજ્ઞા એ મોક્ષ છે.

મોક્ષની ઇચ્છા = ભગવંતની જ ભક્તિ, કેમકે તેની સિદ્ધિ જિનાજ્ઞાપાલનથી જ થઈ શકે છે, અન્યથા નહીં.

આજ્ઞાકારક અરિહંતનું સર્વત્ર પ્રણિધાન સાથે આજ્ઞાપાલન માટે યથાશક્ય પ્રયત્નથી જ મોક્ષમાર્ગમાં ગતિ થાય છે.

મુક્તિ એટલે મર્યાદિત અહંનો ત્યાગ.

સર્વોત્કૃષ્ટ શુદ્ધિ, ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ.

ઘણી ધર્મક્રિયા કરવા છતાં પરિણામની વિશુદ્ધિ જો ન હોય, તો દુર્ગતિના પણ અધિકારી બનાય છે.

ઓછી ધર્મક્રિયાવાળા પણ પરિણામની વિશુદ્ધિથી મોક્ષમાર્ગમાં આગળ વધી શકે છે.

## પંચ પરમેષ્ઠિની આશા શેની શેની છે ?

અરિહંતની આશા વિશ્વકલ્યાણની છે,
સિદ્ધની આશા સર્વજ્ઞદર્શિત્વની છે,
આચાર્યોની આશા સદાચારના પાલનની છે,
ઉપાધ્યાયોની આશા શ્રુતાધ્યયનની છે અને
સાધુ મહાત્માઓની આશા મોક્ષની સાધનામાં સહાયની છે.

## મોક્ષ ક્યાં છે ?

જીવનના લક્ષ્ય પ્રત્યેની સદા જાગૃતિમાં અને ક્રિયામાં.

મોક્ષના અદ્વિતીય સુખને માટે જે
અસાર એવા ઇંદ્રિયોના સુખોનું નિદાન કરે છે,
તે જાણે કાચમણિ માટે વૈડૂર્ય મણિનો નાશ કરે છે!

## મોક્ષપંથે ષડાવશ્યકનું માહાત્મ્ય

ષડાવશ્યક વડે તીર્થની અવ્યુચ્છિત્તિ થાય છે.
બાહ્ય વિક્ષેપોથી દૃષ્ટિ હટાવી સ્મૃતિને આત્મામાં જોડે,
તે 'ધ્યાન' નામનું તપ છે અને
આત્મા આત્મામાં લીન થઈ જાય, તે પરમ ધ્યાન છે.

આજ્ઞાનું આરાધન એજ મોક્ષમાર્ગ છે.
એના વિરોધીનું સામર્થ્ય 3 કાળ - લોકમાં કોઈનું ય નથી.

પ્રભુની આજ્ઞાનું પાલન એજ ભાવ મોક્ષ માટે થાય છે,
બાહ્ય ભાવ જગતના હિત માટે થાય છે.

આજ્ઞાથી પ્રજ્ઞા વિકસે છે, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બને છે.
સૂક્ષ્મ બનેલી પ્રજ્ઞામાં ઉપયોગ લક્ષણથી
સર્વ જીવોની એકતા તથા યોગના લક્ષણવાળા જીવોની
પરસ્પરોપગ્રાહકતા સમજાય છે.
તેમાંથી અહિંસા અને સમતા ફલિત થાય છે.
સમતાનું ભાન ત્રિપદી છે.

મોક્ષની ઈચ્છા = ભગવંતની જ ભક્તિ, કેમકે તેની
સિદ્ધિ જિનાજ્ઞાપાલનથી જ થઈ શકે છે, અન્યથા નહીં.
આજ્ઞાકારક અરિહંતનું સર્વત્ર પ્રણિધાન સાથે આજ્ઞાપાલન
માટે યથાશક્ય પ્રયત્નથી જ મોક્ષમાર્ગમાં ગતિ થાય છે.
જિનાજ્ઞાપાલન એ જિનની સર્વોત્તમ ભક્તિ છે અને
મોક્ષનો ઈચ્છુક જ એ અરિહંતનો સાચો ભક્ત છે.

મોક્ષ માટે નહીં, પરન્તુ વિશ્વહિત માટે ધર્મ પાળવાનો છે.

વિશ્વહિત માટે પાળેલાં ધર્મથી મોક્ષ મળે, એ જુદી ચીજ છે પરંતુ ધ્યેય મોક્ષ નહિ, વિશ્વહિત છે. તીર્થંકરો સર્વશ્રેષ્ઠ પદ વિશ્વહિતના લક્ષથી મેળવે છે, મોક્ષના લક્ષથી નહીં, તેથી મહામુનિઓ મોક્ષ કે સંસારમાં સ્પૃહાવાળા હોતાં નહિ, કેવળ વિશ્વહિતની અને વિશ્વહિતકારક આત્માની જ સ્પૃહાવાળા રહે છે, તેથી આત્મા જ મોક્ષ છે અને વિશ્વહિત એ જ આત્મા છે અને એ જ Cosmic cause, universal - ultimate - highest goal of the Nature છે.

આત્માને દર્શાવનાર ખાસ શબ્દ 'શાસન' છે.

જૈન એ કેવળ દર્શન, તત્ત્વજ્ઞાન, આચાર કે ક્રિયાનું નામ નહિ પરંતુ એક શાસનનું નામ છે. 'શાસન' એટલે શિક્ષામણ કે હિતશિક્ષા આપનાર, તે વિરુદ્ધ જનારને શિક્ષા - અનુરૂપ વર્તનારનું રક્ષણ કરનાર છે. 'શાસ્' ધાતુ 'શાસન' અથવા શિક્ષા અર્થમાં છે.

આત્માની સાધનાનાં ફળરૂપે સંસારમાં મળતાં સુખ અને મોક્ષના સુખ એ બધાનાં મૂળમાં પણ તીર્થંકરત્વ છે.

તીર્થંકરત્વની આરાધના એ સુખની આરાધના અને વિરાધના એ સુખની વિરાધના - દુઃખની આરાધના છે. તીર્થંકરત્વને છોડીને તેના ફળરૂપે ઉત્પન્ન થયેલાં પ્રવૃત્તિની આરાધના સુખને આપે પણ તેનો અનુબંધ પડતો નથી. એ માટે ધર્મની પ્રત્યેક આરાધનાની પાછળ તીર્થંકરોની આત્માના આરાધનનું પ્રણિધાન જોઈએ.

તીર્થંકરોની આત્માનું બહુમાન કેળવ્યા વિના,
કૃતજ્ઞતા ભાવ દર્શાવ્યા વિના ગમે તેટલી સાધના થાય,
તો પણ તે યોગ્યતાનો વિકાસ કરી શકતી નથી.
તે વિકાસ કરવા માટે જેનાથી ઉપકાર થઈ રહ્યો છે,
તેના પ્રત્યે કૃતજ્ઞતા આવશ્યક છે,

તીર્થંકર નામકર્મ [illegible] કરનાર તીર્થંકર ભગવંતોને સૌ જીવોના હિતકારી - સુખકારી તરીકે અંગીકાર કરી તેના જ એક સેવામાં જીવનની સફળતા સ્વીકારવી.

## આજ્ઞા એ જ સમાપત્તિ છે.

જગત જીવો સાથે પોતાની એકતાનું ભાન એ ધર્મ અને પરમાત્મતત્ત્વની સાથે એકતાનું ભાન એ દર્શન અને સમ્યક્ત્વ બને છે, અને રત્નત્રયીનું એક સાથે થતું આરાધન મોક્ષનો - કર્મનિર્જરાનો માર્ગ છે, તેને એક જ શબ્દમાં કહેવું હોય, તો 'આજ્ઞાપાલનનો અધ્યવસાય' કહેવાય છે.

આજ્ઞા = જિનાજ્ઞા = વિશુદ્ધ સ્વગત પરમાત્મભાવ, તેમાં રમણતા તે આજ્ઞા અને સંસ્કાર તે મોક્ષ.

સંસ્કારરૂપ તે મોક્ષ - આત્માનું કર્મથી મુક્ત થવું તે.

પ્રભુની આજ્ઞાની આરાધના મોક્ષનું અને વિરાધના સંસારનું કારણ બને છે, પરન્તુ તે આજ્ઞા કેવલ છે, તે આજ્ઞાકારક પંચપરમેષ્ઠિઓની ભક્તિથી જ સફળ છે.

અનુમોદનામાં સમગ્રતાનું બળ ભર્યું છે.

ધર્મની અનુમોદનાથી ધર્મ-પાપની અનુમોદનાથી પાપ વધે. પરમેષ્ઠિઓના સુકૃતની અનુમોદના મોક્ષનો દરવાજો છે.

## મોક્ષનાં ચાર દ્વારપાળો

સંતોષ એ પરમ લાભ છે. સત્સંગ એ પરમ ગતિ છે.
વિચાર એ પરમ જ્ઞાન છે તથા શમ એ પરમ સુખ છે.

(૧) સંતોષથી નિઃસ્પૃહતા આવે છે.

(૨) સત્સંગથી બુદ્ધિ અને વિવેક વધે છે.

સત્સંગ વિનાનું ધ્યાન તરંગ રૂપ થઈ પડે છે.

(૩) વિચારથી સદ્જ્ઞાન ટકે છે અને આત્મજ્ઞાન થાય છે.

(૪) શમથી ચિત્તની શાંતિ મળે, સદા કલ્યાણ થાય અને સૌ કોઈ તેની મૈત્રી ઈચ્છે છે.

જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રના પૂર્ણ વિકાસનું નામ મોક્ષ.

જગતના સર્વ ધર્મોનું એકમેવ ધ્યેય મોક્ષ છે.

'અસંવિભાગી ન હુ તસ્સ મુક્ખો ।'

અર્થાત: જે કોઈને વહેંચતો નથી, તેનો મોક્ષ થતો નથી. તેથી જિનચૈત્ય, જિનપ્રતિમા, જિનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક તથા શ્રાવિકાના ૭ ક્ષેત્ર ઉપરાંત મોક્ષાર્થીએ સાધારણખાતા, પૌષધશાળા તથા જીવદયામાં ધન વાવવું.

મોક્ષે જવાના પાસપોર્ટ રૂપ સમ્યક્ત્વના પાંચ લક્ષણો:

'મોક્ષ' એટલે સ્વસ્વભાવની પ્રાપ્તિ.

જીવની અમરતાનું ભાન થવા
શ્રદ્ધા ગુણનો વિસ્તાર તે આસ્તિક્ય છે.

દુઃખી જીવના દુઃખને દૂર કરવાની બુદ્ધિ થવા
દયાગુણનો વિસ્તાર તે અનુકંપા છે.
દયા કોઈ બીજા જીવોને માટે નહીં, પરન્તુ
પોતાના અંતઃકરણની શુદ્ધિ માટે જ કરવાની હોય છે.

જીવાત્માના ભવદુઃખ નિવારણ કરવાની બુદ્ધિ થવા
વૈરાગ્ય ગુણનો વિસ્તાર તે નિર્વેદ છે.

જીવાત્માને મોક્ષનું સુખ મળે, તેવી બુદ્ધિ થવા
ભક્તિ ગુણનો વિસ્તાર તે સંવેગ છે.

ક્ષમા ગુણનો વિસ્તાર તે ઉપશમ છે.

એ રીતે શ્રદ્ધા, દયા, વૈરાગ્ય, ભક્તિ અને ક્ષમા -
એ પાંચ મળીને પણ સમ્યક્ત્વને ઓળખાવે છે.
ઈતરો તેને 'ષટ્ સંપત્તિ' પણ કહે છે.

'મોક્ષ' એટલે આત્મતત્ત્વ તેના વાસનાદિક બીજ એવા વાસનાઓથી મુક્ત થઈ પ્રકૃતિના આધિપત્યમાંથી છૂટે તે.

'મોક્ષસ્ય ન હિ વાસોઽસ્તિ ન ગ્રામાન્તરમેવ ચ ।
અજ્ઞાન હૃદયગ્રન્થિનાશો મોક્ષ ઇતિ સ્મૃતઃ ॥' ઋષિઃ

મોક્ષ કોઈ ઘર નહિ, કોઈ દેશ કે ગામ નહિ.
અજ્ઞાનરૂપી હૃદયમાં રહેલી ગ્રંથિનો નાશ થવો,
એને જ આપણા શાસ્ત્રો 'મોક્ષ' કહે છે.

સંસારને પરઘર રૂપે અને મોક્ષને સ્વઘર રૂપે
જોવામાં નિત્ય નવો નવો વેગ વધારવો, તે 'સંવેગ' છે.
સંવેગ = મોક્ષનો રંગ કે મોક્ષ માટે ધર્મનો ઉછરંગ.

સૂર્ય એકનો એક છતાં રોજેરોજ નવો અનુભવાય છે,
તેમ ધર્મરંગ રૂપી સંવેગ એક છતાં
નિત્ય ધર્મ આરાધના વખતે નવનવો રંગ અનુભવાય છે.

'યોગબિંદુ'માં કહ્યું છે કે:
કાયાથી સંસારમાં - મનથી મોક્ષમાં રહે, તે સમ્યગ્દૃષ્ટિ છે.
સમ્યગ્દૃષ્ટિ દેહપાતી હોય, કિન્તુ ચિત્તપાતી ન હોય.

અલ્પકાળમાં મોક્ષે જનાર જીવનાં ચાર લક્ષણ:

'शिवपदसुखाभिलाषी । (સંવેગ)'

'સંવેગ' એટલે મોક્ષપદનો અભિલાષ.

'निर्वेदी भवसुखेषु धीमाँश्च । (નિર્વેદ)'

'નિર્વેદ' એટલે સંસારના સુખોમાં વૈરાગ્ય.

'जगदुपकारे चित्तं, लक्षणान्यासन्नमोक्षस्य ॥ (કરુણા)'

મૈત્રીભાવનામાં બુદ્ધિ અને પરોપકારમાં ચિત્ત હોય,

તે કરુણાવંત આત્મા છે.

નિગોદના જીવોનાં દુઃખોનું ચિંતન નિર્વેદને જગાડે તથા,
મોક્ષના જીવોના સુખનું ચિંતન સંવેગને ઉત્પન્ન કરે છે.

જીવનની ક્ષણભંગુરતાનો વિચાર એ ભવનિર્વેદનું અને
આત્માની અમરતાનો વિચાર એ
સંવેગગુણ અને મોક્ષાભિલાષનું લક્ષણ છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો જગતના સર્વ જીવો તરફ ભાવથી
અનુકંપાવાળા હોઈ એવી ઇચ્છાવાળા હોય છે કે:
'આખું જગત રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષને મેળવો.'

## ભવનો નિર્વેદ અને મોક્ષનો અભિલાષ
## એ દેવ-ગુરૂની ભક્તિનું ફળ છે.

દેવ-ગુરૂની ભક્તિ એ માતા-પિતાની ભક્તિનું ફળ છે.
વૈરાગ્ય અને સંસારભીરૂતા એ ભવનિર્વેદ સ્વરૂપ છે.

'મોક્ષાભિલાષા' એટલે મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત - એ ત્રણે પ્રત્યે આદર - બહુમાન અને એ ત્રણેને મેળવવાની રૂચિ - સંયોગની અભિલાષા.

'મોક્ષાભિલાષ વિના કરેલી ધર્મક્રિયા સફળ થતી નથી.'

એ વાક્યનો તાત્પર્યાર્થ એ છે કે

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન - એ ત્રણેની એકતા રૂપી સમાપત્તિની અભિલાષા જેના અંતઃકરણમાં નથી, તેની ધર્મક્રિયા ઉખરભૂમિમાં બીજ વાવવા તુલ્ય નિષ્ફળ છે.

'મોક્ષ'નો ખરો અર્થ સ્વરૂપલાભ છે.

આત્મસ્વરૂપનો લાભ એક સમાપત્તિ વડે જ શક્ય છે.
'સમાપત્તિ' એટલે ધ્યાન વડે થતી ધ્યેયની સ્પર્શના.
એ જ ધર્મક્રિયાને સફળ કરવાની ચાવી છે.

## મોક્ષની અભિલાષા એટલે...

<u>પરમાનન્દસ્વરૂપ નિજ શુદ્ધ આત્મતત્ત્વની અભિલાષા.</u>

શુદ્ધ ચિદ્રૂપી આત્માના સમ્યક્ પરિચયથી સ્વભાવની જે અભિરૂચિ જન્મે, તેમાં સદુપદેશાદિ હેતુ બને છે. આમ સંસાર તથા મોક્ષના યથાવસ્થિત પરિચય વડે અનુક્રમે નિર્વેદ અને સંવેગગુણની પ્રાપ્તિ થાય છે.

<u>સંવેગ અને નિર્વેદ એ પરમાત્મ પદપ્રાપ્તિનું કારણ છે.</u>

શુદ્ધ આત્મરતિ એ સંવેગ છે અને

કર્મવિપાકના સમ્યક્ પરિચય વડે નિર્વેદ પ્રગટે છે.

મનુષ્ય જો પોતાને દેહ - મન - બુદ્ધિથી પર માની લે,

તો તેના સઘળા અર્થ સરી જાય છે અને

મનની સત્તામાંથી પણ આત્માને મુક્તિ મળી જાય છે.

મોક્ષનો ઉદ્દેશ એટલે આત્માધ્યાત્મનો ઉદ્દેશ.

જ્યાં મોક્ષાભિલાષ નથી, ત્યાં વાસ્તવિક ધર્મ ન હોઈ શકે. કેવળ મોક્ષસુખની ઇચ્છાવાળા 'લબ્ધસમ્યક્ત્વ' કહેવાય. ધર્મ, પરલોક કે મોક્ષનું કોઈ તત્ત્વ હોય, તો તે દયા છે.

## કોનામાં શું રહેલું છે ?

સમકિતી આત્મામાં મોક્ષાભિલાષ રહેલો છે,
દેશવિરતિમાં મોક્ષના કારણભૂત સર્વવિરતિનો અભિલાષ
રહેલો છે, સાધુમાં સકલસત્ત્વહિતાશય રહેલો છે અને
સિદ્ધોના આત્મામાં ષડ્જીવનિકાય હિત રહેલું છે.

મોક્ષાભિલાષ ભાવકરુણા રૂપ છે.

સ્વ-પર ઉદ્ધારની ભાવનારૂપ કરુણા એ જ વિશ્વનું
ધારક-પોષક બળ છે, એથી જ ધર્મના આધારે ધરતી
ટકી છે, સૂર્ય-ચંદ્ર નિયમિત ઉદયાસ્ત પામે છે, મેઘ કાળે
વરસે છે, વાયુ તિરછું અને અગ્નિ ઉર્ધ્વગમન કરે છે,
વગેરે વિશ્વની વ્યવસ્થાનો સમગ્ર નિયમ
ધર્મના જ પ્રભાવે છે, એમ કહેવાય છે.

દુઃખપંકમાં મગ્ન જગતને તેમાંથી
ઉદ્ધારવાની ભાવનાથી જ તીર્થંકર નામકર્મનો બંધ છે.

તત્ત્વજ્ઞાન, વીતરાગપરિશીલન અને
પરમેશ્વર અનુગ્રહાદિ સર્વ મોક્ષાભિલાષનું સ્વરૂપ છે.

'મોક્ષાભિલાષ' એટલે ષડ્જીવનિકાય હિતાભિલાષ અને તેના કારણભૂત સર્વવિરતિનો અભિલાષ.

'સર્વવિરતિ' એટલે સકલસત્ત્વહિતાશય તથા 'માર્ગાનુસારિતા' એટલે આત્મૌપમ્યભાવ.

આત્મૌપમ્યભાવ, સમસ્ત સત્ત્વવિષયક સ્નેહપરિણામ, સકલસત્ત્વહિતાશય અને ષડ્જીવનિકાય હિત-ચિંતન એ ત્રણે ઉત્તરોત્તર ચઢીયાતી ભૂમિકાઓ છે.

પ્રથમ ગુણસ્થાનકથી આરંભીને ચતુર્દશ ગુણસ્થાનક પર્યંત ભૂમિકાઓનો સ્પર્શ કરાવનાર ગુણ 'આત્મૌપમ્ય' છે.

'ભાવ સૌ જીવો કર્મના બંધનથી છૂટો' એવા ભાવનાથી ભીનાશના સંયોગે જ મોક્ષાભિલાષા સુદૃઢ થાય છે.

મોક્ષતત્ત્વ પ્રભુસ્વરૂપ છે, તેથી ગુણોની ખાણ છે.

આત્મસ્વભાવની લીનતા વધે, તેમ પરલક્ષ ઘટે અને જીવ શુભમાંથી શુદ્ધ તરફ પ્રયાણ કરતો થઈ જાય છે, જે મોક્ષરૂપ શુદ્ધાત્માની પ્રાપ્તિનું પરમ કારણ બને છે.

ગુણદૃષ્ટિ એ સમ્યક્ત્વ છે અને સમદૃષ્ટિ એ મોક્ષ છે.

## મોક્ષાભિલાષી - સર્વવિરતિ અભિલાષુક - અનુયાયી

(૧) જેઓ મોક્ષે ગયેલાઓને પૂજે છે અને બાવાઓને પૂજતાં નહિ જ, તેઓ મોક્ષાભિલાષી છે, એ નિશ્ચિત છે.

(૨) જેઓ નિર્ગ્રન્થ સાધુઓને વંદે છે, બાવાઓને નહીં જ, તેઓ સર્વવિરતિના અભિલાષુક છે, એમાં શંકા નહિ.

(૩) જેઓ ધર્મ તરીકે દયાને જ માને છે અને હિંસાને નહીં જ, તેઓ જિનેશ્વરોના અનુયાયી છે જ, એમાં શંકાને સ્થાન નહિ. મોક્ષે જવાની ભાવના નહિ, ત્યાં સુધી અનંતા જીવોની વિરાધનાનું પાપ આવે છે,

મોક્ષનો અભિલાષ જ તે પાપને રોકી શકે.

## મોક્ષાભિલાષી બનાવવાનો લાભ

તેમના સંસર્ગમાં આવનારને મોક્ષાભિલાષી બનાવે જ, કેમકે ભાવની ભાવ ઉપર અસર થાય જ છે. મનુષ્યના ચિત્ત ઉપર દ્રવ્યાદિની અસર બહુ ભાવને ફેરવનારી જ છે. ભવનિર્વેદ મોક્ષાભિલાષમાં, મોક્ષાભિલાષ આસ્તિકતામાં અને આસ્તિકતા નમસ્કારમાં છે.

'ભવનિર્વેદ' એટલે સ્વાર્થથી ફંટાવો અને
'સંવેગ' એટલે ભવનિર્વેદમાંથી પ્રગટતી મોક્ષની આકાંક્ષા.
મોક્ષ જ એક એવું સ્થાન છે કે જ્યાં ગયાં પછી દરેકને
ઇચ્છા કરવાપણું રહેતું જ નહિ, એટલે સ્વાર્થવૃત્તિરૂપી
પાપથી મુક્ત થવાય છે અને સાદિ-અનંતકાળ સુધી
અસ્તિત્વમાત્રથી ઉત્તમ જીવો ઉપર ઉપકાર થયાં કરે છે.
સ્વાર્થવૃત્તિનો નાશક તથા પરાર્થભાવનો પોષક હોવાથી
એક મોક્ષ જ ભવ્ય જીવનો ઉદ્દેશ છે.
સંવેગ એ ગુણાનુભૂતિની અભિલાષારૂપ છે.
દુષ્કૃતગર્હામાંથી નિર્વેદ, સુકૃતાનુમોદનામાંથી સંવેગ અને
ચતુઃશરણાગમનના ભાવમાંથી સ્વરૂપલાભ રૂપ
સ્વાધીન એવા સુખની - મોક્ષની ઉત્પત્તિ છે.
એમ ભવનિર્વેદ કે સંવેગગુણમાં ત્રણે વસ્તુ જોડાયેલા છે.
જ્યાં ભવનિર્વેદ કે મોક્ષાભિલાષરૂપ સંવેગ રહેલો છે,
ત્યાં દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને અરિહંતાદિના
શુદ્ધસ્વરૂપની શરણાગતિનો ભાવ અવશ્ય રહેલો છે.

## મોક્ષમાર્ગે ઉપાધ્યાય ભગવંતો કેમ ઉપકારી છે ?

સુસંપ્રદાયથી પ્રાપ્ત જિનવચનનું અધ્યાપન કરવા તથા કરાવવા દ્વારા મોક્ષમાર્ગે રહેલાને વિનીત બનાવીને સર્વ ઉપાધ્યાય ભગવંતો પરમ ઉપકાર કરનારા છે.

## સાર્વ સાધુ ભગવંતો કેમ ઉપકારી છે ?

સર્વને હિત કરનારા, સાર્વ ભગવંતના વચન અને આજ્ઞામાં, સર્વ કાળ - ક્ષેત્ર - અવસ્થાવાળા બાળ, વૃદ્ધ, મધ્યમ, મોક્ષમાર્ગમાં સહાયક, જ્ઞાનાદિને સાધનારા સાધુ છે.

મોક્ષસાધક જ્ઞાન વગેરે શક્તિઓને સાધે તથા સર્વ પ્રાણીઓ પ્રત્યે સમભાવનું ધ્યાન કરે, તે સાધુ.

<u>સાર્વ</u> = અરિહંતોની આજ્ઞાનું આરાધન કરે તે અથવા જિનમતનું સ્થાપન કરે તે અથવા સર્વનું હિત કરનાર.

દુઃખનો અનુભવ મોક્ષાભિલાષ પેદા કરે છે અને સુખનો અનુભવ ભવનિર્વેદ ઊભો કરે છે, કેમકે ભવનાં પ્રત્યેક સુખ - દુઃખ અંતવાળા છે તથા ભવનાં પ્રત્યેક દુઃખ મોક્ષસુખ તરફ અભિરુચિ પેદા કરે છે.

## સમ્યક્ત્વના પાંચ લિંગ અને છ સ્થાન છે.

આસ્તિક્ય + અનુકંપા લિંગમાં પ્રથમ ચાર સ્થાન અને નિર્વેદ તથા સંવેગમાં પાંચમું સ્થાન 'મોક્ષ છે', તે ઉપરાંત ઉપશમ લિંગમાં 'મોક્ષનો ઉપાય છે' તે સ્થાન પ્રગટ છે. મિથ્યાદૃષ્ટિના તથા અભવ્ય પર્યન્ત જીવના આસ્તિક્યમાં જીવ છે, નિત્ય છે, કર્મનો કર્તા, કર્મફળનો ભોક્તા છે.

એ ચારે સ્થાનની શ્રદ્ધા આવી જાય છે, પરન્તુ મોક્ષ છે અને મોક્ષમાર્ગ પણ છે - એ બે સ્થાનમાં નિર્વેદ - સંવેગ તથા અનુકંપા - ઉપશમ આવી જાય છે.

સમકીત = સાચી સમજણ, મિથ્યાત્વ = ખોટી સમજણ.

તત્ત્વની અતિરુચિ સમકીતનું - અરુચિ મિથ્યાત્વનું ચિહ્ન.

૬ મહિને ૧ જીવ અવશ્ય મોક્ષે જાય,
તેથી છ - છ મહિનાનાં અંતરે સિદ્ધનું આરાધન ઉચિત છે.

વધુમાં વધુ ૭ દિવસ બાદ ૧ જીવ સમકીત પામે,
૧૨ યા ૧૪ દિવસે એક જીવ દેશવિરતિ પામે અને
વધુમાં વધુ ૧૫ દિવસે ૧ જીવ સર્વવિરતિ પામે.

## આસ્તિક્યનાં ષટ્સ્થાનક

જીવ છે, નિત્ય છે, કર્મનો કર્તા છે, કર્મનો ભોક્તા છે,
મોક્ષ છે અને મોક્ષના ઉપાયો પણ છે.

આત્માને નિવસન કરવા યોગ્ય સ્થાન મોક્ષ છે.
નવ તત્ત્વોમાં પ્રધાનતા આઠે તત્ત્વો માનવા છતાં એક
મોક્ષતત્ત્વને જ નહીં માનવાથી અને તેની અવગાહના
કરવાથી અભવ્યનો આત્મા મોક્ષને - મુક્તિને ગુમાવે છે.
કેવળ 'મોક્ષ છે' એમ માનવાથી શું વળે? ત્યાં જવાનો માર્ગ
પણ જોઈએ. 'મોક્ષ પામવાના સમ્યગ્દર્શનાદિ ઉપાયો પણ છે'
એમ માનવું, એ લોકોત્તર આસ્તિક્યનું છેલ્લું લક્ષણ છે.
આસ્તિક્યનાં આ છ સ્થાનની વાતોથી હૃદયમાં અવિચલ
શ્રદ્ધા થાય, ત્યારે જ લોકોત્તર દૃષ્ટિની આસ્તિકતા
ચરિતાર્થ થાય અને પારમાર્થિક નાસ્તિકતા ટળે છે.
સમકીતના ષટ્સ્થાન પ્રતીતિ કરાવે છે: મોક્ષનો ઉપાય છે.

શમ - સંવેગ - નિર્વેદ - આસ્તિક્ય - અનુકંપામાં
સંવેગ અને નિર્વેદ મોક્ષના અસ્તિત્વનો સ્વીકાર કરે છે

ચાર પુરૂષાર્થ : (૧) 'ધર્મ' એટલે પરોપકાર કરવો.
(૨) 'અર્થ' એટલે પરપ્રયોજન સિદ્ધ કરવું.
(૩) 'કામ' એટલે પરની ઇચ્છા પૂર્ણ કરવી.
(૪) 'મોક્ષ' એટલે સ્વસંબંધી ઇચ્છાનું વિસર્જન કરવું.

સ્વનું સંપૂર્ણ વિસર્જન - તે મોક્ષપુરૂષાર્થ છે.

ધર્મપુરૂષાર્થમાં ઉદારતા છે, અર્થપુરૂષાર્થમાં દાક્ષિણ્યતા છે, કામપુરૂષાર્થમાં પાપજુગુપ્સા, મોક્ષપુરૂષાર્થમાં નિર્મળ બોધ છે અને ચારે પુરૂષાર્થમાં જનપ્રિયત્વ છે. પરને મુખ્ય તથા સ્વને ગૌણ બનાવવાથી ચારે ચાર પુરૂષાર્થ સિદ્ધ થાય.

રાગનો સંબંધ ધર્મ તથા મોક્ષપુરૂષાર્થ સાથે અને વિરાગનો સંબંધ અર્થ તથા કામપુરૂષાર્થ સાથે છે.

પ્રથમ અર્થ-કામ સાધક બને, પછી ધર્મ સાધક બને અને ધર્મ માટે અંતિમ સાધક રાગ બને છે.

જીવનનું શ્રેષ્ઠતમ લક્ષ્ય એટલે...

અજ્ઞાનથી છૂટકારો મેળવવો અને સમ્યક્જ્ઞાન દ્વારા જગતનું અને પોતાનું સ્વરૂપ ઓળખવું તે.

## સાધુરૂપ રત્નવણિની શાસ્ત્રોક્ત ૪ કસોટી

(૧) કષ - લેશ્યાવિશુદ્ધિ, સર્વ પ્રતિ સ્નેહભાવ = ધર્મ.
(૨) છેદ - વિશિષ્ટ લેશ્યા, એકાગ્રતા, મુદિતા = અર્થ.
(૩) તાપ - અપકારી પ્રત્યે પણ અનુકંપા, કરુણા = કામ.
(૪) તાડન - આપત્તિમાં પણ નિશ્ચલતા માધ્યસ્થ્ય = મોક્ષ.

## ધર્મ - અર્થ - કામ - મોક્ષપુરુષાર્થ

ધર્મનું મૂળ મૈત્ર્યાદિ અને ફળ ક્ષાન્ત્યાદિ છે.
બીજા ઉપર ઉપકાર તે પોતાની ઉપર ઉપકારરૂપ ધર્મ,
બીજાનું પ્રયોજન સિદ્ધ કરવું,
તે પોતાનું પ્રયોજન સિદ્ધ કરનાર અર્થ,
પાત્રદાન વડે પાત્રની કામના પૂર્ણ કરવી, તે કામ અને
સર્વ ઇચ્છાઓથી રહિત થવું, તે મોક્ષપુરુષાર્થ છે.
મોક્ષપુરુષાર્થ એ મુખ્ય પુરુષાર્થ છે,
બીજા ત્રણ પુરુષાર્થ મોક્ષપુરુષાર્થના સાધનો છે અને
તો જ તે 'પુરુષાર્થ' કહેવાય છે.
મનનો લય કરવાનો પુરુષાર્થ પણ મુક્તિ જ છે.

વસ્તુના સ્વભાવને સાધવો, તે ધર્મ.
ષડ્દ્રવ્યને જુદા-જુદા જાણવા, તે અર્થ.
સદા નિસ્પૃહ દશામાં રહેવું, તે કામ.
સહજ સ્વરૂપશુદ્ધતા પ્રગટ કરવી, તે મોક્ષ.

નીતિમય અર્થ, સંયમમય કામ, દયામય ધર્મ અને તેના પરિણામે મળતો સુખમય મોક્ષ - એ ચારે પુરુષાર્થના કેન્દ્રભૂત ધર્મપુરુષાર્થને વિકસાવવાનું સ્થાન જિનાલય - મંદિર અને ઉપાશ્રય રૂપી ધર્મસંસ્થા છે.

'મોક્ષ - કારણસામગ્ર્યાં ભક્તિરેવ ગરીયસી |'
અર્થાત્: મોક્ષના કારણોમાં ભક્તિ સૌથી મહાન છે.

કામ = સંસારસુખ; તેનું સાધન અર્થ છે.
મોક્ષ = સંસારના સુખ - દુ:ખોથી નિવૃત્તિ યાને સંસારનો અંત; તેનું સાધન ધર્મ છે.

ભારતમાં ધર્મ - અર્થ - કામ - મોક્ષ ૪ પુરુષાર્થ માનેલ છે, તેમાં મોક્ષ ઉપર વધારે ધ્યાન આપેલ છે.
આમ આપણો દેશ વિશ્વમાં સૌથી નિરાળો છે.

## 'શિવમસ્તુ...' શ્લોકની ભાવના કેમ મહત્વની ?

'શિવમસ્તુ'ની ભાવના મોક્ષસુખ-પરમાર્થસિદ્ધિનું કારણ છે.
'પરહિતનિરતા'ની ભાવના સર્વાર્થસિદ્ધિનું કારણ છે.
'દોષાઃ પ્રયાન્તુ નાશં'ની ભાવના તીર્થંકરત્વનું કારણ છે.
'સર્વત્ર સુખી ભવતુ લોકઃ ।' ચક્રવર્તિપણાનું કારણ છે.
શાંતિનાથ ભગવાનને આ ચારે સિદ્ધિ પ્રાપ્ત થઈ હતી.
મોક્ષ અને સર્વાર્થસિદ્ધિ દેવલોક ઉપર આવેલા છે,
તીર્થંકરત્વ - ચક્રવર્તિત્વનું પુણ્ય નીચે ઉદયમાં આવે છે.

## ચાર પુરુષાર્થની ભાવનાથી કયું પદ મળે ?

ધર્મ, અર્થ, કામ, મોક્ષ - ૪ પુરુષાર્થના દાતા ઈશ્વર છે.
'સર્વને ધર્મની પ્રાપ્તિ થાઓ'થી અરિહંત પદ મળે,
'સર્વને અર્થની પ્રાપ્તિ થાઓ'થી સર્વાર્થસિદ્ધિ મળે,
'સર્વને કામસુખ મળો'થી ચક્રવર્તી પદ મળે,
'સૌને મોક્ષસુખની પ્રાપ્તિ થાઓ'થી સિદ્ધપદ મળે અને
'સૌને નહીં, પરન્તુ કેવળ મારો મોક્ષ થાઓ'
એ ભાવનાથી કુમર્ત્ય ચાંડાલ આદિ ભવો મળે છે.

અર્થ અને કામ એ બંને કાજળનો ચાંલ્લો છે, જ્યારે
ધર્મ અને મોક્ષ એ તો કેસર-કંકુનો ચાંલ્લો છે.

પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત અર્થ તથા કામ,
એ ધર્મનું સાધન બને છે, માટે તે પણ પુરુષાર્થ છે.
મોક્ષ ઉપેય, ધર્મ ઉપાય અને અર્થ-કામ તેના સાધન છે.
મોક્ષ મનની જ એક સ્થિતિમાં રહેલ છે.
પાંચ ઈંદ્રિયો અને મનનો સંયમ કરી
અંતર્મુખ અવલોકન કરી, તો સાક્ષાત આત્મદર્શનરૂપ
અનુભવ થતાં હૃદયમાં અનુભવદીપ પ્રગટશે.

શરીર એ મોક્ષનું સાધન છે.

આકાશને અને પૃથ્વીને જેટલું અંતર છે, છેટું છે,
તેટલું આપણા આત્મા અને શરીરને ભિન્નપણું છે.
મોક્ષ આકાશ પાછળ, પાતાળમાં, ભૂતલ ઉપર નહિ પણ
સર્વ આશાનો ક્ષય થવાથી ચિત્તક્ષય થાય અને મોક્ષ પમાય.
શરીર એ આત્મા અને પરમાત્માને ઓળખવાનું એક
સાધન છે, એનું સમ્યક્ જતન જરૂરી જાણવું જોઈએ.

## ચાર પુરુષાર્થના ફળ

ધર્મપુરુષાર્થનું ફળ, સાધ્ય જે તત્ત્વ મોક્ષ છે.
અર્થપુરુષાર્થનું ફળ ન્યાય - નીતિ છે.
કામપુરુષાર્થનું ફળ સંયમ - સદાચાર છે.
મોક્ષપુરુષાર્થનું ફળ જે સાધ્યતત્ત્વ પરોપકાર છે.
ફળહીન પુરુષાર્થ વાસનાપોષક બની જાય છે.
અર્થ અને કામની વાસના કર્મરૂપી આગને વધારે છે,
ધર્મ અને મોક્ષની ભાવના તે આગને શમાવે છે.

ધર્મસામગ્રી જેનાથી મળે, તે પુણ્યને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય. તે હેય નહીં પણ ઉપાદેય છે. મોક્ષ માટે કેવળજ્ઞાન જોઈએ, તે માટે શુક્લધ્યાન જોઈએ, તે માટે ધર્મધ્યાનની ધારા વધતી રહેવી જોઈએ, તે માટે આયુષ્ય દીર્ઘ જોઈએ. ધર્મધ્યાનને ઉત્કૃષ્ટ કોટિએ પહોંચાડવા માટે સંઘયણબળ અને ધૃતિબળ જોઈએ. કર્મનો સંપૂર્ણ ક્ષય ન થાય, ત્યાં સુધી મોક્ષના દ્વાર પાસે ઊભું રહેવું પડે છે. ખખડાવો અને દ્વાર ઉઘડશે.

મોક્ષ એટલે મુક્તિની ભક્તિ. મોક્ષ એટલે કામનારહિતપણું.

એ રીતે ધર્મ - અર્થ - કામનું પારમાર્થિક સેવન થાય,
તો તેને પરિણામે મોક્ષ મળે છે.

ઇચ્છા તથા તૃષ્ણાથી મુક્ત થવું, તે મોક્ષ છે. તેનું સાધન
પરાર્થ પ્રવૃત્તિ રૂપી પરોપકારને સાધનાર પુરુષાર્થો છે.

લૌકિક વિદ્યા પણ ભક્તિવાનને જ સિદ્ધ થાય છે
અને ફળ પણ તે ભક્તિવાનને જ આપે છે,
તો લોકોત્તર મોક્ષને ખેંચી લાવનારી વિદ્યા
ભક્તિ વિનાનાને કેવી રીતે સિદ્ધ થાય ?

મોક્ષમાર્ગનો પક્ષકાર એટલે 'સંવિગ્ન' એ મોક્ષ, મોક્ષમાર્ગ
અને મોક્ષમાર્ગસ્થિત સાધુપુરુષોનો પક્ષ કરનાર, સમ્યક્
સત્કારવાળી સેવા - શુશ્રૂષાનો અભિલાષી હોય છે.

અહિંસા, સંયમ અને તપ - ત્રણેનું ફળ મોક્ષતત્ત્વ છે.

સુખ વિષયજન્ય અને સ્વભાવજન્ય છે. - તત્ત્વાર્થ સૂત્ર

મોક્ષનું સુખ સ્વભાવજન્ય છે, તે આત્યન્તિક, ઐકાન્તિક,
અનતિશાયિ, અનાબાધ, કેવળ અને સ્વાધીન હોય છે.

ધર્મનિરપેક્ષ અર્થ - કામ ભેદ છે નર્ક

ધર્મયુક્ત અર્થ - કામ મોક્ષબાધક નહીં, કથંચિત્ સાધક છે.

ધર્મપૂર્વક અર્થોપાર્જન તે અર્થ પુરુષાર્થ છે અને
ધર્મપૂર્વક તેનો ઉપભોગ, તે કામ પુરુષાર્થ છે.
બેનું મૂળ ધર્મ છે અને બેનું ફળ મોક્ષ છે.

જૈનદર્શન એ મોક્ષમાર્ગ છે, જે યોગ વડે જ પ્રાપ્ય છે.

મોક્ષનું સાધન ઈંદ્રિયનિગ્રહ અથવા તો મનોનિગ્રહ છે
અને મનોનિગ્રહનું સાધન યોગ છે.
ચિત્તની સ્થિર વૃત્તિ એટલે 'યોગ' છે.
યોગ રત્નત્રય સ્વરૂપ છે, જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે.
હઠયોગ, રાજયોગ - એ બધાં પગથિયાં છે.
આત્યંતિક દુઃખક્ષય - કર્મક્ષય તે મોક્ષ છે.
'યોગાન્મુક્તિઃ ।' 'મોક્ષેણયોજનાદ્યોગઃ ।'
મોક્ષને આપનાર પરમ તત્ત્વ અર્હત્
સર્વથી મહત્ત્વની વસ્તુ ધ્યાનયોગ છે અને
તે ચિત્તની નિશ્ચલતા અને એકાગ્રતાથી સધાય છે.

## પરમને પામવાનાં ૩ પગથિયાં કયા છે?

ભક્તિ, કર્મ અને જ્ઞાનયોગથી પરમને પામી શકાય.

'જ્ઞાનથી મોક્ષ થાય છે' એમ કહેવું, તે
'તલવારથી મોક્ષ થાય છે' એમ કહેવા બરાબર છે.

તલવારથી જય થાય છે પણ તેથી શું?
ઉદ્યમ અને પરાક્રમ વિના વિજય કેવી રીતે થાય?
તેવી રીતે યોગ વિનાના જ્ઞાનથી મોક્ષ થતો નથી,
એ રીતે જ્ઞાન વિના પણ મોક્ષ થતો નથી.
એ રીતે યોગ અને જ્ઞાનમાં પણ તાત્ત્વિક ભેદ નથી.
યોગ એ ઉદ્યમ અને પરાક્રમના સ્થાને છે. પ્રભુનો
વિજય યોગથી - મનનો વિજય મુખ્યત્વે જ્ઞાનથી સમજવો.

યોગ એ ચિત્તવૃત્તિનિરોધને શીખવે છે,
અધ્યાત્મ એ મૈત્ર્યાદિ ભાવોને મહત્ત્વ આપે છે.
યોગ અને અધ્યાત્મના મિલનથી જ મોક્ષ મળે છે.

'મોક્ષ' એટલે આત્માનું પૂર્ણ આરોગ્ય.
ભોગમાં રોગબુદ્ધિ અને યોગમાં મોક્ષબુદ્ધિ રાખવી.

મોક્ષપુરૂષાર્થનો ઉપાય યોગ છે.

સત્ય સાથે તાદાત્મ્યનું નામ મોક્ષ યા આત્મસાક્ષાત્કાર છે.

એનો આધાર યોગ અથવા અધ્યાત્મ છે.

વ્યક્તિગત ચેતનાની ઉપર ઉઠવું, તે યોગનો ઉદ્દેશ છે.

કર્મયોગનું પ્રયોજન ચિત્તપ્રસાદ છે.

ભક્તિયોગ ઈશ્વરપ્રણિધાન સ્વરૂપ છે,

જ્ઞાનયોગ એ સ્વાધ્યાય - સત્સંગ રૂપ છે,

હઠયોગ એ આસન, પ્રાણાયામ, પ્રત્યાહારરૂપ છે,

રાજયોગ એ ધારણા, ધ્યાન, સમાધિરૂપ છે.

રાજયોગ = ચિત્તની એકાગ્રતા દ્વારા મોક્ષને સાધવો.

બધા યોગશૈલીઓ રાજયોગમાં મળી જાય છે.

રાજયોગનું ફળ કૈવલ્ય અને મોક્ષનો લાભ છે.

ઉદ્યોગ અને યોગ ઉભયની શુદ્ધિ મોક્ષ કાજ છે.

યોગનું ધ્યેય છે: તુરીય અવસ્થામાં પરમાનંદની સ્થિતિ.

યોગ સાધવાથી નિત્ય - શુદ્ધ - બુદ્ધ - મુક્ત અને

આનંદૈશ્વર્યયુક્ત ઈશ્વર સાથે સાયુજ્ય ચેતના થાય છે.

૨૯ પ્રકારનાં દુઃખોમાંથી મુક્તિ - એનું નામ મોક્ષ.

અપવર્ગ = આત્યંતિક દુઃખમુક્તિ, દુઃખોમાંથી સદા માટે છૂટવું.

ફલેચ્છાનો ત્યાગ કરવાથી અનંતગણું ફળ મળે અને
કર્તાપણાનો અહંકાર છોડવાથી મોક્ષસુખ મળે.

પરકલ્યાણ એ મોક્ષનું - પરમપદનું કારણ છે.

'સ્વાર્થ' એ ભવનું કારણ, 'પરાર્થ' એ મોક્ષનું કારણ.

મોક્ષમાં સહાયક ધર્મવ્યાપાર તે 'યોગ'.

દેવ તથા ગુરુની ભક્તિ એ યોગની પૂર્વસેવા છે.

યોગ વડે મોક્ષ મંગાય પણ તેથી ઉતરતું ન ઇચ્છાય.

જે યોગી પુરુષો આત્મસંપત્તિ પામ્યા છે, પામે છે અને
પામશે, તે જ્ઞાનસ્વરૂપ આત્માનું આરાધન કરીને જ.

મોક્ષના સાધનો છે...

જ્ઞાનયોગ - ભક્તિયોગ - કર્મયોગ - શરણાગતિ આદિ.

પૂર્ણ શરણાગતિ માટે મહાવિશ્વાસ જોઇએ.

મોક્ષ પ્રાપ્ત થવા બાદ અનન્ત બ્રહ્માનંદાનુભવ અને
નિત્ય ભગવત્કૈંકર્ય - અનંત ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે.

'યોગ' એટલે... જીવાત્માનું પરમાત્મા સાથે મિલન.

યોગ = જીવને મોક્ષ સાથે જોડનાર દરેક આચાર.

સિદ્ધાસનથી સર્વ રોગ મટે, ૭૨૦૦૦ નાડી વિશુદ્ધ થઈ નવીન રક્તનો સંચાર થાય, પ્રભુસ્મરણમાં દત્તચિત્ત થવાય તથા ભૌતિક અને મોક્ષસુખનો લાભ થાય, કિન્તુ કુંભક આસન - પ્રાણાયામને યોગ જાણવો, તે તો મોટી ભૂલ છે. યોગ એ મોક્ષમાર્ગ છે, આત્માને પરમાત્માના મિલન તરફ લઈ જનાર દરેક માર્ગ, તે યોગ છે.

જૈનશાસનમાં પ્રાણાયામ ઉપર ભાર નથી, જેનું કારણ ઉપવાસ છે, તેનાથી સહજ ભાવે પ્રાણની વિશુદ્ધિ થઈ જતી હોવાથી પ્રાણાયામના હઠપ્રયોગનો નિષેધ કર્યો છે. ઉપવાસની આચરણા તે ભવમાં જ મોક્ષ નક્કી હોવા છતાં તીર્થંકરના જીવો પણ કરે છે. મોક્ષના અસંખ્ય યોગોમાંથી એકપણ યોગ પ્રત્યે ઉપેક્ષા ન આવી જાય, તેની પૂરેપૂરી કાળજી રાખવી જોઈએ.

મોક્ષમાં દુઃખ અને પાપના યોગનો અભાવ છે.

મોક્ષપ્રાપક ધર્મવ્યાપાર, જ્ઞાન - દર્શન - ચારિત્ર તે યોગ.

મોક્ષને પ્રાપ્ત કરવામાં સાધનભૂત એવા
વિશ્વાસ, વિચાર કે વર્તન તે યોગરૂપ અને તે સિવાયના
વિશ્વાસ, વિચાર અને વર્તન તે અયોગરૂપ છે.
આત્માને મન - વચન - કાયાની બાહ્ય પ્રવૃત્તિમાં નહીં,
કિન્તુ પરમાત્મામાં જોડવો, તે જ યોગ કે મોક્ષમાર્ગ છે.

નિઃશ્રેયસ્ એટલે...

જેનાથી મોટું કોઈ શ્રેયઃસ્થાન નથી, તેવું પરમપદ - મોક્ષ.

શ્રી મહાવીર વર્ધમાને જે વાણી કહી,
સમવસરણમાં ૧૨ પર્ષદા સમક્ષ અર્થ રૂપે ધર્મોપદેશ કરી
મોક્ષ મેળવવા માટે ધર્મમાર્ગ દેખાડ્યો, તેના
ધર્માધિકારમાં શ્રી યોગશાસ્ત્ર શુદ્ધ શ્રદ્ધાપૂર્વક સાંભળો.
આવા વીતરાગની વાણી જે પ્રાણ ધારશે - આરાધશે,
તે ઉત્તરોત્તર મોક્ષના માંગલિક સુખો પ્રાપ્ત કરશે.
શુદ્ધ આત્મસ્વરૂપનું લક્ષ્ય રાખી અહિંસાદિ સાધનોમાં
સતત ઉદ્યમ કરવો, એ જ શ્રી જિનશાસનનો મર્મ છે.

## આ કુંડલિની રાજપદ, યોગપદ, મોક્ષપદ છે.

V. Imp.

મોક્ષ ઉપર છે, સંસાર નીચે છે.
જો માથું સીધું અને મેરૂદંડ સીધો હશે,
તો સિદ્ધોનું magnetism work કરશે.
'સીધું' શબ્દનો સંબંધ પણ સિદ્ધ યા સાધુ સાથે છે.
જો માથું ઊંધુ અને મેરૂદંડ ઊંધો હશે,
તો નિગોદનું magnetism અસર કરશે.
સુષુપ્ત કુંડલિની એ ઊંધુ માથું છે તથા
જાગૃત કુંડલિની એ સીધું માથું છે.
અંગ્રેજી ભાષામાં ૧નો અંક જાગૃત કુંડલિની સૂચવે છે
અને ૦નો અંક સુષુપ્ત કુંડલિની સૂચવે છે.
૧માં માથું ઊંચે છે, ૦માં માથું નીચે છે.
સુતેલા કુંડલિનીને જગાડવા માટે
૦ અને ૧ વચ્ચે જે ત્રણનો તફાવત છે,
તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર -
એ ત્રણ વડે - રત્નત્રય વડે તે તફાવત પૂરાય છે.

કર્મનું આવરણ રાગ - દ્વેષની પ્રવૃત્તિ રૂપ છે.

રાગ અને દ્વેષ - એ બન્ને વિષમતાના મૂળ છે.

દ્રવ્યથી વસ્તુ ધ્રુવ છે, માટે શોક - દ્વેષ કરવો ઉચિત નથી

તથા પર્યાયથી અનિત્ય છે, માટે રાગ કરવો ઘટિત નથી.

આમ અરાગ, અદ્વેષરૂપ સમભાવ - એ જ મોક્ષ છે.

આત્માના પર્યાયમાં રાગ, સ્નેહ, સ્નિગ્ધતારૂપી મોહ રહે,

ત્યાં સુધી જ સંસાર પરિભ્રમણ છે.

રાગ-દ્વેષ ઉપર વિજય મળતાં જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

રાગ રૂપી કેફ અને દ્વેષ રૂપી ઝેર ઉતારવાના ઉપાયો:

'પાપમાત્ર, પછી તે પોતાના કે પરાયા, હેય છે.

સુકૃતમાત્ર, પોતાના કે પરાયા, ઉપાદેય છે' એવી

માન્યતા આવે, તેને જ મોક્ષ મળે અને

તે સર્વનો હિતચિંતક બન્યો, એમ કહેવાય.

સર્વ જીવોને વિષે આત્મતુલ્ય દૃષ્ટિથી રાગ તથા દ્વેષની

પરિણતિ દૂર કરીને જે આત્મસ્વભાવને અનુસરે છે,

એ ઉપદેશવાળો યોગ મોક્ષમાર્ગ રૂપ છે.

યોગ કરતા સૌ પ્રથમ આપણે યોગ્યસ્વરૂપે શું

પ્રાપ્ત કરવા માંગીએ છીએ, એ જાણી લેવું જોઈએ.

એ પાછું એટલું બધું મહત્ત્વનું હોવું જોઈએ કે એ

માટે ગમે તે કિંમત ચુકવવાની તૈયારી હોવી જોઈએ.

આનું જ નામ 'પ્રણિધાન' છે.

પ્રણિધાન પછી જ પ્રવૃત્તિ તીવ્ર બને છે.

'इदं मम इष्टाकार।'

'इदं मम कर्त्तव्यं।' આ ભાન બે રીતે થાય છે:

એક તો એ કર્તવ્ય તરીકે જણાવનાર

આપ્તપુરુષ ઉપરનો વિશ્વાસ અને

બીજું તે કર્તવ્યનું પરંપરાએ ફળ - મુક્તિ.

આરાધનના પરિણામમાં એ બંને શરત પૂરી થાય છે,

કેમકે આરાધાકારક આપ્તજિનવચન છે અને

આરાધનાનું ફળ સ્વરૂપ કર્મનિર્મોક્ષરૂપ અવ્યાબાધ પદ છે

અને તેનો ઉપાય દર્શાવનાર

શાસ્ત્ર તથા ગુરુ એ અવિસંવાદિ અને સિદ્ધ છે.

રાગ-દ્વેષ ઉપર વિજય મળતાં જ મોક્ષલક્ષ્મી પ્રાપ્ત થાય છે.

કર્મનું આવરણ રાગ - દ્વેષની પ્રવૃત્તિથી બને છે.

રાગ અને દ્વેષ - એ બન્ને વિષમતાના મૂળ છે.

દ્રવ્યથી વસ્તુ ધ્રુવ છે, માટે શોક-દ્વેષ કરવો ઉચિત નથી તથા પર્યાયથી અનિત્ય છે, માટે રાગ કરવો ઘટિત નથી.

આમ અરાગ, અદ્વેષરૂપ સમભાવ - એ જ મોક્ષ છે.

આત્માના પર્યાયમાં રાગ, સ્નેહ, સ્નિગ્ધતારૂપી મોહ રહે, ત્યાં સુધી જ સંસાર પરિભ્રમણ છે.

રાગ રૂપી ઝેર અને દ્વેષ રૂપી ઝેર ઉતારવાના ઉપાયો:

'પાપમાત્ર, પછી તે પોતાના કે પરાયા, હેય છે. સુકૃતમાત્ર, પોતાના કે પરાયા, ઉપાદેય છે' એવી માન્યતા આવે, તેને જ મોક્ષ મળે અને તે સર્વનો હિતચિંતક બનશે, એમ ઇત્યાદિ.

સર્વ જીવોને વિષે આત્મતુલ્ય દૃષ્ટિથી રાગ તથા દ્વેષની પરિણતિ દૂર કરીને જે આત્મસ્વભાવને અનુસરે છે, એ ઉપશમવાળો યોગી મોક્ષગામી બને છે.

# મિથ્યાત્વ દૂર થતાં શું બને છે?

મિથ્યાત્વ દૂર થતાંવેંત રાગ-દ્વેષ-મોહ નષ્ટ થાય છે.
ક્રોધ, ઈર્ષા, અસૂયા, તિરસ્કાર - એ દ્વેષના જ પ્રકારો છે.
આવા બાજુએ કામ, લોભ, લોલુપતા વગેરે
મનમાં રહેલાં રાગમાંથી જન્મે છે.
સંશય, ગર્વ, દર્પ, અજ્ઞાન આદિ મોહજન્ય વિકારો છે.
આ બધાનું મૂળ મિથ્યાત્વ છે.
તેનું નિવારણ થયે દોષમાત્રનું નિવારણ થઈ જતાં
અને તેને પરિણામે પ્રવૃત્તિ અસત્ થાયતાં
આત્માને જન્મ-મરણમાંથી પૂર્ણ મુક્તિ મળે છે.
મોક્ષ કે મુક્તિ એટલે
જીવનું પોતાના અસલ સ્વરૂપનું અનુસંધાન.
'હું આત્મસ્વરૂપ છું' એવું યથાર્થ જ્ઞાન, એ જ 'મોક્ષ'.
એ સિવાય બીજો કોઈ પદાર્થ મુક્તિ નથી.
કર્મના બંધનું કારણ અજ્ઞાન છે.
આ બધાંથી પર આત્મજ્ઞાન - એ મોક્ષનું સાધનરૂપ છે.

# અનંત ભવભ્રમણ શાથી?

પ્રકૃત કર્મવશે એવા એવા સંજોગો આવી મળે છે,
જેમાંના કેટલાક રાગની લાગણી જન્માવે છે અને
કેટલાક સંજોગો દ્વેષની લાગણી પ્રકટાવે છે.
એ રીતે જીવ રાગ-દ્વેષને વશ થઈ અનંત કર્મો ઉપાર્જે,
જીવનું અનંત ભવભ્રમણ વધારી મૂકે છે.
સમ્યગ્દૃષ્ટિનું સ્થાન મોટેરું કહેલું છે, કેમકે તે વડે
રાગદ્વેષાદિ અશુભ ભાવોને રોકી શુભ ભાવો વધે છે.
નશ્વરને શાશ્વત માનવા, તે ભ્રમણા છે અને
તેમાં આસક્તિ રાખવી, તે ભવભ્રમણને વધારનાર છે.
કાળનું જોર વિનશ્વર શરીર ઉપર ચાલે છે, પરન્તુ
અવિનશ્વર આત્મા ઉપર નહીં જ. સ્વરૂપથી સર્વ
આત્માઓ એક છે અને સત્તાથી સૌ સિદ્ધ સમ છે.
કાંચળીના ત્યાગથી જેમ સર્પનો નાશ નથી,
તેમ દેહના ત્યાગથી આત્માનો નાશ થતો નથી.
આત્માના અનુભવી સંત જ ભ્રમ ભાંગી શકે.

<u>અમાપ વિસ્તારવાળો અને મોટાં અવકાશવાળો એવું</u>

<u>દશા છે - જેનું નામ 'મોક્ષ' છે, તેમાં પરમાનંદ છે.</u>

જગતનો અનુભવ કરનાર દેહધારી જીવ અથવા

શરીર આત્મા ખરી રીતે મૂળ બ્રહ્મરૂપ જ છે, કોઈ

રીતે ભિન્ન પદાર્થ નથી. તે અલ્પજ્ઞ છે, પરતન્ત્ર છે,

સુખી છે, દુઃખી છે, જન્મ-મરણ પામે છે વગેરે સંબંધી

સંસારભાવના અજ્ઞાને કરી ઊભી થયેલ છે.

એ ભ્રમ યથાર્થ જ્ઞાન દ્વારા એટલે કે

'હું ખરેખર બ્રહ્મરૂપ છું' એ અનુભવ વડે દૂર થઈ શકે.

આ ભ્રમ દૂર થવો, એનું નામ જ 'મોક્ષ' છે.

મોક્ષ માટે ધર્મ કરે, તેને મોક્ષ મળે અને

જ્યાં સુધી તે ન મળે, ત્યાં સુધી જગતના ઉત્તમ

પદાર્થો પણ તેને મળે, એવી બાંયધરી તેને આપે છે.

મોક્ષની ઈચ્છાવાળાને જગતના પદાર્થો આનુષંગિકપણે

મળે છે, તેથી આસક્તિ વિના ભોગવાય છે અને

ક્ષણભરમાં જ તે પદાર્થોને છોડી પણ શકાય છે.

## મોક્ષના બે જ માર્ગ છે...

વિષયોમાંથી વૈરાગ્ય અને આત્મા તરફનું આકર્ષણ.
આ બન્ને ક્રિયાઓ એકી સાથે થવા જોઈએ.
જો કે લેશ્યાવિશુદ્ધિ પછી મોક્ષ મળે.

## આત્મજ્ઞાન એટલે મોક્ષમાર્ગ.

કાયલક્ષ્ય પ્રાણ, પ્રાણલક્ષ્ય પાદ અને પાદલક્ષ્ય નાદ છે.
નાદ તે સૂક્ષ્મ શબ્દબ્રહ્મ છે, જે પરબ્રહ્મપ્રાપ્તિનું સાધન છે.
આત્મશુદ્ધિ અર્થે એટલે શુદ્ધ આત્માની પ્રાપ્તિ માટે છે.

## મોક્ષમાર્ગ એટલે...

To approach near and near, to enter & then to assume itself.
To know, to do and to be.

આત્મજ્ઞાન એટલે સ્વરૂપની ઓળખાણ.

The human body is mortal, but the inner self is eternal.

મોક્ષ શાંતિનું સામ્રાજ્ય છે અને સમસુખનો ભંડાર છે.

મોક્ષમાર્ગ એટલે...

પરવસ્તુના માનસિક બંધનથી છૂટવાની ક્રિયા.

પછી તે ક્રિયા દાન હો, શીલ હો, તપ હો કે ભાવ હો
અથવા જ્ઞાન હો કે દર્શન હો, ચારિત્ર હો કે પરાક્રમ હો.

મોક્ષમાર્ગ મેળવવાના ચાર રસ્તા

જિનભક્તિ, જીવમૈત્રી, પુદ્ગલવિરક્તિ, આત્માનુભૂતિ.

ઉપરના આ ચાર અદ્ભુત તત્ત્વોને
જીવનમાં ઉતારવાથી - ચારે મળીને મોક્ષમાર્ગ બને છે.
વિષયેચ્છાવાળાને મોક્ષમાર્ગ કઠિન છે,
વિષયેચ્છાને તજનારને મોક્ષમાર્ગ મળવો સરલ છે.
પ્રભુ આદર્શ - પ્રેરક - માર્ગદર્શક તરીકે ઉપકારક છે.
જિનના પ્રત્યે કૃતજ્ઞતાભાવ, પૂજ્યભાવ રાખીને જ
મોક્ષમાર્ગ અવિચ્છિન્ન રહે છે. મોક્ષમાં પરને ઉપકાર છે.

મોક્ષમાર્ગ એટલે...

On the road to perfection, each human
soul must pass it with sincerity.

# મોક્ષનો ચતુરંગ માર્ગ

શ્રદ્ધા એ સમ્યગ્દર્શન, વૈરાગ્ય એ સમ્યગ્જ્ઞાન,
પરવસ્તુનો ત્યાગ એ સમ્યક્ચારિત્ર તથા
સ્વવસ્તુમાં સ્થૈર્ય એ તપ.

મોક્ષનું કારણ માત્ર એકલું જ્ઞાન જ નથી. એકલું જ્ઞાન અભિમાનનું તથા એકલી ભક્તિ દીનતાનું કારણ છે.

વ્યવહાર અને નિશ્ચય તથા દ્રવ્ય અને ભાવ - સર્વ સાધનના સમન્વયપૂર્વકની સાધના તે મોક્ષમાર્ગ છે.

અન્ય સર્વ દ્રવ્યોથી ભિન્ન એવા શુદ્ધ આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર - એ ત્રણેની એકતા, તે મોક્ષમાર્ગ છે.

આત્મા શાંતસુધારસનો કુંડ, જ્ઞાનાદિ ગુણરત્નોની ખાણ, અનંત સમૃદ્ધિનો ભંડાર તથા શિવમંદિરનું સોપાન છે.

સમસ્ત શુભાશુભ સંકલ્પ - વિકલ્પરહિત નિશ્ચય રત્નત્રયાત્મક શુદ્ધાત્મ પરિણામરૂપ ધર્મ જ મોક્ષમાર્ગ છે
તેને જ નિજ શુદ્ધાત્માનુભૂતિ પરિણામ કહે છે.

૩ પ્રકારના મોક્ષમાર્ગમાં સુકૃતની અનુમોદના એટલે...

કાંઈપણ સારું કાર્ય, ત્યારે આત્માનો ગુણ માનવો તે.

દુષ્કૃતની ગર્હા એટલે...

કાંઈપણ નરસું કાર્ય, ત્યારે પોતાનો દોષ જોવો તે.

શરણાગમન એટલે...

શુભ તથા અશુભ કર્મના ઉદયની પાછળ
કર્મનિરપેક્ષ પોતાનો શુદ્ધાત્મા જોવો તે.

દુષ્કૃતગર્હા સહિત આશ્રવનો ત્યાગ, સુકૃતાનુમોદના સહિત સંવરસેવન, શરણાગમન યાને નિર્જરાભાવ.

ભવમાર્ગ પણ ત્રણ છે:

દુષ્કૃતની અનુમોદના, સુકૃતની ગર્હા અને
અશરણનું શરણાગમન - એ ત્રણ ભવમાર્ગ છે.

'દુષ્કૃત કોઈ ન કરો' એ અધ્યવસાય ન હોય, તો 'ન નિષિદ્ધમનુમતં ।' એ ન્યાયે દુષ્કૃતની અનુમોદનાનો આશ્રવ આવે. 'સુકૃતનું સેવન સૌ કોઈ કરો' એવું માનસિક સમર્થન ન હોય, તો ગર્હાનો દોષ લાગે.

મોક્ષમાર્ગનો પ્રારંભ અને છેવટ વિચાર છે.

મોક્ષમાર્ગનો પ્રારંભ તત્ત્વના વિચારથી થાય છે અને તેનું છેવટ પણ તત્ત્વજ્ઞાન વડે થતું ઉજ્જ્વળ ધ્યાન છે. એ બધાનું મૂળ શબ્દમાં - વર્ણાવલિમાં રહેલું છે, તેથી મોક્ષમાર્ગમાં સૌથી પહેલાં વર્ણાવલિ સહિત દ્રવ્યશ્રુત પણ પૂજનીય બને છે. દ્રવ્યશ્રુત દ્વારા જ ભાવશ્રુતની પ્રાપ્તિ થાય અને એ ભાવશ્રુત જ વિવેક, વૈરાગ્ય, સદાચાર, સદ્વર્તન વડે શુભ ધ્યાનનું કારણ બનીને કેવળજ્ઞાન પમાડે છે. કેવળજ્ઞાનને આવરણ કરનાર કર્મ મોહનીય છે, જેનો ક્ષય અસત્ પ્રવર્તનના ત્યાગ અને સત્પ્રવર્તનના સેવનપૂર્વક થતાં પરમાત્મસ્વરૂપના ધ્યાનથી થાય છે. ધ્યાન કરવાનું સામર્થ્ય નિર્મળ ગુણાનુરાગથી મળે. એ ગુણાનુરાગ વિચાર વડે પ્રાપ્ત થાય, તેથી સદ્વિચાર અને તેનું મૂળ - સહિત દ્રવ્યશ્રુત તથા ભાવશ્રુત એવા અર્હં મંત્રનું ધ્યાન છે.

'મનઃ એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ ।'

મન એ જ મોક્ષ તથા મન એ જ બંધનું અંતિમ કારણ છે. શ્રુતજ્ઞાનનું મૂળ જ મન છે. 'મનનાત્મકં મનઃ ।' મનની આ મનનશક્તિ વડે જ તે સ્ફૂર્તિપ્રદ, સ્વચ્છ, નિર્મળ - તેજસ્વી એવું શ્રુતજ્ઞાનનું કારણ બને છે.

મન દ્વારા જ મનુષ્યોએ મહેલ બનાવ્યા છે, રાષ્ટ્રના નિર્માણ કર્યાં છે અને મન દ્વારા જ સ્વર્ગ અને મોક્ષ સુલભ બને છે. શરીર અને ઇંદ્રિયો તો પશુઓને પણ છે અને મનુષ્ય કરતાં વધારે શક્તિશાળી અને સૂક્ષ્મ છે, છતાં જે ફરક છે, તે મનનો જ છે. મન વડે, પશુ માનવ મટી મહામાનવ - મહાત્મા બને. મન દ્રવ્યને ભગવદાજ્ઞારતા રૂપ સદ્ધ્યાન વૃત્તિ ધારે, તે ભક્તિ આત્મસાક્ષાત્કાર દ્વારા મોક્ષનો હેતુ બને છે. યોગનો હેતુ મનની સમાધિ છે, તપનું શ્રેષ્ઠ કારણ યોગ છે, તપ એ મોક્ષસુખરૂપી વેલડીનું મૂળ છે, તેથી ચંચળ મનની સમાધિ ઇચ્છા કર. - અધ્યાત્મ કલ્પદ્રુમ

મોક્ષમાર્ગની સ્થાપના એ સર્વશ્રેષ્ઠ ઉપકાર છે.

'પહેલાં મુક્તિ - પછી સાચી ભક્તિ' એનો અર્થ છે:
હૃદયમાં નિશ્ચય જેવો હોય, તો વ્યવહાર શુદ્ધ થાય.
ભક્તિ = ગુણી પુરુષોનો વિનય - એજ મોક્ષમાર્ગ છે.
'મોક્ષ' એ શુદ્ધ આત્મસ્વરૂપનું નામ છે.
'મોક્ષમાર્ગ' એટલે આત્માનુરાગી બનવાનો માર્ગ.
મોક્ષમાર્ગમાં મોટામાં મોટાં અંતરાયો
સ્વચ્છંદ ઉપરાંત ગર્વ કે અભિમાન છે.
પૂર્ણ શુદ્ધ આત્માના પર્યાયનું પ્રાગટ્યપણું, તે મોક્ષ.
'તે વિકારી અવસ્થા હું નહીં, કિન્તુ પરિપૂર્ણ આત્માનો
સ્વભાવ તે જ હું' એવી દૃષ્ટિ, તે મોક્ષમાર્ગ.
ન્યાયસંપન્ન વૈભવથી માંડી સર્વ વાતે અને
સર્વ વિચારના સત્ય ઉપર સમાન પક્ષપાત ધરાવતી
[illegible] ન્યાયબુદ્ધિ - એ જ મોક્ષનો માર્ગ બને છે.
વળી અહિંસા, સંયમ, તપની જોડે જ અનેકાંતવાદ
સમત્વપોષક હોવાથી તેને મોક્ષમાર્ગમાં મહત્ત્વનું સ્થાન છે.

'મોક્ષમાર્ગસ્યનેતારં, ભેત્તારં કર્મભૂભૃતાં ।
જ્ઞાતારં વિશ્વતત્ત્વાનાં વંદે તદ્ગુણલબ્ધયે ॥' અર્થાત્:

'મોક્ષમાર્ગના નેતા, કર્મપર્વતના ભેદનાર,
સમગ્ર તત્ત્વના જાણનારને ગુણોની પ્રાપ્તિ અર્થે વંદું છું.'

અહીં 'મોક્ષમાર્ગના નેતા' એમ શબ્દમાં કહીને
આત્માના અસ્તિત્વથી માંડી તેના મોક્ષ અને તેના ઉપાય
સહિત બધા પદો તથા મોક્ષ પામેલાનો સ્વીકાર કર્યો.

મોક્ષ એ બંધની અપેક્ષા રાખે છે.

બંધ, બંધના કારણો, આસ્રવ, પુણ્ય - પાપ કર્મ અને
તેને બાંધનાર નિત્ય એવા અવિનાશી આત્માની
તેમ જ મોક્ષ, મોક્ષમાર્ગની અપેક્ષા, સંવરની, નિર્જરાની
તથા બંધના કારણો ટાળવા રૂપ ઉપાયની અપેક્ષા રાખે છે.

જેણે માર્ગ જોયો, જાણ્યો, અનુભવ્યો હોય,
તે જ મોક્ષમાર્ગને દર્શાવે અને નેતા થઈ શકે, તેથી
'મોક્ષમાર્ગના નેતા' એમ કહી તેને પામેલા
એવા સર્વજ્ઞ - સર્વદર્શી વીતરાગનો સ્વીકાર કર્યો.

'મોક્ષમાર્ગના નેતા' વિશેષણથી જીવ-અજીવાદિ નવે તત્ત્વ, ધર્મ-અધર્મ આદિ છ એ દ્રવ્ય, આત્માના હોવાપણાં આદિ છ એ પદ અને મુક્ત આત્માનો સ્વીકાર કર્યો. 'મોક્ષમાર્ગ ઉપદેશવાનું અને તે માર્ગે લઈ જવાનું કાર્ય દેહધારી-સાકાર-મુક્ત પુરુષ જ કરી શકે, દેહરહિત નિરાકાર ન કરી શકે' આમ કહીને આત્મા પોતે પરમાત્મા-મુક્ત થઈ શકે છે, એવા દેહધારી મુક્ત પુરુષ જ બોધ કરી શકે છે, એમ સૂચવ્યું.

'કર્મરૂપ પર્વતના ભેદનાર' એમ કહી

કર્મરૂપી પર્વતો તોડવાથી મોક્ષ થાય, એમ સૂચવ્યું.

કર્મરૂપી પર્વતો સ્વવીર્યે કરી દેહધારીપણે તોડ્યા તથા તેથી જીવન્મુક્ત થઈ મોક્ષમાર્ગના નેતા-બતાવનાર થયા.

ફરી-ફરી દેહ ધારણ કરવાનું, જન્મવા-મરવારૂપ સંસારનું કારણ કર્મ છે, તેને સમૂળાં છેદ્યા-નાશ કર્યા, તેથી ફરી દેહ ધારણ કરવાપણું નથી, એમ સૂચવ્યું. મુક્ત આત્મા ફરી ફરી અવતાર ન લે, એમ સૂચવ્યું.

વળી 'વિશ્વતત્ત્વના જ્ઞાતા, સમસ્ત દ્રવ્ય - પર્યાયાત્મક
લોકાલોકના, વિશ્વના જાણનાર' એમ કહી
મુક્ત આત્માનું અખંડ સ્વ-પરજ્ઞાયકપણું તથા
મુક્ત આત્મા સદા જ્ઞાનરૂપ જ છે, એમ સૂચવ્યું.
ઉપર જણાવેલ દરેક ગુણવાળા મુક્ત, પરમ આપ્ત
તથા વંદનયોગ્ય હોય, તેમણે બતાવેલ તે મોક્ષમાર્ગ.
તેમને પ્રગટ થયેલા ગુણો તેમની આજ્ઞાએ ચાલનાર
ભવિજનોને પ્રગટે, એમ પણ સૂચવ્યું.

## 'જિન' શબ્દનો પ્રયોગ કોની કોની માટે થાય છે?

'જિન' શબ્દનો પ્રયોગ કેવળી, અવધિજ્ઞાની, જિનકલ્પી,
ચૌદ પૂર્વી અને દશ પૂર્વી આત્માઓ માટે થાય છે.
આત્મા જ સંયમ - શીલ - તપ - જ્ઞાન અને મોક્ષ છે
તથા 'શુદ્ધ આત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે,'
તેવી આત્માને થતી રુચિ, તે સમ્યગ્ દર્શન અને
વીતરાગ સ્વસંવેદન જ્ઞાનનો અનુભવ -
તે નિશ્ચય જ્ઞાન છે અને એટલે આત્મા જ જ્ઞાન છે.

## દેવાધિદેવ અરિહંત...

વીતરાગતાના અચિન્ત્ય પ્રભાવના કારણે જે પોતાના
સ્વભાવથી જ ઉપકારને મોક્ષમાર્ગનું દાન કરે, તે.
સાચો ઉપકાર મોક્ષમાર્ગને પામવો અને પમાડવો તે છે.
જીવોને મોક્ષમાર્ગ પમાડવાની તીવ્રતમ ભાવના વડે થતી
સેવા બાકી સર્વ પ્રકારની સેવાઓમાં શિરોમણિભૂત છે.
આ વિશ્વ કલ્પવૃક્ષ - કામધેનુ - ચિંતામણિ છે, કેમકે
મોક્ષ મેળવવાનો રસ્તો આ વિશ્વમાંથી જ પસાર થાય છે.
રાગાદિ વિકલ્પજાળનો ત્યાગ કરનાર આત્મા જ મોક્ષમાર્ગ.
પરમાત્મતત્ત્વને વિષે સમરસીભાવે પરિણમવું તે મોક્ષ,

અરિહંત આત્મા જ મોક્ષ છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતોના ધ્યાન વડે

પૃથ્વી આદિ પાંચ તત્ત્વોની સિદ્ધિ કરવાની રીત છે,
તેથી આપત્તિનું નિવારણ - અંતે ત્રિકાળ લાભ થાય છે.
ધ્યાનમાં શ્વેત વર્ણ એ લાભપ્રાપ્તિ - મોક્ષપ્રાપ્તિ માટે છે,
સિદ્ધિ માટે અનાહત યંત્રની ઉપાસના આવશ્યક છે.

'જીવન્મુક્તિ' એટલે જીવતાં જ મરવાની કળા.

આત્માદિગ્રહ મોક્ષ એટલે...

અનાત્મ પદાર્થો પ્રત્યે જતાં આપણા મનને રોકીને આત્મપદાર્થને અથવા આંતરતત્ત્વને નમનશીલ કરવું તે.

સાધુસેવા એ જિનભક્તિ છે અને

'સત્ત્વેષુ મૈત્રી ।' એ જીવમૈત્રી છે.

એકમાં અનુમોદન છે અને બીજામાં કરાવવું છે.

આત્માદિગ્રહ - મોક્ષમાં કરવું છે.

કરવું, કરાવવું, અનુમોદન = ચારિત્ર, દર્શન અને જ્ઞાન.

એ ત્રણે મળીને જ મોક્ષમાર્ગ બને છે.

કરવામાં ચારિત્રગુણ, કરાવવામાં દર્શનગુણ અને

અનુમોદનમાં જ્ઞાનગુણ પ્રધાન છે.

વેદાંત મતે જ્ઞાનથી જ મોક્ષ થાય છે,

આત્મજ્ઞાન વિના મોક્ષ થઈ શકતો જ નથી, પરન્તુ આત્મજ્ઞાનનો પાયો કર્મ, ઉપાસના તથા ભક્તિ જ છે.

જ્ઞાનના અધિકારી થવા કર્મ, ઉપાસના પ્રથમ પગથિયાં છે.

સાચો જૈન ધર્મ અને સાચો મોક્ષમાર્ગ શું છે,
તેને યથાસ્થિતપણે જો કોઈ સાધકને જાણવો હોય,
તેને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજની
ષોડશક કૃતિનું અધ્યયન સાધકને કોલ આપે છે કે:
'હું તને સાચો માર્ગ જણાવીશ.'

મોક્ષ એટલે સિદ્ધ, માર્ગ એટલે અરિહંત અને
ત્રીજું આચરણ એટલે આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.

વ્યવહાર એ નિશ્ચયને પામવાનું સાધન છે અને
નિશ્ચય એ વ્યવહારપાલનનું ધ્યેય છે.

વ્યવહાર તથા નિશ્ચય - બંને મળીને મોક્ષમાર્ગ બને છે.

રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગમાં દોષત્યાગ રૂપ સંયમ અને
ચારિત્રની સાથે દોષાનુબંધના વિચ્છેદમાં કારણભૂત
રાગ અને ભક્તિનો પણ સમાવેશ થાય છે.

મોક્ષમાર્ગ = સત્ય, અભય, વિશુદ્ધિ, શક્તિ, પરમ વીર્ય.

શાસ્ત્રોક્ત વ્રત અને નિયમો પાળવા તે બંધનો નથી,
પરન્તુ તે મોહના બંધનોથી છોડાવનાર મોક્ષના માર્ગો છે.

સત્યના માર્ગે ગમન કરવું, તે મોક્ષમાર્ગ છે.

શુદ્ધ સત્ય એક - અવિચલ - સિદ્ધ - સુંદર - સુસાધ્ય છે.
વસ્તુસ્વભાવે જીવ એ અનંત આનંદરૂપ છે, જીવના
તે અસલ સ્વરૂપની પ્રાપ્તિ જેનાથી થાય, તે મોક્ષમાર્ગ છે.

કેવી ક્રિયા મોક્ષમાર્ગગામિની બને ?

મોક્ષનો માર્ગ એ કર્મબંધનથી છૂટવાનો માર્ગ છે.
જે ક્રિયા બાહ્યનું અનુકરણ ન હોય, પરન્તુ સ્વયં
ભાવથી સ્ફુરિત હોય, તે યથાર્થ ક્રિયાનું તાત્પર્ય છે.
પોતાનો અનુભવ અને તેથી સ્ફુરિત થયેલ ક્રિયા -
એજ મોક્ષમાર્ગગામિની બની શકે છે.
મોક્ષનો અર્થ છે સંપૂર્ણ કર્મબન્ધનથી ચૈતન્યની મુક્તિ.

'આત્મશુદ્ધિ એજ મોક્ષનો ઉપાય છે.'

એનો અર્થ આત્મા એજ મોક્ષ અને મોક્ષમાર્ગ છે.

સ્વભાવથી અભિન્ન અને પરભાવથી ભિન્ન એવો
શુદ્ધ આત્માનો અનુભવ - તે સાચો મોક્ષમાર્ગ છે.
જેને મોક્ષમાર્ગ કહે છે, તે પ્રભુ - પરમાત્મા જ છે.

આહડી - રાજસ્થાન, પોષ સુદી ૧૫

## મોક્ષમાર્ગની સંક્ષિપ્ત આરાધના

સર્વ જીવો, સાધર્મિક, રત્નત્રયી, નમસ્કાર,
પોતાનો આત્મા અને પંચપરમેષ્ઠિ ભગવંતો - એ સૌની
એકતા ભાવવાથી આત્મા મોક્ષનો અધિકારી બને.

મોક્ષમાર્ગમાં સાધ્ય સિદ્ધત્વ છે.

તે શ્રી અરિહંત સિદ્ધાદિ પરમેષ્ઠિઓમાં છે, તેથી તેઓ
પુષ્ટ નિમિત્ત છે, તેમનું આલંબન એ પુષ્ટ આલંબન છે.

મોક્ષમાર્ગમાં શું આવશ્યક ?

મોક્ષમાર્ગમાં ઉપયોગની વિશુદ્ધિ અને
યોગની સ્થિરતા - ઉભય સમકાળે આવશ્યક છે.
યોગની ચંચળતા કરનાર અશુભ આશ્રવ તત્ત્વ છે.
અશુભ આશ્રવના ત્યાગથી સ્થિરતા આવે છે.

સર્વાત્મસિદ્ધિ એટલે...

સમસ્ત જાગતિક પ્રપંચો સાથે આત્માની અભિન્નતા.
મોક્ષ વસ્તુતઃ સર્વાત્મસિદ્ધિને કહે છે.

## મોક્ષનો માર્ગ એટલે...

(૧) જ્ઞાનનું જ્ઞાન (૨) શ્રદ્ધા પર શ્રદ્ધા (૩) ચારિત્રનું આચરણ.
મોક્ષના સ્વરૂપ માટે ભલે અનેક મત-મતાંતરો છે,
તો પણ મોક્ષનો ફક્ત સાચો રસ્તો મળવાથી
સ્વયં મોક્ષ પણ પોતાની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે.
'સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।'
તત્ત્વરૂચિ - તત્ત્વબોધ - તત્ત્વપરિણતિ એકત્ર મળવાથી
આત્માની મુક્તિ મેળવવા માટેનો મોક્ષમાર્ગ બને છે.
મોક્ષમાર્ગમાં શલ્યવૃત્તિ જવાથી તેની સાથે રહેવાવાળી
માનવૃત્તિ, ક્રોધવૃત્તિ, કામવૃત્તિ આદિ પણ જવા લાગે છે.
મોક્ષમાર્ગ એટલે સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, ઉત્તમ વર્તન.
એનો પથિક મોક્ષનગરને ધીમે ધીમે પણ પામે જ છે.
માર્ગ એટલે ચિત્તની અકુટિલ પ્રવૃત્તિ.
સર્વ જીવો પ્રત્યે લાગણી જ અનંતાનુબંધી કષાય અને
મિથ્યાત્વમોહને ખપાવવાનું અનન્ય સાધન તથા ધર્મરૂપી
કલ્પવૃક્ષના અવન્ધ્ય બીજભૂત - મોક્ષમાર્ગના કારણભૂત છે.

મોક્ષના બે ઉપાય:   ૐ   રાધનપુર, પોષ સુદ-૫

(૧) આત્મસમદર્શિત્વ (૨) પરમાત્મસમદર્શિત્વ.

અને પાપકૃત્ય કરે, જેનો હેતુ અનાત્મસમદર્શિત્વ છે,

જાણે ઉપાય મંગળનું આરાધન કરે,

જેનો હેતુ પરમાત્મદર્શિત્વ છે.

## મોક્ષના બે માર્ગ

(૧) વૈરાગ્ય : તેના દ્વારા વિષયાસક્તિ ટળે છે.

(૨) મૈત્રી : તે દ્વારા જીવ પ્રત્યે આત્મીયભાવ જાગે છે.

## મોક્ષના ૭ પગથિયાં

(૧) શુભેચ્છા : ઈશ્વરવિચાર, ગુરુપાસ્તિ, દેવ-ગુરુભક્તિ.

(૨) વિચારણા : શ્રવણ

(૩) તનુમાનસા : મનન

(૪) નિદિધ્યાસન : સત્ત્વાપત્તિ, અસંસક્તિ

(૫) પદાર્થ ભાવના : સવિકલ્પ સમાધિ

(૬) તુર્યગા : સાપેક્ષ નિર્વિકલ્પ સમાધિ

(૭) કૈવલ્ય : સાક્ષાત્કાર.

તીર્થંકરોએ દર્શાવેલ મોક્ષમાર્ગની દૃઢ શ્રદ્ધા તે સમ્યક્ત્વ.

મોક્ષસુખ સિદ્ધશિલા ઉપર છે - મોક્ષમાર્ગ સંસારમાં છે.
એ માર્ગની ઉત્પત્તિનું મૂળ કારણ તીર્થંકર નામકર્મ છે.
તેના મૂળમાં સર્વ જીવોના કલ્યાણની ભાવના અને
તેના ફળમાં સર્વ જીવોનું કલ્યાણ
જેનાથી થાય, તેવા મોક્ષમાર્ગની રચના છે.

આત્મસ્વરૂપવિષયક નિશ્ચય દૃષ્ટિ મોક્ષલક્ષી છે અને
વ્યવહારવિષયક દૃષ્ટિ તેને અનુસરતા ભેદરૂપ છે.
એક દૃષ્ટિ જગતના સ્વરૂપને વિષય કરે છે, જ્યારે
બીજી દૃષ્ટિ મોક્ષમાર્ગને અનુસરીને છે.

જો આપણા ભાવો રૂપી ચાવી માત્ર પૌદ્ગલિક પદાર્થો
પ્રત્યે જ ફરશે, તો તો મોક્ષનો દરવાજો નહીં ઉઘડે.

કુદરતની માલિકીની કોઈપણ વસ્તુ ઉપર
આપણી માલિકી રાખીએ, ત્યાં સુધી ગુનાહિત છીએ.
તે માલિકી જે કુદરતની છે, તે તેને સોંપી દેવાથી ગુનાથી
મુક્તિ મળે છે, તેથી તે માર્ગ જ મોક્ષનો માર્ગ છે.

મોક્ષમાર્ગ = મોક્ષનો સત્કાર અને વિષયોનો વૈરાગ્ય.

સાચું સુખ મોક્ષમાં છે, મોક્ષમાર્ગ એ સંવરસ્વરૂપ છે.

મોક્ષમાર્ગ માત્ર બુદ્ધિવિલાસ નહિ, સાધનાનો વિષય છે.

મોક્ષમાર્ગમાં સમ્યક્ત્વ જ પ્રધાન વસ્તુ છે, જ્ઞાન નહીં.

મિથ્યાત્વ મંદ પડ્યું હોય અને મોક્ષના રાજમાર્ગ ઉપર ચાલવાને લાયક બન્યો હોય, તે જ ઉચિત વર્તન કરે.

મોક્ષ, મોક્ષમાર્ગ અને તેનું બહુમાન - તે અનુક્રમે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ, ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીને જણાવે છે.

મોક્ષમાર્ગમાં કૃપા મુખ્ય છે.

અહીં પોતાનું બળ કે પોતાની સાધના કામ આવતી નહિ.

શરણાગતિ એ મોક્ષનું અનન્ય કારણ છે.

આપણે ક્યારેય પણ અહીં ન ભૂલીએ કે...

'ધર્મનો ઉપદેશ કરવા છતાં
ધર્મકરણી દુષ્કર હોવાથી તે કોણ કરશે ?'

સંસારથી ભયભીતને માટે મોક્ષની ઉત્કટ ઇચ્છા હોવાથી મોક્ષના ઉપાયની દુષ્કરતા તેને લાગતી નહિ.

# મોક્ષ તથા મોક્ષમાર્ગની સમજણ

મોક્ષ = જ્ઞાનાદિ અનંત ગુણરૂપ આત્મસ્વરૂપનો લાભ.

શરીર, ઇંદ્રિય અને વિષયો -

આ ત્રણ પ્રકારનો સંબંધ જગતની સાથે આત્માને છે,

તેના વિનાશનું નામ 'મોક્ષ' છે.

મોક્ષમાર્ગ એટલે શુદ્ધ આત્માનું સમ્યક્ શ્રદ્ધાન,

જ્ઞાન તથા આચરણરૂપ અભેદ રત્નત્રય.

મોક્ષમાર્ગ એટલે...

'વૃત્તિમાં અનેકાન્ત' અને 'પ્રવૃત્તિમાં એકાન્ત'

મોક્ષમાર્ગ = ન્યાય - સદ્‌બુદ્ધિ - મહાજનોનો માર્ગ.

'મોક્ષ' એટલે બંધનમુક્તિ - પૂર્ણસ્વાતંત્ર્ય અને

'મોક્ષમાર્ગ' એટલે નમસ્કાર, કૃતજ્ઞતા તથા

આજ્ઞાપાલનાદિના સર્વ પ્રકાર.

વ્યવહાર મોક્ષમાર્ગ એ વ્યવહાર રત્નત્રયમય છે.

આમ પરમેષ્ઠિ નમસ્કારની ઉપયોગીતા સ્વયંસિદ્ધ છે.

મોક્ષમાર્ગદર્શક, મોક્ષસાધક, મોક્ષસિદ્ધ પુરુષો ઉપાદેય છે.

અનંત ચતુષ્ટયનો સાક્ષાત ભાન તે મોક્ષ તથા
અભેદ રત્નત્રયનું આચરણ તે મોક્ષમાર્ગ.

અનંત ચતુષ્ટયાત્મક નિરાવરણ આત્મસ્વરૂપનો સાક્ષાત
ભાન થવો, તે મોક્ષ અને સ્વરૂપભાન રૂપ મોક્ષ માટે
અભેદ રત્નત્રયનું આરાધન તથા
નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિ તે મોક્ષમાર્ગ છે.

મોક્ષ કે સંસારવૃદ્ધિની જવાબદારી જેના ઉપર છે,
તે અંતરાત્મા પરમાત્મદશાને સન્મુખ બને, તો મુક્તિ
અને બહિરાત્મદશાના પક્ષમાં હશે, તો સંસારવૃદ્ધિ.

સમુદ્ર અને તેનો કિનારો - બંને પોતપોતાના સ્થાને છે
પણ ત્યાં તરવું કે ડૂબવું, એ તરનારને આધીન છે,
તેમ અહીં પણ પરમાત્મદશા અને બહિરાત્મદશા -
બન્ને પોતપોતાના સ્વરૂપમાં વ્યવસ્થિત છે, કિન્તુ
જે કાંઈ કરવાનું છે, તે અંતરાત્માએ જ કરવાનું છે.

ભવોત્તાર કે ભવભ્રમણ...
હે ધીર! તે તારે જ આધીન છે.

વિષયનો વિરાગ, કષાયનો ત્યાગ, ગુણાનો રાગ અને ક્રિયાદિમાં પ્રવર્તન - એ ૪ મોક્ષના પરમ ઉપાયો છે.

સૌને ધ્યાનનો રસ વધ્યો છે પણ ધ્યાન સધાતું નથી.

મુક્તિ માટે ધ્યાન જ જોઈશે. ઝંખના તો ઘણી છે, કિન્તુ દેવ-ગુરુનો અનુગ્રહ ઉતરશે, ત્યારે એ ઝંખના ફળશે!

ત્રિભુવનના સર્વ જીવોના હિતની સર્વોત્તમ ભૂમિકા પછી જે ભૂમિકા પ્રાપ્ત કરવાની બાકી રહે, તે મોક્ષની જ છે.

સંસારની અસારતા એટલે કષાયની અસારતા.

મોક્ષની સારભૂતતા એટલે કષાયથી છોડાવનાર મૈત્ર્યાદિ ભાવોની સારભૂતતા.

ચાર ગતિ એ ચાર કષાયનું ફળ છે અને પાંચમી ગતિ એ મૈત્ર્યાદિભાવનું ફળ છે.

મોક્ષ સાધનથી જ મળે, કર્મ અને યોગ તેમાં સહાયક છે.

આત્મિક ભાવપ્રભુની હિંસાથી આત્મઘાત પ્રકટ થતું નથી.

મિથ્યાત્વ, અવિરતિ, વિષય - કષાયના પરિણામ વગેરે અધ્યવસાયથી આત્મઘાત કરવા બરાબર જ છે.

## મોક્ષમાં જવાનો અત્યંત માર્ગ

| ગુ.સ્થા. | બિન્દુવર્ણ | | અર્ધમાત્રા | સેતુ |
|---|---|---|---|---|
| ૪ | બિન્દુ | ○ - | તચ્ચિત્ત | અરિહંત |
| ૫ | અર્ધેન્દુ | ◡ - | તન્મન | સિદ્ધ |
| ૬ | નિરોધિની | ▽ - | તલ્લેશ્ય | આચાર્ય |
| ૭ | નાદ | ○○ - | તદધ્યવસાય | ઉપાધ્યાય |
| ૮ | નાદાન્ત | V - | તત્તીવ્ર અધ્યવસાય | સાધુ |
| ૯ | શક્તિ | ○○ - | તદર્થોપયુક્ત | દર્શન |
| ૧૦ | વ્યાપિની | ⊽ - | તદર્પિતકરણ | જ્ઞાન |
| ૧૧ | સમના | ○ - | તદ્ભાવનાભાવિત | ચારિત્ર |
| ૧૨ | ઉન્મના | ○ - | અન્નત્થ કત્થઈ મણં અકરેમાણે । | તપ |

તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાય, તદર્પિતકરણ, તત્તીવ્રાધ્યવસાન, તદર્થોપયુક્ત અને તદ્ભાવનાભાવિત એ ૮ વિશેષણોમાં 'તદ્' શબ્દ એક જ છે, તે સર્વનામ છે એટલે સર્વની સાથે સંબંધ કરાવે છે.

# મોક્ષપ્રાપ્તિનો સરળમાં સરળ માર્ગ

પોતપોતાના વિષયોથી ઇંદ્રિયોને રોકી,
ચિત્તને વિક્ષેપરહિત કરી,
સ્વરૂપ સ્થિરતાનો અભ્યાસ કરવામાં આવે,
તો તત્વથી આત્મસ્વરૂપ સ્પષ્ટ દેખાય તથા
પોતાનું આત્મસ્વરૂપ સ્પષ્ટ અનુભવમાં આવે.
આ સંસારમાં મુમુક્ષુ બહુ ભોગની ઇચ્છાવાળો દેખાય છે.
ભોગ અને મોક્ષમાં આસક્તિ વગરનો
કોઈક વિરલ મહાશય જ હોય છે.
ભક્તિ - મુક્તિ ઉભયની વાસના બંધનકારક હોવાથી
કેવળ ભક્તિની ભાવના જ મુક્તિપ્રદાયક યોગ કહેવાય.
'ભવબંધન'નો અર્થ મોક્ષદર્શન શબ્દો કરવો.
મોક્ષદર્શન મારા પરમ આધાર છો, હું આપને શરણે છું.
પરભવમાં જઈ જન્મવું અને મરવું અથવા
સ્વભાવમાં રહીને અજન્મ - અમરત્વ રહેવું,
તે આપણા ભાવના જ હાથમાં છે.

## મોક્ષમાર્ગમાં પ્રવેશવાની ૩ શરત

(૧) બાળનું દુઃખ દેખીને દયાર્દ્ર થવું.

(૨) ગુરુ - દેવ - અતિથિનો સત્કાર કરવો.

(૩) દીન - અનાથાદિનો ઉદ્ધાર કરવો.

## સિદ્ધનું સ્વરૂપ કેવું છે?

ઉત્કૃષ્ટ જ્ઞાની અને અવ્યાબાધ સુખ એવું
સિદ્ધશીલામાં નિવસતાં સકલ સિદ્ધનું સ્વરૂપ રહેલ છે.

## મોક્ષસિદ્ધિ માટેના અનુમાનો

(૧) દીપકના નિર્વાણની જેમ નિર્વાણ નથી.

(૨) પ્રદીપનો અગ્નિ અંધકાર રૂપે પરિણમે છે.

(૩) દીપક ચક્ષુગ્રાહ્ય છે, અંધકાર ઘ્રાણગ્રાહ્ય છે.

(૪) જીવ એ ક્યારેય અજીવ બનતો નથી તથા
અજીવ એ ક્યારેય જીવ બનતો નથી.
આકાશ ક્યારેય મૂર્ત થતું નથી તથા
કોઈપણ પરમાણું ક્યારેય અમૂર્ત થતાં નથી.
આત્માના સ્વભાવનો પરિત્યાગ અશક્ય છે.

## મોક્ષમાર્ગની વસ્તુઓ કઈ છે?

દેવ - ગુરુ - ધર્મ - તીર્થ - શાસ્ત્ર વગેરે
સંસારમાં છે, કિન્તુ સંસારનાં નહિ.
સંસારથી વિરુદ્ધ અને મોક્ષનાં કારણ હોવાથી
તે સંસારની નહીં, પરન્તુ મોક્ષમાર્ગની વસ્તુઓ છે.
કોઈ વસ્તુના નાશથી મુક્તિ નહિ, કિન્તુ સતનો
સ્વીકાર કરવાથી અસત્ય દૂર થાય, એ જ મુક્તિ છે.
'મોક્ષ' એટલે આત્માનું સહજ - સ્વાભાવિક સ્વરૂપ.
તેને પ્રકટાવવા માટે પુરુષાર્થ કરવો, તે મોક્ષપુરુષાર્થ.

## મોક્ષાવસ્થા યા સિદ્ધાવસ્થા

અનંત અનંત નામ તથા રૂપોની અંદર માત્ર અનુપમેય
શુદ્ધ ચૈતન્ય સત્તા જ અભિનંદનીય છે, કેમકે એ
દેશાતીત, કાલાતીત હોઈને સ્વસત્તામાત્ર - ચિન્માત્ર છે.
તે મોક્ષાવસ્થા યા સિદ્ધાવસ્થા પણ કહેવાય, તેની સાથે
તાદાત્મ્યના અનુભવ માટે જ સઘળો પ્રયત્ન આવશ્યક છે.
એ વડે પોતાના શુદ્ધ સ્વરૂપની જ ચર્ચા થાય છે.

મોક્ષમાર્ગ = ક્રિયાયુક્ત જ્ઞાન અને જ્ઞાનયુક્ત ક્રિયા.

સકલ કર્મથી મોક્ષ, ઘાતીકર્મથી મોક્ષ અને તે દ્વારા
પ્રાપ્ત થતો ક્રમિક લાભ તે અરિહંત અને સિદ્ધપદ છે.
રત્નત્રયની આરાધનામાં પ્રભુ પરમ આદર્શ છે,
જ્યારે મોક્ષમાર્ગની આરાધનામાં પ્રભુ માર્ગદર્શક છે.
નિશ્ચય અને વ્યવહારને પોતપોતાને સ્થાને
મુખ્ય રાખવાથી રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગની આરાધના
અસ્ખલિત પ્રવાહે ચાલી જાય છે.

પ્રકૃતિનું જ્ઞાન, સમાનતાની લાગણી અને એ જ્ઞાન
તથા લાગણીયુક્ત શુદ્ધિમાં પરિણમન થવાની ક્રિયા,
અહીં એકત્ર મળીને મોક્ષનો માર્ગ બને છે.

મોક્ષમાર્ગના ઉપદેશ સિવાય આ જગતમાં હિતનો કોઈ
અન્ય શ્રેષ્ઠ માર્ગ નથી. આત્મસ્વભાવ બધાથી ઉપર-
જુદો, વિકલ્પોના પ્રવેશથી રહિત, વિજ્ઞાનઘન અને
પરમાત્મસ્વરૂપ છે, એવો નિર્ણય અને અનુભવ એ
સ્વધર્મ છે અને મોક્ષનો અનન્ય માર્ગ છે.

મોક્ષમાર્ગ = સમ્યગ્દર્શન + સ. જ્ઞાન + સ. ચારિત્ર.

એ ત્રણે જ્યારે એકત્ર થાય, ત્યારે મોક્ષનગરમાં પ્રવેશ
થવાના દ્વાર ખૂલે અને તે માર્ગે ઝડપી પ્રગતિ થાય.

ઉદાસીન ભાવ જ્યારે ચાલ્યો જાય,
ત્યારે વસ્તુસ્વભાવ રૂપ ધર્મ વિશ્વહિતનું
વ્યવસ્થિત કાર્ય કરી રહેલ છે, તે સ્પષ્ટ થાય છે.

માટે જ રાગ-દ્વેષ અને અજ્ઞાનરહિત થવા તથા
મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો, એ મોક્ષમાર્ગ બને છે,
જે ષડ્જીવનિકાયને અત્યંત હિતકારક હોવાથી સર્વ
તીર્થંકર-ગણધરોએ તેનો જ એકમાત્ર ઉપદેશ આપ્યો.

જીવાદિ પદાર્થોનું શ્રદ્ધાન તથા ષડ્જીવનિકાય રક્ષાનું
વિધાન - ઉભય મળીને મોક્ષમાર્ગ બને છે.

શુદ્ધ જ્ઞાન પરિણતિ રૂપે પરિણમેલો જીવ પણ
કર્તા - ભોક્તા છે, કિન્તુ વિકાર કે કર્મનો નહિ.

જ્ઞાન ભાવ પરિણમન તે શુદ્ધ ધર્મ છે, ભાવધર્મ છે.
તેની શ્રદ્ધા - જ્ઞાન - અનુભવમાં લેવો, તે મોક્ષમાર્ગ છે.

## મોક્ષમાર્ગનો ઉપદેશ શું છે?

ગુણસ્થાનક જેમ - જેમ ઊંચું આવતું જાય, તેમ તેમ કષાયભાવની મંદતા થતાં રસ - સ્થિતિ ઘટતાં જાય છે. દશમા ગુણસ્થાનકે કષાયાંશ એટલો મંદતમ થઈ જાય કે તેમાં નવીન કષાય - કર્મ બાંધવાની શક્તિ જ ન રહે. વીતરાગ ગુણસ્થાને રાગ-દ્વેષ રહિત, આત્મા જ્ઞાનાદિ-કર્મજનિત ભસ્મ થવાથી કર્મનું અસ્તિત્વ નાશ પામે કર્મ કરવા છતાં અકર્મ દશા રહે છે. અવશેષ એવા પ્રાચીન કર્મભોગ પૂર્ણ થયાં બાદ જ મુક્તાવસ્થા પ્રાપ્ત થાય. ભોગનો સર્વથા, ત્યાગ અશક્ય પણ તેની આસક્તિ ત્યાજ્ય છે. ભોગત્યાગની અપેક્ષાએ આવશ્યક એવા અન્ન - વસ્ત્રના ભોગ વખતે ય રાગ-દ્વેષની તીવ્રતા ઉપાદેય થવા ન દેવા, એ જ મોક્ષમાર્ગનો ઉપદેશ છે.

ચિદાનંદ તત્ત્વનો આશ્રય છોડીને પુદ્ગલ તત્ત્વનો
આશ્રય લેવો, તે પણ અવિચારી કૃત્ય છે.

મોક્ષમાર્ગ આત્માના આશ્રયે છે, પુદ્ગલના આશ્રયે નહીં.

મૌન ધારણ કરનાર મુનિ પોતે જ સાક્ષાત મોક્ષમાર્ગ છે.

નિર્ગ્રન્થ મુદ્રા સમ્યક્પણે મોક્ષમાર્ગની પ્રતીતિ કરાવે છે.

મુનિ ચિદાત્મનો પણ સાધક રહેવા પ્રયાસ કરે છે.

જો વચનદાન દ્વારા મોક્ષમાર્ગ સમજાવી શકાય,

તેમ વચનદાન વિના મૌન દ્વારા પણ

સાની મુદ્રાથી મોક્ષમાર્ગ દર્શાવી શકે છે.

નિર્વિકલ્પ ચૈતન્યરસનો આસ્વાદ જેણે ચાખ્યો છે,

તેને પરભાવોની સર્વ પાગાશ છૂટી જાય છે.

પરદ્રવ્યમાં જેને અસ્તિત્વબુદ્ધિ જતી રહી છે,

તે ચિદાત્મ પોતે પણ તત્ત્વતઃ નિર્વિકલ્પ છે.

વૃત્યારૂઢ ચૈતન્ય મોક્ષનું કારણ છે.

વૃત્યારૂઢ ચૈતન્ય કાર્ય કરે, ચૈતન્યસામાન્ય અકાર્યકારી છે.

ઉપયોગયુક્ત બનેલું ચૈતન્ય શુભાશુભ આસ્રવરૂપ છે.

બંધ કે નિર્જરામાં કેવળ ચૈતન્ય કારણભૂત નથી.

વૃત્તિમાં આરૂઢ ચૈતન્ય પણ બે પ્રકારનું છે:

એક સંસારનું કારણ છે, બીજું મોક્ષનું કારણ છે,

## 'લચીલા' એટલે મુક્તિગમન જોશીલા.

પરમાં શત્રુ - મિત્ર - ઉદાસીન ત્રણે વર્ગ સમાઈ જાય. મોક્ષમાર્ગમાં એ ત્રણે ભિન્ન ભિન્ન રીતે ઉપકારક થઈ રહ્યાં છે, એ સમજણ આવતાં જ લચીલા ખીલવા પામે. જ્ઞાન અને ભક્તિ એમ બંને મળીને મોક્ષમાર્ગ બને છે.

## મોક્ષમાર્ગે મિથ્યાદૃષ્ટિ - અજ્ઞાની કોણ ?

જેમ પોતાનું નામ ન જાણે અને બધાનાં નામ જાણે, તો તે દુનિયામાં પાગલ - મૂર્ખ - અવિવેકી ગણાય છે, તેમ મોક્ષમાર્ગમાં સૌનાં નામ જાણે, પોતાના દેહનું નામ પણ જાણે, કિન્તુ પોતાના આત્માનું નામ ન જાણે, તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને ભવભ્રમણ કરનારો છે. માનવદેહ - મન તથા ભવમાં પ્રત્યેક વસ્તુ મોક્ષના મહાકાર્યના હેતુ માટે જ છે. માનવદેહનો એવો એકપણ ભાગ નથી કે જેનો Special purpose ન હોય !

આપણી - માનવીની પાંચ ઇંદ્રિયો, પશુની ૫ ઇંદ્રિયો કરતાં વિશિષ્ટ ઉપયોગીતા ધરાવે છે.

ગ્રહણ કરે છે : જે નિશ્ચે મોક્ષમાં લઈ જાય, તે 'પ્રણવ'.

પ્રણવ = જેનાથી સૌનો પ્રપંચ (કર્મનો વિસ્તાર) નાશ થાય.
ૐકાર અર્થાત્ 'પ્ર' = પ્રપંચ, 'ન' = નહિ, 'વ' = તમને
અથવા 'પ્ર' પ્રકર્ષથી, 'ન' = લઈ જાય, 'વ' = તમને.

યોગીપુરુષો નિરંતર બિન્દુયુક્ત ૐકારનું ધ્યાન કરે છે,
ભૌતિક સુખો અને મોક્ષસુખને આપનારા એવા
ૐકારને વારંવાર નમસ્કાર હો.

'ૐ' અક્ષર મોક્ષ અને કામનો, 'નમઃ' અક્ષર મોક્ષનો, 'અર્હં' અક્ષર અને બીજા બહુ અક્ષરવિન્યાસો જેવા સૃષ્ટિ રચતા હોય, તેવા સૃષ્ટિના સર્જક બની શકે છે. 'અહં'નું સર્વાંશ વિસર્જન કરવું, તે 'અર્હં'નું કાર્ય છે. એવા અર્હં, બોધ અને તે ઉપરાંત તે મુજબ જ પોતાનું જીવન જીવવું, તે જ સાચો મોક્ષમાર્ગ છે.

(૧) ૐ = રાગ-દ્વેષ-મોહ જલાવે. (૨) અર્હં = આરોગ્ય, બોધિ, સમાધિ અપાવે. (3) સિદ્ધચક્રાય = દર્શન, જ્ઞાન અને ચારિત્ર ભાવ આપે. (૪) નમો નમઃ = મોક્ષને અપાવે છે.

'ગીતાર્થ' એટલે આત્મજ્ઞાની અને તેની
નિશ્રા એટલે આત્મજ્ઞાનીની નિશ્રા, એ જ મોક્ષમાર્ગ છે.

જે કાંઈ અન્ય પદાર્થનો વિચાર છે,
તે જીવના મોક્ષ માટે છે, અન્ય પદાર્થના જ્ઞાન માટે નહિ.

મોક્ષમાર્ગમાં જ્ઞાનનું જેટલું મહત્ત્વ છે,
તેથી પણ વિશેષ દર્શનનું - પ્રત્યક્ષનું મહત્ત્વ વિશેષ છે.
જે વસ્તુનું આપણને જ્ઞાન થાય, તેનું પ્રત્યક્ષ દર્શન
કે પ્રતીતિ થાય, તો જ તે જ્ઞાન સાર્થક થયું ગણાય.
એવા પ્રતીતિપૂર્વકનું જ્ઞાન જ જીવનસ્પર્શી બને છે.

મોક્ષમાર્ગ નિશ્ચય - વ્યવહાર બે પ્રકારે કહેલો છે, તેમાં
પ્રથમ નિશ્ચય સાધ્યરૂપ, અને વ્યવહાર તેનું સાધન છે.

મોક્ષ સ્વાનુભવરૂપ છે, તેથી તે માર્ગ પણ સ્વાનુભવરૂપ છે.
આત્માનુભવ કરવો, તે ધર્મ છે. ઉત્તરોત્તર અધિક
સંવર અને નિર્જરા કર્મક્ષય કરાવી મોક્ષ આપે છે.
બાકી સંસારમાં તો જ્યાં જ્યાં સાતિશય સુખ રહેલ,
ત્યાં અલ્પાધિક માત્રાએ દુઃખ રહેલ જ છે.

# મોક્ષમાર્ગમાં ઉજાસ વધવાનો ક્રમ

સમતાસમાધિ એ જીવનનો સાર ગણાય.
એની પ્રાપ્તિ છેવટે જે જીવને મળે, તે તરી ગયાં ગણાય.
એવો જીવ જ્યાં જાય, ત્યાં એ આરાધનામય જ રહે.
વૈમાનિક દેવલોકમાં રહી પોતાના સમકીતને શુદ્ધ કરે,
શાશ્વત ચૈત્યોની ભક્તિ કરે, જિનકલ્યાણકો ઉજવે,
તીર્થભૂમિઓની સ્પર્શના કરે, મુનિની શુદ્ધ સેવાદિ કરે.
નંદીશ્વરાદિ દ્વીપમાં રહીને અષ્ટાહ્નિકા મહોત્સવો ઉજવે,
અરિહંતના શાસનની આરાધના કરી કાર્યોમાં આગેવાની
લઈ સમકીત અધિક નિર્મળ કરી દેવજીવનને શોભાવે.
ત્યાંથી ચ્યવી આર્યક્ષેત્ર, આર્યજાતિ અને આર્યકુળમાં
માનવજન્મ પામે, જન્મથી જ ધર્મસંસ્કારી, ત્યાગી,
વિનયી, પ્રસન્ન, ગંભીર બને, સંસારથી વિરક્તભાવ
કેળવે, સદ્ગુરુના સહવાસથી વૈરાગ્ય ભાવને વધારે,
સુવિહિત ગુરૂ પાસે સંયમ ગ્રહણ કરે, વિનયપૂર્વક તથા
પોતાના શુદ્ધ ભાવે પાળે, સંયમશ્રેણીમાં ઉજાસ વધે,

એવો જીવ ક્ષાયિક સમકીત પામે,
અપ્રમત્ત ભાવમાં આગળ વધી ક્ષપકશ્રેણીએ ચઢે,
શુક્લધ્યાનમાં આવે, અવેદી થાય, અકષાયી વીતરાગ
બને, ક્ષીણમોહ થઈ સર્વ ઘાતી કર્મ ખપાવે, તે ઉપરાંત
ધ્યાનાંતર દશા પામે, કેવળજ્ઞાની થાય,
જગતને ધર્મોપદેશ દઈને તારે,
છેવટે આવર્જીકરણ - આયોજ્યકરણ, કેવળી સમુદ્ઘાત,
યોગનિરોધ કરી અયોગી દશામાં સર્વસંવરચારિત્ર પાળી
ચારે અઘાતી કર્મનો સર્વથા વિનાશ કરી,
અનંત શાશ્વત સુખ પામે.
આ ક્રમે આત્મા ચઢી જાય, એવી ભાવના ભાવશે.
આપણે પોતે શાસ્ત્રાધાર પ્રમાણે
સંયમમાં સ્થિર બનતાં મોક્ષમાર્ગમાં આગળ વધશે.
'મોક્ષ' એટલે ષડ્રિપુના બંધનમાંથી કાયમનો છૂટકારો.
મોક્ષ પણ એક સાધન જ છે, વિશ્વાત્મૈક્ય તેનું અંતિમ
સાધ્ય છે. જીવનનો ચરમ તથા પરમ આદર્શ જ તે છે.

મોક્ષ આપનારો ધર્મ તે નિર્વિકલ્પ અવસ્થા છે.

વિકલ્પોથી કર્મનું આગમન થાય છે, તેથી
નિર્વિકલ્પ સ્થિતિ એ આત્મધર્મ કે આત્માનું લક્ષણ છે.
તે લક્ષણને સિદ્ધ કરવાથી મોક્ષ છે.

ભક્તિની પરિભાષા : જે ભવદુઃખનું શમન કરે અને
મોક્ષસુખનો લાભ કરે, તે ભક્તિ છે.

જેમ 'એક વસ્તુ આનંદ છે' તે સમજાયા પછી
'જીવનના સ્નેહીઓને તે મળે' એમ સૌ કોઈ ઈચ્છે,
'એક વસ્તુ દુઃખદાયક છે' એમ અનુભવાયા પછી
'જીવનના મિત્રમંડળને તે પ્રાપ્ત ન જ થાય' એમ ઈચ્છે,
તેમ 'મોક્ષસુખ આનંદ તથા સંસાર કષ્ટપૂર્ણ છે' એવું
સમ્યગ્ભાન થયું છે, તેને ય એવી ઈચ્છા કેમ ન થાય કે:
'જીવને મોક્ષ મળો અને સંસારથી છૂટો ?' જરૂર થાય!
જેને એ ઈચ્છા ન જાગે,
તેણે સંસાર નિર્ગુણતાનું કે મોક્ષની
સારભૂતતાનું સ્વરૂપ સમજાયું છે, એમ કેમ મનાય?

કર્તવ્યનું પાલન એજ મોક્ષપ્રાપ્તિનો માર્ગ છે.

કેવળ પોતાનો મોક્ષ નહીં, પરન્તુ
મોક્ષ વડે બધાને પ્રેરણા આપવા, તે આપણું કર્તવ્ય છે.

પ્રેરણા એ મોક્ષમાર્ગમાં મુખ્ય - જબરજસ્ત સહાયક છે.
પ્રભુ એ પ્રેરણા પોતાની સિદ્ધિ વડે આપી રહ્યાં છે,
બીજા કોઈ રીતે પણ તે પ્રેરણા આપવા શક્ય નથી.
મોક્ષાભિલાષી માટે સૌ પ્રથમ purpose of self-mastery નું સ્વરૂપ અને right purposeનું proper understanding જ અગત્યનું છે.
Cosmic evolutionના ઉત્ક્રાંતિ કાર્યને વેગવંતુ બનાવવામાં સહાયક થવાની ઇચ્છામાં જ આપણી સર્વ બાકી ઇચ્છાઓને sublime કરવાની છે!
મોક્ષાર્થી જીવોએ આત્માનું ભાન કરી, શ્રદ્ધાપૂર્વક તેમાં અવસ્થિત થવું, તે મોક્ષનો સરલ-સનાતન માર્ગ છે.
મોક્ષ અને મોક્ષમાર્ગરૂપી ધર્મ સર્વના હિત માટે છે, તો પરહિતાર્થ નિરપેક્ષ એવું સ્વહિત કેવી રીતે શક્ય છે?

કેટલાક આચાર્યોનો એવો મત છે કે:

જન્મ-જરા-મરણાદિના વિકારો રહિત મોક્ષ મેળવવાની ઈચ્છાએ અજ્ઞાનવશ કુદેવાદિની ઉપાસના કરે, તો એ તેનો અમુક કાળે અવશ્ય મોક્ષ થાય. અભવ્યને તે ઈચ્છા કે કુદેવાદિની ઉપાસના એ હોતી નથી. સુદેવાદિની ઉપાસના અભવ્ય કરે, તો પણ તે મોક્ષની ઈચ્છાથી નહીં જ, તેથી તેનામાં સમ્યક્ત્વની જેમ અનંત મિથ્યાત્વ પણ ન રહે. જો મોક્ષની વ્યાપ્તિ અને ઉત્પત્તિ ન સ્વીકારવામાં આવે, તો તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકતી જ નથી, તેથી જ આત્માની સર્વથા નિર્લેપ અને સંપૂર્ણ સમૃદ્ધ અવસ્થાસ્વરૂપ મોક્ષને માનવાની જરૂર રહે જ છે. લોકોત્તર મત મુજબ મોક્ષની ઈચ્છા ભવ્યને જ થાય છે. વળી મોક્ષ મેળવવાની ઈચ્છા થતાં પછી એક પુદ્ગલ પરાવર્તથી અધિક કાળ સંસારમાં ભટકવાનું રહેતું નથી.

સઘળી કામનાઓથી છૂટકારાનું નામ 'મોક્ષ' છે.

જેમાં જડને ચિત્ત અટકે, તે રાગ કે આસક્તિ છે.

'आत्मनो मोक्षार्थ, जगतो हितार्थ ।' અર્થાત્:

(ધર્મ એ) આત્માના મોક્ષ તથા જગતના હિત માટે છે.

'શુભ ભાવથી જ ધર્મશુદ્ધિ થઈ જાય છે'

એવી સૂક્ષ્મ પણ મિથ્યા માન્યતા મનમાં રહે, તો તે પ

મિથ્યાત્વના ઘરની હોવાથી મોક્ષમાં પ્રતિબંધિત બને છે.

દેવપૂજા, દાન, તપ, વ્રત આદિને

મોક્ષના કારણના કારણો માનવા જોઈએ, પરન્તુ

સાક્ષાત્ મોક્ષનું કારણ તો ચોથું એકલું શુક્લધ્યાન છે.

શુક્લનું કારણ ધર્મ અને ધર્મનું કારણ ભદ્રધ્યાન છે.

ધર્મધ્યાન ૭મે ગુણઠાણે છે, તે પહેલાં આર્ત-રૌદ્ર હોય.

તે જીવો ધર્મી નહીં, તો પણ ભદ્રપરિણામી હોય છે.

તેઓમાં જેટલા અંશે ધર્મચિન્તન હોય છે,

તેટલા અંશે મોક્ષકારણતા છે જ.

ધર્મ એ સાક્ષાત્ સુખનું - મોક્ષનું કારણ છે.

આત્માના અનુભવ વગર બીજે કોઈ ઠેકાણે મોક્ષ નથી.

જે સર્વમાં આત્મા અનુભવે, એને જીવતાં જ મોક્ષ છે.

## મોક્ષમાં આત્મા સ્વસ્વરૂપમાં સ્થિત હોય છે.

કોઈ તેને સંસિદ્ધિ, કોઈ નિવૃત્તિ, કોઈ શાંતિ, કોઈ શિવ,
કોઈ બ્રહ્મ, કોઈ નિર્વાણ, અમૃત, શિવ, અક્ષય, અવ્યય
- એમ વિવિધ નામોથી કહે છે.

## મોક્ષ માટે આવશ્યક આચાર - વિચાર

(૧) ધ્યાન (૨) શ્રદ્ધા
(૩) આત્મસંયમ (૪) નામજપ
(૫) ગુરૂપારતંત્ર્ય (૬) અભેદ ભક્તિ
(૭) ઉપવાસ - પ્રાયશ્ચિત (૮) પરમત સહિષ્ણુતા.

જેમ રેતરણપ્રદેશમાં ધૂળ ભરવા,
અમૃતજળથી પગ ધોવા, ઐરાવણ પાસે કાષ્ઠ ઉપડાવવા
અને ચિંતામણિથી કાગડા ઉડાડવા એ મૂર્ખતા છે,
તેમ આ મનુષ્યદેહનો ઉપયોગ
વિષય - વાસનાની તૃપ્તિ માટે કરીએ, તે મૂર્ખતા છે.
ઉત્તરોત્તર દુર્લભ એ સર્વનો ઉપયોગ
મોક્ષનાં સાધનો તરીકે કરવામાં જ સફળતા છે.

નિષ્કામ બુદ્ધિથી કરાયેલાં પરોપકારનાં
સર્વ કાર્યોથી પણ મોક્ષપ્રાપ્તિ સુલભ બને છે.

જેમનો વૈરાગ્ય દૃઢ છે, રજોગુણ નાશ થયો છે, સત્ત્વથી, ઉપરતિ પ્રાપ્ત થઈ છે, તેમને મોક્ષ મેળવવા

સંન્યાસ ભાવનાનો પ્રથમ માર્ગ છે અને
જેમનામાં લોકકલ્યાણ કરવાનું સામર્થ્ય છે,
તેમને માટે નિષ્કામ કર્મનો બીજો માર્ગ છે.

ગીતાના અભિપ્રાય પ્રમાણે કર્મચક્ર - કર્મબંધનને તોડવા
પહેલો ઉપાય છે નિષ્કામ કર્મ.

તેથી સંસ્કાર પડતા નથી અને કર્મનું ચક્ર તૂટી જાય છે બીજો ઉપાય યોગાભ્યાસ છે, તેનાથી બુદ્ધિ નિર્મળ બની અતીન્દ્રિય જ્ઞાન વડે ઇંદ્રિયજ્ઞાનથી અતિરિક્ત વસ્તુને પણ જોવા લાગે, તેથી કર્મ લોકોત્તર બને છે અને કર્મનો ઉદ્દેશ - અધિષ્ઠાન પણ બદલાઈ જાય છે. ત્રીજા ઉપાયરૂપે ઈશ્વરભક્તિ પણ આ બંધનને તોડે છે. આ ત્રણે ઉપાય લેનાર કોઈપણ મોક્ષ પ્રાપ્ત કરી શકે.

# મોક્ષસુખ મેળવવા લોભ કેમ દૂર કરવો?

નવપદયુક્ત નવકારથી નવમું પાપસ્થાન લોભ અને
અઢારમું પાપસ્થાન મિથ્યાત્વશલ્ય નાશ પામે છે.
નવકાર એ દુર્ગુણ લોભનો શત્રુ છે, કેમકે પાંચે
પરમેષ્ઠિ સંસારસુખને તૃણવત્ સમજી ત્યાગ કરે છે
અને મોક્ષસુખને પ્રાપ્ત કરવા પરમ પુરુષાર્થ કરે છે.
નવકાર એ પાપમાં પાપબુદ્ધિ-ધર્મમાં ધર્મબુદ્ધિ રખાવીને
મિથ્યાત્વશલ્ય પાપસ્થાનકનો છેદ ઉડાવે છે અને
શુદ્ધ દેવ, ગુરુ તથા ધર્મ ઉપર પ્રેમ જગાડી
સમ્યક્ત્વરત્નને નિર્મળ બનાવે છે, તેથી ભવવૈરાગ
જાગે છે, જે લોભકષાયને સાવ ઢીલો નાંખે છે અને
નવકારથી જે ભગવદ્ બહુમાન જાગે છે,
તે મિથ્યાત્વશલ્યને દૂર કરી આપે છે.
દેવ અને ગુરુ સ્વર્ગ અને મોક્ષસુખનાં દ્વાર છે.
અચિન્ત્યશક્તિયુક્ત દેવ અને ગુરુ
ભવ્ય જીવોને ધર્મ અને મોક્ષનું આલંબન પૂરું પાડે છે.

## મૃત્યુ અને મોક્ષને કદી ભૂલો નહીં.

મૃત્યુના વિચારથી વિષય - વૈરાગ્ય પ્રગટે છે અને
મોક્ષના વિચારથી પરમાર્થ અનુરાગ જાગે છે.
મૃત્યુનો વિચાર પુદ્ગલ ઉપરના રાગભાવને નિવારે છે,
મોક્ષનો વિચાર જીવો ઉપરના દ્વેષને ટાળી આપે છે.
જન્મ-મરણના બંધનમાંથી છૂટવું, તેનું નામ મોક્ષ છે.

મૃત્યુના વિચારથી રાગદોષનો પ્રતિકાર થાય છે,
મુક્તિના વિચારથી દ્વેષદોષનો પ્રતિકાર થાય છે અને
આત્માના વિચારથી મોહદોષનો પ્રતિકાર થાય છે.
મૃત્યુનો અવિચાર તીવ્ર રાગને, મોક્ષનો અવિચાર તીવ્ર
દ્વેષને અને આત્માનો અવિચાર તીવ્ર મોહને સૂચવે છે.
બે વાત ન ભૂલવી : શરીરની અનિત્યતા એટલે મૃત્યુ
અને આત્માની નિત્યતા એટલે મોક્ષ.

મોક્ષ એ આત્માની અમરતાને બતાવે છે.
મૃત્યુનો વિચાર શરીરનો મોહ છોડાવે છે,
મોક્ષનો વિચાર આત્માની અમરતાનો ખ્યાલ આપે છે.

સમ્યક્ત્વ સહિત કાયિક-વાચિક પાલન મોક્ષનો હેતુ છે
અને મોક્ષનો હેતુ છે વ્રતપાલન.

જેમ પાકશાસ્ત્ર ભણવાથી ક્ષુધાનિવૃત્તિ ન થાય અને ગણિતશાસ્ત્ર શીખવાથી નહીં, પરંતુ ધંધામાં પ્રવૃત્ત થઈ દ્રવ્યસંપાદન કરવાથી દરિદ્રતા દૂર થાય છે, તેમ જે અધિકારી સાધક વિવેક-વૈરાગ્યાદિ સંપાદન કરીને પ્રબળ પુરુષાર્થ કરે, તો સાધન દ્વારા તેનો મોક્ષ થાય. શાસ્ત્રનો અભ્યાસ ભલે થોડો હોય, તો પણ આત્મ-સાધન એ જ મોક્ષનો હેતુ હોવાથી તેનો મોક્ષ થાય છે.

મોક્ષના હેતુમાં જ અગ્નિ સમી કર્મ બાળવાની શક્તિ છે.

ઘણું ઈંધન ઘણું કાળે અને થોડું ઈંધન થોડું કાળે બળે.

શુભાશુભ પ્રવૃત્તિ શુભાશુભ ગતિનો હેતુ છે.

અંતિમ હેયતત્ત્વ સંસાર - અંતિમ ઉપાદેયતત્ત્વ મોક્ષ છે.

સંસારહેતુ = કંચન - કામિની. મોક્ષહેતુ = દેવ - ગુરુ.

મોક્ષમાં મુખ્ય હેતુ પરમાત્માની અહૈતુકી કરુણા છે અને તે જીવોના શુભ અદૃષ્ટને આધીન - સાપેક્ષ છે.

# મોક્ષના પરમ હેતુ કોણ ?

પંચપરમેષ્ઠિઓ ગુણમય હોવાથી મૂર્તિમાન ગુણો જેવા છે,
તેથી ગુણાર્થી ભવ્ય જીવોને પૂજવા યોગ્ય છે.
રત્નત્રય એ જ મોક્ષમાં હેતુ છે, તેમ
અરિહંતાદિ પરમેષ્ઠિ પણ મોક્ષાર્થીને મોક્ષના પરમ હેતુ છે.
મોક્ષમાર્ગ તેમને આધીન છે,
કારણમાં કાર્યના ઉપચારથી તેઓ મોક્ષના હેતુ છે.
રત્નત્રય મોક્ષમાર્ગ છે, તેને સ્થાપનારા અરિહંતો છે.
વળી સર્વ અરિહંતો સ્વયંપણે મોક્ષ પામેલા હોવાથી
જગતના સર્વ મોક્ષાર્થીઓને પરમ પૂજ્ય છે.
સિદ્ધો કૃતાર્થ હોવાથી પૂજ્ય છે અને
અરિહંતોની જેમ જ્ઞાનાદિ ગુણમય હોવાથી પૂજ્ય છે.
'સિદ્ધોના અભાવે મોક્ષમાં અવિનાશીપણાંની
બુદ્ધિ ન થાય તથા અભિષ્ટ એવા મોક્ષનગરનો
આ જ્ઞાનાદિ રત્નત્રય રૂપ સન્માર્ગ છે'
એવો નિશ્ચય પણ સિદ્ધોને કારણે જ થાય છે.

ગુરુ વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના મોક્ષ નહિ.

ષટ્જીવનિકાયનું હિત = ધર્મનો પ્રારંભ અને અંત પણ.
ધર્મનો અંત મોક્ષમાં છે, તેથી એમ પરસ્પર વ્યાપ્તિ છે કે:

'મોક્ષ એ ષટ્જીવનિકાયનું હિત છે અને
ષટ્જીવનિકાયનું હિત એજ મોક્ષ છે.'

ચૌદમે ગુણસ્થાનકે જીવ - અજીવ બે તત્ત્વ છે,
જ્યારે સિદ્ધમાં એક જીવ તત્ત્વ છે.

અજીવ તત્ત્વનો અભાવ તે વ્યવહારમોક્ષ છે અને
જીવનાં ગુણોની સંપૂર્ણ શુદ્ધતા તે નિશ્ચયમોક્ષ છે.

શરીર કે વેષ એ મોક્ષમાર્ગમાં નિમિત્ત કારણ છે.
આત્માનું કારણ મન છે.

તે મનને નમન વડે ઉન્મન કરવું, તે મોક્ષનો માર્ગ છે.

મનુષ્યગતિમાં જ જ્ઞાનચેતનાની પ્રધાનતા હોવાથી
મોક્ષમાર્ગ મેળવવો, તે સાધક માટે સુલભ બને છે.

ક્રિયામાં થતી મનની એકાગ્રતા પણ ધ્યાન જ છે.
ઉપયોગશૂન્ય ક્રિયાને મોક્ષમાર્ગમાં સ્થાન નહિ.

'મનુસ્મૃતિ ૬-૩૫'માં કહ્યું છે કે:

'ઋણાનિ ત્રીણ્યપાકૃત્ય મનો મોક્ષે નિવેશયેત્ ।

અનપાકૃત્ય મોક્ષં તુ સેવમાનો વ્રજત્યધઃ ॥'

'તૈત્તિરીય સંહિતા'માં તેનો અર્થ કહ્યો છે કે:

ઋષિઋણ, દેવઋણ અને પિતૃઋણ -

એ ત્રણ ઋણને ટાળીને મન મોક્ષમાં જોડવું.

એ ત્રણ ઋણને દૂર કર્યા વિના

મોક્ષને માટે પ્રયત્ન કરનાર અધોગતિને પામે છે.

ભોગ એ વિરસ, પરિણામી અને તાપયુક્ત છે,

મોક્ષ એ અંતરસ, અપરિણામી અને નિસ્તાપ છે.

મનની સહાયતાથી હું શુદ્ધ દશા પ્રગટ કરી શકું નહીં.

આત્મા પરથી નિરાળો છે. પુણ્ય - પાપની વૃત્તિ ઊઠે,

તેનાથી પણ 'પરમાર્થે હું જુદો છું' એમ પરનાં

આશ્રય વિનાનું પોતાનું સ્વાધીન સ્વરૂપ જેણે ધાર્યું,

તેણે જ મોક્ષમહેલને ચઢવાનો પાયો નાખ્યો, એમ માનવું.

આત્માનુભવ એજ મોક્ષનું પ્રધાન સાધન છે.

## ઋણમુક્તિ ભક્તિ સાથે મુક્તિ.

આપણા ઉપર પરમેષ્ઠિ ભગવંતોનો પરમ ઉપકાર છે.
તેમના અનુગ્રહથી આપણે નિગોદથી અહીં સુધી આવ્યા.
શાસનના કાર્યો થકી એ ઋણ જ્યાં સુધી નહીં ચૂકવાય,
ત્યાં સુધી આત્માને મુક્તિ નહીં મળે.
પરમેષ્ઠિ ભગવંતો તો મોક્ષમાં પહોંચી ગયાં છે,
તો એ ઋણ શી રીતે ચૂકવવું ? એ પ્રશ્ન છે.
એનો ઉત્તર એ છે કે તેમણે સંસારના જીવો ઉપર
ઉપકાર કરવાનું જે કાર્ય આરંભ્યું છે, તે અધૂરું છે.
ઘણાં જીવો હજુ સંસારમાં છે, તેમના ઉદ્ધાર માટે
આપણે સુકૃતોથી પૂર્ણ પ્રયત્ન કરીએ, તો ઋણ વળે.
આ ઋણમુક્તિ જ આપણી પર ઘણો ઉપકાર કરવાનો છે.

## આપણે કોનું હિત ચિન્તવવું ?

મોક્ષ ઇચ્છનાર દરેક જીવે આત્મા અને
ત્રિભુવનના જીવોનું ઘણું હિત ચિન્તવવાનું છે.
ટૂંકમાં જીવમાત્ર સાથે મૈત્રી સાધવાની છે.

માતા-પિતાનો ઉપકાર દીક્ષા લેવાથી વળે છે અને
દેવ-ગુરુનો ઉપકાર મોક્ષે જવાથી વળે છે.

મોક્ષમાં નિમિત્ત કારણ દેવ-ગુરુ-ધર્મ છે અને ઉપાદાન કારણ આત્મા પોતે છે. મોક્ષ માટેનો ધર્મ કરી કે સાનુબંધ શુભ પરિણામ કરી, બંને એક જ છે. અરિહંતો પરોપકારી છે, મુક્તિમાર્ગે પરોપકારનો ગુણ એ ગુણાસક્તિની ભાવનામાંથી ઉત્પન્ન થતો શુભ ભાવ છે. ગુણાસક્તિ - કર્માસક્તિ એક જ સિક્કાની બે બાજુ છે.

નવકાર એ શેનું ઔષધ છે?

નમસ્કાર મહામંત્ર એ મિથ્યાભિનિવેશનું ઔષધ છે.
નમસ્કારમાં 'હું અજ્ઞાની છું' એવી કબૂલાત છે,
જે અજ્ઞાનની ગર્હા કરાવે છે અને જ્ઞાનીની સ્તુતિ!
એ સરળતા જ મોક્ષમાર્ગની પ્રથમ શરત છે.
ચોક્કને નમનારનો વિકાસ અને ન નમનારનો વિનાશ.
નમસ્કાર એ સર્વશ્રેષ્ઠ પુરુષોને અને
સર્વશ્રેષ્ઠ સદ્ગુણોને સર્વશ્રેષ્ઠ દાન છે, જેથી મોક્ષ મળે.

ધર્મપ્રત્યેની પ્રીતિ નમસ્કારભાવથી જાગે છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર એ ધર્મપ્રાપ્તિ તથા મોક્ષનું દ્વાર છે.

શ્રી અરિહંતાદિનો નમસ્કાર સંસાર અને તેના હેતુઓથી જીવને પરાઙ્મુખ બનાવનાર છે તથા મુક્તિ અને તેના હેતુઓની અભિમુખ કરનાર છે.

શ્રી અરિહંતાદિનું શરણું જેમાં રહેલું છે, એવા નમસ્કારની ક્રિયા સંસારની વિમુખતા કરાવી મોક્ષની સન્મુખતાને સાધે છે, તેથી તે પુનઃ પુનઃ કર્તવ્ય છે.

જેમ સુવર્ણના અલંકારોમાં સુવર્ણ મુખ્ય કારણ છે, તેમ અર્થ, કામ, મોક્ષપ્રાપ્તિમાં ધર્મ એ મુખ્ય કારણ છે. એ ત્રણે ધર્મરૂપી સુવર્ણના જ ભિન્ન ભિન્ન ઘાટ છે.

## સંસારની વિમુખતા - મોક્ષની સન્મુખતા

વિષયોને નમવાથી સહજમળનું બળ વધે, જ્યારે પંચ પરમેષ્ઠિઓને નમવાથી તથાભવ્યત્વ ભાવ વિકસે.

સહજમળ જીવને સંસાર તરફ ખેંચે છે, જ્યારે તથાભવ્યત્વ ભાવ જીવને મુક્તિ તરફ ખેંચે છે.

'નમો અરિહંતાણં' ૭ અક્ષરના આ મંત્રને
મોક્ષપ્રાપ્તિ માટે સર્વશિરોમણી મંત્ર કહ્યો છે.

મોક્ષની ઇચ્છા એટલે આત્મસમાપત્તિની ઇચ્છા.
અરિહંતાદિ સાથે સમરસાપત્તિ એ જ તત્ત્વતઃ નિર્વાણ
ફલપ્રદા છે. મોક્ષમાં કારણભૂત આત્મજ્ઞાન છે અને
ધ્યાન દ્વારા પંચ પરમેષ્ઠિને નમસ્કાર મોક્ષનો પાયો છે.
યોગ્યને નમસ્કાર = ગુણવત્પારતંત્ર્ય = મુક્તિનો ઉપાય છે.

તેથી નમસ્કાર એ મોક્ષનું બીજ છે.

તાત્ત્વિક નમસ્કાર, અદ્વૈતભાવનો નમસ્કાર,
સામર્થ્ય યોગનો નમસ્કાર, અભેદ પ્રણિધાન,
સમરસાપત્તિ, ધ્યાનજનિત સ્પર્શના, આત્માનું સ્વસંવેદન
વગેરે શબ્દો સમાર્થક જ છે.

શ્રવણ - મનન તથા નિદિધ્યાસન દ્વારા
આત્મસાક્ષાત્કારની એટલે કે સ્વરૂપભાનની ઇચ્છા
એ જ નિશ્ચય નમસ્કાર છે.

મૂલોત્તર ગુણ અને શમ-દમાદિ ષટ્સંપત્તિ તેના હેતુ છે.

'નમો'માં સાધકને મોક્ષ આપવાની અદ્ભુત તાકાત છે.

આરાધનામાં આરાધક - આરાધ્ય બન્નેની અપેક્ષા છે.

આરાધના એ કારણ છે, એનું કાર્ય મોક્ષ છે.

મોક્ષરૂપી કાર્યને સિદ્ધ કરવામાં આરાધક અને આરાધ્ય
- એ આરાધના દ્વારા સહાયક થાય છે.

આરાધના એ મોક્ષનું કારણ છે,
તેમ વિવિધ આરાધનાને સાધનો જો કાર્ય ગણીએ,
તો આરાધનાની કારણ - સામગ્રીમાં
આરાધ્ય અને આરાધકનો સમાવેશ થાય છે.

નવકાર મંત્ર સ્તોત્રવાચક છે. પહેલાં બે પદ મુક્તિ-
સ્વરૂપ છે, પછીનાં ત્રણ પદ મુક્તિમાર્ગ સાધક છે અને
છેલ્લા ચાર પદ મુક્તિનો માર્ગ છે.
તે ત્રણેનો સ્તોત્ર એટલે પૂરો નમસ્કાર.

જેને મોક્ષ સાધવો છે, તેને વિશ્વની
સર્વ વસ્તુ ઉપકારક છે, એવી વૃત્તિ ઉત્પન્ન થવી,
તે નમસ્કાર મહામંત્રનું આંતરિક રહસ્ય છે.

નવકાર મોક્ષસૂત્રની અભિલાષા અને
તેને માટે જ સર્વ પ્રકારનો પ્રયત્ન કરતાં શીખવે છે.

મોક્ષ ન મળે, ત્યાં સુધી એવી ભાવના કરવી જોઈએ કે:
મને ભવોભવ નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થાઓ.
શાસ્ત્રના વડે સારભૂત નવકાર અને તેના સારને તથા
શુદ્ધ આત્મા અને તેના સાધકને જાણીને
તેમાં જ સરલ આત્મતત્ત્વમાં જ એકાકાર થવું,
ચિત્તવૃત્તિને તેમાં જ સ્થિર કરવી અને
મન-વચન-કાયાના વ્યાપારને જોડવા પ્રયત્નશીલ થવું,
તે જ નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.

'નમો' એ મોક્ષમાં જવાનો આત્મિક માર્ગ છે.

આત્મામાં ચિત્ત સ્થાપવું એ અધિક ફાયદાકારક છે, તેથી
અરિહંતાદિ આત્મા પછી તેની સાથે જોડવામાં આવે છે.
વ્યવહારથી પંચ પરમેષ્ઠિને અને નિશ્ચયથી જ્ઞાનને
ગુરુદૃષ્ટિથી - ઉપકારદૃષ્ટિથી જોનાર વિષય - કષાયથી
મુક્ત બનીને તે પોતે જ મોક્ષસ્વરૂપ થઈ જાય છે.

વ્યવહારનયના મતે જેમ અરિહંતો માર્ગોપકારી છે, તેમ
સિદ્ધો પણ અવિનાશભાવનાં કારણે માર્ગોપકારી છે.

સિદ્ધોનું સુખ શાશ્વત અને અવ્યાબાધ છે.

સિદ્ધો અવિનાશીપણાંનો પ્રત્યય ઉત્પન્ન કરતાં હોવાથી
માર્ગોપકારી છે અને તેથી તેઓ પણ પૂજ્ય છે.

સિદ્ધોના અવિનાશી - અનુપમ સુખરૂપ ફળને જાણવાથી
મોક્ષમાર્ગમાં વિશેષ પ્રીતિ ઉત્પન્ન થાય છે,
તેથી એ રીતે સિદ્ધ પરમાત્માઓ વિશેષ ઉપકારી છે.

અરિહંતો ભવાટવીમાં માર્ગદેશક, ભવસમુદ્રમાં મહાનિર્યામક
અને છ જવનિકાયના રક્ષક હોવાથી મહાગોપ કહેવાય છે.

મિથ્યાત્વ અને અજ્ઞાનથી મોહિત - આચ્છાદિત બનેલા
પંથવાળી ભવાટવીમાં ઉપદેશકપણું જેમણે કર્યું છે,
તે અરિહંત પરમાત્માઓ જ છે.

જિનેશ્વર ભગવંતોએ કેવળદર્શન વડે જોયેલો,
કેવળજ્ઞાનથી સારી રીતે જાણેલો અને
ચરણકરણ વડે સેવેલો મોક્ષમાર્ગ - નિર્વાણમાર્ગ છે.

મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગની ઉપાદેયતાનું જ
જાણું નામ છે પંચ પરમેષ્ઠિ નમસ્કાર.
જિનવચન પ્રત્યે આદરભાવનો અર્થ છે...
મુક્તિ - મુક્તિમાર્ગ - મુક્તિમાર્ગ પ્રસ્થિત પ્રત્યે આદરભાવ.
શાસ્ત્રકાર મહર્ષિઓએ આ નમસ્કાર મંત્ર દ્વારા
માત્ર ૬૮ અક્ષરોમાં તેનો સાર-રહસ્ય કહી બતાવ્યું છે,
જેનું ધ્યાન કરીને જે શ્રુતસાગરમાં પ્રવેશ કરે છે,
તે એ રહસ્યને તે ટૂંકમાં સમજાવે છે કે:
સંસાર પાપમય હોવાથી હેય છે અને
મોક્ષ મંગળમય હોવાથી ઉપાદેય છે.
પંચ નમસ્કાર પ્રતિપાદન કરે છે કે: જેઓ સંસારના
પારને પામ્યાં છે અને પામવાની અણી ઉપર છે, તેઓ
નમનીય છે, તે સિવાયનું સમગ્ર જગત દયનીય જ છે.
નમસ્કારનું મુખ્ય પ્રયોજન મોક્ષ, ગૌણ ભાવિષ્યની
દૃષ્ટિ, અનંતર પ્રયોજન તે પાપનાશ - મંગળાગમન
અને મોક્ષ એ પરંપર પ્રયોજન છે.

## મોક્ષરૂપ ધર્મની ભાવના શેનાથી જાગે ?

વિશ્વનો વ્યવહાર નામ - રૂપથી ચાલે છે.
નામ વડે નાદ અને રૂપ વડે જ્યોતિ પ્રકટે છે.
સંસારરૂપ અર્થ - કામની વાસના જેમ નામ - રૂપના
આલંબનથી પ્રકટે છે, તેમ મોક્ષરૂપ ધર્મની વાસના
યા ભાવના પણ નામ અને રૂપથી જ જાગે છે.
અરિહંતો ગુણૈશ્વર્યવાન હોવાથી પરમ મંગળરૂપ છે.
અચિન્ત્ય શક્તિ અને તેના પ્રભાવે
તીર્થ પ્રવર્તાવી મોક્ષમાર્ગ દર્શાવે છે, તેથી લોકોત્તમ છે.
પ્રભુની પૂજા સદ્ગતિ આપે છે તથા પ્રભુનું ધ્યાન
આત્માનું શુદ્ધ સ્વરૂપ - મોક્ષ આપે છે.

## નવકાર જાપથી શું થાય ?

નવકારના સમ્યગ્ જ્ઞાન અને જાપથી પાપની શાંતિ,
પુણ્યની પુષ્ટિ, સ્વર્ગનું આકર્ષણ, મોક્ષનું વશીકરણ,
દુર્ગતિનું સ્થંભન, મોહરૂપી દાવાનળનું મર્દન,
કર્મરૂપી વનનું ઉચ્ચાટન તથા મરણનું મારણ થાય છે.

'દાસોઽહં' માંથી 'દા' કાઢી લેવામાં આવે, તો 'સોઽહં' રહે.

'દાસોઽહં'નો અર્થ : પહેલાં દાન, પછી પ્રકૃતિનું સમર્પણ,
પછી આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય અને મોક્ષ મળે.

બ્રહ્મરન્ધ્રમાં 'સોઽહં' 'સોઽહં' એવા રટણ કરવાથી...
કપાટ ખૂલે છે, કર્મો નાશ પામે છે અને
નિજસ્વરૂપની પ્રાપ્તિ થતાં આત્માનો મોક્ષ થાય છે.

મન, મંત્ર અને પવનના ત્રિયોગથી આત્માને વિશે
અમૃતનું પ્લાવન કરી પરમ શિવ એવા પંચ પરમેષ્ઠિનું
આત્મા રૂપે ધ્યાન કરીને જીવો મોક્ષ પામે છે.

સમકીત એ મુક્તિનું બારણ છે.

તે આવ્યા પછી જીવને ભવમાં ભમવાની ચિંતા ન રહે.

સંસારમાં પાંચે વિષયોનું ધ્યાન એ મરણ છે,
જ્યારે પરમાત્માનું ધ્યાન એ મોક્ષ છે,
કેમકે તેથી પોતાનો ઉદય થાય છે.

મોક્ષ માટે ચિત્તને નિરંતર આત્માને વિષે જોડવું જોઈએ.
પરમાત્માના સતત અનુસંધાનથી ચિત્ત નિર્મળ થાય છે.

## નવકારના પ્રથમ પદનું ફળ - યોગક્ષેમ છે.

પછી આ લોક-પરલોકનાં સુખ, વિઘ્નવિનાશ,
મંગળનું આગમન અને પરંપરાએ મોક્ષ છે.
નવકારની છેલ્લી બે પદોની સંપદા
સંસારની ભક્તિભર સફળતા દર્શાવે છે.
ભક્તિ મુક્તિથી પણ અધિક છે, તેથી
મુક્તિ - મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રદર્શક પ્રત્યે
ભક્તિને ધારણ કરનારા પુરુષો
વિશ્વને સૌથી અધિક શોભાવનાર પાત્રવિશેષો છે,
તેથી અરિહંતોના ગુણોમાં મનને જોડવું.
અરિહંતના નામ વડે થતું સ્મરણ સહેલાઈથી
આત્મલાભ કરાવે છે, વિશ્વ સાથે આત્મૌપમ્યભાવથી
જોડે છે તથા આત્મા સાથે અભેદભાવ ઉત્પન્ન કરે છે,
જે આત્મસમાપત્તિરૂપ થઈ મોક્ષનું કારણ બને છે.
મુક્તિમાર્ગ મૌન - ધ્યાનરૂપ છે, તેને નમસ્કાર તે મૌન
અને આત્મધ્યાન દ્વારા પરંપરાએ મોક્ષ આપનાર થાય.

મોક્ષ એટલે સ્વતંત્ર થવાનો માર્ગ.

તેમાં અરિહંતનું અરિહંતપણું રહેલું છે.

'નમો' ભાવ અને 'અર્હં' ભાવ બંને એક છે.

બધા અનુષ્ઠાનોરૂપી મણકાઓ જો 'નમો' ભાવરૂપી દોરામાં પરોવાય, તો તેમાંથી મોક્ષની માળા બને છે.

ભગવાનના ૧૪) હજાર મુનિઓમાં ૭૦૦) કેવળી, એક ગૌતમ મહારાજના ૧૫૦૦) તાપસ શિષ્યો કેવળી.

માર્ગના પ્રકાશનમાં મુખ્ય કારણ શું?

તે કારણ કેવલિત્વ નહીં, પરન્તુ તીર્થંકરત્વ છે.

૨૪ તીર્થંકરોની હયાતિનો કાળ માત્ર ૨ લાખ પૂર્વ, છતાં મોક્ષપ્રવૃત્તિનો કાળ ક્રોડાક્રોડ સાગરોપમ છે, તે શેના પ્રતાપે?

ગુરુતત્ત્વના પ્રતાપે.

ધર્મપ્રાપ્તિ દ્વારા સંસાર અને મોક્ષનાં સુખો સુલભ છે, તેથી દેવો ધર્મની અને ધર્મ જેના અંતરમાં વસેલો છે, તે પંચ પરમેષ્ઠિ ભગવંતોની સેવા કરે છે, ઉપાસના કરે છે, બહુમાન અને ધ્યાન કરે છે.

## <u>મોક્ષમાર્ગ સ્થાપનાર તીર્થંકર કેવળીઓ છે.</u>

દરેક સામાન્ય કેવળીઓ મોક્ષમાર્ગના મુસાફર છે,
કિન્તુ તેઓ મોક્ષમાર્ગના પ્રકાશક નહિ,
સડક ઉપર ચાલનારા છે, પરન્તુ સડક બાંધનારા નહિ.
અસંખ્યાત કેવળીઓનું મૂળ ૨૪ તીર્થંકરો છે.
પંચપરમેષ્ઠિના સન્માન - સ્તુતિ - સ્તોત્રાદિ - ગીત - નૃત્ય -
વાજિંત્રાદિ વડે જિનધર્મની પ્રાપ્તિ થાય છે અને
પરંપરાએ ઉપદ્રવરહિત મોક્ષસુખ મળે છે.

## <u>અરિહંતનો ઉપકાર કઈ રીતે માર્ગદર્શકપણું?</u>

અરિહંત ત્રણ જ્ઞાન સહિત જન્મે,
દીક્ષા સમયે ચતુર્થ જ્ઞાન પ્રાપ્ત થાય.
તેઓ કેવળજ્ઞાન પામી મોક્ષમાર્ગને દેખાડે છે.
સર્વ ક્રિયામાં તેઓ કોઈ એક નિશ્ચિત તો હાજર જ છે.
આચાર્ય, ઉપાધ્યાય, સાધુ - સર્વ ગરુડ છે.
મંત્રબળથી અગ્નિ, સર્પ કે વિષ વશ થાય, પરન્તુ
આ ગરુડજનોની ભજના કરનારનો મોક્ષ થાય નહીં.

'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના શ્રેષ્ઠ ભાવના છે.

સર્વના કલ્યાણની ભાવનાથી મળે મોક્ષ.

સર્વ જીવોના હિતની, સુખની, કલ્યાણની ચિંતા
અરિહંતોના મનમાં અનવરતપણે ચાલી રહી છે.
સર્વના કલ્યાણની ભાવના તીવ્રતમ બને, ત્યારે
'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના થાય છે.
જીવોનું નિગોદમાંથી નીકળી મોક્ષ તરફ જવાનું કાર્ય
સતત ચાલી રહ્યું છે, તેમાં ય આ ભાવનાની જ
ચમત્કાર અવશ્ય કાર્ય કરી રહી છે, તે નિશ્ચિત છે.

પ્રથમ ગણધર, દ્વાદશાંગી, તેના આધાર રૂપ ચતુર્વિધ સંઘ,
તેમની મોક્ષમાર્ગની આરાધના, એ સઘળું તીર્થસ્વરૂપ છે.

તીર્થની ઉત્પત્તિનું કારણ કેવળ તીર્થંકરોના શુદ્ધાત્મા
નહીં, કિન્તુ 'સવિ જીવ કરું શાસનરસી' ભાવનાથી નિકાચિત
કરેલું તીર્થંકર નામકર્મ અને તેનો વિપાકોદય પણ છે.
અરિહંત દેવના નામાદિ સાચા છે, કારણકે
તેમનો સર્વ જીવોને શાસનરસી કરવાનો ભાવ સાચો છે.

'સૌને શાસનરસિક, મોક્ષરસિક, અહિંસારસિક બનાવું'
એ ભાવના તીર્થંકરોની છે. હિંસાનું મુખ્ય કારણ મોહ છે.

'સવિ જીવ કરું શાસનરસી' એ ભાવનામાં
પરોપકાર અને કૃતજ્ઞતા ઉત્કૃષ્ટપણે રહેલાં છે.
મોક્ષસુખ પમાડવાની ઇચ્છા પાછળ ઉત્કૃષ્ટ પરોપકારવૃત્તિ
અને બધાંને પમાડવાની ઇચ્છા ઉત્કૃષ્ટ કૃતજ્ઞતાભાવ છે.
ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં જે જીવો સંસાર કે
મોક્ષનાં સુખ પામ્યા છે, પામે છે અને પામશે, તેની
પાછળ તીર્થંકર પરમાત્માની પુણ્ય પ્રકૃતિ તથા તેનું ઉપાર્જન
માટે પરોપકારવૃત્તિ તથા કૃતજ્ઞતાભાવ કારણભૂત છે.

કૃતજ્ઞતાગુણથી ફલિત પરોપકારભાવ જ્યાં વર્તે છે,
ત્યાં તીર્થંકરત્વ જ ગુણરૂપે કાર્ય કરે છે અને
તેનાથી જ પુણ્યાનુબંધી પુણ્ય તથા તેનાં ફળ
સ્વરૂપ સંસાર અને મોક્ષના અવ્યાબાધ સુખ રહેલાં છે
એટલે સર્વજ્ઞ તીર્થંકરદેવના ધર્મનો અને જિનેશ્વરદેવના
શાસનનો જ પ્રભાવ અવિચ્છિન્નપણે વર્તી રહ્યો છે.

જડરાશિ ઉપરના સ્તરે પરિભ્રમણથી મોક્ષ સુધ્ધાં મળે છે.
મોક્ષપુરુષાર્થમાં ઉપકારક એવા 'પર'ને પૂરી ભાવ આપનારો સત્ત્વશાળી જીવ 'સ્વ'નો સર્વશ્રેષ્ઠ મિત્ર છે.
In heart, no one is bad, no one can be bad! પ્રત્યેકની અંદર શિવની અનંત શક્તિ છુપાયેલી છે. પ્રત્યેકની ચોતરફ all around પરમ ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોની મહાકરુણા વહી રહી છે, એટલે no one can be bad.
જો reverence for life ભાવ અને ભાવપ્રાણથી પ્રગટે, તો truthsની relatedness ન સમજાય, ન ભુલાય તથા મોક્ષની spiral ન બને ચક્રાકાર circular બની જાય. શાસ્ત્રકારોએ અહિંસા, સંયમ કે તપ, સત્ય, બ્રહ્મચર્ય કે વૈરાગ્ય ઉપર માત્ર ભાર ન મૂક્યો, પરંતુ તેમણે આત્મા ઉપર ભાર મૂક્યો.

'આત્મા' એટલે સમગ્રતાની relatedness,
અને એ જેમાં જળવાઈ રહે છે, તે Cosmic order.

## આત્મસ્વરૂપાલંબનનો મુખ્ય ઉદ્દેશ છે મોક્ષ.

મોક્ષતત્ત્વનું જ્ઞાન શું? ક્રિયાયુક્ત સમ્યગ્ જ્ઞાન.
જ્ઞાનમાત્રનું સાધ્ય મોક્ષ. ભારતના સાહિત્યનો કોઈપણ
સ્રોત હો, તેની ગતિ સમુદ્ર સમાન અપરિમિત
અહીં એક માત્ર ચતુર્થ પુરુષાર્થ - મોક્ષ તરફ જ છે.
મંત્રનો અભ્યાસ અને જડનો વૈરાગ્ય - બંને સાથે
મળીને ચિત્તવૃત્તિને સંસારસાગર તરફ જતી રોકી અને
મોક્ષસાગર તરફ લઈ જાય છે. નવકારમાં જડથી વિરક્તિ
અને જીવથી મૈત્રી ધારણ કરનારા પુરુષોને પ્રણામ છે.

## આ તીર્થંકરોએ કહ્યું છે કે:

'હું જ્ઞાન છું' 'હું બ્રહ્મ છું' એમ માન્યે તે થવાતું નથી.
સત્શાસ્ત્રાદિ સેવ્યે તે રૂપ થવાય.
તદ્રૂપ મહાત્માના એક પણ આર્ય વચનનું સમ્યક્
અવધારણા થવાથી યાવત્ મોક્ષ થાય.
આસન-જયથી ઉત્થાનવૃત્તિ ઉપશમે, નિદ્રા ઓછી થાય
અને ઉપયોગ અચપળ થઈ શકે છે.

'નમો' પદ એ મોક્ષસુખનું આમંત્રણ છે.

નવકાર મંત્રને 'મોક્ષના મહામંત્ર' તરીકે ગણાવાયો છે,

કર્મક્ષયનું નિમિત્ત એ મોક્ષનું કારણ છે.

નવકારનું ધ્યાન તથા સામાયિકની ક્રિયા - બે મળીને
ખરો મુક્તિમાર્ગ બને છે. સંસારને હેતુ જેમ વિષયો,
તેમ મોક્ષના હેતુ પંચ પરમેષ્ઠિઓને સ્વીકારવા જોઈએ.

સિદ્ધની ઉપાસનાથી વશીકરણ થાય અને મોક્ષ મળે,
આચાર્યની ઉપાસનાથી રોગનાશ અને જ્ઞાનજ્યોતિ પ્રગટે,
ઉપાધ્યાયની ઉપાસનાથી શાસ્ત્રપારગામીતા - વસ્તુજ્ઞાન.

પરમાત્મતુલ્ય આત્માની ભાવના
આપણામાં દૃઢ થવાથી મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

નમસ્કારથી જેવો શાંતરસ તૃષ્ણાક્ષયથી ઉત્પન્ન થાય,
જે વૈરાગ્યના, સંસારની નિઃસારતાના અને
મોક્ષની સારભૂતતાના વિચારથી આવે છે.

હોડીની સહાય વિના જેમ સાગર તરી શકાતું નથી,
તેમ સમકિતની સહાય વિના મોક્ષમાર્ગ કાપી શકાતો નથી.

સંસારને નમતું મન પરાઙ્મુખ બની મોક્ષને નમતું થાય,
ત્યારે નવકારનો ભાવ આવ્યો કહેવાય.

વિશ્વના જીવો પ્રત્યે પ્રેમ એ જ અરિહંતત્વ છે તથા
મોક્ષની ઇચ્છા એ જ સિદ્ધત્વ છે.

જેમ પૌદ્ગલિક વસ્તુમાં ભવભ્રમણ કરાવવાની શક્તિ છે,
તેમ પંચ પરમેષ્ઠિમાં મોક્ષસુખ આપવાનું સામર્થ્ય છે.

જે જે ઉપાયોથી જીવો પ્રત્યે રાગ કે મૈત્રી અને વિષયો
પ્રત્યે અરાગ કે અમૈત્રી કેળવાય, તે મોક્ષના હેતુભૂત છે.

સ્વભાવ તરફ વળવું, તે ભાવનમસ્કાર છે.

'ભાવનમસ્કાર' એટલે મોક્ષલક્ષ્મીનું અધિષ્ઠાન,
અર્હંતોનું આપણા અંતરમાં પ્રતિષ્ઠાન,
અહીં લોકમાં અદ્વિતીય સામર્થ્યવાન એવા
આર્હન્ત્યનું પ્રણિધાન, ગુણના સંસર્ગ આરોપથી સંભેદ
અને ગુણીના અભેદારોપથી અભેદ પ્રણિધાન.

નમસ્કારની ક્રિયા મોક્ષ અપાવે છે, તેમાં
કારણ ભાવશુદ્ધિ અને માર્ગાનુસારિતા રહેલા છે, તે છે.

## અર્હદ્ રંગમાં મોક્ષ - ગુણોજ્જ્વલ કરવાની શક્તિ છે.

પ્રભુ દીક્ષા લેતાં 'નમો સિદ્ધાણં' બોલે છે. સિદ્ધના ૮ કર્મો ધ્યાનાગ્નિથી બળી ગયાં, તેથી તેમનો રંગ લાલ છે.

લાલ રંગની ઉપાસના કરવાથી વશીકરણ થાય છે. આધ્યાત્મદૃષ્ટિએ વશીકરણ મોક્ષલક્ષ્મીનું કરવાનું રહેલ છે. તીર્થંકરોની રાખ તથા દાઢા, કષાય-દુઃખનો નાશ કરે છે, સંપૂર્ણ સુખ આપે છે, દિવ્ય ઔષધિનું કાર્ય કરે છે.

રાખથી ઠંડી - ગરમીની અસર થતી નથી.

અનંત કાળની કાળી કેદમાંથી છોડાવનાર સિદ્ધ ભગવંતનો ઉપકાર અતીન્દ્રિય છે. તીર્થંકરો તો પછી ઉપકાર કરી શકે. જે ઉપકાર અરિહંત નથી કરતાં, તે સિદ્ધ ભગવંતો કરે છે. સિદ્ધની ઉપાસના કરવાથી સિદ્ધના જીવો સાથે આપણું અનુસંધાન થાય છે. અરિહંતોને પણ આદર્શ સિદ્ધનો છે. પરમાત્મા મોક્ષે ગયાં પછી અસંખ્ય વર્ષ વીતવા છતાં પણ તેમની સાથે ભગવાનની પ્રતિમા અને નામ દ્વારા તેઓના આત્માનું જોડાણ સાધી શકાય છે.

અરિહંત = ધર્મચક્ર વડે શોભતા તે અરિહંત.
સિદ્ધ ભગવંતો નમસ્કરણીય છે, કેમકે તેઓ
મોક્ષનગરીમાં ગયેલા, કૃતાર્થ થયેલા, શાશ્વતપણાંને -
માંગલ્યને, નિત્યસ્થિતિ - પરમ પ્રસિદ્ધિને પામેલા છે.
ઇંદ્રિયોનો નિગ્રહ તે મોક્ષદ્વાર, જ્યારે
ઇંદ્રિયોનો વિલાસ એટલે મોક્ષમાર્ગના બારણે તાળું.
મોક્ષનો માર્ગ સંવર - નિર્જરા.
તેનો માર્ગ તપ, તેમાં પણ પ્રધાન ધ્યાન,
તેથી જ ધ્યાન એ મોક્ષનું પ્રધાન અંગ છે.
પ્રભુભક્તિ + મોક્ષધ્યેય = પંચપરમેષ્ઠિની ઉત્તમ ભક્તિ.
તે આત્મા પ્રભુકૃપાનો ભાગીદાર થાય. જે પરમેષ્ઠિ
ભગવંતો આપણને દાનનો, પૂજનનો તથા સત્કારનો
અવકાશ આપી ચિત્તશુદ્ધિ વધારે, તે ઉપકારી કેમ નહીં?
સૌના મુખ્ય બે ધ્યેય: ભોગપ્રાપ્તિ = પ્રેય, મોક્ષપ્રાપ્તિ = શ્રેય.
જીવત્વની યથાર્થ ઓળખ સિવાય મોક્ષરૂપી મહેલમાં
પ્રવેશ કરવાની પૂર્ણ યોગ્યતા ભાગ્યે જ પામી શકાય.

## મોક્ષરૂપ કાર્યનું મૂળ કારણ શ્રી અરિહંત જ છે.

મોક્ષનો કર્તા આત્મા ખરો પણ મોક્ષની રુચિ વિનાનું કર્તાપણું પ્રગટે નહીં અને તે રુચિ શ્રી અરિહંત દેવને દીઠે નિપજે, માટે શ્રી અરિહંતનું દર્શન, તે રુચિનું કારણ છે અને સ્વયં રુચિ, તે મોક્ષનું કારણ છે. અધ્યાત્મ વિદ્યા સર્વમાં મોટી વિદ્યા છે, કેમકે તે મોક્ષપ્રદાયિની વિદ્યા છે. મોક્ષરૂપી ફળના ઉદ્દેશથી અને પાપપ્રણાશરૂપી પ્રયોજનને સિદ્ધ કરવાના ઉદ્દેશથી ગણાતો નવકાર એ ભાવમંગળ છે.

## ખરો નમસ્કાર કોને કહેવાય ?

'આત્મદૃષ્ટિએ આપણા કરતાં કોઈ નાનું નથી' એમ લાગે, ત્યારે જ ખરો નમસ્કાર લાગુ થઈ જીવો મોક્ષે જાય. અવ્યવહારરાશિની બહાર - પ્રત્યેક અવસ્થામાં આવેલા ભવ્ય જીવો મોક્ષે જવાના છે, તેથી તે જીવોના ભાવિ સાધુ અને સિદ્ધપણાંના પર્યાયની અવસ્થાને હૃદયમાં સ્થાપીને નમસ્કાર કરી શકાય અને પર્યાયની અપેક્ષાએ એ ભવ્ય જીવોનો પંચપરમેષ્ઠિમાં સમાવેશ કરી શકાય.

મોહનિષ્ઠ પરમાત્મગત ચૈતન્ય સીધું બિંબમાં
ન આવી શકે, અહીં વચન જ પ્રમાણ સમજવું.
એ ચૈતન્યનું વહન થવા માટેનું ચૈતન્ય તારનું કામ કરે.
બિંબ તે બલ્બ છે અને પ્રકાશ તે પરમાત્મ ચૈતન્ય છે.
એકવાર સ્થાપન થયાં પછી એ બિંબ રહેતું નથી,
એ તો પરમાત્મ ચૈતન્ય સ્વરૂપી જ થઈ જાય છે.
તેની સાથે આત્મચૈતન્યનું સીધું અનુસંધાન
થઈ જવાથી વચ્ચે મોહને લાવવાનો રહેતો નથી.
પ્રતિષ્ઠાપક પ્રથમ મોહગત પરમાત્માને આત્મામાં અને
તે ભાવસહિત આત્માને બિંબમાં સ્થાપે છે.
પ્રથમ ક્ષણમાં આ પ્રતિષ્ઠા પ્રતિષ્ઠાપક માટે ઉપયોગી છે.
આ જાતની પ્રતિષ્ઠા એક વખત થઈ ગયાં પછી
પુનઃ પુનઃ એ પ્રતિષ્ઠાને કરવાનું કોઈ પ્રયોજન નથી.
મોહગત પરમાત્મા - નિશ્ચયથી સ્વગત શુદ્ધાત્મા છે.
એ સ્વગત શુદ્ધ આત્મતત્ત્વ અનાદિ-અનંત, નિર્વિકલ્પ,
નિશ્ચલ તથા સ્વતંત્ર બની પ્રત્યેક જીવમાં રહેલું છે.

વ્રત, નિયમ, તપ અને ત્યાગ દ્વારા શરીરરૂપી માટી
અને મનરૂપી કચવરમાંથી સ્વર્ગ નથી,
મોક્ષનાં સુવર્ણરૂપ રજકણ અને રત્નો મેળવી શકાય છે,
કિન્તુ જો મોક્ષ ન થાય, તો જાણવા જેવું છે કે:

જીવ ક્યાંથી નીકળે - કઈ ગતિમાં પ્રાયઃ જાય ?

(૧) મૃત્યુવેળા આત્મપ્રદેશો પગથી નીકળે, તે નરકમાં જાય.
(૨) જો સાથળથી નીકળે, તો જીવ તિર્યંચગતિમાં જાય.
(૩) જો હૃદયથી નીકળે, તો જીવ મનુષ્યગતિમાં જાય.
(૪) જો મસ્તકથી નીકળે, તો જીવ દેવગતિમાં જાય.
(૫) જો સર્વાંગથી નીકળે, તો જીવ મોક્ષગતિમાં જાય.

'आस्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् ।'

અર્થાત્: મિથ્યાત્વ, અવિરતિ, કષાયાદિ આસ્રવો ભવના
અને સમ્યક્ત્વ, વિરતિ, અકષાય આદિ મોક્ષના હેતુ છે.

ક્ષમા અને દયા - એ મોક્ષનો ઉપાય છે,
ભક્તિ અને વૈરાગ્ય - એ મોક્ષનો સ્વીકાર છે.
ભક્તિ પાસે જ્ઞાનનો ઉપક્રમ - ગૌણતા થાય છે.

## 'નમો' પદ વિનયસૂચક છે.

'નમો' પદનું ફળ ગુરુસેવા, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ,
આસ્રવનિરોધ, સંવરપાલન, કર્મનિર્જરા, ક્રિયાનિરોધ,
ભવપરંપરાનો નાશ અને અંતિમ ફળ મોક્ષ છે.
આ દૃષ્ટિ મોક્ષનું મૂળ છે. મૈત્રી વધારવી મારું કામ છે.
'નમો' પદનું રટણ દબાવવાથી આત્મપ્રકાશ કરનારી
મહાવિદ્યુત શક્તિનો આંતરપ્રવાહ વહેવા લાગે છે.

શ્રી નમસ્કાર મહામંત્રમાં
પંચપરમેષ્ઠિ અને તેમના સુકૃતોની અનુમોદના છે.
એ અનુમોદનામાં જ્યારે આપણા
મન - વચન - કાયાનું સઘળું બળ વપરાય,
ત્યારે તે મોક્ષનાં દ્વારને ખોલી નાંખે છે.
'નવકાર ભણે તે જૈન અને નવકાર ગણે તે જૈન;
એમ જ્ઞાન - ક્રિયા ઉભયસ્વરૂપ મોક્ષમાર્ગનું આરાધન
પ્રત્યેક જૈનને રટવું છે. એ અનુભવસિદ્ધ છે કે:
તીર્થપતિ અને તીર્થસેવા - એ બે સાચા મોક્ષના પાયા છે.

સં. ૨૦૨૬, જેઠ સુદ ૧૦, ૧૪ - ૬ - ૧૯૭૦, સાદડી (મારવાડ)

॥ શ્રી આદિનાથાય - ચિન્તામણિ પાર્શ્વનાથાય નમો નમઃ ॥

મોક્ષ માટે આત્માનુભૂતિયુક્ત આત્મજ્ઞાન જરૂરી છે. મિથ્યાદૃષ્ટિ આત્માને અરિહંત ભગવંતનો - સમાપત્તિ યોગનો નમસ્કાર ન હોય, એ તો સ્વાભાવિક છે પણ વ્યવહાર સ્વરૂપનો નમસ્કાર, કે જે પરંપરાએ મોક્ષસાધક છે, સર્વ પાપનો ક્ષય કરનારો છે, એવા આદરથી કરાતો દેવ ભગવંતનો જે નમસ્કાર છે, તે પણ ન હોઈ શકે, કારણકે તે મોક્ષને માનતો જ નથી.

'દાનં ન દત્તં મુનિવરેભ્યઃ, નાઽપિ પૂજિતો જિનનાથઃ ।
પંચ ન વન્દિતા પરમ ગુરવઃ, કિં લભિષ્યત શિવલાભ ॥'

મુનિવરોને દાન ન આપ્યું, જિનેશ્વરની પૂજા ન કરી, પંચપરમેષ્ઠિને વંદન ન કર્યું, તો શું મોક્ષની પ્રાપ્તિ થશે? સજાગતાની અનુભૂતિ સરળ છે, એ જ મોક્ષમાર્ગ છે. જાણકારી બદલાય છે પણ જાણનાર બદલાતો નથી. કમરામાં બત્તી છે, તેને Switch on કરવાની જરૂર છે.

શ્રદ્ધા એ મોક્ષમાર્ગનું પાલન છે. પરંતુ જ્ઞાન દ્વારા જાણ,
ભાષા દ્વારા ભાવ અને શ્રદ્ધા દ્વારા મોક્ષ પામી શકાય.
સમ્યગ્દર્શનમાં 'શ્રદ્ધા' પદાર્થ નિશ્ચિત છે અને
તે જ મોક્ષનું કારણ છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકાનો સ્પર્શ
અભવ્ય જીવોને કદાપી થતો નથી, પરંતુ
પાંચ પદોનો દ્રવ્યથી નમસ્કાર એને પણ હોઈ શકે છે.

પાંચ પદોના ઉપયોગમાં

દ્રવ્ય - ભાવ ઉભયનો ભજનાએ સમાવેશ છે, જ્યારે
ચૂલિકાના ઉપયોગમાં ભાવનો નિયમાત્ સમાવેશ છે.
પાંચ પદોની શ્રદ્ધા મિથ્યાદૃષ્ટિને અને ભવાભિનંદીને
પણ હોય છે, જ્યારે ચૂલિકાની શ્રદ્ધા અથવા તો રૂચિ
માત્ર અને માત્ર મોક્ષાભિલાષીને જ હોય શકે છે.
એ મોક્ષાભિલાષી નીચેમાંથી કોઈપણ પ્રકારનો હોઈ શકે:
અપુનર્બંધક, માર્ગાભિમુખ અથવા તો પછી માર્ગપતિત.
જેટલી પ્રગતિ, તેટલી શુદ્ધ ચૂલિકાની સ્પર્શના હોય.

અક્ષર = મોક્ષ, વૃક્ષ = કુળવાન.

મોક્ષસુખ સાધવાનો મહાન મંત્ર તે નવકાર.

## નવકારનો અ-ક્ષર પરિવાર

નવકારના ૬૮ અક્ષરો એ ૬૮ તીર્થંકર-સ્વરૂપ છે.
નવકારના ૯ પદો એ ૯ ગ્રહોની પીડાને શમાવે છે.
તેની ૮ સંપદાઓ ૮ કર્મ ઉપર વિજય અપાવે છે.

નવકારના ૭ જોડાક્ષરો ૭ ભયથી રક્ષણ કરે છે.
મૂળમંત્રના પાંચ પદો પંચમી ગતિ - મોક્ષ આપે છે
અને ચૂલિકાના ૪ પદો ચારે ગતિનો છેદ કરે છે.

'ઇક્કોવિ નમુક્કારો |' પદનો અર્થ જે પ્રકારે છે:
એક: સામર્થ્ય યોગનો એક જ નમસ્કાર મોક્ષ આપવા
સમર્થ છે અને જાણો અર્ધ અપાર્ધ પુદ્ગલ પરાવર્તની
અંદર મહાવ્રતાદિ ધર્મની પરંપરાએ મોક્ષ આપનારો છે,
એ વાત 'ધર્મસંગ્રહ' ગ્રન્થમાં કહેલ છે.

'સાક્ષાત્ કે પરંપરાએ નવકાર જ મોક્ષનો સાધક છે'
એમ આ ગાથાના અર્થમાંથી ભાવ નીકળી શકે છે.

# શ્રી નવકાર મહામંત્રનો અદ્ભુત મહિમા

માનવભવમાં એક નવકાર મંત્ર પણ જેને મળ્યો છે, તેના ભાગ્યને કોણ પહોંચે? કેમકે તે સર્વ મંત્રોમાં મુકુટમણિ સમાન છે. સર્વ કામનાઓને પૂર્ણ કરવા માટે કામકુંભ અને કામધેનુથી પણ અધિક મહિમાવાળો છે. તેના સ્મરણે નવનિધિ - અષ્ટસિદ્ધિ હાથમાં આવે છે, આરોગ્ય, બોધિ અને શ્રેષ્ઠ સમાધિ ઉપલબ્ધ થાય છે, લૌકિક - લોકોત્તર બધી જાતનાં સુખ સુલભ બને છે, મલિનથી પણ મલિન આત્મા નિર્મળ બને છે અને પતિતથી પણ પતિત આત્માનો ઉદ્ધાર થાય છે.

એના એક એક અક્ષરનું પણ ધ્યાન ૭ - ૭ સાગરોપમ સુધી ભોગવાય, તેટલાં પાપના કર્મનો નાશ કરે છે. નિષ્કામ ભાવથી એક લાખ નવકારનો જાપ થાય, તે સાક્ષાત તીર્થંકરપદને પમાડે. ૮ કરોડ, ૮ લાખ, ૮ હજાર, ૮૦૦ અને ૮ વાર તેનો જાપ કરનાર જીવ ત્રીજા ભવમાં મોક્ષ મેળવે છે.

## મોક્ષ માટે કોનું આધાર ?

મોક્ષ માટે સ્વાધાર આત્મા તથા પરાધાર દેવ-ગુરુ છે,
ઉપચરિતાધાર તીર્થંકરોની પ્રતિમાદિ છે તથા
અનુપચરિતાધાર શરીરમાં રહેનાર ષટ્ચક્રાદિ છે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર એ જીવનું ધન છે,
તે ધનને બુદ્ધિ ગણાય છે.

'નવકારમંત્ર મહાન અર્થવાળો છે' માને થોડા અક્ષરોનો હોવા છતાં તેમાં બારે અંગના અર્થનો સમાવેશ છે. ભાવથી નમસ્કાર કરનાર બધાને તે જ ભવે મોક્ષ મળતો નથી, તો યે ભાવનાવિશેષ થઈ તે બોધિબીજની પ્રાપ્તિ માટે થાય છે અને જેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય, તેને નજીકના સમયમાં અવિનશ્વરપણું મોક્ષપ્રાપ્તિ થાય છે.

આ નમસ્કાર મહામંત્ર નામાદિ મંગળોમાં
ઉત્કૃષ્ટ અર્થવાળા હોવાથી તે પ્રથમ મંગળ કહેવાય છે
અથવા પાંચે પરમેષ્ઠિઓ ભાવમંગળ સ્વરૂપ છે,
તેમાં આ અરિહંત પ્રથમ મંગળ સ્વરૂપ છે.

## મોક્ષ સંસારમુક્તિ છે.

જાગૃત જીવ મોક્ષરૂપ છે, નિદ્રાધીન જીવ સંસારરૂપ છે.

સંસાર = સતત ગતિ, નિત્ય બદલાતો - વહેતો પ્રવાહ.

સંસાર જ ન હોય, તો મોક્ષની કલ્પના નિરર્થક ઠરે.

ગમનશીલ સંસારે આચાર - વિચારમાં ફેરફાર થયાં કરે.

સંસારના સુખોને ચાહનાર મનુષ્યની દશા જેલમાંથી
મુક્તિ નહીં, કિન્તુ સર્વ સગવડો ઇચ્છતાં કેદી જેવી છે.

મુક્તિની ઇચ્છામાંથી જ પરમ અને સાચી ભક્તિ જન્મે.

સ્વાર્થ એ જ સંસાર, પરા એ જ મોક્ષ.

વર્તમાનના કેટલાક સાકરી ધર્મના ફલરૂપે કહેલા
સ્વર્ગ અને મોક્ષને વાચ્યાર્થમાં લઈ જઈ, આ ભવ સંબંધી
સાંસારિક સુખોની સિદ્ધિને જ ધર્મના લક્ષ્યાર્થમાં લે છે.

ભવ્ય જીવને જે ધર્મ મોક્ષ આપે,
તે જ અભવ્યને સંસારમાં રખડાવનાર થાય છે.

સંસાર અને મોક્ષ - બંને આત્મામાં છે,
આત્મા સંસાર અને મોક્ષ - બંનેથી મહેરો છે.

# મોક્ષ અને સંસાર

'आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ।' અર્થાત્:
આરાધના મોક્ષ આપે છે, વિરાધનાનું ફળ સંસાર છે.
કર્મના પ્રણાશનું નામ 'મોક્ષ' છે, માટે નિશ્ચય કરવો કે:
'આત્માનું હિત એક મોક્ષ જ છે, અન્ય કાંઈ નહીં.
જગતમાં બાહ્ય - અનાત્મ પ્રવૃત્તિ બંધ થવાથી નહીં, તેના
અનુબંધોથી પરંપરાએ શાશ્વત - અવ્યાબાધ મોક્ષસુખ મળે.
સંસાર એ કર્મના સદ્ભાવની અપેક્ષારૂપ પર્યાય છે અને
મોક્ષ તે કર્મના અભાવની અપેક્ષારૂપ પર્યાય છે.
સંસાર અને મોક્ષ - બન્ને પર્યાય છે. મોક્ષપર્યાય તો
કર્મના અભાવનું ફળ છે, તેથી તે વ્યવહારે સાધ્ય કહેવાય,
પરન્તુ નિશ્ચયે સાધ્ય તો ધ્રુવ દ્રવ્યસ્વભાવ જ છે.
દ્રવ્ય એ અનંત ગુણોનો ત્રિકાળી અખંડ પિંડ છે.
પરમાર્થે સાધ્યરૂપ અખંડ એક સ્વભાવના જોરે
મોક્ષપર્યાય સહેજે ઊઘડે અને પર્યાય તો વ્યવહાર છે,
જેનું અખંડ સ્વભાવમાં ગૌણપણું છે.

સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી છે,
છતાં સંસાર છે, ત્યાં સુધી જ મોક્ષની સાધના છે.
સંસારમાં રહીને જ મોક્ષની સાધના છે,
મુક્ત થયાં પછી સાધના નહિ!
પરવસ્તુ સંસાર નહિ, આત્માનો વિભાવભાવ સંસાર છે.
'રાગાદિ મારાં' એવી ઊંધી શ્રદ્ધા તે સંસાર છે.
સંસારમાં પરલૌકિક એવી બુદ્ધિ પ્રાપ્ત થવી અતિદુર્લભ છે.
એવી બુદ્ધિ પ્રાપ્ત થવા છતાં જેઓ પ્રમાદ કરે છે,
તે બુદ્ધિમાનો માટે ખરેખર શોચનીય છે.
દેહ તથા વિષયમાં 'હું અને મારું' તે સંસાર તથા
'દેહનો અધિષ્ઠાતા હું' અને તેમાં રહેલા ક્રોધાદિથી
વિમુક્ત થઈને પોતાના 'શુદ્ધ સ્વરૂપને મારું જાણવું',
એ જ મોક્ષે પહોંચાડનાર માર્ગ છે.
'મારામાં જે જાણે છે, તે હું. જે જણાય છે, તે નહીં'.
એમ કરતાં કરતાં નિજ સ્વરૂપને અનુભવતો જાય,
તે મોક્ષગતિનું વાસ્તવિક કારણ છે.

મન એ સંસાર છે, આત્મા એ મોક્ષ છે.

સંસાર તરફ ઘસડનાર ૪ લુટારા = ૪ કષાયો.

મોક્ષને આકર્ષનાર મિત્રો = ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ.

સંસાર ન તો સારભૂત છે, ન અસારભૂત!

એ તો ઘઉંના ઘેબર અને ઘઉંની ઘેંસ જેવો ઘાટ છે.

મન અનંત છે, એની અગાધ કળા છે, એના પારને પામી શકાતો નથી. એ ધારે તે કરે, એને કામ સોંપવું જોઈએ, પછી સંસાર સોંપો કે મોક્ષ, તે ઝટ થઈને ઊભું કરી દે છે.

ભવ એટલે બંધન, મોક્ષ એટલે છૂટકારો.

સરકિયા કરવું તે સંસાર.

સંસારનો ખરો ત્યાગ બહારથી નહીં, મનમાંથી કરવાનો છે.

સંસારમાં બહારથી રહો પણ મનથી સંસારને દૂર રાખો.

મનને મોક્ષમાં - મોક્ષધ્યેયમાં સ્થાપો.

મનને લક્ષ્યબિન્દુ બનાવવા શુદ્ધ કરવું જરૂરી છે.

મનની શુદ્ધિ જ મોક્ષમાર્ગ છે.

બધાં અનુષ્ઠાન ચિત્તશુદ્ધિના લક્ષ્યથી કરવાના હોય છે.

વિશ્વ કે સંસારમાં મનનું રાજ્ય છે,
કિન્તુ મોક્ષમાં આત્માનું સામ્રાજ્ય છે.

જ્યાં સુધી મન ન જીતાય, ત્યાં સુધી મોક્ષ નહિ.
મન ઉપર આત્માનું પ્રભુત્વ, તે મોક્ષ અને
આત્મા ઉપર મનનું સ્વામિત્વ, તે સંસાર.

મોક્ષદશામાં મન - આત્મા વચ્ચેનો સંબંધ છૂટી જાય છે.
આત્માનો નાશ મુક્તિમાં નહિ, માત્ર બંધનો નાશ છે.

આપણું મન સંસારમાં સદા સંતપ્તિ અનુભવે છે પણ
સંસારવિષયક મન મરે, એટલે મુક્તિ મળે.

મનને શાંત કરીને, નિરાકાર - નિર્વિકાર આત્માનો
અનુભવ એજ મોક્ષપદાર્થ છે.

મનનો સંપૂર્ણ વિલય એ જ 'બ્રહ્મદર્શન' અથવા 'મોક્ષ'
મનઃસંયમ સાધવા માટે જેને પણ અપરાધી લેખતાં હો,
તેના માટે પણ હિતભાવના કરો. હૃદયમાં શત્રુતા હશે,
ત્યાં સુધી મન સ્થિર ન થઈ શકે. એ તો અંદરમાં
પરુ ભરેલો ઘા રહેવા દઈ મલમપટ્ટી કરવા જેવું છે.

'अयमात्मैव संसारः कषायेन्द्रियनिर्जितः ।
तमेव तद्विजेतारं मोक्षमाहुर्मनीषिणः ॥ १ ॥'

<u>સૂક્તિ</u>: કષાય અને ઇંદ્રિયોથી જીતાયેલો આત્મા જ સંસાર અને તેને જીતનારો આત્મા એજ મોક્ષ છે.

**કોના નાશમાં મોક્ષ છે? મનના નાશમાં મોક્ષ છે.**

વિશ્વમાં મનનું રાજ્ય છે, મોક્ષમાં આત્માનું સામ્રાજ્ય છે. મનનો મોક્ષ 'નમઃ'થી થાય. વિષયાસક્ત મન કર્મબંધન કરે છે અને એજ મન જ્યારે નિર્વિષય બને છે, ત્યારે મુક્તિ અને મુક્તિનાં સુખોનો અનુભવ થાય છે.

**મુક્તિ એટલે શેનાથી મુક્તિ ?**

મુક્તિ એટલે મોહથી મુક્તિ, રાગદ્વેષથી મુક્તિ, વિકલ્પોથી મુક્તિ અને એ બધા જેમાં થાય છે, તે મનથી મુક્તિ.

જ્યાં સહજ સમાધિના ફૂલ ઝરા

મન વડે મનને સમ્યગ્ રીતે જોવાય છે, તે જ મોક્ષ છે. જીવ પોતાના સ્વાતંત્ર્યથી જ સંસારમાં ભમે છે અને પોતાના સ્વાતંત્ર્યથી જ મોક્ષમાં જાય, એ સિદ્ધાંત છે.

દેહને આધીન વર્તવું, તે સંસારમાર્ગ છે,
પોતાને આધીન દેહને પ્રવર્તાવવો, તે મોક્ષમાર્ગ છે.
મન જો વિષયમાં જોડાય, તો બંધ માટે થયું અને
જો નિર્વિષયી બને, તો મોક્ષ માટે થયું છે.
જે જેમાં રચ્યોપચ્યો રહે, તે વિષય.
લોકો વિષય માટે નથી જીવતાં, પરંતુ
વિષયના અહંકારને પોષવા જીવે છે.
દેહે વિષય ભોગવ્યો, તો તે મુક્ત થયો અને
મન વિષય ભોગવે, તો નવું બંધન પડ્યું!
આરાધના વિષયોની કરે - શોધે નિર્વિષય આત્માને!
એનો પાર ક્યારે આવે?
જે કાંઈ કર્યું, તેમાં તન્મય થયો - અહંકાર કર્યો,
તે બધા વિષય છે. અહંકાર નિર્મૂળ થશે,
ત્યારે પરમાણુ ફળ આપીને ચાલ્યાં જશે.
જ્યારે પરમાણુએ પરમાણુનો સમતાથી નિકાલ થશે,
ત્યારે આ દેહનો પણ મોક્ષ થશે.

જે મનને મારી નાંખે છે,

તેનું તન અને જીવન સદૈવ મોક્ષનો અનુભવ કરે છે.

મોક્ષમાં અંતરાય કરનાર મોટામાં મોટું શસ્ત્ર મોહ છે.
મન જીવે છે, ત્યાં સુધી માયા + મમતાનો મોહ જીવે છે
અને તેથી કામના - વાસના મનને મરવા દેતી નથી, તથા
તે કલ્પાંતે જીવનું આવાગમન ચાલ્યા જ કરે છે.

ચિત્તની શક્તિ વ્યર્થ વેડફાઈ રહી છે.

મનની પ્રચંડ શક્તિથી નરક અને મોક્ષ મેળવી શકાય છે.

મનની શક્તિનો સંચય કરવામાં આવે અને આત્મા
જોડે સંયોગ કરવામાં આવે, તો મોક્ષ પ્રાપ્ત થાય છે.
આત્માની મોક્ષ અવસ્થા મનની સ્થિરતાથી થાય છે.
દુષ્ટ મન જેવો દુશ્મન મોક્ષમાર્ગમાં માન્યો નથી, તેથી
મંત્રથી બાંધેલું મન મનોગુપ્તિથી મોક્ષનું સાધન બને છે.

મોક્ષના વિચારથી ધર્મબુદ્ધિ જાગે છે.

આદર્શ = પ્રત્યક્ષ, ઉપદેશ = પ્રેરણા, આલંબન = પુરુષાર્થ.
પ્રત્યક્ષ - પ્રેરણા - પુરુષાર્થ મળવાથી મોક્ષમાર્ગ બને છે.

દુનિયાની સર્વ મૂંઝવણોનો પ્રથમ ઉપાય તૃષ્ણામુક્તિ છે.
ભગવાન સર્વ તૃષ્ણાઓમાંથી મુક્ત થવાની કળા આપે છે.
તૃષ્ણામુક્ત મનોદશામાં જ શાંતિ તથા શક્તિ વિકસે છે.
પ્રત્યેક ઇચ્છા બાહ્ય પદાર્થો તરફ ખેંચી જાય છે અને
આપણે આપણા જાત પરનું વર્ચસ્વ ખોઈ બેસીએ છીએ,
તેથી તૃષ્ણારહિત થવું, એ મુક્તિનો પ્રથમ ઉપાય છે.

મુક્તિનો બીજો ઉપાય ભક્તિ - સ્નેહભાવ છે.

વેરભાવથી બધી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે, કિન્તુ
તેનું નિરાકરણ સ્નેહભાવથી થાય. વેરભાવ - ઈર્ષા -
અને અસૂયાવૃત્તિનો સ્નેહભાવથી સમૂળ નાશ થાય.

મુક્તિનો ત્રીજો ઉપાય એટલે...

જીવ, કર્મ અને ધર્મનું યથાસ્થિત દર્શન, જ્ઞાન, વર્તન.
ક્ષમા - સમતા, મૈત્રી - કરુણા, વૈરાગ્ય તથા
ગુણાનુરાગ ઇત્યાદિ પણ મોક્ષના અન્ય ઉપાયો છે.
તે માટે જીવનનું મુખ્ય કર્તવ્ય રાગ-દ્વેષથી બચવું છે.
'अहं ब्रह्मास्मि |' માં પણ મોક્ષનો ઉપાય રહેલો છે.

# મોક્ષમોદક એટલે શું ?

શુદ્ધ આત્મસ્વરૂપના ભાન કે મોક્ષની ઇચ્છા સિવાયની બાકી સર્વ ઇચ્છાઓનો જેમાં નિરોધ છે, એવા તપ રૂપી અગ્નિમાં આત્મધ્યાન રૂપી લોટના લાડવા બનાવીને, તેને સત્ક્રિયાઓથી તળીને, તેમાં શ્રદ્ધારૂપી ઘી અને જ્ઞાનરૂપી ગોળ મેળવીને જે મોદક તૈયાર થાય, તે જ મોક્ષમોદક છે અને તેમાં સંસારનાં સર્વ સુખોના આસ્વાદથી અનંતગણો અધિક સુખાસ્વાદ રહેલો છે.

જગતના જડમાત્ર અપૂર્ણ છે,
પૂર્ણ હોત તો તેમનો મોક્ષ જ થયો હોત અને
આ સંસાર ચાલુ ન હોત. સૌ જીવો પોતપોતાની કક્ષા
પામતાં પોતપોતાની લાયકાત પ્રમાણે જ વર્તે છે અને
એટલે જ સંસારનું અસ્તિત્વ છે.

સંસારને છોડી જવું કંઈ હેય નહિ અને
મોક્ષથી અધિક કંઈ ઉપાદેય નહિ!
ભવમોક્ષ એકાંતે હેયોપાદેય છે, જે સર્વવિરતિથી થાય.

## મોક્ષ એટલે...

પ્રકૃતિ પુરુષના વિવેકજ્ઞાનથી થતો પ્રકૃતિનો વિયોગ.

પ્રકૃતિનું દર્શન એ ભોગ, પુરુષનું દર્શન એ મોક્ષ.

મોક્ષનો અર્થ બ્રહ્મમાં વિલીન થવું,
એમ નહીં, પરન્તુ પ્રકૃતિથી મુક્ત થવું, તે છે.

ચોવીસ તત્ત્વોના સાચા સ્વરૂપને સમજી, ચોવીસથી પુરુષ અલગ છે, એવા પ્રમા - યથાર્થ જ્ઞાન કરવાથી મોક્ષ થાય. બંધ પ્રકૃતિને છે - પુરુષને નહિ, છતાં પુરુષને દોષ, એમ લાગે છે. આ અજ્ઞાનને કારણે પોતાના અને પ્રકૃતિ વચ્ચેના ભેદનું પુરુષને વિસ્મરણ થાય, એનું નામ 'બંધ' છે અને જ્ઞાન થતાં બંને વચ્ચેનો ભેદ
સ્પષ્ટ પ્રતીત થાય, એનું નામ 'મોક્ષ' છે.

પ્રકૃતિની ભૂલનું ફળ સંસાર, પુરુષની ભૂલનું ફળ મોક્ષ.

તત્ત્વથી બંધ, મોક્ષ, ભવભ્રમણ પ્રકૃતિને છે, પુરુષને નહીં.

પુરુષની પાસે પ્રકૃતિ પોતાનું સ્વરૂપ
પ્રત્યક્ષ કર્યા પછી તે આપોઆપ જ વિદાય લે છે.

'સામ' એટલે સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ.

મોક્ષમાર્ગનાં સાધન જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ 'સામ' છે.

તે ગુણોમાં મોક્ષ આપવાની સમાન શક્તિ છે.

નાના - મોટાં દુઃખોથી હંમેશ માટે છૂટવું તે મોક્ષ અને

સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર - તે મોક્ષના ઉપાય છે.

જ્ઞાન - દર્શન - ચારિત્ર આત્માના ગુણ છે,

માટે તે પ્રાપ્ત કરવા સરળ છે.

તે આત્માના ગુણ રૂપે પોતાની વસ્તુ હોવાથી

નિશ્ચયથી કઠિન નથી, વ્યવહારથી કઠિન છે.

સમ્યગ્દર્શનથી બંધતત્ત્વ નિર્મૂળ થાય છે,

સમ્યગ્જ્ઞાનથી આસ્રવતત્ત્વની નિવૃત્તિ થાય છે,

સમ્યક્ચારિત્રથી સંવરતત્ત્વનું સેવન થાય છે અને

સમ્યક્તપથી નિર્જરાતત્ત્વ કાર્યરૂપ બને છે.

જિનભક્તિ અને જીવમૈત્રી સમ્યગ્દર્શન સ્વરૂપ છે,

પુદ્ગલવિરક્તિ એ સમ્યગ્જ્ઞાન સ્વરૂપ છે અને

આત્માનુભૂતિ એ સમ્યક્ચારિત્ર સ્વરૂપ છે.

संसार = आत्मानी पलटती रहेती अशुद्ध अवस्था
अथवा मनुष्यादि गति - शरीरादि विभावदशा.
संसारने 'भव' कहे છે. 'भवति इति भवः ।'
संसार अनादि काळथी છે, चालतो आव्यो છે.
संसार दुःखवाळो नथी पण दुःखस्वरूप છે.
संसारमां देखातुं विषयसुख ए मात्र सुखाभास,
दुःखनो क्षणिक प्रतिकार तथा नवा दुःखने जन्म आपनार છે.
संसार मिथ्या नथी ज...!
जेम रूपियो खोटो होय, तो तेनुं दान पण खोटुं थाय,
तेम संसार मिथ्या होय, तो तेनो त्याग य मिथ्या थाय.
संसारने मिथ्या अने फेंकवाना जेवो कहीने
त्यागने सहेलो बनावी देवामां सत्य के गौरव नथी.
जे शून्य अने करुणाने साथे जोडी शके,
ते संसारमां ज मोक्षने पामी शके.
करुणा छोडीने शून्यने वळगे अने शून्यने छोडीने
करुणाने जेओ वळगे, ते तत्त्वने पामी शके नहीं.

## સંસાર અને મોક્ષ = દુઃખ અને સુખ.

મોક્ષ = વ્યવહારનયે નિર્જરાગ્રે, નિશ્ચયનયે આત્મામાં.

સંસાર = કર્મ અને બંધહેતુઓનો સંગ્રહ.

તે બધું અસાર જણાવવા માટે સંસાર અસાર.

સંસારને સાર-અસાર બનાવનાર મનુષ્યની મનોવૃત્તિ છે.

સિદ્ધના જીવો સિદ્ધપણાંની પ્રતીતિ કરાવીને સંસારના દુઃખી જીવો પ્રત્યે કરુણા જગાડીને ઉપકાર કરી રહ્યાં છે.

વસ્તુતઃ 'સંસાર' એટલે વૈર અને 'મોક્ષ' એટલે મૈત્રી.

વૈરમાંથી મૈત્રી સર્જવાનું કાર્ય શ્રી જૈનશાસન કરે છે.

સંસારનું મૂળ = કંચન, કામિની, કાયા, કુટુંબનો સ્નેહ
- એ ચાર ઉપરનું મમત્વ, મોહ, મૂર્છા.

મોક્ષનું મૂળ = દાન, શીલ, તપ, વિશ્વકુટુંબ, વિશ્વસ્નેહ.

દાન વડે કંચનનો મોહ, શીલ વડે કામિનીનો મોહ,
તપથી કાયાની મૂર્છા અને ભાવથી કુટુંબમોહ તોડીને
વિશ્વાત્મભાવ વિકસાવવા શક્ય. મોહનો પ્રતિપક્ષ = વિવેક.
એ વિવેકના બળથી દાન, શીલ, તપ, ભાવધર્મ વિકસે છે.

## એક જ પંક્તિમાં સંસાર અને મોક્ષનો ટૂંકસાર:

અશુદ્ધ ભાવથી બંધ અને શુદ્ધ ભાવથી મુક્તિ.

સંસાર કેળના થડ જેવો છે. જે રીતે કેળના સ્તંભમાં કાષ્ઠ છે જ નહીં, તેમ સંસારમાં ય સુખ છે જ નહીં.

નમસ્કાર = સંસાર તરફ ઢળતાં મનને મોક્ષ તરફ વાળે.

## સંસારનું સ્વરૂપ

(૧) જીવન અસાર છે. (૨) શરીર રોગાજરાદિનું ઘર છે. (૩) સંસાર દુઃખથી વ્યાપ્ત છે. (૪) વૈભવ અસ્થિર છે. (૫) સ્નેહ અનવસ્થિત છે. (૬) વિષય વિષદારૂણ છે. (૭) પાપકર્મનો વિપાક રૌદ્ર છે. (૮) વિષયસુખ મૃગતૃષ્ણા છે. (૯) મૃત્યુ સન્નિહિત છે. (૧૦) ધર્મ એ જ કરણીય છે.

મમત્વ એ સંસાર તથા સમત્વ એ મોક્ષ છે.

મોક્ષનું અનન્ય સાધન સમત્વ છે, તેથી તેને પ્રાપ્ત કરવા સમત્વને વરેલા મહાસત્ત્વોને નમવું, એ પરમ ધર્મ છે. જીવમાત્ર પ્રેમનો ભૂખ્યો અને દયાનો તરસ્યો છે. સૌની પ્રેમભૂખ અને દયાની તરસને ટાળવાનું નામ 'મોક્ષ' છે.

## સંસારથી કોઈને નુકસાન ન થાય?

'મારી તો માત્ર પરમાત્મા જ છે' એવી ભાવના રાખી સંસારમાં રહેવાનું થાય, તો તે તમને દૂષિત નહીં કરે, કારણ કે સંસાર પાછળ ભેદવી છે અને મન દૂધ જેવું છે.

પ્રથમ સાધના કરી મનને ઘી જેવું બનાવી સંસારમાં રહે, તેને સંસારથી કાંઈ નુકસાન નહીં થાય. કલિયુગમાં ઈશ્વરનું નામ એ જ ભવરોગની ઔષધિ છે.

## મનુષ્યનો સંસાર એટલે...

## ઈશ્વરના જ રાજ્યમાં ઈશ્વરનો જ ઇન્કાર.

ઈશ્વરનું રાજ્ય મનુષ્યના મન અને હૃદયમાં છે. તેમાં તેને પ્રવેશ કરવાનો જ્યાં શુદ્ધ ઇન્કાર છે, ત્યાં શુદ્ધ જ સંસાર છે, કિન્તુ ઈશ્વરના રાજ્યમાં ઈશ્વરનો અધિકાર પણ ભાવથી પ્રવેશ થઈ જાય, તો પછી તેને સંસારમાં પરિભ્રમણ મટી જાય છે. મોક્ષને માટે મનને સૌ પ્રથમ વિવેકથી અને વૈરાગ્યથી શાણું કરવું જોઈએ તથા સાત્વિક બનાવવું જોઈએ.

આત્માનો વિકલ્પ તે સંસાર અને સ્વસ્થતા તે મોક્ષ.

સરક્યા કરવું તે સંસાર.

એક ભવમાંથી બીજા ભવમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં,
એક કાયામાંથી બીજી કાયામાં,
એક કષાય ઉપરથી બીજા કષાયમાં,
એક વિષય પરથી બીજા વિષયમાં, એક કર્મના ઉદયમાંથી
બીજા કર્મના ઉદયમાં સરક્યા કરવું, તે સંસાર.

ભવ એટલે બંધન, મોક્ષ એટલે છૂટકારો.

જીવમાં બે પ્રકારના સ્પન્દનો થયાં કરે છે:
એક સ્પન્દન મોક્ષ તરફ લઈ જાય, બીજા સંસાર તરફ.
મોક્ષ તરફનું સ્પન્દન છે, તે એક છે અર્થાત્
જે નિઃસ્પન્દ અવસ્થા છે, તે એક છે.

તે એકમાં જે સંસારાભિમુખ ઇચ્છાદિ રૂપ સ્પંદન થાય,
'એકોઽહં બહુસ્યામ્ ।'માં તે જ 'બહુસ્યામ્ ।' ગણાય છે.
એકઃ = સ્વરૂપાવસ્થા છે, બહુ = વૈભાવિક અવસ્થા.
સંસાર અને મોક્ષ - બંનેમાં કર્તા હોવા છતાં તે પર છે.

સંસારમાં રહીને પણ મોક્ષને માર્ગે ચઢી શકાય ? હા.

સંસાર = કર્મબદ્ધ અવસ્થા.

મોક્ષ = કર્મમુક્ત અવસ્થા, કર્મરહિત અવસ્થા.

જો ઉપાદેય પુરુષાર્થ: મોક્ષ + એની પ્રાપ્તિના કારણભૂત ધર્મ.
જો હેય પુરુષાર્થ: સંસાર અને તેના કારણરૂપ અર્થ + કામ.
સંસારમાર્ગ અને મોક્ષમાર્ગ પરસ્પર વિરોધી છે, તેથી
સંસારના પ્રપંચોનો ત્યાગ કરવાથી જ મોક્ષમાર્ગ સધાય.

સંસારથી નિવૃત્તિ લઈ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરીએ.

સંસાર અસાર કહ્યો, તે એની આસક્તિમાંથી ઉગારી જવા.
સંસાર છે, એતો અને રહેવાનો ! તો પછી એની નિંદા
કરીને શા માટે રાચવું ? મોક્ષમાર્ગને સાધવા જિનેશ્વરના
શાસનની આ જ એક સુવિશુદ્ધ પ્રણાલિ છે.

મુનિને મમત્વ કાયા ઉપર નહીં, આત્મા ઉપર હોય, તેથી
આત્માનું સુધરતું હોય, તો કાયાને જતી પણ કરે છે.

શરીરના ઉપસર્ગને સહન કરવામાં
મોક્ષનું અનંત અનંત સુખ રહેલું છે.

## સંસાર એટલે દુઃખપ્રધાન નવરસ.

ધર્મના કારણે સંસાર મધુર છે, ધર્મને લીધે અદ્ભુત છે,
સ્નેહના કારણે વાત્સલ્યસભર છે,
દુઃખપ્રચુરતાના કારણે સંસાર કરૂણ છે, પાપપ્રચુરતાને કારણે સંસાર રૌદ્ર છે, અજ્ઞાન અને મિથ્યાત્વની પ્રબળતાના કારણે સંસાર ભયાનક છે, અવિરતિના કારણે સંસાર બીભત્સ છે, પ્રમાદના કારણે સંસાર હાસ્યાસ્પદ છે, ચાર કષાયના કારણે સંસાર ક્રૂર છે, ધર્મના કારણે સંસાર મધુર છે અને અનાદિ એવા કર્મના નિયમના કારણે સંસાર વિસ્મયકારક છે.

## પરિપૂર્ણ શાંતિનું સ્થાન એક - જિનધર્મની ઉપાસના છે.

સંસારના બધા લાભો અર્થાત્ ધન, આરોગ્ય, પરિવાર, કીર્તિ, સત્તા વગેરે સર્વ કાંઈ ધર્મના જ આશ્રયે છે.

દેહ નાશ પામે પણ ધર્મ નાશ ન પામે.

દેહ મૂકીને જવું પડે, ધર્મ સાથે આવે. ધર્મ પાસે રહે, તો દેહની ભયંકર આપત્તિમાં પણ શાંતિ જ રહે.

# સંસાર કેવો ભયંકર છે?

વિષવૃક્ષ જેવો, અંધારા કૂવા તથા ભયંકર અટવી જેવો, રાક્ષસો અને ચોર ભેડુઓનો વસવાટ જેમાં રહેલ તેવો, શત્રુના સમુદાય જેવો, ભયંકર દુષ્કાળ જેવો તથા કાંઠા અને નાવ વિનાના સમુદ્ર જેવો સંસાર છે. છતાં મુક્તિદ પણ સંસારની સાર્થકતા જણાવવા કહ્યું છે કે:

જે સંસાર વિષય-કષાયને વશ પડનારને
જન્મ-મરણ આદિ દુઃખનું કારણ છે,
તે જ સંસાર વશ ન થનારને મોક્ષનું કારણ છે.
ભરત ચક્રવર્તીને ષટ્ખંડનું સામ્રાજ્ય અને
૧,૯૨,૦૦૦ અંતેઉર વૈરાગ્યનાં કારણ બન્યાં,
તો કેવળજ્ઞાન અને મોક્ષનાં પણ સાધન બન્યાં!
સંસારને જો રાગની દૃષ્ટિએ જોવામાં આવે,
તો સંસાર બંધનું કારણ છે અને
જો ત્યાગની દૃષ્ટિએ જોવામાં આવે,
તો એ જ સંસાર મુક્તિ-મોક્ષનું કારણ છે.

પ્રભુ પાસે સંસાર નહીં, પ્રભુની પ્રભુતા માંગવાની છે.

આપણે પ્રભુને સંસારમાં લાવવાના છે, કિન્તુ
સંસારને પ્રભુ પાસે લઈ જવાનો નથી.
પ્રભુની પ્રભુતા સાથે સંબંધ જોડવા માટે
સંસારની સાથેનો સંબંધ તોડવાનો છે,
તો જ પ્રભુની પ્રભુતા સાથે સંબંધ જોડાય છે.

સંસારમાં રહેલી મહાશક્તિ કઈ?

બ્રહ્માણ્ડમાં સમ્પૂર્ણ શક્તિ રૂપે જે કાંઈ
ચૈતન્ય વિલસી રહ્યું છે, તેનું નામ જ 'જગદંબિકા.'
આ સંસારની સર્વ કાંઈ પ્રવૃત્તિઓ
એ જગદંબિકાની મહાશક્તિને આધારે જ ચાલે છે.
આશ્વિન માસમાં જગદંબિકાનું જે પૂજન કરે છે, તે
ગમે તેવા ભરમાં હોય, તો પણ તેઓ મુક્ત થાય છે.
ભક્તિ અને શ્રદ્ધાયુક્ત થઈ જગદંબિકાના માહાત્મ્યને
જે શારદીય આશ્વિન માસમાં સાંભળે છે,
તે સર્વ દુઃખોમાંથી મુક્ત થઈ જાય છે.

જ્યાં બંધ છે, ત્યાં સંસાર છે.

જ્યાં કર્મબંધ નહિ, ત્યાં મોક્ષ છે.

પરિવર્તનશીલ સંસારમાં મુક્તિનો માર્ગ એક જ છે...

અને તે પ્રભુનું નામ છે.

મુક્તિએ પહોંચવા માટે કેટલાંયે જન્મો જોઈએ પણ

આરાધનાના પ્રથમ પગથિયે ચઢવા માટે તો

આ જન્મમાં જ પ્રયાસ શરૂ કરવો જોઈએ.

સૌ પ્રથમ તો કેવળજ્ઞાન વિષયક શ્રદ્ધા હોવી જોઈએ,

તે વિના સદ્ગુરુ મોક્ષમાર્ગ કઈ રીતે બતાવે ?

કેવળીના વચનો ગણધરો ગૂંથે અને સર્વ આચાર્યોની

પરંપરાએ આપણી સુધી પહોંચે. કેવળીના વચન અનુસાર

સંસાર અને મોક્ષનું સ્વરૂપ સમજવું જોઈએ.

'જિન શાસ્ત્ર કે એક બાત, તાકો દીયે બતાય,

જો પરમાત્મ પદ ચહે, રાગ-દ્વેષ છોડવાય;

'મેં મેરા' એ જીવ કો બંધન મોટાં પાશ,

'મેં મેરા' જાકો નહીં, તાકો મોક્ષ પીછાણ.'

લોભ એ સંસાર છે, સંતોષ એ મોક્ષ છે.

સંસારનું મૂળ અપ્રાપ્તની ઇચ્છા છે, જ્યારે
મોક્ષનું મૂળ પ્રાપ્તમાં સંતોષ છે.
જો ઉત્કૃષ્ટ પુરુષ નિષ્કામ હોય,
તો સંસારના સર્વ બંધનોથી મુક્ત બનીને
પરમધામ દિવ્યસ્વરૂપ એવા મોક્ષને શીઘ્ર પામે છે.
અંતરની એ સ્વસ્થતા અને પ્રસન્નતા તો
આંતરિક લાભના બાહ્ય સંકેત માત્ર છે.
ખરો ધર્મ મનની સ્થિરતા, સંતોષ કે દેહનો સંયમ છે.
એથી શરીરના આરોગ્યાદિ બાહ્ય લાભો મળે, તે ગૌણ છે,
મુખ્ય લાભ તો સંસારના મોહનો ત્યાગ અને
મોક્ષસુખ - આત્મસુખ પ્રત્યે આસક્તિ છે,
જેનાથી કર્મની નિર્જરા અને મોહનો ક્ષય - મોક્ષ છે.
સંસારના પદાર્થોમાંથી આસક્તિ ખેંચી લઈ મોક્ષ તરફ
પ્રયાણ કરવા ધર્મના માર્ગનો આશ્રય લેવો જોઈએ.
મિત્રભાવ મોક્ષનું અને શત્રુભાવ સંસારનું કારણ છે.

જપ, તપ અને વિધિવિધ પ્રક્રિયા - એ ક્રિયાને
સંસાર અને મોક્ષના કારણ માનવા જોઈએ.

વિષયો એ સંસારના અને સંસાર એ વિષયોનો હેતુ છે. વિષયોથી સંસાર જુદો નથી. દેહ પણ વિષય છે અને તેનાં ઉપભોગનાં-પોષણનાં સાધનો પણ વિષયો જ છે.

સંસારવૃક્ષનાં બે ફળ : ભોગ અને મોક્ષ.

વૃક્ષના પત્ર એ ધર્માચરણ અને પુષ્પ એ સ્વર્ગસુખ છે. પ્રાંતે ધર્મવૃક્ષની ઉપર આવતું ફળ એ મોક્ષસુખ છે.

સંસારથી છૂટવાના 3 ઉપાયો:

(૧) પરમાત્માનું પરમ પ્રેમથી ચિન્તન.

(૨) તેમના પરમ પ્રેમથી વારંવાર મનનું જોડાણ.

(3) છેવટે તદ્રૂપતા.

ચિન્તન, જોડાણ અને તત્ત્વભાવ -

એ ક્રિયા પરિપક્વ થાય, એટલે અજ્ઞાન નાશ પામે છે. તત્ત્વજ્ઞાન માહિતી રૂપે મેળવવાની ચીજ નથી અને સંસારની વાસના જ્ઞાનના શ્રવણમાત્રથી ચાલી જતી નથી.

સંસારમાં માત્ર લેવાનું છે, આપવાનું કાંઈ નહિ, પરન્તુ
અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષમાં માત્ર આપવાનું જ છે.
લેવામાંથી છૂટવાનો ઉપાય જ્યાં કશું જ લેવાનું નહિ
અને કેવળ આપવાનું છે, તેવો મોક્ષ મેળવવો, તે છે.
તે મોક્ષ મેળવવાનું અનન્ય સાધન કૃતજ્ઞતાનો ગુણ છે.
મોક્ષપ્રાપ્તિ પ્રભુ યા શુદ્ધ આત્મદ્રવ્ય સાથે અભેદાનુભૂતિ
રૂપ શરણાગતિ લેવા દ્વારા જ પ્રાપ્ત થાય છે. એ
ન આવવાના કારણે જ જીવ ભવભ્રમણ કરી રહેલ છે.
બુદ્ધિ જ્યારે એક માત્ર પરમેશ્વરનું શરણ લે છે,
ત્યારે જ તે બુદ્ધિ શુદ્ધ - મોક્ષદાયિની બની છે.
મોક્ષનું સાક્ષાત્ કારણ ક્રિયા છે. કેવળજ્ઞાન થયાં પછી જે
યોગનિરોધની ક્રિયા ન થાય, ત્યાં સુધી મોક્ષ થતો નહિ.
મોક્ષની દૃષ્ટિએ ચારિત્રનું મહત્ત્વ અધિક છે.
શુદ્ધ પ્રવૃત્તિ અને અશુદ્ધ નિવૃત્તિ રૂપી
ક્રિયાનું ફળ સ્વરૂપરમણતા છે અને
સ્વરૂપરમણતા જ મોક્ષનું પરમ અને ચરમ કારણ છે.

સાધક આત્માની મુક્તિ સંસાર કે કર્મમાંથી નહીં પણ
સૌ પ્રથમ તો પોતાના આગ્રહમાંથી જ મેળવવાની છે.

'હતાસ્તાં ભાવપરિણતૌ મુક્તિઃ ન તત્ર હતાઃ ।'
અર્થાત્: મૈત્રી આદિ ભાવોની પરિણતિમાં મોક્ષ છે.
મોક્ષમાં આ ભાવનાઓ હોતી નથી.

'પર' એટલે શત્રુ. શત્રુભાવ મોક્ષમાં બાધક છે.
મિત્રભાવથી જ તે દૂર થાય. મોક્ષનું પણ તે જ સાધન છે.

'તવાયત્તો ભવો ધીર! ભવોત્તારોઽપિ તે વશઃ ।'
સંસાર અને મોક્ષ એ બન્ને ભગવાનને જ આધીન છે.
સંસારમાં જે કાંઈ પણ અનુકૂળતા આદિ મળે છે,
તે તથા મોક્ષમાર્ગની સામગ્રી વગેરે ભગવાન જ આપે છે.
એ અર્થમાં ભગવાનને જીવમાત્રના સંસાર કે મોક્ષના કે
સમષ્ટિગત સંસાર અને મોક્ષના હેતુ કે કર્તા કહી શકાય.

જીવની અપાત્રતાને અંગે પ્રભુની કૃપાના અભાવે
ભવભ્રમણ થાય અને કૃપાના યોગમાં મોક્ષ થાય છે માટે
ભવ કે મોક્ષ - ભગવાનની કૃપા ઉપર જ આધાર રાખે છે.

તત્ત્વજ્ઞાન વડે સંસાર અને મોક્ષ ઉપરાંત
તેના હેતુ, સ્વરૂપ અને ફળનું જ્ઞાન થાય છે.
એ તત્ત્વજ્ઞાન જ અતત્ત્વ પ્રતિ વૈરાગ્ય અને
તત્ત્વ પ્રત્યે ભક્તિ પેદા કરે છે.
આ જ્ઞાનથી 'સંસાર' અર્થાત્ કર્મકૃત વિષમતા પ્રત્યે
અનાદર - અણગમો વગેરે પ્રગટે છે અને
'મોક્ષ' એટલે ધર્મ અને તેના હેતુઓ,
કે જે કર્મક્ષયનાં અસાધારણ કારણ છે,
તેના પ્રત્યે પ્રમોદ, અનુરાગ, આદર વગેરે પ્રગટે છે.
ઇચ્છાનો નાશ તે જ મોક્ષ છે.
તૃષ્ણા ઇચ્છા જ અજ્ઞાન - અવિદ્યા રૂપી બંધન છે.
ઇચ્છારહિતતા = વીતરાગતા, મૂર્છારહિતતા = નિર્ગ્રન્થતા.
'ચિત્તે ચલતિ સંસારો, નિશ્ચલે મોક્ષ ઉચ્યતે ॥'
ચિત્ત ચાલે તે સંસાર, નિશ્ચલ ચિત્ત તે મોક્ષ કહેવાય.
વિષયોના ધ્યાનથી ચિત્તમાં ચંચળતા રહે તથા
આત્માના ધ્યાનથી ચિત્ત નિશ્ચળ બને છે.

આત્માને જાણવો તે મોક્ષ - આત્માને ભૂલવો તે સંસાર.

શ્રી જિનશાસનમાં બંને નયો કહ્યાં છે, તેનો અર્થ એ કે
કૃતકતા પણ માન્ય છે અને સ્વતંત્રતા પણ માન્ય છે.
મોક્ષના અર્થી આત્માએ જીવદ્રવ્યની સ્વતંત્રતા પણ
માનવી જોઈએ અને સંસાર અવસ્થામાં કર્મદ્રવ્યની
પરતંત્રતા પણ જરૂરથી સ્વીકારવી જ જોઈએ.

જીવનનું ધ્યેય એક જ છે:
સ્વને જાણી સ્વસત્તામાં સ્થિર થવું.

મોક્ષફળ આપનાર ધર્મની પાસે સાંસારિક ફળ ઈચ્છવું,
તે એક 'હીનતમ અવલોકન' ઔપચારિક દોષરૂપ છે,
તેમ ભૌતિકસ્થિતિ ઉપર ધર્મનું પ્રભુત્વ ન માનવું,
તે પણ મહાદોષરૂપ છે.

આત્માનું આત્મા સાથેનું સગાપણ આત્માના ભવ સાથેના
અનાદિ સગાપણનો અંત લાવવામાં સમર્થ સહાય કરે છે.

જે પ્રાણીમાત્રને આત્મીયતાથી ચાહે, તેને ધન્ય છે,
કેમકે સ્વર્ગ કે મોક્ષમાં પણ એવું સુખ નથી.

જીવ કર્મજન્ય સંસારનો અને મોક્ષનો પણ સર્જક છે,
કેમકે સંસાર અને મોક્ષ એ જીવનું જ સ્વરૂપ છે.

પરાપકારની બુદ્ધિ હિંસા છે, તેથી તે સંસારની સર્જક છે,
પરોપકારની બુદ્ધિ અહિંસા છે, તેથી તે મોક્ષની સર્જક છે.

જેમ નમસ્કાર્યને નમસ્કાર એ મોક્ષનું ભવન છે,
તેમ નમસ્કાર્યને અનમસ્કાર એ સંસારનું ભવન છે.

પોતાનું સાચું ઘર સંસાર નહીં, પરન્તુ મોક્ષ છે.

સાચું શરીર દેહ નહીં, પરન્તુ આત્મા છે.

સાચું ધન બાહ્ય નહીં, પરન્તુ આંતર ગુણવૈભવ છે.

સ્વજન શરીર સંબંધી નહીં, આત્મસંબંધી ચતુર્વિધ સંઘ છે.

સાચો સ્વામી - માલિક બાહ્ય શેઠ - શ્રેષ્ઠી નહીં, પરન્તુ
સર્વશ્રેષ્ઠ તીર્થંકર ભગવાન છે.

વૈરાગ્યથી સંસાર તરફ વહેતી વૃત્તિ રોકાય, અભ્યાસથી
મોક્ષ તરફ વૃત્તિ વહે. ઈશ્વર - માયાની મધ્યે જીવ છે.
જીવ માયા સાથે મળે, તો માયાધીન = સંસાર છે અને
ઈશ્વર સાથે મળે, તો માયાધીશ = મોક્ષ છે.

## ૯ તત્ત્વમાં બંધ - મોક્ષનું વર્ણન શા માટે ?

જીવમાં વૈષમ્ય હોય, ત્યાં રૂપાંતર હોય, અવિનાશી ન હોય.
રૂપાંતર થાય, તેનો નાશ પણ થાય.
સુખ-દુઃખ હોય, તેને ક્ષુધાપિપાસા - જન્મમરણાદિ હોય.
જરા - મરણ નહિ, માટે જીવનું રૂપાંતર પણ નહિ.
બંધ - મોક્ષ ચૈતન્યમાં નહીં પણ અંતઃકરણમાં છે અને
અંતઃકરણની ઉત્પત્તિ શુભાશુભ કર્મથી છે.
'અંતઃકરણ પ્રતિશરીર ભિન્ન છે, ચૈતન્ય મુક્ત છે'
એ સમજવા પૂરતો જ બંધ - મોક્ષ વર્ણવ્યો છે.
'બંધ - મોક્ષ ઉપાધિને છે, જીવને નહીં...'
એ સત્ય સ્થિર કરવા માટે બંધ - મોક્ષનું વર્ણન છે.
ચરાચર વિશ્વનું ચૈતન્ય અભિન્ન, એકરસ,
નિત્ય અને દુઃખ આદિથી રહિત છે.

## મિથ્યાત્વ, આંશિક મોક્ષ તથા સંપૂર્ણ મોક્ષ શું ?

આત્મામાં અનાત્મભાવ મિથ્યાત્વ છે, પરાર્થપરાયણતા
આંશિક મોક્ષ છે, સર્વાર્થપરાયણતા એ સંપૂર્ણ મોક્ષ છે.

## અનાદિથી ૭ તત્ત્વોની ભૂલ

(૧) હું તે શરીર. (જીવ)

(૨) શરીરની ઉત્પત્તિથી જન્મ અને વિયોગે મરણ. શરીર તે હું. (અજીવ)

(૩) રાગાદિ દુઃખના કારણ છતાં તેનું સેવન કરતાં સુખની માન્યતા. (આસ્રવ)

(૪) શુભ બંધના ફળમાં રતિ અને અશુભ બંધના ફળમાં અરતિ. (બંધ)

(૫) આત્માના હિત માટે સમ્યગ્ જ્ઞાન મેળવવું અને તેથી વૈરાગ્ય, રાગ-દ્વેષનો અભાવ થવો, તેને કષ્ટ આપનારો માનવો. (સંવર)

(૬) ઇંદ્રિયોના વિષયોની ઇચ્છાઓને ન રોકવાના કાર્યને ભલું માનવું. (નિર્જરા)

(૭) 'નિરાકુળતા મોક્ષરૂપ છે' એમ ન માનવું તે. (મોક્ષ)

જે ખેદ તથા સંતાપ છે, તે પુદ્ગલની છાયા છે, ચિદાનંદ શિવરૂપ - મોક્ષરૂપ છે અને ક્રિયા તો કર્મના બંધરૂપ છે.

## નવતત્ત્વમાં...

જે આસ્રવનાં સ્થાનો છે, તે સંવરના સ્થાનો છે,
જે સંવરના સ્થાનો છે, તે બધાં આસ્રવના સ્થાનો છે.
જીવને કર્મબંધ તથા કર્મક્ષયમાં સામગ્રી નિમિત્તભૂત છે.
જીવ પોતાની યોગ્યતા મુજબ તે તે સામગ્રીને
પોતાના હિતાહિતનું નિમિત્ત બનાવે છે.

પુણ્ય એ ભોમિયા (guide) સમાન છે.
ઇષ્ટસ્થાને જવા માટે તે સાથે ચાલે છે પણ જ્યારે
મોક્ષનગરના દ્વારમાં જીવ પ્રવેશ કરે છે, ત્યારે તે
સ્વયમેવ દૂર થાય છે, તે ય એક પ્રકારે નિર્જરા જ છે.
નિર્જરા એટલે પુણ્યકર્મ - પાપકર્મ ઉભયનું દૂર થવું.
પુણ્યનો પ્રકાશ એ જ પરંપરાએ
નિર્જરાનું કારણ બનીને મોક્ષ અપાવે છે.

'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ ।' ભાવશ્રુતરૂપ આત્મજ્ઞાન અને
ક્રિયા એટલે આત્મપરિણતિમય સંવર તથા
નિર્જરારૂપ ભાવક્રિયા - એ બે મળીને મોક્ષ થાય છે.

મોક્ષના ઉપાયો સમ્યગ્ જ્ઞાન - દર્શન આદિ, આસ્રવોનો સંવર, નિરોધ, સંપૂર્ણ સંવર અને નિર્જરા વગેરે છે.

મોક્ષની માન્યતા થયાં પછી જે મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા ન હોય, તો મોક્ષની પ્રાપ્તિ થઈ શકે જ નહીં. જેમ પાણીમાંથી માખણ કે રેતીમાંથી તેલ નીકળે નહીં, તેમ મોક્ષના સાચા ઉપાયોની શ્રદ્ધા વિના મોક્ષ પણ થાય નહીં.

સર્વ કર્મનો ક્ષય થયાં વિના
આત્માના શુદ્ધ સ્વરૂપના અનુભવ સ્વરૂપી
મોક્ષ થતો નથી, એ માટે હિંસાદિક આસ્રવોનો
નિરોધ કરી અયોગીપણું મેળવવું જોઈએ તથા
આત્માના પૂર્વબદ્ધ કર્મનો ક્ષય કરવા તપાદિ સાધનોનું
સેવન કરવું. એ રીતે મોક્ષવસ્તુ ઉપાયથી સાધ્ય છે.
જ્ઞાન વિના ભવ - બંધ - મોક્ષનો ઉપાય નથી.
મુમુક્ષુ માટે સૌ પ્રથમ તો
આત્મા, બંધ, મોક્ષ, તેના હેતુ વગેરેનું જ્ઞાન જરૂરી છે
અને પછી તે જ્ઞાનાનુસાર પ્રવૃત્તિ આવશ્યક છે.

મોક્ષતત્ત્વ ધ્યેય છે, અન્ય ૮ તત્ત્વો પરસ્પર વિરોધી છે.

જીવનનાવને મોક્ષકિનારે લાવવા માટે

પુણ્ય એ અનુકૂળ પવન છે, પાપ એ પ્રતિકૂળ પવન છે.
આસ્રવ એ નાવનાં છિદ્રો છે, છિદ્રોને પૂરવા તે સંવર છે.
નાવમાં પાણી ભરાવું તે બંધ, બહાર કાઢવું તે નિર્જરા.
નાવને સમુદ્રમાં ફેરવવા = સંસાર, કિનારે લાવવા = મોક્ષ.

સંવર તથા નિર્જરા એ સાધકભાવ છે તથા
નિશ્ચય દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપી મોક્ષમાર્ગ છે,
આચાર્ય - ઉપાધ્યાય - સાધુ રૂપે શ્રી ગુરુ છે.
તેનું સ્વરૂપ સંવર અને નિર્જરામાં આવી જાય છે.

પૂર્ણ નિર્મળ અવસ્થા તે 'મોક્ષ' કાર્યવાદ છે.
તેના કારણરૂપે ઉણી નિર્મળ દશા, તે મોક્ષમાર્ગ છે.

વીતરાગ દેવના શાસ્ત્રથી સત્સમાગમે જેણે
સાચા નવ તત્ત્વો જાણ્યાં છે, છતાં તે નવ તત્ત્વના
વિકલ્પમાં જ રોકાઈ રહે, તો તે સંસાર જ છે,
કેમકે સમ્યગ્ દર્શન એ તો આત્મદર્શન છે.

'आस्रवो भव हेतुः स्यात्, संवरो मोक्ष कारणम् ।'

અર્થાત્: આસ્રવ સંસારનું - સંવર એ મોક્ષનું કારણ છે.

સંવર - નિર્જરા અને મોક્ષ તત્ત્વનું વલણ એટલે જ્ઞાન.
જ્ઞાન = સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ. એ શ્રેષ્ઠ છે.
એ ગમી જાય તો આવતાં કર્મ અટકે, જૂનાં ખપે અને
અનુક્રમે સંપૂર્ણ કર્મમુક્તિ થાય, અન્યથા નહીં, તેથી
જ્ઞાન પછી વલણ, વલણ પછીનું વર્તન એ જ મોક્ષમાર્ગમાં
ઉપયોગી છે. સૌથી મહાન વસ્તુ સમતા તત્ત્વનું વલણ છે.
જીવતત્ત્વને જાણ્યા પછી સંવર - નિર્જરા કે મોક્ષ તત્ત્વ
વલણ ન થાય અને આસ્રવ - બંધ - સંસાર તત્ત્વ જ રહે,

તો તે જ્ઞાન નિરુપયોગી છે.

જીવોનું કલ્યાણ આસ્રવના ત્યાગ - સંવરના ગ્રહણમાં છે.
સંવર અને નિર્જરા = તપસ્વરૂપ તથા મોક્ષરૂપ છે.
સર્વ તપમાં પ્રધાન તપ ધ્યાન છે અને ધ્યાનથી મોક્ષ છે.

મોક્ષમાં નિરતિશય સુખની પ્રાપ્તિ હોય છે.

ત્યાં બધા ય મુક્તાત્માઓને સમાન સુખ જ હોય છે.

**પ્રશ્ન**: મોટામાં મોટો પંડિત કોણ?

**ઉત્તર**: જે બંધ અને મોક્ષનું તત્ત્વ જાણે તે.

દરેક ધર્મોમાં જીવના બંધ - મોક્ષનો તથા જગત આદિના સંબંધનો અને જગતના સ્વરૂપનો વિચાર જરૂરી કરે છે.

**કોનો મોક્ષ શીઘ્રપણે થાય?**

જે બંધ અને મોક્ષનાં કારણોને યથાર્થપણે જાણે તથા બંધના કારણોથી અળગા થઈ મોક્ષના કારણોને સાવધાનપણે સેવે, તેનો શીઘ્ર મોક્ષ થાય.

'બંધ અને મોક્ષ - એ માત્ર કલ્પના છે' એમ કહી જેઓ મોહાવેશમાં વર્તે છે, તેઓ શુષ્ક જ્ઞાની છે.

**બંધ તથા મોક્ષની ઉપપત્તિ માટે આવશ્યક 3 વસ્તુઓ:**

(1) પરિણામી નિત્યતા.

(2) અર્થાન્તરભૂત વસ્તુ સત્તત્ત્વ સ્વરૂપ અવિદ્યા - અદૃષ્ટ - સંસ્કારાદિ.

(3) અર્થાન્તરભૂત અવિદ્યાદિ સત્તત્ત્વની આત્મા સાથે સંબંધ થવાની સ્વતંત્ર યોગ્યતા.

જે કોઈ મહાપુરુષો આત્માની સર્વ સંપત્તિ
પામ્યા છે, પામે છે અને પામશે, તે જ્ઞાનસ્વરૂપ શુદ્ધ
આત્માનું જ ધ્યાન તથા આરાધનાદિ કરીને જ પામે છે.

નવ તત્ત્વમાં આત્માનું જ્ઞાન મુખ્ય છે.
આત્મજ્ઞાનથી મોક્ષ થાય છે. આત્માને પૂર્ણ રીતિએ
જાણ્યા પછી બીજું કાંઈ જાણવાનું બાકી રહેતું નથી.
નવ તત્ત્વોનું જ્ઞાન પણ આત્માના અનુભવ માટે જ છે.

આ કારણથી આત્માને નિશ્ચય અને વ્યવહાર -
બંને રીતે સ્પષ્ટપણે જાણવાથી મોક્ષ સધાય છે.
મોક્ષ માટે જરૂરી જ્ઞાન ઈશ્વરાનુગ્રહ વિના ન થાય.

પ્રેમલક્ષણા પરાભક્તિથી સાયુજ્ય મોક્ષ મળે છે.
વાસ્તવિક રીતે એવા ભક્તિ તથા જ્ઞાનમાં ભેદ નથી.

વેદોમાં કર્મકાંડ, ઉપાસના કાંડ અને જ્ઞાનકાંડ -
એમ ત્રણ વિભાગ કરેલાં છે અને
'જીવ - બ્રહ્મૈક્ય જ્ઞાનથી જ મોક્ષની સિદ્ધિ છે'
એવો વેદાંતનો સ્પષ્ટ સિદ્ધાંત છે.

શુભ ગતિ મોક્ષ છે, અશુભ ગતિ સંસાર છે.

સંસાર તથા મોક્ષ - એ બન્ને વિરોધી હોવા છતાં
તેમના મૂળ કારણ સરખાં જ છે: ધ્યાન + અર્થચિંતન.

નવતત્ત્વમાં જીવ ને અજીવતત્ત્વ અસાર નહિ,
આશ્રવ અને બંધતત્ત્વ અસાર છે તથા
સંવર, નિર્જરા અને મોક્ષ એ ત્રણે તત્ત્વો સારતત્ત્વ છે.
અંશથી જીવનું કર્મોથી પૃથક્ થવું, તે 'નિર્જરા' કહેવાય
અને જીવનું સર્વથી પૃથક્ થવું, તે 'મોક્ષ' કહેવાય છે.

જીવમાં જ મોક્ષ પામવાની યોગ્યતા છે.
એનો સ્વીકાર ન કરવાથી મોક્ષતત્ત્વનો વિચ્છેદ થાય છે.

સાર અને અસાર એમ બંને તત્ત્વો સંસારમાં છે, એટલે
આશ્રવ અને બંધની અપેક્ષાએ સંસાર અસાર છે પણ
સંવર અને નિર્જરાની અપેક્ષાએ સંસાર સાર છે.
નવે તત્ત્વોમાં આશ્રય લેવા માટે સર્વદા ઉપાદેય એવો
પોતાનો ત્રિકાળ શાશ્વત સ્વભાવમય જીવ છે અને તેને
પ્રગટ કરવા માટે ઉપાદેય સંવર - નિર્જરા - મોક્ષ છે.

કોઈને બાહ્યવ્યવહારથી, કોઈને આંતરવિશુદ્ધિથી,
કોઈને ઉભય વિધિથી કેવળજ્ઞાન - મોક્ષ થઈ શકે છે.

જેટલો મોક્ષાભિલાષ તીવ્ર, તેટલો સંવેગ તીવ્ર.
તીવ્ર સંવેગવાળાને મોક્ષ નિકટ છે. સંવેગ - નિર્વેદ એ
ભવદુઃખ અને મોક્ષસુખની ભાવના સ્વરૂપ છે.

'સર્વ જીવ પાપમુક્ત બનો, દુઃખમુક્ત બનો,
કર્મમુક્ત બનો' એ નિર્વેદ ભાવના છે અને
'સર્વ જીવ મોક્ષ પામો, અનંત ચતુષ્ટય પામો,
સ્વરૂપલાભ પામો' એ સંવેગ ભાવના છે.

'જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્ ।' અર્થાત્:
જગતસ્વભાવની વિચારણા મોક્ષના અભિલાષ માટે છે,
કાયાના સ્વભાવની વિચારણા વૈરાગ્ય માટે છે.

મોક્ષનું સાધન સંવર. નિર્જરાનું સાધન ધ્યાનપ્રધાન તપ.
જલ, અગ્નિ, સૂર્યની જેમ ધ્યાન મોક્ષનું કારણ બને છે.
પ્રકૃતિ જ પુદ્ગલના બંધ - મોક્ષનું કારણ છે.
પરસ્પર ભેદનું જ્ઞાન થવાથી કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

બોધિ = સ્વરૂપનો બોધ.

સમાધિ = સ્વરૂપમાં સ્થિરતા.

બોધિ એ સર્વ શાસ્ત્રોનો સાર, ચારિત્રનો પ્રાણ અને
સમગ્ર ક્રિયાનુષ્ઠાનના સાધ્યરૂપ જણાય છે.
બોધિ એ જ્ઞાન - દર્શન - ચારિત્રરૂપ છે. એ ત્રણે
ગુણોના સ્વરૂપને સ્પષ્ટ સમજવાથી બોધિ સમજાય છે.
સમાધિ એ ચિત્તની નિર્મળતા, ઉપશમભાવ ને કુશળ
મનરૂપ છે. બોધિ - વિવેકશક્તિ - આત્મહિતપરિણામ.
આરોગ્ય અર્થાત્ મોક્ષ, તે વિના શાંતિ છે જ નહીં,
એટલે મોક્ષ માટે બોધિ અને બોધિ માટે સમાધિ -
એ રીતે કાર્ય - કારણભાવ છે.

ભગવાને શુદ્ધ ચૈતન્યની અનુભૂતિમાં
આડે આવતાં તમામ તત્ત્વોની સૂક્ષ્મ વિચારણા કરી કે:
બોધિ દ્વારા શુદ્ધ ચૈતન્ય પ્રગટે છે.
ભગવાનનાં વચનોનું જ્યારે શુદ્ધ ભાવે ચિન્તન થાય,
ત્યારે પરમાત્મકૃપા થકી જીવનમાં બોધિ આવે છે.

'ब्रह्मसंस्थोऽमृतत्वमेति ।'

ઈશ્વરનિષ્ઠ પુરુષ મોક્ષને પામે છે.

કેવળજ્ઞાન સમયે રત્નત્રયની પૂર્ણતા છતાં મોક્ષ કેમ નહીં?

ઉત્તર: શુક્લધ્યાનના ચોથા પાયારૂપ તપનો અભાવ.

એટલે સમયે નિકાચિત કર્મનો ક્ષય તપથી જ થાય.

દ્વિતીય અપૂર્વકરણ નિકાચિતનો ક્ષય કરનાર છે.

નિકાચિતને ખપાવ્યાં વિના કેવળજ્ઞાન કે મોક્ષ શક્ય નહીં.

મોક્ષના ઉદ્દેશથી જ આર્ય તત્ત્વજ્ઞાનનો પ્રારંભ થાય છે

અને ઉપસંહાર પણ તેમાં જ થાય છે.

અધ્યાત્મશોધનની એ માન્યતા બધા દર્શનમાં સમાન છે કે:

અવિવેક - મિથ્યાત્વ અને મોહતૃષ્ણા, એ જ સંસાર

યા તેના કારણ છે તથા વિવેક - સમ્યગ્દર્શન અને

વૈરાગ્ય, એ જ મોક્ષ અથવા તો મોક્ષના માર્ગ છે.

અધ્યાત્મશોધનની અંતિમ ભૂમિકા પરમાત્મદશાની છે.

આત્મામાં જે પરમાત્માની સ્થાપના કરે,

તેને મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શનાદિ ગુણ પ્રકટે છે.

## રત્નત્રય = મોક્ષનું - ગ્રહણાનુક્રમનું આરાધનક્રમ કારણ.

### મોક્ષનું પ્રાતમુહૂર્ત

શુદ્ધ જ્ઞાયક આત્મા ભૂતાર્થ - ત્રિકાળ ટકનાર વસ્તુ છે.
તેને જ ગ્રહણ કરી તેની શ્રદ્ધા કરવી, તે સમ્યગ્દર્શન.
તે જ પરોઢમાં પહેલો મોક્ષનો પાયો છે,
આત્માના મોક્ષનું પ્રાતમુહૂર્ત છે, એમ સાબિત થાય છે.
મોક્ષના ઉદ્દેશ વડે અભેદ ભાવે સર્વ દર્શનને
[illegible] માનનારા એવા સ્યાદ્વાદનું આલંબન લઈને
જે જાણી છે, તે શાસ્ત્રને જાણનાર જ્ઞાની છે.
સમ્યગ્દર્શન ગુણની બધી જ ક્રિયા અભેદ ભાવની
પુષ્ટિ કરી આપણી એકાંત ભેદબુદ્ધિનો નાશ કરે છે.
તે નાશના પાયા ઉપર જ ચારિત્રગુણનું પાલન
મોક્ષનો માર્ગ બને છે તથા સકલ કર્મનો ક્ષય કરાવી
તે પરમપદની પ્રાપ્તિ કરાવે છે.
'હું આત્મા છું અને જ્ઞાન - દર્શનાદિ મારા ગુણ છે'
આવા વિકલ્પો આત્મદર્શી બનાવી મોક્ષમાર્ગે ચઢાવે છે.

સ્વાર્થ = સંસારનો સગો ભાઈ, પરમાર્થ = મોક્ષનો માર્ગ.

સંસારનો સ્નેહ તે સ્વાર્થ છે. મુક્તિ, મુક્તિનો માર્ગ અને મુક્તિમાર્ગ સાધક પ્રત્યેનો સ્નેહ, તે પરમાર્થ છે. કેવળ પોતાના મોક્ષની ઇચ્છાદિ મુક્તિ અસંભવિત છે.

જીવને રાગ-દ્વેષ-અજ્ઞાનનો સર્વથા અભાવ, તે બધા દોષોથી છૂટકારો, તેનું નામ 'મોક્ષ' છે અને જેના ઉદ્દેશે તે થઈ શકે, તેનું નામ 'પરમાર્થ' છે.

જે મોક્ષ સાધી આપનારો અર્થ, તે પરમાર્થ.

૪ ભાવના પરમાર્થ સ્વરૂપ હોવાથી મોક્ષનો માર્ગ છે.

## પરહિતરક્તતાનું માહાત્મ્ય

સુખી થવાનો ઉપાય દોષક્ષય, તેનો ઉપાય પરહિતરક્તતા.
પરહિતરક્તતાનું ફળ મોક્ષ, મોક્ષનો ઉપાય પરહિતરક્તતા.
પરહિતરક્તતાનું કાર્ય દોષક્ષય અને દોષક્ષયનું ફળ સુખ.

આત્મા અભોક્તા અગૃહ છે.

સુખ, દુઃખ, મોહાદિ ગુણોના ધર્મો છે, આત્માના નહીં.
જો એ ગુણો આત્માના હોય, તો મોક્ષ સંભવે નહીં.

મોક્ષ = પરવસ્તુની સંયોગિક આસક્તિ સર્વથા વિમુક્ત થવું.

વિતરાગ દશાનું ધ્યાન કરવાથી મોક્ષ થાય છે.

જે જે જીવો ધર્મ પામીને યાવત્ મોક્ષ મેળવે છે,
તેના પાછળ પ્રભુનો ઉપદેશ અને તીર્થનો પ્રભાવ છે.

મોક્ષરૂચિના કારણે ચારિત્ર મહાવ્રતોનું પાલન
અહિંસા તપ - સંયમ બળવાન બને છે.

બળવાન બનેલ ચારિત્રપૂર્ણ જ્ઞાનમાં અને
પૂર્ણ જ્ઞાન પૂર્ણ ચારિત્રમાં પરિણમી મોક્ષને આપે છે.

ઘેટાંની ઊનથી સ્વેટર્સ વગેરે થતાં હોય તથા તેમાંથી
જીવદયા પળાતી હોય અને પરંપરાએ મોક્ષના સાધનરૂપ
થતાં હોય, તો તે પદાર્થોની અનુમોદના કરવાની છે.

પરમપદની પ્રાપ્તિનો પરમ ઉપાય એ છે કે...
પોતે તૂટતા રહી બીજાને સ્વતંત્રતા આપો.

જેમ શાંતતાની સાથે તરંગ સાગરરૂપ બની જાય છે,
તેમ જીવાત્મા પણ માયાનો લોપ થતાંની સાથે જ
બ્રહ્મરૂપ બની જાય છે અને એજ મોક્ષ છે.

'પ્રશમરતિ'માં કહ્યું છે કે:

રત્નત્રયની જઘન્ય આરાધના આઠ ભવની અંદર મોક્ષ આપાવે, ઉત્કૃષ્ટપણે તે જ ભવે તથા મધ્યમ ત્રીજે ભવે.

મોક્ષની ઇચ્છા - મોક્ષનો આશય એ બીજ,
આત્માદૃપ ક્ષિતિ અને ક્રિયાદૃપ વરસાદ.

મોક્ષનું સ્વરૂપ જાણી, તેના અર્થી કરી, તેના સુંદરતા લક્ષમાં લાવી, તે પ્રાપ્ત કરવાની ઇચ્છાપૂર્વક ક્રિયા કે ચારિત્રનો આદર કરવો, તે નિષ્ફળ જતો નથી.

બીજ વિના વરસાદ ધાન્ય નહીં, તો ઘાસ તો આપે જ.
ક્રિયાની આવશ્યકતા નહીં, કિન્તુ ક્રિયાની સાથે મોક્ષની ઇચ્છારૂપી બીજ, તે રૂપ કારણનો અભાવ.

ધન - ધાન્યાદિ, સ્ત્રી - પુત્રાદિ, શરીર - સ્વજન આદિ મેળવ્યાં - ભોગવ્યાં, પાપના પોટલાં ભરીને છોડ્યાં.

આત્મકલ્યાણ માટે નહીં, સદ્ગતિ માટે ય નહીં, પરન્તુ નરક - નિગોદ આદિ ગતિ ન મળે, તે માટે પણ સર્વ પાપને ત્રિવિધે - ત્રિવિધે વોસિરાવવા જોઇએ.

# દર્શન - જ્ઞાન - ચારિત્ર એ રત્નત્રય છે.

રત્નત્રય એ મોક્ષમાર્ગ છે, તે અહીં એક આત્મામાં છે,
તેથી આત્મા વડે જ મોક્ષ સધાય, યંત્ર, તંત્ર, મંત્રથી નહીં.
દોડી - દોડીને જવાય, પણ ક્યાં ? ભૂમિ ઉપર. મોક્ષે નહીં !
હોડી કે વહાણ દ્વારા સમુદ્ર અને સ્ટીમર કે હોડીજળગાડી
વડે મહાસમુદ્ર તરાય. તાર અને ફોન દ્વારા ટેલીફોન,
રેડીયો વડે માઈલોના માઈલો શબ્દનું સંભળાય,
પરન્તુ મોક્ષ શબ્દ સંદેશાથી ન પહોંચે કે ન મેળવાય !
લાંબા લાંબા આંખ દૂરી દૂરબીનથી પણ મોક્ષ ન જોવાય.
માત્ર સમાધિમાં રહી મનોયોગ વડે સર્વજ્ઞ જોવાય અને
સંભળાય (દેવતાઓના મનોભાવ પણ જણાય. ઉપરાંત
જ્યાં જવું હોય, ત્યાં જવાય અને ફરીયાદ,
કિન્તુ મોક્ષગમન તો મનને રૂંધીને જ જવાય.
માટે અન્ય મંત્ર, તંત્ર, યંત્ર મૂકી
મહામંત્ર, યંત્ર અને તંત્રરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર
દ્વારા સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ, સર્વ આનંદમય થવાય.

# નિશ્ચય અને વ્યવહાર મોક્ષમાર્ગ

જ્યાં સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, ત્યાં તે ત્રણે ય એક આત્માના જ ભાવ છે, તેથી તે રત્નત્રય સ્વરૂપ આત્માનો જ અનુભવ થવો, તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. જ્યાં શુદ્ધ અનુભવની સાક્ષાત્ પ્રવૃત્તિ ન થાય, ત્યાં શુદ્ધ એક દેશરૂપ મોક્ષમાર્ગ હોય, તેને કંચિત્ સર્વ દેશરૂપ મોક્ષમાર્ગ કહેવો, તે વ્યવહાર છે અને તે એક દેશને એક દેશરૂપે કહેવો, તે નિશ્ચય છે.

## સમ્યગ્દર્શન તો મોક્ષમાર્ગ છે, તે મોક્ષમાં કેવી રીતે હોય?

કેટલાંક કારણો એવા હોય છે કે જે કાર્ય સિદ્ધ થવા છતાં કાયમ રહે છે. કોઈ વૃક્ષને એક શાખા વડે અનેક શાખાઓ થઈ, તો ય તે એક શાખા કાયમ રહી. તેમ સમ્યક્ત્વગુણ વડે અનેક ગુણયુક્ત મોક્ષ અવસ્થા થઈ.

તે ગુણ રહેવા છતાં

જ્ઞાન અનેક ગુણો પૂર્ણ રહી શકે છે,

તેથી સિદ્ધમાં પૂર્ણ તત્ત્વાર્થ શ્રદ્ધાન લક્ષણ રહી શકે.

## સર્વાત્મસિદ્ધિ એટલે...

સમસ્ત જાગતિક પ્રપંચોની સાથે આત્માની અભિન્નતા.

સર્વાત્મસિદ્ધિને જ 'મોક્ષ' કહે છે.

મોક્ષનો ઉપાય અને મોક્ષ - બંને જ્ઞાનસ્વરૂપ છે.
સત્કર્મ દ્વારા મનઃશુદ્ધિ, મનઃશુદ્ધિથી આત્માનું જ્ઞાન
અને આત્મજ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે.
આત્મા બંધનોથી છૂટે છે, એનું નામ 'જ્ઞાનયોગ' છે.
સમસ્ત દાર્શનિક પરંપરા જ્ઞાનયોગમાં સમાવેશ પામે છે.
દર્શનશાસ્ત્રોનું લક્ષ્ય મોક્ષ તત્ત્વજ્ઞાન દ્વારા પ્રાપ્ત થઈ શકે,
તેવું એનું પ્રતિપાદન છે અને તે જ જ્ઞાનયોગ કહેવાય.

## મોક્ષનો મંડપ શેનાથી શોભી રહ્યો છે?

સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન રૂપી દ્વારથી અને
સમ્યગ્ચારિત્ર રૂપી તોરણથી મોક્ષમંડપ શોભી રહ્યો છે.
મોક્ષનું કારણ માત્ર વેષ નહીં, કિન્તુ સાથે જ્ઞાન-ક્રિયા છે.
સાંસારિક ઉન્નતિ માટે વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન જરૂરી છે,
જ્યારે પોતાના મોક્ષ માટે સ્વયંનું જ્ઞાન આવશ્યક છે.

## મોક્ષના ચાર દરવાજા

(૧) જ્ઞાન (૨) દર્શન (૩) ચારિત્ર (૪) તપ.

## મોક્ષની સાધનામાં અત્યંત જરૂરી ચાર ચાવી

(૧) માનવજન્મ - મનુષ્યનો ભવ.

(૨) જ્ઞાન - શ્રી જિનવચનનું શ્રવણ અને તેની પ્રીતિ.

(૩) દર્શન - ધર્મ ઉપર અવિચલ પૂર્ણ શ્રદ્ધા.

(૪) ચારિત્ર - ધર્મકાર્યમાં પુરૂષાર્થ અર્થાત્ વાર્ય ફોરવવું.

સમ્યગ્દર્શન = જીવાદિ તત્ત્વની શ્રદ્ધા.

સમ્યગ્જ્ઞાન = નય, નિક્ષેપ, પ્રમાણ વડે બોધ.

સમ્યગ્ચારિત્ર = પાપક્રિયાનો ત્રિકરણયોગે ત્યાગ.

વ્યવહારથી મોક્ષહેતુ (સાધના), નિશ્ચયથી મોક્ષહેતુ (સાધ્ય).

વિશેષ કરીને મોક્ષ તરફ લઈ જાય, તે 'વિનય' છે.

વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચરણ,

ચરણથી મોક્ષ અને મોક્ષથી અનવધ્ય સુખ મળે છે.

આત્મસ્વરૂપની યથાર્થ પ્રતીતિ, જ્ઞાન, જ્ઞાનની સ્થિરતા

રૂપ ચારિત્ર તે પવિત્રતાનો અથવા મોક્ષનો માર્ગ છે.

## રત્નત્રયી એટલે...

સર્વને આત્મરૂપે ગણવા આત્મજ્ઞાન-દર્શન-ચારિત્રને મેળવવું.

આત્માનુભવ એ મોક્ષનો સીધો માર્ગ છે.
કેવળ જાણપણું કે પ્રશંસા એ જ્ઞાન-દર્શનરૂપ છે,
તે જ્યારે વર્તનમાં આવે, ત્યારે ચારિત્રરૂપ બને છે.
એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે.
ચૈતન્યરૂપ પોતાને જ હંમેશાં ધ્યાવે, તે મોક્ષસુખ પામે.
તમારું અસ્તિત્વ ઉડાવી દ્યો અને તીર્થંકરનું અસ્તિત્વ
હૃદયમાં સ્થાપન કરો, તો મોક્ષ સુધી લઈ જવાની
બધી જ જવાબદારી ધર્મમહાસત્તા ઉપાડી લે છે.

મોક્ષને પ્રાપ્ત કરાવનાર આત્મજ્ઞાન એ પરાવિદ્યા છે.

જ્ઞાનસ્વરૂપ અધિષ્ઠાન
ચૈતન્ય દૃશ્યરૂપ થઈ જાય તે બંધન, એ જ દૃશ્ય જ્ઞાન
સ્વરૂપને પામી શાંત થઈ સ્વરૂપસ્થિત થાય, તે મોક્ષ.
એ માટેનો પ્રયાસ તે સાધના, પ્રયાસ કરનાર સાધક.
આત્માનુભવ કરનાર સિદ્ધ, મુક્ત ઇત્યાદિ. - યોગવાશિષ્ઠ

## મોક્ષ સાથે સમ્યક્ત્વનાં ષટ્સ્થાન તથા ષડાવશ્યક

(1) પચ્ચખ્ખાણ આવશ્યક વડે
આત્મતત્ત્વની સ્પષ્ટ - સ્પષ્ટતર પ્રતીતિ થતી જાય.
(2) કાયોત્સર્ગ વડે આત્મનિત્યતાની પ્રતીતિ દૃઢ થાય.
(3) પ્રતિક્રમણ વડે એ પ્રતીતિ દૃઢ થાય છે કે:
આત્મા કર્મનો કર્તા છે.
(4) ગુરુવંદન વડે એ પ્રતીતિ દૃઢ થાય છે કે:
આત્મા કર્મફળનો ભોક્તા છે.
(5) ચતુર્વિંશતિ સ્તવ વડે મોક્ષની પ્રતીતિ દૃઢ થાય.
(6) સામાયિક વડે મોક્ષના ઉપાયની દૃઢ પ્રતીતિ થાય.

એ રીતે સમ્યક્ત્વનાં ષટ્સ્થાનને
ષડાવશ્યકની સાથે અંતરંગ સંબંધ રહેલો છે.

## ચાર અનુયોગ અને મોક્ષમાર્ગ

દ્રવ્યાનુયોગ સમ્યગ્ દર્શનગુણને, ગણિતાનુયોગ સમ્યગ્ જ્ઞાનગુણને તથા ચરણકરણાનુયોગ સમ્યક્ ચારિત્રગુણ વિકસાવે. આ ત્રણે કથાનુયોગ મોક્ષમાર્ગને પુષ્ટ કરે છે.

મોક્ષરૂપી ફળ મનશુદ્ધિ, તે વડે જીવનશુદ્ધિનું પરિણામ છે.

વિનય, વૈયાવચ્ચ અને વિદ્યા વડે દર્શન - જ્ઞાન -
ચારિત્રશુદ્ધિ અને તે વડે ઉપશમ, વિવેક, સંવરની
આરાધનાથી સાધુતાના અંતિમ ફળ રૂપે મોક્ષ મળે છે.

કેવળ મોક્ષ માટે કરેલું અરિહંતનું ધ્યાન પણ
મોક્ષ ન અપાવે, ત્યાં સુધી સંસારના પણ
ઉત્તરોત્તર ચઢિયાતાં સુખોને આપનાર થાય છે.

શુદ્ધ નય તે મોક્ષમાર્ગનો દીવો છે.

દ્વાદશાંગીના જાણને પણ નિશ્ચયનય જ સાર કહ્યો છે.

મોક્ષમાર્ગ = સંયમપ્રધાન, નિગ્રંથ, વ્રત તથા નિયમપ્રધાન.

મોક્ષના અધિકારી સદા સાત્વિક જીવોનાં હિતને માટે જ
જેમનાં પવિત્ર શરીરો આ ભૂમંડળમાં દૃશ્યમાન થાય છે,
તે જીવન્મુક્ત પુરુષોને પ્રેમપૂર્વક પ્રણામ.

'દીઠો માર્ગ શિવનગરનો, જેણ ઉદાસીન પરિણામ રે,
તેણ અણછોડતાં ચાલીયે, પામીયે જિમ પરમધામ રે...
- યતિન જ્ઞાન અનુસારીઓ.'

## <u>કોનું ફળ શું ?</u>

ધ્યાનનું ફળ સમાપત્તિ (ધ્યાતા, ધ્યેય, ધ્યાનની એકતા),
સમાપત્તિનું ફળ છે સમ્યગ્ દર્શન ઉપરાંત
સમ્યગ્ ચારિત્ર રૂપ સમાધિ તથા
સમાધિનું ફળ છે મોક્ષ.

<u>સિદ્ધો શાશ્વત છે, માટે સંસારમાં ફરી વાર આવતાં નથી,</u>
<u>પીડારહિત છે, એટલે જરા - મરણની વેદનારહિત છે.</u>
મિથ્યાત્વ રૂપી કાલિમાવાતરહિત અને સમ્યકત્વ રૂપી
ગર્ભલવાતની અનુકૂળતાદિ એક જ સમયમાં
સિદ્ધિવસતી રૂપ નગરમાં ભવ્ય જીવો પહોંચે છે.
યાત્રાની સિદ્ધિ માટે નિર્યામકો પૂજ્ય છે.

## <u>મોક્ષ થવો ક્યારે શક્ય ?</u>

સ્વરૂપ વિચારીને આત્માને વિષે
તેમાં જ નિષ્ઠા ઉત્પન્ન થઈને તે પછી
તે આકારે જ જ્યારે સ્વરૂપ પ્રતિષ્ઠાન થાય,
ત્યારે જ પછી મોક્ષ થવો શક્ય છે. - <u>શ્રીમદ્ રાજચંદ્ર</u>

'પંચવસ્તુ' ગ્રન્થની ગાથા ૧૫૬/૧૬૩ પ્રમાણે

દીક્ષા સાધવાના ૧૫ ભાગવાળા ઉપાયમાંથી

દીક્ષા લેનારને માત્ર બે ભાગની પ્રાપ્તિ બાકી રહે છે.

જીવોમાં ત્રસપણું, તેમાં પણ ઉત્કૃષ્ટ પંચેંદ્રિયપણું, તેમાં પણ મનુષ્યપણું, તે મળ્યાં છતાં આર્ય દેશ, તેમાં શ્રેષ્ઠ કુળ, તેમાં ઉત્તમ જાતિ, તેમાં પણ સારું રૂપ, તેમાં પણ અત્યંત બળ, તેમાં પણ દીર્ઘ આયુષ્ય, તેમાં હેયોપાદેયનો નિશ્ચય, તેમાં પણ સમ્યક્ત્વ, તેમાં બે વિરતિની પ્રાપ્તિ, ક્ષાયિકભાવ અને કેવળજ્ઞાન, એ સર્વ અનુક્રમે દુર્લભ - દુર્લભતર - દુર્લભતમ છે. કેવળજ્ઞાન ક્યાં બાદ પરમ ઉદયવાળો મોક્ષ પ્રાપ્ત થાય છે. એ રીતે મોક્ષ સાધવાનો ઉપાય પંદર ભાગવાળો છે, તેમાં ઘણું પ્રાપ્ત કર્યું છે, થોડુંક જ પામવું બાકી છે. આ જગતમાં વ્રતને આરાધ્યા અહીં કાંઈપણ નથી. તીર્થંકર - ગણધર - પૂર્વધરોએ આ ચરિત વ્રત સેવ્યું છે, તેને પ્રમાદરહિત સેવા સંસારનું નિર્ગુણપણું વિચારો.

## મોક્ષના ચાર કારણો

**ધર્મજ્ઞાન, પૂર્વસંસ્કાર, આત્મરુચિ અને ગુરુપ્રેમ.**

પ્રશ્ન: શુભ કાર્યોનો હેતુ શો? જનહિત.
જનહિતનો હેતુ શો? એમ પ્રશ્ન કરતાં કરતાં
અંતે તેનો ઉત્તર મોક્ષ જ આવશે.

મલિન વૃત્તિના પાશમાંથી છૂટકારો મેળવવો, એજ મોક્ષ.
મોક્ષ એટલે નાનાં - મોટાં સર્વ દુઃખોથી છૂટકારો.
તેના બે ઉપાય: એક સાચું જ્ઞાન, બીજું સચ્ચારિત્ર.
જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે, દુઃખરહિત થવાય છે.
'મારું સત્ય સ્વરૂપ શું છે?' અને 'મારું કર્તવ્ય શું છે?'
તે વારંવાર વિચારવાથી જ્ઞાન અને ચારિત્ર પ્રગટે છે.

## આત્મજ્ઞાન અને આત્મભાવના

આત્મજ્ઞાનની પ્રાપ્તિનું કારણ આત્મભાવના છે.
'આત્મભાવના' એટલે આત્માનો વારંવાર વિચાર.
સ્વપર આત્મજ્ઞાનની શોભા છે સમતા અને શાંતિ,
સમતા અને શાંતિનું ફળ છે મોક્ષ અને નિર્વાણ.

મોક્ષતત્ત્વ એ આત્માની ઊંચામાં ઊંચી અવસ્થા છે.

પાત્ર - અલ્પપાત્ર - અપાત્ર - સુપાત્ર - ઉત્તમ પાત્ર

પાત્ર = મોક્ષ મેળવવાની મધ્યમ યોગ્યતાવાળા જીવ.

અપાત્ર = જેનામાં મોક્ષ મેળવવાની યોગ્યતા પ્રગટ નહિ થઈ તથા શુદ્ધાત્માનુભવરૂપ નિશ્ચયશુદ્ધિ પણ નહિ, તે.

સુપાત્ર = મોક્ષ મેળવવાની ઉત્તમ યોગ્યતાવાળા જીવ.

જેનામાં વ્યવહારશુદ્ધિ છે પણ નિશ્ચયશુદ્ધિ નહિ, તે પુણ્યબંધ કરે છે અને તે અલ્પપાત્ર છે.

શ્રેષ્ઠ ઉત્તમ પાત્ર = વીતરાગ સર્વજ્ઞ ભગવંત.

મધ્યમ ઉત્તમ પાત્ર = અપ્રમત્ત મુનિ.

જઘન્ય ઉત્તમ પાત્ર = વ્યવહાર-નિશ્ચય રત્નત્રયધર મુનિ.

શ્રી સિદ્ધસેનસૂરિજી ફરમાવે છે કે:

'પુષ્ટહેતુર્જિનેન્દ્રોઽયમ્ મોક્ષ - સદ્ભાવ - સાધને ।'

અર્થાત્ : મોક્ષરૂપી કાર્યની સિદ્ધિ માટે શ્રી જિનેન્દ્ર ભગવાન અને ઉપલક્ષણથી પાંચે પરમેષ્ઠિ પુષ્ટ આલંબન રૂપ થઈને સાધ્યની સિદ્ધિ કરાવે છે.

મોક્ષની પ્રાપ્તિ માટે તમોગુણ તથા રજોગુણ ઘટાડી
સત્ત્વગુણનો વિકાસ કરવો જોઈએ.

રજોગુણી તથા તમોગુણી આસુરી સંપત્તિ છે.

મોક્ષ માટે આવશ્યક તત્ત્વવિચાર,
વાસનાક્ષય, મનોનાશ આદિ બહુ પ્રયત્નસિદ્ધ છે,
તેમાં પ્રારબ્ધ બાધ કરી શકતું નથી.

મોક્ષાર્થીના હૈયામાં એક વાત નિશ્ચિતરૂપે રહેવી જોઈએ કે:
જીવતત્ત્વ પ્રત્યેના લક્ષ સિવાયનો મોક્ષતત્ત્વ પ્રત્યેનો
લક્ષ મોટે ભાગે આત્માને છેતરનારો નીવડે છે.

પાયા વગરની ઈમારત લાંબો કાળ ન ટકે, તેમ
જીવતત્ત્વ પ્રત્યેના શુદ્ધ લક્ષ સિવાયનો મોક્ષતત્ત્વ
પ્રત્યેનો લક્ષ બહુ જીવનમાં સ્થિર બની શકતો નથી.

આત્મદૃષ્ટિને શ્રી અરિહંતદૃષ્ટિ જ કહી શકાય, કારણકે
જેવી ઊંચી તેઓશ્રીની આત્મદૃષ્ટિ હોય છે,
તેવો જ સર્વોચ્ચ તેઓશ્રીનો આત્મલક્ષ હોય છે.

આત્મસ્વરૂપ સ્થિતિમાં મોક્ષ - તે સિવાય બધું બંધન.

## 'મોક્ષ' એટલે શેની પિછાન?

નિશ્ચય દૃષ્ટિથી આત્મા સ્વયં મોક્ષસ્વરૂપ છે.
નિશ્ચયથી આત્મામાં બંધ - વિકલ્પ - દ્વન્દ્વ - દ્વૈત નથી.
તે કદી પુદ્ગલરૂપ થતો નથી. સદા એકરસ, સ્વચ્છ,
ચિદાનંદ જ્ઞાનદર્શનસ્વરૂપ તથા સૌથી નિકટ - ઉજ્જ્વળ છે.
સમસ્ત બંધનો, ઉલઝનો અને દ્વન્દ્વોની ઉપર ઉઠી
પોતાની સ્વતંત્ર સત્તાની પિછાન કરવી,
તે 'મોક્ષ' છે અને આત્માનુભવ તેનું મુખ્ય સાધન છે.
પોતે કેવો ઉપયોગ કરવો, તેની સ્વતંત્રતા પોતાને છે.
તે સ્વતંત્રતાનો સદુપયોગ કરવો, એ સત્પુરૂષાર્થ છે અને
તે સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો, એ અસત્પુરૂષાર્થ છે.
મોક્ષનું અંતિમ કારણ સત્પુરૂષાર્થ જ છે. કહ્યું છે કે:

'અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ...'

જે મહર્ષિઓ છે, તે સંયમ - તપથી પૂર્વ કર્મોનો ક્ષય કરી
સમસ્ત દુઃખરહિત એવા મોક્ષ પ્રત્યે શીઘ્રગમન કરે છે.

## મોક્ષ એટલે નિર્દોષિતા.

જગત દોષિતને દોષ ગણવાં નહિ. સ્વરૂપનું અજ્ઞાન એજ મોટામાં મોટો દોષ છે, સ્વરૂપનું ભાન થાય, પછી જગત દોષો આપોઆપ ચાલ્યા જાય છે.

નિષ્પક્ષપાતી થાય = પોતાના બધા જ દોષો દેખાવાનું શરૂ થાય અને મનનો ઉપયોગ અંતર તરફ જ રહે, એટલે જગત જીવોના દોષો ન દેખાય.

દ્રવ્યક્રિયામાં અર્થયોગ અને આલંબનયોગનો અભાવ હોવા છતાં તેની જો તીવ્ર રૂચિ હોય, તો તે અંતે ભાવક્રિયામાં પરિણમી મોક્ષ આપવાવાળી મનાઈ છે, તેથી તે ક્રિયાને તદ્ધેતુ અને ઉપાદેય મનાઈ છે.

## મોક્ષ = છ જીવનિકાયનું હિત.

આપણને અવ્યાબાધ સુખ મળે તે ગૌણ છે, પરંતુ જીવોને પીડા આપવામાંથી છૂટી જઈએ છીએ અને બધાનું હિત કરનારા થઈએ છીએ, તે મુખ્ય છે.

જ્યાં પક્ષ ત્યાં મોક્ષ નહીં, જ્યાં મોક્ષ ત્યાં પક્ષ નહીં.

## સામાયિક એટલે અભયદાનની સત્રશાળા.

સામાયિકમાં અનંત જીવોને અભયદાન દેવાનો લાભ છે,
તેથી તે મોક્ષનું સાચું કારણ છે, કેમકે...
મોક્ષ એ ષડ્જીવનિકાયને એકાંત હિતસ્વરૂપ છે.
મોક્ષમાં ઐકાંતિક સુખ છે,
આત્યંતિક સુખ છે અને અવિનશ્વર સુખ છે,
તેનું કારણ મોક્ષના ઉપાયભૂત સામાયિક આદિ
છએ જીવનિકાયને અભયદાન દેવાની ક્રિયા છે.

## સામાયિકની ક્રિયા એ મોક્ષનું પરમ અંગ શાથી?

સામાયિકની ક્રિયામાં સમભાવમાં રહી વર્તમાન સાવદ્યનો ત્રિવિધ ત્યાગ થાય છે, ભવિષ્યનું પચ્ચક્ખાણ થાય છે તથા તે ઉપરાંત અતીત સાવદ્યનું પ્રતિક્રમણ-ભૂતકાળના કર્મનું પ્રતિક્રમણ થાય છે, બીજા શબ્દોમાં અતીત સાવદ્ય વ્યાપારોની નિંદા, વર્તમાનમાં સંવર અને અનાગત સાવદ્ય વ્યાપારોનું પચ્ચક્ખાણ થાય છે, તેથી સામાયિકની ક્રિયા એ મોક્ષનું પરમ અંગ કહેલ છે.

સામાયિક = સમતાનો લાભ, તેથી તે મોક્ષનું અંગ છે.

'જ્યારે પણ સમય મળે, ત્યારે સામાયિક કરો.'

આ વિધાન શ્રુત - સમ્યક્ત્વ - દેશવિરતિ - સર્વવિરતિ,
એમ ચારે સામાયિકોને લાગુ પડે છે.

સર્વજ્ઞ ભગવંતે સામાયિકને મોક્ષનું પરમ પરમ
કારણ માનેલું છે અને તેના ત્રણ અંગો ફરમાવ્યા છે:

અહિંસા - સંયમ - તપ અથવા
સામ - સમ - સમ્મ અને દર્શન - જ્ઞાન - ચારિત્ર.

## ધર્મ અને મોક્ષની જુગલબંધી

સર્વનો સમાન ઉદય, તે 'ધર્મ' છે અને
એકનો સંપૂર્ણ ઉદય, તે 'મોક્ષ' છે.

ધર્મથી જ સુખ અને મોક્ષ છે, ધર્મ જ ખરો સર્વોદય છે.
૮૪ લાખ યોનિઓમાં મનુષ્ય જન્મ શ્રેષ્ઠ છે. માત્ર
એક મનુષ્ય યોનિમાં જ ધર્મ અને મોક્ષ શક્ય છે.
મોક્ષે જનાર મનુષ્ય સર્વ જીવોને આત્મસમ જોનાર છે,
તેમ ન જોનાર જીવ મોક્ષે જવાનો નથી.

મોક્ષનું અનંતર કારણ સમતા છે, તેથી
સમતાને મોક્ષનું લક્ષણલિંગ પણ કહ્યું છે.

સમતાને નરકના દ્વારની અર્ગલા,
મોક્ષમાર્ગની દીપિકા તથા ગુણરૂપી રત્નોની
રોહણાચલનિર્ધર્તક કહી છે. એક સમતાભાવ છૂટી ગયાં પછી
જે કંઈ અનુષ્ઠાન થાય, તે વડે ઉખરભૂમિમાં વાવેલાં
બીજની જેમ તે ઈચ્છિતને આપનારૂં થતું નથી.
તેથી મનમાં થતો સંક્લેશ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ છે.
મોક્ષનો ઉપાય તો એક સમતા ભાવ જ છે, બાકી
બધી ક્રિયાનો સમુદાય તે તે પુરૂષના સ્વભાવભેદથી તે
સમતાભાવને જ સિદ્ધ કરવા માટે ઉપદેશાયેલો છે.

મોક્ષનું અનંતર કારણ સમતા હોવાથી
તેનો લાભ જે કોઈ ક્રિયાથી થાય, તેનું નામ સામાયિક.

મોક્ષપ્રાપ્તિનો અંતિમ ઉપાય તે સમતા.
સમતા એટલે... ચિત્ત - ભાવ કે પરિણામની વિશુદ્ધિ.
સમતાનું ફળ આત્મશુદ્ધિ અને આત્મશુદ્ધિ એજ મોક્ષ.

આત્મજ્ઞાનનું સાધન શ્રવણ, મનન અને નિદિધ્યાસન.

નિદિધ્યાસ = મોક્ષનું નિત્ય અનુસંધાન.

'હું આનંદસ્વરૂપ આત્મા છું' એવું સ્વરૂપાનુસંધાન.

તે સૌથી સારું છે.

મોક્ષ માટે બીજી કોઈ ખાસ ક્રિયા કરવાની નથી,

માત્ર સ્વધર્મને જાણીને આચરવાનો છે.

તે જ્ઞાન શ્રવણથી પ્રાપ્ત થાય. શ્રવણના ૪ અંગ છે:

(૧) 'શ્રોત્રિયં બ્રહ્મનિષ્ઠં ઉપાસીત ।'

(૨) ઉપાસના માટે મુમુક્ષુતા જોઈએ.

તે અધ્યાત્મનો પાયો છે, જો હોય તો બધું આવી મળે.

જરૂરીયાત પોતે જ જોઈતું બધું શોધી કાઢે છે.

તત્પરાયણને વૈરાગ્ય પણ સહજ હોય છે.

તે સંયતેન્દ્રિય પણ આપોઆપ બને છે.

(3) શ્રવણનો મુખ્ય વિષય આત્મા છે અને

(૪) શ્રવણ કરવા માટે નીચેની પદ્ધતિ છે:

નમ્રતા, વિનય તથા પૂર્વગ્રહથી સર્વથા મુક્તિ.

'અંતરાય' એટલે...

સ્વ અને પર વચ્ચે રહેલું અંતર - ભેદ.

તેનો આય (લાભ) તે અંતરાય.

સ્વ-પર વચ્ચે રહેલાં ભેદનો છેદ = અંતરાયનો ક્ષય.
ભેદ પાડનાર મોહ, ભેદ તોડનાર મોહનો ક્ષય = મોક્ષ.
સ્વપ્રત્યેના મોહક્ષયનો ઉપાય = સર્વ પ્રત્યેનો સમભાવ.

સ્વની મહાનતા થવામાં સહાયક, તે 'પર'.

આત્માને જે દેહભાવથી પર બનવામાં સહાયક, તે 'પર'.
'પર'નો 'પરાયો' સ્થૂલ અર્થ ન લેતાં 'ઉત્કૃષ્ટ' અર્થ લેવો.
મોક્ષપુરુષાર્થમાં પ્રેરક બની 'પર'ને પૂરો લાભ આપનારી
સત્ત્વસંપન્ન આત્મા 'સ્વ'નો સર્વશ્રેષ્ઠ મિત્ર ગણાય છે.

પરના પરમ મિત્રને 'પરમાત્મા' કહેવાય અને
સ્વના ખરા પૂજારીને 'સર્વદ્રોહી' કહેવાય.

સર્વ સાથે આત્મસમદર્શિત્વ રૂપ ભાવ આવ્યા વિના
મોક્ષ થતો નથી, કેમકે પછી કેવળ સ્વ નહીં, પરન્તુ
સર્વના ઇષ્ટાનિષ્ટની પ્રાપ્તિ - પરિહાર રૂપ ચિંતા થાય છે.

## મોક્ષ માટે ત્રણ નાથનું ચિન્તન આવશ્યક

પ્રથમ નાથ: દેવ, દ્વિતીય નાથ: ગુરુ, તૃતીય નાથ: આત્મા.

વાસનાક્ષય એવ મોક્ષ: । વાસનાનો ક્ષય જ મોક્ષ છે.

## મોક્ષનું અસ્તિત્વ

જો શુભાશુભ પ્રવૃત્તિનું ફળ કર્મ હોય,
તો એવા પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ - એ શું નિષ્ફળ ?
નિવૃત્તિ પણ પ્રયત્નથી જ સાધ્ય છે, માટે...
પ્રવૃત્તિરૂપ પ્રવૃત્તિના ફળથી સાવ જુદું જ એવું ફળ
નિવૃત્તિરૂપ પ્રવૃત્તિથી સ્વીકારવું જ રહ્યું, તે જ મોક્ષ છે.

સમકીત બાદ પછી વ્રત ક્યાંથી રહે ?
શ્રદ્ધા વિના સમકીત નહીં, શંકા સમકીતમાં શલ્ય છે.

## નીચેની પંક્તિનો સુંદર ગૂઢાર્થ

'ત્રણમાં નહીં, તેરમાં નહીં, તે છપ્પનના મેળમાં નહીં.'

ત્રણ એટલે : જ્ઞાન - દર્શન - ચારિત્ર.
તેર એટલે : સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રત.
છપ્પન એટલે : માર્ગાનુસારીના ૩૫ + શ્રાવકના ૨૧ ગુણ.

## ૪ વિચારશ્રેણિકા

(૧) પોતાનામાં ભવ્યત્વપણાંની શંકા હોય, તેને પ્રાયઃ મોક્ષ અવશ્ય જ મળે, પરન્તુ કાળનો નિયમ નથી.

(૨) જેને મોક્ષ 'પ્રાયઃ' બોલશે,
તેને એક પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ મળે.

(૩) જેને મોક્ષ 'જ' બોલશે, તેને ૭-૮ ભવમાં મળે.

(૪) 'મને મોક્ષ મળે' એવી ઇચ્છા અથવા 'મને મોક્ષ મળશે કે કેમ?' એવી શંકા એ મોક્ષ આપવા સમર્થ છે. 'મને મોક્ષ મળશે કે નહીં?' એવી શંકા પ્રાયઃ મોક્ષ અને સંસારના ઇચ્છાનિચ્છાપણાંના સાંધે જ સંભવે છે.

### મોક્ષનું સ્થાન કયું છે?

વિષયો તે પાંદડાં અને તે પાંચે વિષયોને
છેદવાનો ઉપાય તે અસંગ અને અનાસક્તિ.
એ માટેનો ઉપાય આદિપુરુષ પરબ્રહ્મના શરણામાં જવું તે.
ત્યાં પહોંચ્યા પછી પાછું ફરવાનું નથી,
એજ મોક્ષનું સ્થાન અને પરમપદ છે.

## મોક્ષનું સાક્ષાત કારણ શું ?

નિર્વિકલ્પ સમાધિ દ્વારા જ્ઞાન તથા ધ્યાનની એકતાનો અનુભવ, તે મોક્ષનું સાક્ષાત કારણ છે.

અને વીતરાગ એવું નિર્વિકલ્પ સ્વસંવેદનરૂપ જ્ઞાન - એ મોક્ષનું સાક્ષાત કારણ છે.

મોક્ષમાર્ગમાં સૌથી વધુ મહત્ત્વ સમાધિસ્થ અવસ્થાનું છે.

પ્રભુની જન્માવસ્થા, રાજ્યાવસ્થા, શ્રમણાવસ્થા - એ ત્રણે પિંડસ્થ, તીર્થંકરપદ એ પદસ્થ અને અંતે મોક્ષ તે રૂપાતીત અવસ્થા છે.

નાદાનુભવ દ્વારા આત્મજ્ઞાન થવાથી નિશ્ચે મોક્ષ મળે છે, નાદશ્રવણ તેનો ઉપાય છે.

આત્માનુભવ વિનાનું તપ પણ મોક્ષદાયક નથી.

આત્મઅનુભવવાળું જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે.

નિશ્ચયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામે પરિણમવાથી પોતાના આત્માને અભેદજ્ઞાન આપે છે, એનું ફળ મોક્ષની પ્રાપ્તિ છે.

## મોક્ષસાધક ત્રણ વસ્તુ

(૧) સમ્યગ્ વૈરાગ્ય (૨) તત્ત્વવેત્તા ગુરુ

(૩) સ્વાનુભૂતિ દ્વારા દૃઢ નિશ્ચય.

મુક્તિઅદ્વેષ કે મનાક્મુક્તિ એ...

જીવની પોતાની જ સુંદર અવસ્થા - સુંદરી છે.

મુક્તિના રાગ વિના દેવ-ગુરુની પૂજા, સદાચાર કે તપ વગેરે અનુકૂળ - વર્ધક છે, પાપાનુબંધી પુણ્યના હેતુ છે. તે સર્વ પુણ્યાનુબંધી પુણ્યના હેતુ તો જ બને કે તેમાં મુક્તિનો અદ્વેષ અથવા મુક્તિરાગ રહેલો હોય, કેમકે તે અનુબંધ પાડનાર અપુનર્બંધક કે માર્ગાનુસારી અવસ્થા છે.

એ સત્યને મનમાં સ્થિર કરી અને

દીનતા - વ્યાકુળતાનો ત્યાગ કરી કે...

આત્માની દૃષ્ટિએ આ સંસાર તુચ્છ વસ્તુ છે.

તેનો સંકલ્પમાત્ર છે, તેથી સંસારના નામ - રૂપાત્મક પદાર્થો માટે સાનભાન, વિવેકયુક્ત મનુષ્યમાં વાસના કે આસક્તિ હોય જ નહીં. તે બોધરૂપ શુદ્ધ બ્રહ્મ જ છે.

મોક્ષસુખ સોનાનું કડું છે, જ્યારે સ્વર્ગસુખ એક ટીકડી છે.

સમાહિત એ સકળ વૃત્તિઓનો ઠરેલ અનુભવ
સુખ - દુઃખદાયી એ મોક્ષ તરફ લઈ જનારી રહેમ છે.

સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો વિલય,
સર્વ અર્થનો સંયોગ અને સર્વ ઇચ્છાઓની પૂર્તિ
વડે જે સુખ થાય, તેનાથી અનંતગણું સુખ મોક્ષમાં છે.
સત્વસુખ, આત્મિકસુખ, મોક્ષસુખ - સર્વ પર્યાય છે.
દોષોના નાશથી થતાં પ્રશમસુખનો જ્યાં પ્રકર્ષ, તે મોક્ષ.

મોક્ષમાં શું છે? મોક્ષમાં શેનો અભાવ છે?

મોક્ષમાં ગીત નૃત્ય વિલાસ શૃંગાર હાસ્ય કુતૂહલ અને
ઇન્દ્રિયના અભાવથી ભૌતિક સુખનો અભાવ છે,
વળી શરીર અને મનના અભાવથી દુઃખનો સહિત
દોષાવરણનો અભાવ છે અને મોક્ષમાં પ્રશમ સુખ છે.

(૧) ઇંદ્રિયસુખ એ દુઃખનું મૂળ છે,
દુઃખનો પ્રતિકૂળ પ્રતિકાર એ સુખ છે.

(૨) મોક્ષમાં શરીર-મનના અભાવે વ્યાધિ-આધિ નથી.

વ્યક્તિગત કરતાં સૌ સાથેનો સામૂહિક મોક્ષ ઇચ્છનીય છે.

'इदं मे नास्ति:, इदं मे सर्वस्वं ।
इमे मे देवाः अहमस्मि सर्वः ॥'

અનુભૂતિ: હું જ્યાં રહું છું, તે બ્રહ્માંડનું કેન્દ્રબિન્દુ છે. અહીં મારી આત્મસાધના ચાલે છે. આ સૌ મારા માટે પરમાત્મા રૂપ જ છે અને હું એ સર્વ રૂપ જ છું. મનુષ્યત્વ એટલો બધો મૂલ્યવાન છે કે તેને પામીને સાર્થક કરવામાં આવે, તો સાક્ષાત મોક્ષને અપાવે છે. શાસ્ત્રઅવલોકન અને સત્સંગાદિ વડે આર્યદેશોત્પન્ન મનુષ્યને આ માનવજન્મની અમૂલ્યતાને સાંભળવા-જાણવા મળે છે, તોય તે જ્યાં સુધી તેને મોક્ષનું, મોહ-રાગ-દ્વેષક્ષયનું સંપૂર્ણ સાધન ન બનાવે, ત્યાં સુધી તે ઠપકાપાત્ર જ છે, તોય માનવતાના નાતે અજ્ઞજનોને સહાયક બનવાની વૃત્તિમાંથી અજ્ઞજનોને સુધારવા માટે સારણાદિક કરવાનું સહેજે મન થાય છે. પરસુધારણા માટે પ્રયત્ન ચાલુ છે, ત્યાં સુધી પોતાનો મોક્ષ થતો પણ નથી.

મોક્ષમાં કેવળ જ્ઞાનશક્તિ રહે છે, તેથી 'કૈવલ્ય' ઇત્યાદિ.

તે વખતે કેવળ સ્વસ્વરૂપ જ શેષ તરીકે રહે છે.

વિદ્વાન થવાની યોગ્યતાવાળો વિદ્યાર્થી,
તેની ભણવાની ક્રિયા, ભણાવનાર યોગ્ય અધ્યાપક અને
તેમની ભણાવવાની ક્રિયા મળીને વિદ્યાર્થી વિદ્વાન
બની શકે છે. એ રીતે મોક્ષમાર્ગ માટે પણ સમજ લેવું.
મોક્ષ એ પુરુષાર્થની ઉત્કૃષ્ટ પ્રબળતાની અપેક્ષા રાખે છે.

જીવ, જગત અને ઈશ્વર - ત્રણે અનાદિ છે.

જીવને જ્યારે સમ્યગ્રત્ન પ્રાપ્ત થાય છે, ત્યારે
તે માયામાં ફસાતો અટકે છે અને મોક્ષને પામે છે.
ભેદજ્ઞાનથી મોક્ષ નથી, પરન્તુ ભેદજ્ઞાન વડે જાણેલો
જીવ તે પોતે છે, એમ ધારી તેમાં સ્થિર થાય અને
પરપુદ્ગલને છોડતો જાય, તો અવશ્ય મોક્ષપદ પામે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે:

આંતરિક ઉપયોગમય જ્ઞાનયોગ વડે શીઘ્ર અભ્રાંત બોધ
થાય છે, તેથી જ્ઞાનયોગ એ મોક્ષનું સર્વશ્રેષ્ઠ સાધન છે.

'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ |' તેમાં જ્ઞાન એટલે...
'આત્મા અક્ષયપદ સિદ્ધસમ છે, ૮ રૂચક પ્રદેશો નિત્ય ઉઘાડા છે' એવા દૃઢ શ્રદ્ધાપૂર્વકનું જ્ઞાન તથા ક્રિયા એટલે ધ્યાન માટેની અંતરંગ - બહિરંગ શુદ્ધિ.
સજાતીયતાનું જ્ઞાન, તદ્નુરૂપ અહિંસા - સંયમની ક્રિયા કર્મમળનો હ્રાસ કરી મોક્ષગમનયોગ્યતાને વેગ આપે છે.
પરમાત્મપદનું જ્ઞાન તથા તદ્નુરૂપ ધ્યાન જીવોને સાક્ષાત મોક્ષનગરીમાં પહોંચાડે છે.
ભક્તિ + જ્ઞાન મળી મોક્ષનો - કલ્યાણનો રાહ બને છે.
અવિનાશી આત્મા આદિ ભાવોના ચિંતનથી તત્ત્વજ્ઞાન અને ધર્મક્રિયાની પ્રાપ્તિ થાય છે.
બ્રાહ્મીલિપિ સર્વ કળાઓનું મૂળ છે,
ગુણરૂપી લક્ષ્મીનું નેત્ર, સમસ્ત જીવોની કુળદેવી રૂપે,
આ સમગ્ર વિશ્વને પવિત્ર કરનારી,
વિશ્વસંજયની અને મોક્ષનું પરમ સાધન છે,
કારણકે તેનાથી જ્ઞાનરૂપ ઉપકાર થાય છે.

શ્રુત કેરા જ્ઞાન, ધ્યાન અને આત્માનુભવ હોય,
પછી યોગીનગરનાં દ્વારે ઝુલતા હોય છે.

અજ્ઞાનપ્રધાનનું મૂળ સંસાર - જ્ઞાનપ્રધાનનું મૂળ યોગ.
'હું કોણ છું?'નું જ્ઞાન જ આત્યંતિક મુક્તિ અપાવે.
હેયોપાદેય સહિત જ્ઞાન, તે નયજ્ઞાન છે.

ઇંદ્રિય, મન અને શબ્દના નિમિત્તથી જે જ્ઞાન હોય, તે અનુક્રમે મતિજ્ઞાન - શ્રુતજ્ઞાન ઇત્યાદિ. યોગપ્રાપ્તિમાં ઉપકારક એવું જીવ - અજીવનું જ્ઞાન, પાપ - આસ્રવ - બંધમાં હેયપણાનું જ્ઞાન અને પુણ્ય - સંવર તથા નિર્જરામાં ઉપાદેયપણાંની બુદ્ધિ, તે સમ્યગ્દર્શન છે.

'હઠયોગ પ્રદીપિકા'માં કહ્યું છે કેઃ
પ્રાણ અને મન એ બંનેની વૃત્તિઓનું ઉત્પન્ન થવું,
તે જ્ઞાનને પ્રતિબંધરૂપ છે.
બંનેનો લય કરનાર જ યોગીને મેળવે છે.

બ્રહ્મનો વિચાર ઉદ્ભવ્યાં પછી બ્રહ્મશક્તિ યા ધર્મની જિજ્ઞાસા થાય છે. ધર્મ(શક્તિ) જ્ઞાન અને બુદ્ધિરૂપ છે.

મોક્ષનો ઉપાય અને મોક્ષ - બંને જ્ઞાન છે.

અધર્મનું કારણ અજ્ઞાન, કિન્તુ તે જ્ઞાનથી ભિન્ન નથી.

અવિદ્યા પણ જ્ઞાન છે - બ્રહ્મની જ શક્તિવિશેષ છે.

'મુક્તિ' અર્થાત્ બ્રહ્મ અને બ્રહ્મશક્તિમાં કોઈ ભેદ નથી.

પરમાત્માનું ધ્યાન આત્મજ્ઞાનનું, આત્મજ્ઞાન કર્મક્ષયનું
અને કર્મક્ષય મોક્ષનું કારણ થાય છે.

જ્ઞાન દ્વારા અધિષ્ઠાનનો બોધ થતાંની સાથે જ
વિશ્વપ્રપંચની નિવૃત્તિ થઈ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અજ્ઞાન નિવૃત્તિરૂપ છે, અજ્ઞાન જ બંધન છે,
અજ્ઞાન નિવૃત્ત થવાથી આપોઆપ મોક્ષ પ્રાપ્ત થાય છે.

મોક્ષ એ પૂર્ણ જ્ઞાન - ક્રિયારૂપ છે, તેથી
વિવિધ પાસાં દ્વારા તેની અભિવ્યક્તિ અસંભવિત છે.

કમજોર આત્મજ્ઞાને મોક્ષ ન મળે, કારણકે
એકલું જ્ઞાન જ મુક્તિ અપાવે,
કે જે સમૂળ ક્રાંતિ દ્વારા પરિવર્તન લાવે છે.

આ કાળે મોક્ષ = પરંપર ધ્યેય, આત્માનુભૂતિ = અનંતર ધ્યેય.

તપ વિના સુખ નહિ, સ્વાધ્યાય વિના જ્ઞાન નહિ
અને ઈશ્વર પ્રણિધાન વિના મોક્ષપ્રાપ્તિ નહિ.

જ્ઞાનપિંડ આત્મા અનંત પ્રેમનો ભરેલું છે,
તેમાં જ મોક્ષનું સુખ સમાયેલું છે, પરન્તુ
આત્મજ્ઞાની મુક્ત બને છે, કિન્તુ
આત્મજ્ઞાન વગરના જીવો બંધાયેલાં રહે છે.
મોક્ષનો ઉપાય આત્મજ્ઞાન, જે આત્મધ્યાનથી થાય.
આત્મધ્યાન જીવો પ્રત્યે સમ્યક્જ્ઞાનથી થાય છે,
તેથી આત્મસમદર્શિત્વ એ જ મોક્ષનો મૂળ ઉપાય છે.

દુનિયામાં ઈચ્છવા લાયક વસ્તુ એક મોક્ષ જ છે.
તે મોક્ષ શાનો ? અજ્ઞાનનો.

અજ્ઞાનથી મુક્ત થયેલ જીવ દુનિયાના ગમે તેવા
દુઃખને જ્ઞાનબળથી પચાવી શકે છે. મુક્તસ્વરૂપ આત્મા
બંધનમાં આનંદ માને, એ જ છે અવિદ્યાનો ચમત્કાર.
સર્વજ્ઞ ગુર્વાનુરાગ – સમભાવ દ્વારા જે જ્ઞાન
મોક્ષના અધિકારી બનાવે, તે જ્ઞાન જ આત્મજ્ઞાન છે.

## મોક્ષ રૂપી શાસનનો સાર - મૈત્રી છે.

'પાર્શ્વ' એટલે મોક્ષમહેલમાં પ્રવેશ કરાવનારૂં તત્ત્વ.
'અધર્મ' એટલે મોક્ષથી દૂર રાખનાર પ્રવૃત્તિ અને વિચાર.
આત્મજ્ઞાનના પ્રકાશ વિના જે કાંઈ ક્રિયાઓ થાય,
તે અંધારામાં થાય છે. અંધારામાં ચાલતાં - ચાલતાં
મોક્ષ એવા સાધ્ય સુધી કેમ પહોંચાય?
પહેલાં તું પોતે કોણ છે, તે યથાર્થ સમજ,
પછીથી જો શુભ ક્રિયા કરીશ,
તો અનિચ્છાએ પણ સત્વર મોક્ષસુખ મળશે.
જ્ઞાનરૂપી પ્રકાશમાં 'સંસાર દુઃખ અને મોક્ષ સુખ'
એમ જાણી, તેમાં શ્રદ્ધા રાખી,
સદ્વર્તન રૂપ ચારિત્ર અંગીકાર કરવું.
જગતના સઘળા ભાવો એક યા બીજી રીતે જીવના
મોક્ષમાં સહાયક છે, જો અજ્ઞાનને ઉપકરણો જાણતો નથી,
તો જીવ તેના સહાય અંતરથી લઈ શકતો નથી
અને જીવનું કાર્ય સિદ્ધ થતું નથી, માટે જ્ઞાન જરૂરી.

## અનેકાન્તજનિત તત્ત્વજ્ઞાનથી મોક્ષ

'अनेकान्त भावनाजनित तत्त्वज्ञानोपबृंहित शैलीकरण प्रयत्नजन्ये मोक्षमात्र उद्देश्यक प्रवृत्तिमत्त्वम् उत्तमत्वम् ।' અદ્રિ:

તત્ત્વજ્ઞાનની શુદ્ધિ અનેકાન્ત ભાવનાથી થાય છે અને પ્રયત્નની પુષ્ટિ તત્ત્વજ્ઞાનથી - શુદ્ધિ મોક્ષના ઉદ્દેશથી થાય. ધર્મ પ્રવૃત્તિમાત્રનો ઉદ્દેશ મોક્ષ હોવો જોઈએ અને તત્ત્વજ્ઞાનથી પુષ્ટ થયેલો પ્રયત્ન શૈલેશીકરણનો જોઈએ. વળી તત્ત્વજ્ઞાન અનેકાન્તભાવનાજનિત હોવું જોઈએ.

તુલાવિદ્યા = વિષયાવચ્છિન્ન ચૈતન્યને આશ્રયે રહેલી વિદ્યા.

મૂલાવિદ્યા = બ્રહ્મ ચૈતન્યને આશ્રયે રહેલી હોય તે.

મોક્ષ = મૂલાવિદ્યાના બંધનથી છૂટવું, તેનું ઉપાય જ્ઞાન.

અદ્વૈત ભાવનારૂપ નિર્વિકલ્પ સમાધિમાં વૃત્તિ જ્યારે સ્વરૂપમાં લય પામે, ત્યારે અદ્વૈત અવસ્થાનરૂપ નિર્વિકલ્પ સમાધિ બને. વૈરાગ્યરૂપી તલવારથી રાગ-દ્વેષાદિ શત્રુને મારીને મોક્ષરૂપી કિલ્લો જરૂર સર કરી શકાય.

અનુકૂળતાની દૃષ્ટિ નમ્રતા લાવે છે, જ્યારે
પ્રતિકૂળતાની દૃષ્ટિ નિર્ભયતા આપે છે.
આ ઉભયદૃષ્ટિ મળીને જ મોક્ષનો માર્ગ બને છે.
નમ્રતાના માર્ગે જીવ તીર્થંકર, ગણધર અને મોક્ષપદ સુધી
પહોંચી શકે છે, જાણે કોઈ વચલો માર્ગ છે જ નહીં!
મોક્ષ એ અવ્યાબાધ સુખસ્વરૂપ છે.
જ્યાં કુદરત આપવાની ક્રિયા છે,
ત્યાં મોક્ષ એ લેવાની ક્રિયામાંથી છૂટવાનો ઉપાય છે.
મોક્ષ મેળવવાનું પરમ સાધન કૃતજ્ઞભાવ, અપરપક્ષિ-
નમ્રતા છે. નમે તે પ્રભુને ગમે. નમનારનો વિકાસ અને
ન નમનારનો નાશ - એ સંસારનો અવિચળ નિયમ છે.
નમ્રતા એ ઉચ્ચતા છે, નમ્રતા ધરતીને ધન્ય કરે છે,
નમ્રતા એ સ્વર્ગનું સોપાન અને મોક્ષનું દ્વાર છે.
મોક્ષ એ આત્મદર્શનની સ્વરૂપાવસ્થિતિ છે.
મોક્ષે જવાને માટે દયા એ ભાવધર્મ છે.
ધર્મનું મૂળ = દયા અથવા પરહિતનો ભાવ.

## <u>મોક્ષસુખ એટલે 'હું' અને 'તું'નો અભાવ.</u>

## <u>આત્માની મોક્ષપ્રાપ્તિ આડે આવતો 'હું'</u>

આપણો 'હું' એના મૂળસ્થાન સચ્ચિદાનંદરૂપ આત્માથી સ્થાનભ્રષ્ટ થઈ મન - ઇંદ્રિય - શરીરમાં વસ્યો છે, તેથી આપણે શરીરને જ 'હું' = આત્મા માની બેઠાં છીએ,

એના પરિણામે માત્ર દુઃખ જ નહીં, પરન્તુ શોક, મોહ, ભય, વૈરાદિનો પણ અનુભવ થાય છે.

આ 'હું' એના મૂળ સ્થાને અર્થાત્ સચ્ચિદાનંદરૂપ આત્મામાં ગોઠવાઈ જાય, તો દોષમાત્રમાંથી મુક્તિ મળે તથા આત્માને મોક્ષપ્રાપ્તિ થાય.

<u>'હું'ને સાથે લઈને કોઈ મોક્ષમાં ગયું નથી, જવાનું નથી.</u>

ભોગ દ્વારા વાસના અને એંઠો આનંદ મળે, જ્યારે મોક્ષ દ્વારા ત્યાગ અને મૌલિક આનંદ ભોગવાય છે.

અહંકારને દમવાનો નથી પણ નીરસ કરવાનો છે.

અહંકાર 'હા' ન કરે, ત્યાં સુધી કાર્ય થાય જ નહીં.

'હું શુદ્ધ છું' એ શુદ્ધ અહંકારથી જ મોક્ષે જવાય.

આત્માની મુક્તિનું કારણ ભાવધર્મ છે.

દાન - શીલ - તપ તો માત્ર તેના ઉત્તેજક છે, પરન્તુ ભાવથી જ મુક્તિ મળે છે.

અભવના જીવ એક ભાવધર્મના અભાવથી જ સદાકાળ સંસારમાં રખડે છે, તેનું આદિ કારણ દાન છે.
સમ્યક્ત્વસહાયથી જ દાનાદિ ક્રિયાઓનું ફળ મોક્ષ થાય છે.

જેના ઉપર ભાવ છે, તેને માટે જીવ કષ્ટ પણ સહન કરે છે, ત્યાગ પણ કરે છે, વળી સર્વસ્વનું દાન પણ સહેલાઈથી કરી શકે છે.
ભાવ એટલે સ્નેહ, તે જ્યારે વીતરાગના ઉપર પ્રગટે, ત્યારે તે સ્નેહના પ્રભાવથી દાનાદિ બધા ધર્મ ઉપરાંત મોક્ષ પામવો પણ સુલભ બની જાય છે.

દશ લક્ષણ ધર્મમાં સ્વર્ગ અને મોક્ષ આપવાની તાકાત છે.

આત્માનું સ્વસ્વરૂપમાં રહેવું, તે જ મોક્ષનું લક્ષણ છે.
એને સંસિદ્ધિ, નિર્વૃત્તિ, શિવ, શાંતિ, અમૃત, બ્રહ્મ, નિર્વાણ, અક્ષય, અવ્યય આદિ બધા શબ્દો લાગુ પડે છે.

## શુદ્ધ ધર્મનું લક્ષણ એ છે કે :

'હું જે છું, તેમાંથી જરા ય વિચલિત ન થવું.'
સ્વયંમાં અસ્તિત્વ ધરાવવું, તે જ મોક્ષ છે.
સ્વયંના અનુભવથી જ ધર્મ પામી શકાય છે.
જેમ આપણા મકાનની અંદર રહેવામાં આવે, તો મૂંઝવણ થાય, તેમ મંદિર આપણું છે, ઘર ભાડાનું છે, તેથી લાંબાગાળાના ઘરનો કંટાળો નથી આવતો, પરન્તુ મંદિરમાં વધુ સમય થાય, તો કંટાળો આવે છે.
ચરમ પરાવર્ત એ ધર્મનો યૌવનકાળ છે.
અહીં ભોગરાગની જેમ જ ધર્મરાગ ઉત્પન્ન થાય છે. પ્રવૃત્તિધર્મ દાન - પૂજા - તપ - સંયમ છે, નિવૃત્તિધર્મ પાપનાં પચ્ચક્ખાણ છે. એ બંનેની પાછળ શ્રદ્ધારૂપી અને મોક્ષ પ્રતિ પ્રબળ ઝંખનાભાવને વેગીલું બનાવે છે. ફેરવવા સમર્થ છીએ. હિંસા અને વિષય-કષાયાદિ અશુભ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી અહિંસા અને સંયમ-તપરૂપ ધર્મમાં તત્પર બનીએ, તો મોક્ષ હથેળીમાં છે.

**ધર્મધ્યાન એ મોક્ષનું મુખ્ય કારણ છે અને
શુદ્ધ ધ્યાન એ મોક્ષની ઉપલબ્ધિ છે.**

'મોક્ષના હેતુ માટે ધર્મ છે' અહેતિ

ધર્મ = આત્માનું પરમ સ્વરૂપ પ્રાપ્ત કરવાનો ઉપાય.

ધર્મને શરણે ગયા પછી કર્મ કાંઈ જ કરી શકતું નથી.

ધર્મ અને મોક્ષને કાર્ય - કારણભાવ સંબંધ છે.

એકને પકડવાથી બીજું પકડાઈ જાય છે.

**શા માટે ધર્મનું આસેવન કર્તવ્ય છે ?**

જીવને પૂર્ણ સુખ અને શાંતિની ઝંખના છે.
તે મોક્ષ સિવાય અન્યત્ર છે જ નહીં અને
તેની પ્રાપ્તિ ધર્મ સિવાય અશક્ય છે.
ધર્મની પ્રાપ્તિનાં સાધન ચતુઃશરણગમનાદિ છે,
તેથી તેનું પુનઃ પુનઃ આસેવન કર્તવ્ય છે.

**મોક્ષ પામવાની ઇચ્છા, તે જ ધર્મ અને મોક્ષ.**

તે મહાપુરુષના જીવનમાં સનાતન પરમાનંદની પરાકાષ્ઠા
જીવિતના જડભાગથી નહીં, તેના ચૈતન્યાંશથી જ મળવાની.

ધર્મ માટે ધર્મ કરવો એ સમ્યગ્દૃષ્ટિ, ત્યાગ કરવો એ દેશવિરતિ અને સર્વ ત્યાગ કરવો, એ સર્વવિરતિ છે.

જગતના હિત અને આત્માના મોક્ષને ખાતર જે સર્વસ્વ સમર્પણ કરે, તે જ ધર્મીપણાનો દાવો કરી શકે.

ધર્મની આરાધના સાંસારિક ફળ માટે ન કરવી.

સંસાર ચલાવતાં પણ ધર્મની જ મુખ્યતા રાખવી.

ધર્મને ધનાદિ પણ સાધક, પ્રભુત્વાદિ પણ સાધક, સ્વર્ગતુલ્ય જ નહીં, પરન્તુ સ્વર્ગાદિ પણ સાધક તથા મોક્ષતુલ્ય જ નહીં, પરન્તુ મોક્ષાદિ પણ સાધક જાણવો.

સાચો ધર્મ કરી શીઘ્રપણે મોક્ષનું શિવસુખ પમાય છે.

મોક્ષ એ માનવના જીવનનો સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ છે.

'સર્વ જીવ આત્મતુલ્ય છે.' 'આત્મા પરમાત્મતુલ્ય છે.'

એ બે દૃષ્ટિબિંદુને ધારણ કર્યા વિના ધર્મ કે મોક્ષ - બેમાંથી એક પણ પુરુષાર્થ શરૂ થતો નથી.

ધર્મનો સદા પ્રભાવ છે કે ગમે તેવા કર્મોની વચ્ચે પણ સાધકને મોક્ષમાર્ગમાં આગળ વધારી શકે છે.

શુદ્ધ ધર્મ એ મોક્ષનું પરિણામી કારણ છે.

શુદ્ધ ભાવથી કરાયેલો એક સાધુ જેટલો પણ ધર્મ
ભવાંતરમાં અનેક ગુણો કરાવે છે.

'સમકીતદૃષ્ટિ નિયમા મોક્ષ જાય' એનું તાત્પર્ય આ છે.

ધર્મના હેતુ, સ્વરૂપ અને ફળ સમજીને ધર્મની ક્રિયા
કરવામાં આવે, તે સાનુબંધ શુભ અનુષ્ઠાનનું કારણ
બનીને પરંપરાએ મોક્ષસુખને આપનાર થાય છે.

મોક્ષસુખ સ્વાત્મોપલબ્ધિ રૂપ છે.

ધર્મનું પ્રધાનફળ સ્વર્ગ નહીં, પરન્તુ મોક્ષ છે. સ્વર્ગાદિ
ફળ આનુષંગિક છે, મુખ્ય ફળ મોક્ષ જ આત્મહિતકર છે.

વિષમતા એ સંસાર છે અને સમતા એ મોક્ષ છે.

સમતાવાન પોતે પોતાના સાધનોમાં સ્થિર થઈ,
ઉદયાધીન કર્મોમાં સમતાભાવે અનાસક્ત રહી
કર્મને ખપાવી અનંત ગુણાનંદવાળા મોક્ષને પ્રાપ્ત કરે છે.

વિનાશી વસ્તુઓનો ત્યાગ અવિનાશી એવા આત્માનો
અનુભવ લેવા માટે હોય, તો તે જરૂર સાર્થક થાય છે.

'વિમલાચલ નિતુ વંદીએ, કીજે એહની સેવા...'

આ પદનો રહસ્યાર્થ એ છે કે:

ચિદ્ઘનરૂપ નિર્મળ અને અચળ એવા આત્માની સેવા કરીએ, આત્માને બહિરાત્મ ભાવથી છોડાવી અંતરાત્મ ભાવમાં લાવવો, એ જ એની સાચી સેવા છે, તે જ શિવતરૂફળને - પરમાત્મપદને આપે છે. અતિનિર્મળ અને અચળ સિદ્ધસ્વરૂપી આત્મતત્ત્વ પ્રતિ ન - મનભાવરૂપ સેવા એ જ સ્વાત્માની સાચી સેવા છે, જે નિર્જરા અને મોક્ષફળને શીઘ્રપણે મેળવી આપે છે.

'કોઈ અનેરું જગ નહીં, એ તીરથ તોલે...'

આ પદનો રહસ્યાર્થ એ છે કે:

આત્મરૂપ તીર્થની તોલે કોઈ તીર્થ નથી. ઘણાં તીર્થોની યાત્રા જે ફળ આપે, તેના કરતાં સ્વાત્મામાં રમણતારૂપ તીર્થયાત્રા અતિ શ્રેષ્ઠ ફળની દાતા બને છે. આત્મગિરિ ઉપર આરોહણ કરનાર અંતર - આત્મા સુદશાવાળી મોક્ષલક્ષ્મીને મેળવે છે.

## ઇંદ્રિયોનો વિજય કરવાને માટે

ભવભીરુતા અને મોક્ષની ઝંખના રામબાણ ઇલાજ છે.

પાંચે ઇંદ્રિયોને વશ કરનારો મનુષ્ય
પંચેન્દ્રિયપણું પામે છે અને મોક્ષને સાધે છે,
પાંચે ઇંદ્રિયોને વશ થનારો મનુષ્ય એકેન્દ્રિયપણું
પ્રાપ્ત કરે છે અને અનંત ભવમાં ભટકે છે.
મલિન વૃત્તિઓના પાશમાંથી છૂટનારો જ સાચો મોક્ષ છે.
જ્યારે સ્વબુદ્ધિદશા નષ્ટ થઈ જાય,
ત્યારે સાચી સમતા પ્રાપ્ત થઈ મોક્ષસુખ નિકટ આવે,
પછી તે બાળકોની ભૂલો કે દોષો જોવાનું બંધ કરે છે.
'સમભાવભાવિ અપ્પા લહઇ મુક્ખં ન સંદેહો |' અર્થાત્:
સમતાવાન આત્મા નિઃસંદેહપણે મોક્ષને પ્રાપ્ત કરે છે.
મોક્ષ સાધવાનું એક કારણ - માધ્યસ્થ્ય છે.
બહારથી વિશુદ્ધ કર્તવ્ય કરનારા - મોક્ષ સાધવાની
ઇચ્છાવાળા પ્રાણીઓ અનેક ધર્મનો આશ્રય લઈને
મોક્ષને સાધે છે, તેનું કારણ માધ્યસ્થ્ય છે.

જેને મોક્ષ ન જોઈએ, તેને એમ જ સમજવું કે
તેને મોક્ષથી પ્રતિપક્ષ એવું બંધન જ જોઈએ છે.

સંસારીના વાતાવરણમાં બહુ જે જીવને જરાયે
ક્લેશ ન થાય, તેનું નામ કષાયમુક્તિ અથવા મોક્ષ.

દેહધારી અવસ્થામાં સકલ છે અને
જે મોક્ષાવસ્થામાં નિષ્કલ છે, એજ વિશ્વનો પ્રભુ છે.

## હિંદુની શ્રદ્ધા - મોક્ષ

'મોક્ષ એ પરમ પુરુષાર્થ છે' એમ માને, તે હિંદુ છે.
હિંદુધર્મનું તત્ત્વ મોક્ષ છે. જેટલો વિશ્વાસ શરીરના
અસ્તિત્વ અને તેની ક્ષણિકતાને વિષે હિન્દુને છે,
તેટલો જ વિશ્વાસ પ્રત્યેક હિન્દુને
આત્માના અસ્તિત્વ અને તેના અમરત્વને વિષે છે.
દેહાધ્યાસથી જીવ સંસારની અનેક યોનિમાં આવ-જા
કરે છે, તેનો મોક્ષ છે અને તે જ શ્રેષ્ઠ મંગળ તત્ત્વ છે.
તેને વિષેની આસ્તિકતા, તે 'શ્રદ્ધા' છે.

- Satyanarayan Goenka, Vipashyana

રાગાદિ નિવારણ અને વિરાગાદિ નિર્માણ.
ભવસુખની રુચિ ઘટાડી, મોક્ષસુખની રુચિ જગાડી,
મોક્ષમાર્ગમાં આગળ વધવા આત્મપુરુષાર્થ કરવો.
મોક્ષને શાંતિ, શિવ, અક્ષય, અવ્યય, અમૃત, સિદ્ધિ,
નિવૃત્તિ, બ્રહ્મ આદિ શબ્દોથી પણ સંબોધાય છે.
મોક્ષની ઇચ્છા પશુ-પંખી અને વિકલેન્દ્રિય પર્યંત
સર્વ જીવોમાં રહેલી સ્પષ્ટ દેખાય છે.
શાસ્ત્રોનું સર્વોચ્ચ ધ્યેય સ્વના બ્રહ્મસ્વરૂપની અનુભૂતિ
અને સૌમાં આત્મભાવ. એ એનું આખરી સ્વરૂપ છે.
'નાહિ રાત્રૌ દિવા સૂર્યે, પ્રભારૂપાવિશેષતઃ ।'
જેમ પ્રભારૂપ સૂર્યમાં દિવસ અને રાત્રિ નથી,
તેમ આત્મામાં પણ ક્ષણિક પ્રકૃતિરૂપ દિવસ અને
ક્ષણિક અપ્રકૃતિરૂપ રાત્રિ નથી.
આત્મામાં સદા શાશ્વત પ્રકૃતિરૂપ દિવસ જ છે.
'તમ સે પરે પૂર્ણ પ્રકાશ સોઈ,
જાણ્યા પછી ટળે ભવબંધ મોક્ષ, રસ્તો ના એ સિવાય કોઈ.'

મોક્ષ એ આત્માનું પૂર્ણ આરોગ્ય છે.

'સ્મૃતિમૂલં હિ મોક્ષાનુષ્ઠાનમ્ ।' - પંચાશક

અર્થાત્: (મારા ભગવાને કહ્યું છે એવા)
સ્મૃતિપૂર્વકનું અનુષ્ઠાન એ મોક્ષ અનુષ્ઠાન બને છે.

જેમ ભોગ માટે દાન - પૂજન - દમ - દયા,
તેમ મોક્ષ માટે સર્વત્યાગ રૂપ ઉત્કૃષ્ટ સાધન છે.

સ્વર્ગ પ્રાપ્ત કરવા માટે યજ્ઞ,
ચિત્તશુદ્ધિ માટે નિષ્કામ કર્મ યા અહૈતુકી ભક્તિ અને
મોક્ષ માટે યોગ અથવા જ્ઞાન.
કોઈને યોગ તો કોઈને જ્ઞાન - વિચાર અનુકૂળ આવે છે.

બધી ઇચ્છાઓની નિવૃત્તિ તે મોક્ષ છે.
સહજ સ્વરૂપશુદ્ધતા પ્રગટ કરવી, તે મોક્ષ છે.
ઇંદ્રનું પદ નહીં, પરન્તુ બંધનો નાશ, તે મોક્ષ છે.

'સમાધિસુષુપ્તિમોક્ષેષુ બ્રહ્મરૂપતા ।' અર્થાત્:
મોક્ષમાં સમાધિપૂર્વકની સુષુપ્તિ અથવા
ઉજાગર દશાસ્વરૂપ બ્રહ્મરમણતા રહેલ છે.

જૈન મતમાં પ્રથમ સંઘયણવાળાને જ મોક્ષ માન્યો છે.

જેનામાં સંઘયણશક્તિ નથી, તે મોક્ષ મેળવી ન શકે.

સંપૂર્ણ કર્મબંધનથી અલગતા થઈ જાય, તે મોક્ષ.

સ્વભાવમાં પ્રવૃત્તિઓ કરવાથી જ
પૂર્ણ નિર્મળ દશા પ્રગટ થાય છે, તે મોક્ષ છે.

મોક્ષ એ આત્મકર્તૃક નહીં, ઈશ્વરકર્તૃક છે.

ધર્માધર્મનું કર્તૃત્વ પુરુષમાં છે, કિન્તુ
સર્વજ્ઞત્વ વગેરે વિશિષ્ટ મુક્તિબોધકતા
કેવળ પુરુષમાં નથી, પરમેશ્વર અનુગ્રહમાં છે.

મોક્ષનું કર્તૃત્વ પ્રભુમાં માનવું.

'पुष्करजिनेन्द्रोऽयं मोक्षसद्भावसाधने ।' - सिद्धसेनसूरि

અર્થાત્: જિનેન્દ્ર એ જ મોક્ષમાં પુષ્કર છે.

સાચું સુખ મોક્ષ, આકાશ, પાતાળ અથવા ભૂતળમાં નથી,
કિન્તુ હૃદયમાં અજ્ઞાનરૂપી ગ્રન્થીના નાશમાં છે.

આ ચરાચર જગતને જે આત્માદિ અભિન્નપણે જુએ,
તે ઉપાસનાવાળો યોગી મોક્ષગામી થાય છે.

મોક્ષનો અનન્ય ઉપાય ભાવપ્રાણની રક્ષા છે.
જાણે બધો વ્યવહાર એ માટે જ નિર્માયો છે.
દયા અર્થાત્ 'ભાવરક્ષા' એ ઉત્કૃષ્ટ મંગળ છે.
શુભ ભાવની રક્ષા જ સ્વર્ગાપવર્ગનું કારણ અને
ભયાનક ભવાટવીનું ઉલ્લંઘન કરવા માર્ગદર્શક છે.
સકલ કર્મના ક્ષયથી મોક્ષ ઉત્પન્ન થાય છે અને
સકલ કર્મનો ક્ષય આત્મજ્ઞાનથી થાય છે,
જે પરમાત્માના ધ્યાનથી પ્રગટે છે, તેથી
પોતાના શુદ્ધ આત્મસ્વરૂપના લાભરૂપ મોક્ષ મેળવવા
પરમાત્માના ધ્યાનમાં લીન થવું જોઈએ, કેમકે
તે ધ્યાન જ આત્માને મોક્ષસુખનું
અસાધારણ કારણ હોવાથી અત્યંત હિત કરે છે.
મનુષ્ય સાત - અસાત સર્વ સુખને ઇચ્છે છે.
'મોક્ષ સુખસ્વરૂપ છે'
એમ સત્પુરુષો અને શાસ્ત્રોમાંથી જાણવામાં આવે,
તો મનુષ્યને મોક્ષની પણ ઇચ્છા થાય છે.

'મોક્ષ ન મળે, ત્યાં સુધી' અર્થાત્ સર્જક સાથે એક
ન થઈએ, ત્યાં સુધી ફરી ફરી અવતાર લેવો પડે છે.
નામ અને રૂપ જીવને બંધનમાં પણ નાંખે છે અને
નામ અને રૂપ દ્વારા જીવ મોક્ષ પણ પ્રાપ્ત કરે છે.

દેવ - નરકગતિમાં ગર્ભાધાન ન હોવાથી
ત્યાં વિરતિધર્મ માટેની યોગ્યતા આવતી નથી.
ત્યાં માતા - પિતાદિ ન હોવાથી વાત્સલ્ય મળતું નથી,
તેથી પૂજ્યભાવ અને કૃતજ્ઞતા ગુણની સિદ્ધિ થતી નથી.
દેવગતિમાં સમ્યક્ત્વના કારણે પ્રભુભક્તિ થઈ શકે છે
અને નારકીમાં સમાધિ રહી શકે છે,
જેનું કારણ તે ગતિ નથી, જીવને સમજણ છે, તે છે.
'માનવનો જ મોક્ષ થાય' તેમાં ગર્ભાધાનમાં
આત્માનું ઘડતર કરવાની સામગ્રી પણ કારણભૂત મનાય.
ગર્ભાધાનથી માંડી ૧૬ સંસ્કારની પાછળ એ આ રહસ્ય છે.
આ રીતે વિચારતાં ચારે ગતિ જીવોને જીવનના
વિકાસ માટે ઉપકારક થાય છે, એમ સમજી શકાય છે.

## સત્સંગ એ મોક્ષનું ખુલ્લું દ્વાર છે.

દ્રવ્યમોક્ષ = કર્મદ્રવ્યનો આત્મપ્રદેશોથી સર્વથા ક્ષય.

ભાવમોક્ષ = તેમાં હેતુભૂત રત્નત્રયમય આત્મા.

જ્યાં સુધી સ્વર્ગમાં અસંખ્યાતા અને
મોક્ષમાં અનંતા દ્રવ્ય જિનેશ્વરો વિશ્વમાં વિદ્યમાન છે,
ત્યાં સુધી આ વિશ્વ સદા સુરક્ષિત છે.

મોક્ષતત્ત્વ = નિર્વિકલ્પ દશા કે શૂન્યત્વની અવસ્થા.

યોગોને આત્મામાં સ્થિર કરવાની ક્રિયા
તે સંવર સામાયિક છે અને તેથી થતી કર્મની નિર્જરા
તથા રાગ-દ્વેષ-મોહનો અભાવ, તે મોક્ષ છે.

આસ્તિક્ય વિભૂતિ અનાદિકાલીન જીવની કર્મના સંબંધમાં
આવવાની યોગ્યતા ઘટાડે છે અને સત્યમાં પ્રવૃત્તિ કરી
મોક્ષના સંબંધમાં આવવાની યોગ્યતા વિકસાવે છે.

'સર્વને મોક્ષસુખની પ્રાપ્તિ થાઓ' એ ભાવના
સિદ્ધિપદ - મોક્ષપદ આપે છે. મોક્ષનું અનંતર કારણ
ભાવધર્મ છે તથા એનું કારણ દાન - શીલ - તપધર્મ છે.

'સામાઇઅમાઇઅં સુઅનાણં, જાવ બિંદુસારાઓ ।
તસ્સવિ સારો ચરણં, સારો ચરણસ્સ નિવ્વાણં ॥'

અર્થ: સામાયિકથી માંડી ચૌદમા લોકબિંદુસાર પૂર્વ સુધી શ્રુતજ્ઞાન છે, તેનો સાર ચારિત્ર - તેનો સાર નિર્વાણ છે.

જ્ઞાનનો સાર ચારિત્ર અને ચારિત્રનો સાર નિર્વાણ.

'આત્મા સ્વરૂપથી, તત્ત્વથી - દ્રવ્યરૂપેણ પરમાત્મા છે'

એ ઉપદેશ ચૌદ પૂર્વ અને

બાર બાર અંગનો સાર છે, તેને નમસ્કાર.

તદ્રૂપેણઅવનં = ઉપદેશનો સાર, તેનો સાર નિર્વાણ છે.

શ્રુતનો સાર ચારિત્ર અને ચારિત્રનો સાર મુક્તિ છે.

'આત્મા તત્ત્વથી પરમાત્મા છે'

અહિંનું ચિત્ત, અહિંનું મન, એવી લેશ્યા,

એવો અધ્યવસાય, એવો તીવ્ર અધ્યવસાય,

એવો ઉપયોગ, એવી ક્રિયા, અત્યંત તીવ્ર ભાવના,

પુનઃ પુનઃ વિચારણા અને અભ્યાસ એ સાધના છે.

તથા સાધના એ જ સિદ્ધિનો - મુક્તિનો હેતુ છે.

છ આવશ્યકમાંહિ પ્રત્યાખ્યાન એ ગુણધારણા સ્વરૂપ છે.

પ્રત્યાખ્યાનના પાંચ ગુણ : આસ્રવનિરોધ - સંવર -
તૃષ્ણાનાશ - નિરૂપમ સમભાવ અને ક્રમે મોક્ષ.

પચ્ચક્ખાણ શુદ્ધ થવાથી ચારિત્રધર્મ સ્ફૂરે છે,
ચારિત્રધર્મથી કર્મનિર્જરા થાય છે, તેથી
અપૂર્વકરણ, કેવલજ્ઞાન, ભવોપગ્રાહિ કર્મનો ક્ષય અને
મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે, તેથી
આ પ્રત્યાખ્યાન સકલ કલ્યાણનું અદ્વિતીય કારણ છે.

પરમાત્મચિન્તન એ પણ
આધ્યાત્મિક ભાવોના આવિર્ભાવનો માર્ગ કે ઉપાય છે.

તત્ત્વજ્ઞાનનું પ્રવર્તન પણ મોક્ષપુરુષાર્થ છે.

દેહાભિમાનની વિસ્મૃતિ વિના આત્મશાંતિ મળતી નથી.

દેહાભિમાન એ નરકનો સીધો નજીકનો રસ્તો છે અને
આત્મજ્ઞાન એ મોક્ષનો સીધો નિકટનો માર્ગ છે.

મોક્ષ એ પૂર્ણ મંગલ છે.
ભવમંગલ ટળી મોક્ષમંગલમાં પૂર્ણતા પામે છે.

# વિનય એ મોક્ષનું દ્વાર છે.

વિનયથી તપ, સંયમ અને જ્ઞાનની વૃદ્ધિ ઉપરાંત
આચાર્ય અને શ્રી સંઘની સેવા થાય છે.
જ્ઞાનાદિ ગુણોનો વિનય તે નિશ્ચય વિનય છે તથા
ગુરુજનો, ગુણીજનો અને વૃદ્ધજનોનો વિનય
તે વ્યવહાર વિનય અથવા ઉપચાર વિનય છે.
અતીન્દ્રિય એવા મોક્ષમાર્ગમાં
પ્રભુઆજ્ઞાના પારતંત્ર્ય સિવાય પ્રગતિ ન થઈ શકે,
એ કારણે ધર્મને વિનયનું મૂળ કહ્યો છે તથા
વિનય વિના એ વિદ્યા નહિ,
અર્થ નહિ, કામ નહિ, ધર્મ નહિ, તેમ મોક્ષ પણ નહિ.
અયોગ્ય વ્યક્તિ અને વસ્તુના વિનયથી જ સંસાર છે.
તે સંસારનો છેદ યોગ્યના વિનયથી જ થઈ શકે છે.
આજનો આહાર એ આવતીકાલનું શરીર છે, તેમ
આજનો વિચાર તે આપણું આવતીકાલનું જીવન છે.
ભક્તિયુક્ત જ્ઞાન જ મોક્ષનું સાધન છે.

# વિનય અને મોક્ષને શું સંબંધ ?

'विनीयन्ते कर्माणि अनेन इति विनयः ।'

કર્મને દૂર કરવાનું સાધન તે વિનય. ધર્મમાં કર્મક્ષય
તથા મોક્ષપ્રાપ્તિનો હેતુ તેનું જ નામ 'વિનય' છે.

વિનયને ધર્મનું મૂળ નહીં માનતાં
અહિંસા કે સત્યને માનીએ, તો
અભવ્યને પણ મોક્ષની પ્રાપ્તિ થઈ જવી જોઈએ,
કારણકે અભવ્યો પણ સંપૂર્ણ અહીંસક કે
નિરપવાદ સત્ય બોલનારા હોઈ શકે છે.

જે ઝાડ ફળ ન આપે તે ખેડૂતને મન ભારરૂપ છે, એ ન્યાયે
અભવ્યના અહિંસા ને સત્ય અફળ હોવાથી નિરર્થક છે.

મોક્ષપ્રાપ્તિનો હેતુ એ જ સાચો વિનય છે,
એ સિવાય વિનય છે જ નહીં !

વિનય સર્વજ્ઞના વચનને માનવાનું, મોક્ષ પ્રત્યે વફાદારી
રાખવાનું શીખવે છે. એ વફાદારીપૂર્વકની અહિંસા
અને સત્ય જ મોક્ષફળને આપનાર થાય છે.

## આજ્ઞાનું મૂળ વિનય છે.

વિનય વિનાની દયા અને વિનય વિનાના સત્કર્મના ફળ બહુ થોડાં જ કાળમાં ખવાઈ જાય છે, આથી મોક્ષસ્વરૂપ વિનય જ ધર્મનું મૂળ છે, એમ સિદ્ધ થાય. સર્વોત્કૃષ્ટ જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ માટે મોક્ષ પામવાના અભિલાષી જીવોએ આચાર્યાદિનો બરાબર વિનય કરવો. ધર્મરૂપી કલ્પવૃક્ષનું મૂળ વિનય છે અને રસ મોક્ષ છે. ક્રોધી, ગારવવાન, અવર્ણવાદી, અકૃત્યમાં તત્પર, ગુરુની આશાતને નહીં ગણનાર, અવિનયી અને અસંવિભાગી શિષ્યોને ક્લિષ્ટ અધ્યવસાયોના કારણે મોક્ષપ્રાપ્તિ નથી.

આત્માનું પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપમાં રહેવું, તે મોક્ષ.

## મોક્ષ માટે અનધિકારી કોણ ?

બધાના નામ જાણે અને પોતાનું જ નામ ભૂલી જાય, તે જીવ વ્યવહાર માટે નાલાયક ગણાય છે, તેમ આખી દુનિયાની બધી વાત જાણે પણ પોતાની જ જાતને ન જાણે, તે આત્મા મોક્ષ માટે અનધિકારી છે.

## વિનયના ૫ પ્રકાર

લોકોપચાર, અર્થ, કામ, ભય અને મોક્ષવિનય.

## મોક્ષવિનયના ૫ પ્રકાર

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક વિનય.

વિનયથી ધર્મ, કીર્તિ, શ્રુત અને નિઃશ્રેયસનો લાભ થાય.

'मुमुक्षा दम्भमात्रं ते, न ते तीव्रा मुमुक्षुता ।
तीव्रा यदि मुमुक्षा स्यान्न विलम्बो भवेदिह ॥'

અર્થ : તને તીવ્ર મુમુક્ષા કે મુક્તિની ઈચ્છા નથી, માટે તારી મુમુક્ષા માત્ર દંભ છે. જો તીવ્ર મુમુક્ષા હોય, તો એ ઈચ્છા પૂર્ણ થવામાં વિલંબ ન થાત.

સામાયિક વ્રત = સમભાવની સાધનાનું વ્રત.

સાધનાનું લક્ષ્ય કેવળ Release of suffering અને peace of mind જ નહીં, પરન્તુ આધ્યાત્મિક વિકાસ છે, જેનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે.

મોક્ષ = To be = નિરાળતા, પરમાર્થ, પૂર્ણતા.

પરપદાર્થની ઈચ્છા અને મૂર્છા છૂટી જવા, તે જ મોક્ષ.

શુદ્ધ આત્માના સ્મરણ જેવું ઉત્તમ કોઈ તીર્થ નથી.

શુદ્ધ આત્માનું સ્મરણ કરવું, તે મોક્ષવૃત્તિનું બીજ છે
અને સંસારસાગર તરવાની નાવ છે, કેમકે
તેનાથી પાપનો નિરોધ અને સંવરનું સેવન થાય છે.

જેમ પર્વતોમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ,
ધાતુઓમાં સુવર્ણ અને રત્નોમાં ચિન્તામણિ છે,
તેમ સર્વ પ્રકારના ચિન્તનોમાં જ્ઞાનસ્વરૂપ
સર્વોત્તમ શુદ્ધાત્મ ચિન્તન કર્મોનો તત્કાળ ક્ષય કરે છે.

અપુનર્બંધક અવસ્થામાં આવેલ જીવને
સ્વરૂપનું જ્ઞાન અને મોક્ષની શ્રદ્ધા હોવાથી...
(૧) તે ઘોર એવા ભવને બહુ ન માને.
(૨) તે પાપ તીવ્ર ભાવથી ન કરે અને તેથી
(3) તેને અતિદીનતા પણ ન રહે.

સ્વરૂપનું જ્ઞાન નથી, ત્યાં સુધી
મનુષ્ય પ્રકૃતિ, શરીર અને મનનો દાસ છે તથા
ત્યાં સુધી સંસારવૃક્ષ તેને આપત્તિઓનું ફળ ચખાડે છે.

બંધન કે મોક્ષ આપવાની શક્તિ જડમાં નથી.

બંધન આત્માના વિચારમાં, વિકલ્પમાં, ભાવમાં છે.
જ્યાં શુદ્ધ દ્રવ્ય દ્રવ્ય છે, ત્યાં શુદ્ધ બંધન નથી,
પરંતુ દ્રવ્ય જ્યારે ભાવની પક્કડમાં આવે છે, ત્યારે
બંધન થઈ જાય છે. ભાવથી જ બંધન અને મુક્તિ છે.

બંધન શરીરથી નથી, પરન્તુ શરીરના નિમિત્તે
મનમાં જે વિકલ્પ થાય છે, રાગ-દ્વેષના પરિણામ થાય છે,
તે વિકલ્પ કે મનઃપરિણામોના કારણે બંધન થાય છે.

અંદરના ભાવોમાં રાગ - દ્વેષની ચીકાશ નથી,
તો બાહ્ય પદાર્થોના રજકણ આત્મા ઉપર ચોંટી શકતા નથી.
આત્મા મલિન થઈ શકતો નથી. કર્મબંધનું કારણ પણ
તે જ અને કર્મમોક્ષનું કારણ પણ આત્મા જ છે.
મેઘઘટાઓ બનવામાં વિલંબ લાગે, પરન્તુ વિખરાવવામાં
અધિક સમય નથી લાગતો, તે રીતે આત્માને સ્વસ્વરૂપમાં
આવવા માટે અધિક સમય કે સંઘર્ષની અપેક્ષા નથી,
કિન્તુ વિલંબ કે સંઘર્ષ તો પરદ્રવ્ય તરફ જવામાં છે.

'सवणे णाणे य विण्णाणे पच्चक्खाणे य संजमे ।
अणण्हवे तवे चेव वोदाणे अकिरिया सिद्धी ॥'

સદ્ગતિઃ શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પચ્ચખ્ખાણ, સંયમ, અનાશ્રવ, તપ અને નિર્જરા વડે મોક્ષની સિદ્ધિ થાય છે.

જૈનાચારનું ધ્યેય મુક્તિ છે, કષાયવૃત્તિથી કર્મરજ આવે.
સકષાય પ્રવૃત્તિ એ બંધન - અકષાય પ્રવૃત્તિ તે મોક્ષ.

વીતરાગતામાં જે અનુરાગ છે,
તે ભવનું કારણ નથી, પરન્તુ મોક્ષનું કારણ છે.
એથી પુણ્યબંધ થાય, તે સમ્યગ્દર્શનમાં સાધનભૂત છે.
અપૂર્ણ પણ રત્નત્રયમાં જે શુભોપયોગ છે, તેનાથી જે કર્મબંધ થાય, તે બંધનનું નથી, કિન્તુ મોક્ષનું કારણ બને.

જ્ઞાની પુરુષ આત્મધ્યાનમાં જ મગ્ન રહે છે.
દૂધમાં પાણી અને લોઢાના ગોળામાં અગ્નિની જેમ આત્મજ્ઞાન સાથે જે એકમેક થાય છે, તે જીવ આત્માના મૂળ ગુણો પ્રકટ કરી સિદ્ધિપદ મેળવે છે, માટે આત્મજ્ઞાન અને આત્મરમણતા જ મોક્ષનો હેતુ છે.

**'સકલાર્હત્' સ્તોત્રમાં આર્હંત્ય અને મોક્ષનું માહાત્મ્ય**

સકલ અરિહંતોનું પ્રતિષ્ઠાન, સકલ સિદ્ધોનું અધિષ્ઠાન,
સ્વર્ગ, મર્ત્ય અને પાતાલનું ઈશાન એવા 'આર્હંત્ય'નું
અમે ધ્યાન કરીએ છીએ.

અહીં 'આર્હંત્ય' એટલે અરિહંતોની આજ્ઞા અથવા તો
જિનેશ્વરોનું શાસન કે જે સમગ્ર વિશ્વ ઉપર
પોતાનું સ્વામિત્વ - આધિપત્ય ધરાવે છે તે.

**આર્હંત્ય સર્વ અરિહંતોમાં રહેલું છે અને
મોક્ષલક્ષ્મી આર્હંત્યમાં રહેલી છે.**

આર્હંત્યમાં ત્રણ ભુવનનું સ્વામિત્વ છે.
આર્હંત્ય એટલે 'સવ્વે જીવા ન હન્તવ્વા ।'
અર્થાત્ પ્રભુની આજ્ઞા અર્થાત્ અહિંસા.
વિશ્વનિયામક તત્ત્વ = અહિંસા સંયમ અને તપ.
અહિંસા માટે તપ અને સંયમની આવશ્યકતા છે, તેથી
અહિંસા, સંયમ અને તપ એ જ આર્હંત્ય છે.
તે સર્વનું હિત કરે છે, મંગલ કરે છે, શિવ કરે છે.

'अर्हत्सिद्धश्रुताचार्यसंघादीनां सुभक्तितः ।
शुक्लध्यानाच्च गच्छन्ति मानवाः पंचमी गतिम् ॥'

અર્થ: અરિહંત, સિદ્ધ, શ્રુતજ્ઞાન, આચાર્ય, સંઘ
વગેરેની સારી રીતે ભક્તિ કરવાથી અને
શુક્લ ધ્યાનથી માનવો મોક્ષમાં જાય છે.

<u>મોક્ષ માટે બુધ પુરુષોએ કરવા લાયક ૯ પ્રકારના કૃત્યો:</u>

'भक्तिर्भूरि गुणालये जिनपतौ, रक्तिस्तदुक्तागमे,
सक्तिः सद्गुरुपदुपासनविधौ, मैत्री परप्राणिषु,
सद्दाने च मतिर्गुणार्जन - रतिः, शिष्टै सदा संगतिः;
सर्वस्योपकृतिः कुकर्मविरतिः, कार्या बुधैः सर्वदा ॥'

: અર્થ :

(૧) જિનપતિને વિષેની ભક્તિ (૨) જિનાગમને વિષે રક્તિ
(૩) સદ્ગુરુસેવાને વિષે સક્તિ (૪) પરપ્રાણીને વિષે મૈત્રી
(૫) સુપાત્રદાનને વિષે મતિ (૬) ગુણોપાર્જન વિષે રતિ
(૭) શિષ્ટ પુરુષને વિષે સંગતિ (૮) કુકર્મને વિષે વિરતિ
(૯) સર્વ જીવોને વિષે ઉપકૃતિ.

મોક્ષ બધાનો એકસરખો છતાં મોક્ષ થવા પૂર્વે
તીર્થંકર - ગણધર - સામાન્ય કેવળી, એવો ભેદ કેમ ?

સર્વ જીવોના હિતના પરિણામ તો સંયમ ગુણઠાણે સર્વને હોય પરંતુ તેમાં મંદ-મધ્યમ-તીવ્ર એમ વિચિત્રતા હોય, એથી સામગ્રી તદનુસાર મળે. તીર્થંકર દેવો સર્વશ્રેષ્ઠ હોવાથી તેમને સામગ્રી તથા ભાવના - બંને પ્રબળ હોય.

મધ્યમ અથવા મંદ પરિણામવાળાને

'સર્વ જીવોનું હિત થાઓ' એવી ભાવના હોય, એમાં ગણધર ભગવંતોની ભાવના વિશિષ્ટ હોવાથી સામગ્રી વિશિષ્ટ મળે તથા સ્વપરને તારવાનો ભાવ જાગે. એથી સ્વજન-સંબંધી-મિત્રાદિ કે અમુક ગામ-નગર-દેશ, કુળ તારવાની ભાવના પ્રગટે, એના પરિણામે એટલી સામગ્રી મળે અને એ પ્રમાણમાં પ્રયત્ન કરવાથી તેઓ ગણધર બની શકે.

મંદભાવનાવાળાને સ્વયં તરવાનો પ્રયત્ન થાય, તેટલી જ સામગ્રી મળે, તે પોતાનું હિત કરવા પૂરતો ઉદ્યમ કરે.

આમ સર્વ જીવોના હિતાશયનો પરિણામ સર્વને હોવા છતાં
આ પરિણામમાં તારતમ્ય - વિચિત્રતા હોવાના કારણે
એ પ્રમાણમાં તીર્થંકર, ગણધર કે મુંડ કેવળી બને.

આ વિચિત્રતાનું કારણ પણ અનાદિ
તથાવિધ વિચિત્ર તથાભવ્યત્વ હોય અર્થાત્
જીવોની અનાદિ યોગ્યતામાં જ આવું તારતમ્ય હોય છે,
તેથી તેટલા પ્રમાણમાં વિકાસ થાય અને
તેવી તેવી પ્રયત્ન કરી શકે, તેવી સામગ્રી મળે છે.
પરિણામે મોક્ષ બધાનો એકસરખો છતાં મોક્ષ થવા પૂર્વે
તીર્થંકર - ગણધર - સામાન્ય કેવળી પદો લેઈ પડે છે.

આધ્યાત્મિક જીવનની પ્રકૃતિ મોક્ષપુરુષાર્થમાં રહેલી છે.
મોક્ષપુરુષાર્થ એટલે... સર્વ સંબંધોનાં બંધનો છોડીને
આધ્યાત્મિક વૃત્તિથી ફળની પ્રાપ્તિ કરવી તે.

ગર્ભાધાનથી માંડીને મરણ પર્યંતના સંસ્કારો
બધી ક્રિયાઓને ધાર્મિક રંગથી રંગી ઉચ્ચ રૂપ, કે જે
મોક્ષને સાથે જોડવાનો છે, એ માટે આશ્રમ વ્યવસ્થા છે.

'હું જિનભાષિત કહું છું.'

આમ સુધર્મસ્વામી કહે છે, તેનું કારણ શું ?

તેનું કારણ ગૌતમસ્વામી કેવળી થઈ ગયાં હતાં અને
બાકી નવ ગણધરો તે પૂર્વે નિર્વાણ પામી ગયાં હતાં.

'જિનભાષિત' શબ્દ કહેવા દ્વારા
અપૌરુષેયવાદ અને ધ્વનિવાદનો નિરાસ થાય છે.

'તથ્ય વચન' એટલે સત્યનું વર્ણન કરનારી વાણી,
અસત્ ખર શૃંગનું નહીં. વળી વસ્તુ જેવા સ્વરૂપવાળી
હોય, તેવા સ્વરૂપે તેનું વર્ણન કરનારી વાણી, જેમ કે:
અગ્નિ ઉષ્ણ છે - 'અગ્નિ શીત છે' એમ નહીં.
તેમ મોક્ષ અને મોક્ષમાર્ગ એ સત્ય છે.

અગ્નિની ઉષ્ણતાના કથનની જેમ તથા ગોશૃંગની જેમ
મોક્ષ અને મોક્ષમાર્ગ એ અબાધિત સ્વસ્વરૂપ છે.

શુભ ભાવપૂર્વક સુગતિ વગેરે પુણ્યાઈ મળે,
યાવત્ મોક્ષ મળે, એમાં તો સુતરાં પ્રભુની કરુણા છે,
ભગવાનની શક્તિનો અચિન્ત્ય પ્રભાવ છે.

## જિનવચનમાં શેની ઓળખાણ ?

જિનવચનમાં જીવની, કર્મની, ભવભ્રમણની, તેનાં કારણોની, મોક્ષની, મોક્ષના ઉપાયની સાચી ઓળખાણ છે. તેમાં નય - નિક્ષેપ - ભંગ - પ્રમાણનું યથાર્થ જ્ઞાન છે.

## જિનેશ્વરો પ્રત્યે કેવી રીતે પ્રીતિ કેળવાય ?

જે ધર્મ આપણે કરીએ છીએ, તે ધર્મ જેણે કહ્યો છે, કર્યો છે અને કરે છે, તે સૌ પ્રત્યે આંતરિક બહુમાન -પ્રીતિપૂર્વક થતો ધર્મ સુપ્રણિધાનપૂર્વક થયો ગણાય છે. ધર્મમાં અત્યંત ઉપાદેયપણાંની બુદ્ધિનું એ લિંગ છે. જીવનો નિસ્તાર પ્રભુ થકી જ છે. આરાધનાર્થે સર્વદા શ્રી જિનેશ્વર ભગવાનનાં વચન જ પ્રમાણભૂત છે.

સમ્યક્ત્વમાં જિનાજ્ઞાનો સંપૂર્ણ સ્વીકાર છે.

જિનવચન એ જ અર્થ, પરમાર્થ. શેષ અર્થો અનર્થ છે. એ જ ઇષ્ટ, પરમ ઇષ્ટ, શેષ અનિષ્ટ તથા અહિત છે. આજ્ઞારાધનના પરિણામમાં કૃતજ્ઞતા છે, બધા જ્ઞાનનું મૂળ જિનવચન છે, તેથી જિનેશ્વરો પ્રત્યે પ્રીતિ કેળવાય.

## સાચો ધર્મ અને મોક્ષગામી ક્રિયા ?

ઇચ્છારહિત થવાની ઇચ્છાના ધ્યેયથી

ઇચ્છારહિત દેવની - મૂર્છારહિત ગુરુની ઉપાસનાપૂર્વક ઇચ્છારહિત થવાના પદને પામવાની ઇચ્છાથી જે દાન આપે છે, શીલ પાળે છે, તપ કરે છે અને ભાવ સેવે છે, તેવો ધર્મ જ સાચો ધર્મ અને મોક્ષગામી છે.

સત્ય સંકલ્પ - મુનિઓ એટલે જેમનો સંકલ્પ સત્ય છે, તેવા મુનિવરો. સંકલ્પ એટલે ઇચ્છા, તેને સિદ્ધ કરવાની શક્તિ જેમનામાં છે, તે ઋષિ - મુનિઓ. ઇચ્છાને સિદ્ધ કરવાની શક્તિ જે મુનિવરોમાં રહેલી છે, તે મુનિઓ 'સત્ય સંકલ્પવાળા મુનિઓ' કહેવાય છે.

'જૈન માર્ગ આરાધક - બંધથી ડરનારો અને સંવર-નિર્જરાનો ખપી તથા મોક્ષની અભિલાષાવાળો હોય' તેનો અર્થ તે અરિહંત - સિદ્ધ - સાધુ અને ધર્મરૂપી મંગળને માનનારો હોય. જે સાધક સ્વપુણ્યથી મળેલું પણ ભોગવે નહીં, તેને તપધર્મની આરાધના થાય છે.

જેણે આત્માને ઓળખ્યો,

એણે દર્શનમાં મોક્ષ આવાને મળ્યો સમજો.

મોક્ષની આશા કે આકાંક્ષા પણ ઘણીવાર

નિરાશાને ઢાંકવા માટેનું ઢાંકણ કે જૂની દિલસુખી હોય છે.
શરણાગતિ મોક્ષોપાય નથી, ઈશ્વર સ્વયં મોક્ષોપાય છે.
શરણાગતિમાં મોક્ષનો ઉપાય સાક્ષાત ભગવાન છે,

જ્યારે ભક્તિમાં ભગવાન પરંપરાએ છે.

ભક્તિ તે સંયોગ છે અને વૈરાગ્ય એ નિર્વેદ છે.
મોક્ષસાધનરૂપ વેદન યા વિદ્યા શબ્દમાત્ર નથી, પરન્તુ
ઉપાસના, નિદિધ્યાસનાદિ શબ્દવાચ્ય ધ્યાનરૂપ જ્ઞાન છે.

તેનું જ નામ બ્રહ્મવિદ્યા યા મોક્ષસાધન છે.

વિદ્યા, વેદન, ભક્તિ, શરણાગતિ – એક જ વસ્તુ છે.
તેને જ ધ્યાન – ઉપાસન – નિદિધ્યાસન પણ કહે છે.
નામાક્ષરરૂપ બ્રહ્મ મોક્ષનું સાધન છે, કેમકે તે કુંભકજ્ઞાન
-રૂપ ઉપકાર કરે છે. આવા સ્ફુરણાદિ સર્વ ક્રિયાઓ

સદ્રૂપ થઈ સિદ્ધિ આને મોક્ષને આપે છે.

શુદ્ધ આત્માનું સ્વરૂપ તે મોક્ષવૃક્ષનું બીજ,
સંસારસમુદ્ર તરવાની નાવ અને સર્વોત્તમ તીર્થ છે.

જેમજેમ નિર્મળતા, સ્થિરતા, તન્મયતા વધતી જાય,
તેમ તેમ અસંખ્ય - અસંખ્ય કર્મની નિર્જરા દ્વારા
જીવ મોક્ષસુખનો અધિકારી થાય છે.

ભેદકમાં અને બુદ્ધિમાં
અનાદિ સમાનતાને જોવા, તે મોક્ષનો ઉપાય છે.

સાધુભક્તિ, જિનપૂજા, દાનાદિ ધર્મનું સેવન,
પર્વાદિનું આરાધન, તીર્થયાત્રા આદિનું પરિભ્રમણ વગેરે
મોક્ષના જ હેતુથી કરવાનું હોય છે અને તે દ્વારા
શુભાસ્રવ, સંવર અને નિર્જરાના લાભ સાથે મોક્ષના
અનંતર કારણસ્વરૂપ ઉત્તમ જ્ઞાનાદિ
ધર્મોની પ્રાપ્તિ થાય છે અને મોક્ષ નિકટ આવે છે.

ધર્મપ્રેમ = કર્મભાર. મોક્ષઇચ્છા = ભવભ્રમણનો વિરાગ.
મોક્ષ એટલે શુદ્ધ આત્માની પ્રાપ્તિ. અરિહંતદેવમાં કૃપા
અનંત છે, માટે દેવ ઉપર ભક્તિ અનંત જોઈએ.

મોક્ષની આરાધના સુનયનો આશ્રય લેવાથી થઈ શકે છે.

સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી, તે મોક્ષ છે.

જ્યાં સુધી સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય,
ત્યાં સુધી ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો.

'કાંકરે કાંકરે અનંતા જીવો મોક્ષે ગયાં છે,
માટે શત્રુંજય ગિરિરાજ પવિત્ર છે'
આમ કહેવાને બદલે આમ કહેવું વધુ યોગ્ય છે કે:
'આઠ રૂચક પ્રદેશોની જેમ ગિરિરાજ સ્વતઃ પવિત્ર છે,
માટે પ્રત્યેક કાંકરે કાંકરે અનંતા જીવો મોક્ષમાં ગયાં છે.'

મોક્ષ = ઇન્દ્રલોકે નહીં પણ બંધાભાવ અને અચલગતિ.
બંધાભાવ = કર્મબંધનો અભાવ.

લૌકિકમાં ચિત્તના સ્વાસ્થ્યને 'સુખ' કહેવાય છે તથા,
લોકોત્તરમાં મોક્ષને 'સુખ' કહેવાય છે.

બન્ને પ્રકારનાં - ચિત્તસ્વાસ્થ્યજન્ય અને મોક્ષજન્ય
સુખને ઇચ્છવામાં ધર્મને કોઈ પણ બાધ પહોંચતો નથી.

પુણ્યાનુબંધી પુણ્યકર્મ તે મોક્ષનું અવંધ્ય બીજ છે.

દ્રવ્યઅનુષ્ઠાન = બિન્દુ, સાનુગામિક દયાભાવ = સિંધુ.
સદ્ગુણોમાં પ્રધાન એવી દયા ચરમાવર્તે પ્રાપ્ત કરાવે છે.

ધર્મનાં બધાં જ આલંબનોને સાથે હાજર કરનાર, બધી અવસ્થાઓમાં માતાની જેમ પાલન કરનાર, રસાયણની જેમ પુષ્ટ કરનાર, મોક્ષનું અવંધ્ય કારણ અને મોક્ષ પછી પણ સૌને મોક્ષ તરફ આકર્ષિત કરાવનાર 'દયા' છે.

હૃદયમાં દયાને જગાડવી, તે પંચપરમેષ્ઠિનો અનુગ્રહ છે, કૃતકૃત્ય હોવા છતાં જીવોમાં દયા ઉત્પન્ન કરે છે.

મોક્ષ = પ્રેમ, તેમાં પ્રવેશનો દરવાજો એ દયા છે.

મોક્ષપર્યંત જીવોને પહોંચાડવાનું સામર્થ્ય દયાધર્મમાં છે.

દયાભાવ જ સર્વનો આત્મા છે.

તે ત્રિભુવનમાં જીવોના અંતરાત્મામાં ભળી જાય છે.

'દયાનો ભાવ એ તાત્ત્વિક અને તાત્કાલિક મોક્ષ છે, મોક્ષસુખનું રસાસ્વાદન કરાવનાર છે.' આ સૂક્ષ્મ વિચાર સમજાઈ જાય, તો ધર્મનું હૃદય હસ્તગત થયું કહેવાય.

દયા મોક્ષપર્યંતના બધાં જ સુખોનું મૂળ બને છે.

મોક્ષની ઉતાવળ નહિ પ્રકૃતિ પ્રગટ થવાની છે.

સિદ્ધશિલા એ વિશ્વનું સૌથી મોટું ગ્રન્થાલય છે.

જીવનો મૂળ સ્વભાવ છે જીવને અભય આપવો તે.

એટલે જ પૂરેપૂરા અભયની સ્થિતિ પ્રકૃતિ મોક્ષ

સિવાય તે એક ઘડીભરે ય જંપીને બેસી શકાશે નહિ.

જીવને શત્રુભૂત 'ભવ' એટલે

૫ ઇંદ્રિયોના વિષયો તથા ક્રોધ, માન વિ. ૪ કષાયો.

તેને નિવારવા જ પ્રભુએ સામાયિક ધર્મને ઉપદેશ્યો છે

અને તે એક જ ધર્મ મોક્ષનો ઉપાય છે, એમ કહ્યું છે.

દયા એ ધર્મનું મૂળ, રત્નાકર સ્વરૂપ અને

સર્વ જીવોને સુખકર હોઈ અમૃતકુંભ છે.

અહિંસા એટલે દયા, અનેકાન્ત એટલે સત્ય તથા

ક્ષમાપર્વ એટલે વિશ્વને ક્ષમાદાન દેવું.

અહં - મમત્વ મોક્ષ, મન - બુદ્ધિની મર્યાદામાંથી છૂટકારો,

દયા - ક્ષમાધર્મનું પાલન, તેથી પ્રાપ્ત થતી એકતા અને

સર્વ જીવો સાથે સમાનતાનો ભાવ એટલે મોક્ષ.

## ક્ષમાવાનને યશ, સ્વર્ગ અને મોક્ષ પણ મળી શકે.

આ જીવે આરાધન અને મહિના કલ્યાણે
સર્વ જીવોના અપરાધ અનંત કાળથી કર્યા છે, તેના
ક્ષમાપના ન થાય, ત્યાં સુધી કર્મબંધથી મુક્ત ન થવાય.
ક્ષમાપના સાથે તે જીવો પ્રતિ ક્ષમા આપી, એવા નમ્ર ભાવે
પ્રાર્થના કરવી જોઈએ, તેથી તે જીવો ય કર્મબંધથી અટકે.
ક્ષમા = મોક્ષનો લક્ષ્ય દરવાજો. ક્ષમાપના દ્વારા શુદ્ધ થયે
તે જીવોનું શક્તિ મુજબ હિતકાર્ય કરવું જ જોઈએ.
નિ:સ્વાર્થ ભાવે ઉપકારીઓએ જેમ ઉપકાર કર્યા,
તેમ તેવા જ નિ:સ્વાર્થ ભાવે સ્વશક્તિને ગોપવ્યા
વિના સર્વ જીવોની ઉપર ઉપકાર કરવો જ જોઈએ.

તેમ કરવા છતાં જો જીવો ન સમજે અને
આરાધન - મહિના આવરણરૂપ અપકાર કરે, પીડા આપે,
ઉપસર્ગ કરે અથવા મોક્ષની સાધનામાં વિઘ્ન નાંખે,
તો પણ તેમના પ્રત્યે ક્રોધ કે વેરની લાગણી ન રાખે,
તો જ કર્મબંધથી સર્વથા છૂટાય તથા આ જ 'મોક્ષમાર્ગ' છે.

## મોક્ષાર્થી જીવે શું શું કરવું ?

મોક્ષના અર્થી જીવોએ તપ, સંયમ, ધ્યાન કરી
સમિતિ - ગુપ્તિ શુદ્ધ ક્રિયા ઈત્યાદિ પાળવા જોઈએ,
સર્વ જીવોની હિંસા વર્જવી જોઈએ તથા
ઉપાદેય પણ આસક્તિ ન ભોગવવું જોઈએ... અને પછી
મોક્ષસુખ પામાશે, ત્યાં સુધી અંશે ધર્મવૃદ્ધિ પામતાં
પામતાં પૂર્ણ ધર્મ ચૌદમા ગુણસ્થાનકના છેલ્લે સમયે હોય.

મુમુક્ષુતા એટલે મોક્ષની ઈચ્છા.

જેમ જળની બહાર પડેલું માછલું
જળમાં જવા અત્યંત તરફડે અને અગ્નિમાં સપડાયેલું
પક્ષી તેમાંથી છૂટવા અત્યંત પ્રયાસ કરે, તેમ
મોક્ષાર્થી જીવ માયામાંથી મુક્ત થવા સતત પ્રયાસ કરે.
ભારવાહક ભાર તજીને હળવો થાય, તેમ અતિચાર
આલોચતાં જન્મદોષ જાય ત્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે.
માત્ર વંદનથી પણ શ્રેણિક તથા શીતલાચાર્યની જેમ
સમ્યક્ત્વ, કેવળજ્ઞાન અને પ્રાંતે મોક્ષ મળે.

# સાક્ષાત્કાર = મુક્તિનો પરમ માર્ગ.

આત્મસાક્ષાત્કાર = સ્વનો સુખ - દુઃખનો સાક્ષાત્કાર.
પરમાત્મસાક્ષાત્કાર = યોગક્ષેમાર્થે ભગવાન સદા હાજર છે,
એવો સાક્ષાત્કાર કરવો તે.
ઉભય પ્રકારનો સાક્ષાત્કાર થવો, એ મુક્તિનો પરમ માર્ગ છે.
જીહ્વાથી જાપ ૧ વર્ષ, કંઠથી જાપ ૨ વર્ષ,
હૃદયથી ૨ વર્ષ, નાભિથી ૭ વર્ષ, એમ કુલ ૧૨ વર્ષ
સુધી સતત જાપ કરવાથી મનુષ્ય મોક્ષસ્વરૂપ થાય છે
અને એને આત્મસાક્ષાત્કાર થાય છે.
તે માટે એક વખત ભોજન, અલ્પનિદ્રા, સાધના ગુપ્ત,
ભૂમિશયન, મૌન અને એકાન્તવાસ રાખવું જરૂરી છે.
સત્યવ્રતાથી, પ્રમાદત્યાગથી, વૃદ્ધ મુરબ્બીઓની સેવા કરવાથી,
બુદ્ધિને નિર્મળ કરવાથી, ઈંદ્રિયોને જીતવાથી અને
ઈશ્વરસ્વરૂપ એવા પ્રાણીમાત્રમાં સદ્ભાવના રાખવાથી
માનવને અવિનાશી એવા આત્મતત્વનો સાક્ષાત્કાર થાય છે,
તેથી પ્રાન્તે મોક્ષપદ પ્રાપ્ત થાય છે.

## મોક્ષે જવું એ પહેલું શ્રેષ્ઠ અનુષ્ઠાન છે.

'ध्यानमूलं गुरोर्मूर्तिः, पूजामूलं गुरोः पदम् ।
मंत्रमूलं गुरोर्वाक्यम्, मोक्षमूलं गुरोः कृपा ॥'

પ્રીતિ તથા ભક્તિઅનુષ્ઠાન અભ્યુદયસાધક છે અને વચનાનુષ્ઠાન મોક્ષસાધક છે. ચિત્તશુદ્ધિ માટે જ તે કરવા. મોક્ષ માટે ધ્યાનસિદ્ધિ તથા ધ્યાનસિદ્ધિ માટે મનઃપ્રસાદ, જે શુદ્ધ એવા અહિંસાદિ અનુષ્ઠાનથી સાધી શકાય છે. જે જે અનુષ્ઠાનો રાગ-દ્વેષ-મોહરૂપ વ્યાધિઓનો નાશ કરનારા થાય છે, જે અનુષ્ઠાન ચિત્તને મલીન કરનાર-મોક્ષને રોકનાર હોય, તે કરનાર મુનિ હોય કે શ્રાવક, પરન્તુ તે અનુષ્ઠાન જિનમતથી બાહેર છે.

## કયા અનુષ્ઠાનો ભવભ્રમણનો હેતુ ?

જિનાગમ તથા જિનોક્ત અનુષ્ઠાનોનું આલંબન જ્યારે લેવામાં આવે છે, ત્યારે તે મોક્ષફલપ્રદ બને છે, અન્યથા સંમૂર્છિમ ક્રિયા કે લોભ-ક્રોધ ક્રિયારૂપ બની તે અનુષ્ઠાનો ભવભ્રમણનો હેતુ થઈ જાય છે.

મનથી સર્વનું હિત ઇચ્છવું = 'શિવમસ્તુ સર્વ જગતઃ ।'

'મોક્ષાર્થી જીવ કોઈનું અહિત ચિંતવે નહીં.'

એ વાક્યમાં અર્થાપત્તિથી સર્વનું હિત ચિંતવે,

કેમકે તે વિના મોક્ષાર્થીપણું ટકે નહીં.

'મારો આત્મા મોક્ષે જાય,

પછી સંસારમાં સર્વ જીવને હું પીડા આપતો અટકું.'

એ વિચારમાં જીવોનું પોતાનાથી થતું અહિત અટકાવવાનો

વિચાર હોવા છતાં પણ બાકી સર્વ જીવોથી પરસ્પર

અહિત થઈ રહ્યું છે, તેને અટકાવવાનો વિચાર નથી.

'ન નિષિદ્ધં અનુમતં ।' એ ન્યાયે

બાકીઓ વડે થતું અહિત અટકે, એ વિચારના અભાવે

બાકીઓ વડે થતાં અહિતની અનુમતિ ઊભી જ છે.

તેનાથી બચવા માટે એ ભાવ આવશ્યક છે કે:

'પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ ।'

જે જીવો પરહિતથી અટકી જ ગયા, તેના અનુમોદનાર્થે

'દોષાઃ પ્રયાન્તુ નાશં ।' ભાવની પણ આવશ્યકતા છે.

<u>મુક્તિમાર્ગ શેના ત્રિવેણી સંગમ થકી બને?</u>

'શિવમસ્તુ સર્વ જગતઃ ।'

એ ભાવનાથી માર્ગાનુસારિતાનો પ્રારંભ થાય છે અને
પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાથી
સિદ્ધત્વની આગળની ભાવના પુષ્ટ થાય છે.

પાયામાં માર્ગાનુસારિતા, ધ્યેયમાં પરમેષ્ઠિ પદ અને
આચરણમાં પોતાની ભૂમિકાને યોગ્ય શ્રાવકપણું યા
સાધુપણું, એ ત્રણેનો સમાગમ થવાથી મુક્તિમાર્ગ બને.

<u>આખા વિશ્વ સાથે પોતે ઓતપ્રોત - તદાકાર - એકાકાર છે,
એવો ફક્ત નિશ્ચય નહીં, કિન્તુ અનુભવ થવો, તે મુક્તિ.</u>

દોષાવરણોનો નિઃશેષ નાશ જ મુક્તિ છે.

મુક્તિની ઇચ્છા એ મોટો યોગ છે.

મુક્તિની ઇચ્છા વડે જ અમૃતક્રિયાનો યોગ થાય છે.

પરમાત્મા પોતે સંકોચથી જીવાત્મા બને છે અને
જીવાત્મા પોતે વિકાસથી પરમાત્મા બને છે.

વસ્તુતઃ ઈશ્વરનું અત્યંત મર્યાદિત સ્વરૂપ તે જીવ છે.

'મુક્તિ' એટલે આત્માની પોતાની સ્વતંત્રતા.

મુક્તિ = મનની ક્રિયા રોકવાથી જે સક્રિયતા વધી જાય તે.

મુક્તિના પરમ ઉપાય

'મારી પવિત્ર દશા, તે હું જ કરું,
તેને કોઈની મદદ વગર હું જ, મારી શક્તિથી જ કરું છું.'
આવો પોતાનો સ્વભાવ, તેના શ્રદ્ધાનું જોર,
તે ઉપાદાન દૃષ્ટિ છે અને તે જ મુક્તિનો ઉપાય છે.

સ્વતઃ શુદ્ધ અને સમસ્ત પ્રકારે પરિપૂર્ણ એવા
આત્મસ્વભાવની રુચિ અને તેનો જ અખંડ વિશ્વાસ,
તેનું જ એક લક્ષ અને તેનો જ એક આશ્રય,
એ સમ્યગ્દર્શન અને એ જ મુક્તિનો પરમ ઉપાય છે.

કેવળ જ્ઞાતાભાવ તથા દૃષ્ટાભાવ અવશેષ રહે,
એ જ મુક્તિ છે - જીવનમુક્તિનો રસાસ્વાદ છે.

મોક્ષપ્રાપ્તિના અન્ય ત્રણ ઉપાય : જ્ઞાન, ઇચ્છા, કૃતિ.

જ્ઞાન ગુરુ છે, દુર્દાન્ત ઇચ્છાશક્તિનો વિવેકશક્તિ સાથે
સુમેળ થાય, તેને સહાયપ્રવર્તી કૃતિ કહે છે.

મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે રોજની કુલ ૨૦ માળા:

'સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ ।' તથા
'નમોત્થુણં'ની ૯ સંપદાઓની એક એક માળા ગણવી.

મોક્ષનો ઉપાય : સમ્યગ્ દ. જ્ઞા. ચા.

પોતાના આત્માનો નિશ્ચય થવો, તે સમ્યગ્દર્શન છે,
પોતાના આત્માનું જ્ઞાન થવું, તે સમ્યગ્જ્ઞાન છે અને
એમાં જ સ્થિર થઈ જવું, તે સમ્યક્ચારિત્ર છે.
મોક્ષગામી મહાનુભાવોએ પોતાના પ્રાણને તજ્યાં છે,
પરંતુ સ્વાત્માના ધ્યાનરૂપ મોક્ષના ઉપાયને તજ્યો નથી.
સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવને આત્મા જ અત્યંત ઉપાદેય છે.
મોક્ષસાધનામાં સરખી રીતિએ સામર્થ્ય ધરાવતાં એવા
જ્ઞાન - દર્શન - ચારિત્રગુણોનો જે ગણ, તે સામાયિક.
સમ્યગ્ જ્ઞાનનું સાધન છે 'અનેકાન્ત' તથા
સમ્યક્ પ્રવૃત્તિનું સાધન છે 'એકાન્ત'.
અનેકાન્તથી માર્ગનો નિશ્ચય કરી
અર્હંતના સન્માર્ગમાં પ્રવૃત્તિ કરવી, તે મુક્તિનો ઉપાય.

## મુક્તિના ૪ પ્રકારો

(a) સાલોક્ય (b) સામીપ્ય (c) સારૂપ્ય (d) સાયુજ્ય.

પ્રભુની આકૃતિના દર્શનથી સાલોક્યમુક્તિ,
પ્રભુનું નામગ્રહણ કરવાથી સામીપ્યમુક્તિ,
પ્રભુના આત્મદ્રવ્યચિન્તનથી સારૂપ્યમુક્તિ અને
પ્રભુભક્તમાં તન્મય થવાથી સાયુજ્યમુક્તિ પ્રાપ્ત થાય છે.
આ ચારે પ્રકારની મુક્તિ 'માનમુક્તિ'ના પદચિહ્નરૂપ મુક્તિ છે.
માનમુક્તિથી અન્ય કષાયોની મુક્તિ સુલભ બને છે.

## મુક્તિની ઇચ્છા મોટો રોગ છે.

ક્રોધ - માન - માયા તથા લોભ દોષ છે,
માટે તેનો નિઃશેષ નાશ તે જ મુક્તિ છે.
સર્વ શત્રુઓનો ક્ષય, સર્વ વ્યાધિઓનો વિલય,
અર્થનો સંયોગ અને ઇચ્છાઓની પૂર્તિ દ્વારા
જે સુખ થાય, તેનાથી અનંતગણું સુખ મુક્તિમાં છે.
સર્વવ્યાપીને બંધ અને મોક્ષતત્ત્વ ન ઘટે.
મોક્ષતત્ત્વની શ્રદ્ધાવાળાને જ ધર્મમાં મન સ્થિર રહે.

# મુક્તિના વિવિધ પ્રકારો

મુખ્ય બે પ્રકાર: આંતિમ મુક્તિ અને કર્મથી મુક્તિ.

ક્રમશઃ જોઈએ પહેલા મુક્તિ નિગોદમાંથી,
બીજી એકેન્દ્રિય - વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયમાંથી,
ત્રીજી આર્તધ્યાનમાંથી, ચોથી મુક્તિ અજ્ઞાનમાંથી તથા છેલ્લી
જન્મ - મરણના કારણભૂત કર્મથી છૂટવાની હોય છે.

પ્રારંભિક મુક્તિ હૃદયગ્રંથીનો મોક્ષ છે.

અજ્ઞાનનો સ્વીકાર એ આર્તધ્યાનમાંથી મુક્તિ છે અને
અજ્ઞાનનું નિવારણ એ અજ્ઞાનમાંથી મુક્તિ છે.

ભક્તોને એટલું ચોક્કસ જ્ઞાન હોય છે કે:

'ધ્યાનમુક્તિનો પર્યાય ભક્તિ છે, તે ન થાય, ત્યાં સુધી કર્મમુક્તિ અશક્ય છે' એવા જ્ઞાન ઉપરાંત 'ધ્યાનમુક્તિ થયા બાદ વહેલા - મોડાં પણ કર્મમુક્તિ થવાની જ છે'.

દેવતત્ત્વ = મોક્ષસ્વરૂપ, ગુરુતત્ત્વ = મોક્ષમાર્ગરૂપ અને
ધર્મતત્ત્વ એ મોક્ષને પામેલા અને મોક્ષમાર્ગ ઉપર રહેલા
પુરુષોના ગુણગાન સ્વરૂપ હોવાથી ધર્મતત્ત્વરૂપ છે.

## મુક્તિ કે શાંતિનું સ્વરૂપ

'મુક્તિ' એટલે મૃત્યુનું મૃત્યુ પણ જીવનનું મરણ નહીં.
મુક્તિની શાંત ભૂમિકા ઉપર અખંડ સત્કર્મ ચાલે છે.
નિવૃત્તિ, મુક્તિ કે શાંતિ સમાર્થક છે.
જીવનનો, સત્કર્મનો કે ઇચ્છાશક્તિ (વાયગ્રહ)નો
આત્યંતિક નાશ એટલે શાંતિનું
શૂન્યાત્મક સ્વરૂપ નહીં પણ અનંતાત્મક સ્વરૂપ છે.
આકાશને શૂન્યની સંજ્ઞા છે, છતાં તે અનંત છે.

મુક્તિનું તાત્પર્ય છે: પોતાપણું મટી જવું.

'મુક્તિ' એટલે અહંકારશૂન્ય થઈ પોતાને ભૂલી જવું,
બિન્દુનું સિંધુમાં વિલીન થવું તથા નદીનું સમુદ્રમાં ભળવું.
જ્યાં સુધી આનંદ ભોગવવાની ઇચ્છા છે,
ત્યાં સુધી આપણી વાસના અને અહંકાર મટ્યાં નથી.
દક્ષિણ દિશા તરફ જુઓ...
જડ સૃષ્ટિ અપાર, અનંત, અસીમ છે, પરન્તુ ચેતનની
સામે વિશાળ દુનિયા અગ્નિની સામે કાષ્ઠના ઢગ સમાન છે.

મુક્તિ = જીવના અખંડ સચ્ચિદાનંદ સ્વરૂપનો અનુભવ.

મુક્તિમાં ગયા બાદ જ સર્વદા, પરાર્થસ્પૃહા શક્ય છે.

પરાર્થસ્પૃહાના હેતુથી જ મુક્તિ અને તેવા
વિશિષ્ટ હેતુથી જ તેના કારણરૂપ ભાગવતી પ્રવ્રજ્યા છે.
બોધ દીક્ષા લેવા દુષ્પ્રતિકાર ઉપકારનો પ્રત્યુપકાર કરવા માટે
અનિવાર્ય છે, તેમ જીવોના ઉપકારનો પ્રત્યુપકાર બીજી
કોઈ રીતે થઈ શકે તેમ ન હોવાથી મુક્તિ મેળવવા જોઈએ.
મુક્તિમાં ગયા બાદ જ અકૃત્રિમ કૃતકૃત્ય થયાં બાદ જ
સર્વ જીવોના ઉપકારનો પ્રત્યુપકાર થઈ શકે છે.
કૃતજ્ઞતાને સમજનાર માટે બોધ દીક્ષા અનિવાર્ય છે,
તેમ દીક્ષાનું ફળ પરિપૂર્ણ મુક્તિ છે,
તે મેળવવા પણ અનિવાર્ય કર્તવ્યરૂપ થઈ પડે છે.
સમસ્ત જીવરાશિના ઉપકાર તળે આવવાને જ
જીવ મુક્તિમાર્ગમાં આગળ વધે છે.
તત્ત્વદૃષ્ટિએ જોતાં એ જ મુક્તિનો માર્ગ છે,
એ જ ચારિત્ર અને યોગબળ અને એથી જ મુક્તિ છે.

## મુક્તિમાર્ગના ૩ દ્વાર: સમ્યગ્જ્ઞાન - સ. દર્શન - સ. ચારિત્ર

પોતાનો આત્મા મુક્તિમાર્ગ માટે લાયક છે કે કેમ, એનું ખરેખરું જ્ઞાન તો 'તે પોતે કૃતજ્ઞતા ગુણનો સ્વામી છે કે નહીં?' તે જ્ઞાન ઉપર આધાર રાખે. જો કૃતજ્ઞતા ગુણ ઉપર પોતે વિજય મેળવી શક્યો નથી, તો પોતે નવીન ગુણોનું પાત્ર કે ભાજન બની શકે તેમ નથી, એવું સચોટ જ્ઞાન વિશિષ્ટ નિપુણમતિ વિના ન આવી શકે. મન, નિર્ણય કરવા માટે બુદ્ધિ અને એ નિર્ણયને યાદ રાખવા અંતઃકરણ મળ્યાં છે, તે લાભ એવો તેવો નથી. એ લાભ થવાની પાછળ આપણી જ આરાધના છે અને બીજા કોઈની સહાય નથી, એમ પણ નથી, છતાં તે બધાનો સ્વીકાર ન કરીએ, એટલું જ નહીં, કિન્તુ આટલી સામગ્રી મળવા છતાં તે બધાથી અજાણ રહીએ, એ અપરાધની શિક્ષા સામાન્ય નથી, મહાન છે.

એ ગુનાથી જીવ પોતે પાછો ન હટે,
ત્યાં સુધી તેને માટે મુક્તિમાર્ગના દરવાજા બંધ છે.

સિદ્ધિ = સાધનાની દાસી. મુક્તિ = ભક્તિની ગુલામ.

'મુક્તિ સ્વસ્વભાવ છે' એમ માન્યાં પછી
તેને પ્રાપ્ત કરવી, તે સહજ - સરલ છે.
કેમ કે મુક્તિ એ પ્રાપ્ત કરવાની વસ્તુ નથી,
પરન્તુ અનુભવ કરવાની ચીજ છે.

'जं अन्नाणी कम्मं खवेई बहुयाहिं वासकोडीहिं ।
तं नाणी तिहिं गुत्तो खवेई ऊसासमित्तेणं ॥' અર્થાત્:
અજ્ઞાની પુરુષ ઘણાં કરોડો વર્ષે જે કર્મ ખપાવે,
તે જ્ઞાની પુરુષ શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવે છે.
અહીં 'જ્ઞાની' યાને સ્વરૂપાનુભૂતિ જેને છે, તેવા પુરુષ.
બધાં પાપોમાં સૌથી મોટું પાપ મિથ્યાત્વ છે અને
બધાં મંગળોમાં સૌથી મોટું મંગળ મોક્ષ છે.
સંસાર એ પાપની ખાણ - મોક્ષ એ સુખનો ભંડાર છે.
મુક્તિના સર્વ માર્ગો યોગની ભગનાવ છે.
માર્ગ છે એક માત્ર આત્મપદાર્થના
શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાયમાં લય થવાનો.

ત્રણ વાતોનો નિશ્ચય કરાવવા માટે શાસ્ત્રોનો ઉપદેશ

(૧) સંસારનું સુખ અસાર છે.

(૨) મોક્ષનું સુખ જ સાર છે.

(૩) ધર્મ મોક્ષસુખ માટે જ કરવાનો છે.

શાસ્ત્રમતિમાં જ આપણું કલ્યાણ છે,
લઘુમતિ, બહુમતિ કે સર્વાનુમતિમાં કલ્યાણ નહિ.

જીવનમાં શું કરવું? શું સમજવું?

મોક્ષતત્ત્વની શ્રદ્ધા, સંસારના સુખમાં હેયપણાની બુદ્ધિ,
સર્વ જીવ સાથે મૈત્રી અને પરમાત્માની ભક્તિ કરવી.

સંસાર એ રોગ, ધર્મ એ ઔષધ, મોક્ષ એ આરોગ્ય.

મુક્તિ એ બીજું કાંઈ નહીં પણ આત્મસ્વરૂપ જ છે.

પોતાની અપૂર્ણતાનું દર્શન થવું, એ ચઢતીનું ચિહ્ન છે
અને પોતાની ભૂલ ન ભાસવી, એ પડતીનો પાયો છે.

અત્યારે મોક્ષ બંધ છે પણ મોક્ષમાર્ગ ખૂલ્લો છે.
ભલે કાર્યમોક્ષ નહિ, પરન્તુ કારણમોક્ષ તો છે.
કારણમોક્ષ મળે, તો એકાવતારી થવાય.

## મોક્ષનાં ૪ અંગ ઉત્તરોત્તર દુર્લભ:

મનુષ્યગતિમાં જન્મ, ધર્મનું શ્રવણ (જ્ઞાન),
ધર્મની ઉપર શ્રદ્ધા (દર્શન) તથા
ધર્મમાં બળ-વીર્ય ફોરવવું (ચારિત્ર) ઉત્તરોત્તર દુર્લભ છે.

## મુક્તિ માટે જરૂરી ક્યા ગુણો?

યથાર્થ વિવેક એ ત્રીજી આંખ છે, તે બે પ્રકારનો છે:
એક જીવ પ્રત્યે સમાનતાનો અને
બધો પુદ્ગલ પ્રત્યે ભિન્નતાનો.

## કૈવલ્ય તથા કારણ અવસ્થામાં શું ફેર?

કૈવલ્યની દશામાં જીવની ઉપાધિઓનો
વિરહ થતો ચૈતન્ય જીવ - ઈશ્વરની એકતા થાય છે,
જ્યારે કારણ અવસ્થામાં પ્રકૃતિ વ્યાપક ચૈતન્ય
એ જીવની ઉપાધિ તરીકે ન સંભવે.

તત્ત્વબોધ મુક્તિપ્રદ છે તથા બ્રહ્મચર્ય મોક્ષપ્રદ છે.
સિદ્ધપદ કે સાધુપદ કે કેવળીપદ તે આત્મા જ છે.
મોક્ષમાર્ગ - આરાધના વગેરે આત્મામાં જ સમાય છે.

કેવળ આત્મભાવ - ઈશ્વરભાવ અવશેષ રહે, એ મુક્તિ.

મુક્તિ જ જીવનયાત્રાનું અંતિમ વિશ્રામસ્થાન છે.

વિશ્વવિજયી કરતાં આત્મવિજયી સાચો વિજેતા છે.

ઈંદ્રિયદમન અને સંયમન એ મુક્તિનો માર્ગ છે.

મુક્તિનાં બે સરળ હેતુ

આંતરઅવલોકન અને આંતરશુદ્ધિ.

માયાવી મૃગજળ રૂપે તૃષ્ણાઓમાં તરફડતાં પ્રાણીઓને આત્મજ્ઞાન રૂપી અમૃતનું પાન કરાવનાર પ્રભુ વીર છે.

તેમનો ઉપદેશ અને તીર્થ પુરુષાર્થહીનને પુરુષાર્થી બનાવનાર અને કર્તવ્યભ્રષ્ટને કર્તવ્યનું ભાન કરાવનાર હોવાથી નિરાધાર વિશ્વને આધારસ્તંભ રૂપે તથા મુક્તિરૂપી મહાતીર્થનો રાજમાર્ગ છે.

મુક્તિ અનાસક્તિમાં રહેલી છે.

જે ગાંઢ કર્મો કરે, તે કદી મુક્તિ અનુભવી શકતો નથી.

દાનાદિ ધર્મોનું સેવન મુક્તિ તરફ પ્રયાણ કરાવનાર હોવાથી તેને ખરી ગતિ અથવા પ્રગતિ કહી શકાય છે.

જ્યાં લગી માનવી સ્વેચ્છાએ પોતાને
સૌથી છેલ્લો ન મૂકે, ત્યાં લગી તેની મુક્તિ નથી.

ઈચ્છા ઉપર ઈશ્વરનું આધિપત્ય, તે 'સંસાર' અને
ઈશ્વર ઉપર ઈચ્છાનું આધિપત્ય, તે 'મુક્તિ'.

મુક્તિ : સહજ પ્રાપ્ત કઈ રીતે ?

તણખલાં જેવા હલકા તથા વૃક્ષ જેવા સહિષ્ણુ બનવાથી, માન્ય વ્યક્તિને માન આપવાથી, પ્રભુમહિમા સમજવાથી અને અભિમાનનો ત્યાગ કરવાથી સાધના વધેલી હોય છે.

ભગવાનના સ્મરણ - ચિન્તનના પ્રભાવે
મુક્તિ સહજ પ્રાપ્ત થાય છે,
પરન્તુ કામ - ક્રોધરૂપે આપણામાં રહેલાં
રજોગુણ - તમોગુણ પ્રભુસ્મરણમાં રુચિ થવા દેતાં નથી,
છતાં રજોગુણ અને તમોગુણના વિઘ્નો વચ્ચે પણ
ભગવાનનું સ્મરણ તથા ચિંતન તો કરવું જ જોઈએ.
સાધના એ ઔષધ છે અને શમ-દમાદિ એ પરહેજ છે.
વિષયાસક્તિ હોય, ત્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થતો નથી.

મુક્તિનો એક શોર્ટકટ છે:

તમે બીજા જીવોને આપેલ નિઃસ્વાર્થ સેવા અને
બીજાઓ દ્વારા થઈ સેવાઓનો સ્વીકાર -
જીવનમાં આ જ બે મહત્ત્વની વસ્તુઓ છે.

મોક્ષ = દુઃખમુક્તિ = આનંદ, રાગદ્વેષાદિ દોષોથી છૂટકારો.
પોતાનો ધર્મ જાણનાર જીવ જ મોક્ષને પામી શકે.

મોક્ષ = અનંતની અનુભૂતિ પ્રાપ્ત કરવી.
જે પહેલેથી જ વિદ્યમાન છે અને
જે આત્માનો મૂળ સ્વભાવ છે, તેની ઇચ્છા કેવી?
તે તો છે જ, તે સિવાય બીજું જે છે, તે અસત્ છે.
બસ! તે અસત્નો ત્યાગ કરવાનો રહે.

o

*Effort from below & Grace from above.*
*Both are needed for salvation.*

અહીંથી પુરુષાર્થ અને ઈશ્વરકૃપા...
આત્માની મુક્તિ માટે બન્ને આવશ્યક છે.

## પોષ વદી - ૧૪, સોમવાર, ઝુહાવા (રાજસ્થાન)

લોકો મુક્તિ તો ઈચ્છે છે - કિન્તુ શુદ્ધિ નહીં.
લોકો શક્તિ તો ઈચ્છે છે - કિન્તુ ભક્તિ નહીં.
લોકો પુણ્યફળ તો ઈચ્છે છે - કિન્તુ પુણ્ય નહીં.
આ એક માનસિક આળસનું લક્ષણ છે.

**મુક્તિમાં બાધા આડે આવતાં તેર કાઠીયા**

(૧) આળસ (૨) મોહ (૩) અવિનય (૪) અભિમાન (૫) ક્રોધ (૬) પ્રમાદ (૭) કૃપણતા (૮) ભય (૯) શોક (૧૦) અજ્ઞાન (૧૧) વિકથા (૧૨) કૌતુક (૧૩) વિષય.

'મુક્તિ'નો અર્થ જ નિઃસ્પૃહતા છે.

ભક્તિના રસ્તે જવાથી મુક્તિ આવે જ છે.

આપણને શક્તિની જરૂર નથી, કેમકે એ તો પ્રભુમાં ભરેલી જ છે. આપણે તો પોતાની શક્તિ વડે કાર્ય કરતાં માત્ર ભક્તિની જ આકાંક્ષા રાખવી જોઈએ.

સાચો ભક્ત તે છે કે જે
મુક્તિથી નિઃસ્પૃહ છે અને ભક્તિનો યાચક છે.

## 'મિત્તી મે સવ્વ ભૂએસુ !'ના પાયા ઉપર મુક્તિમાર્ગના અસંખ્ય યોગો રચી રહ્યાં છે.

અસંખ્ય યોગોમાં એકપણ યોગ એવો નથી કે જેના પાયામાં જીવમૈત્રી ન હોય, છતાં મોક્ષનું કારણ બની શકે.
આધ્યાત્મિક ઉન્નતિ વડે જ મુક્તિની પ્રાપ્તિ અને મનને અવિરત ઉપાસનામાં જોડવાથી જ મોક્ષનો લાભ થાય છે.

## મુક્તિ કઈ રીતે સાધ્ય છે?

પોતાની સમગ્ર શક્તિથી જીવ જ્યારે સ્થૂલ - સૂક્ષ્મ આવરણો દૂર કરે છે, ત્યારે જીવ મુક્તિ પામે છે.
બંધન જીવને છે અને તે બંધનમાંથી જીવને મુક્ત કરવા માટે આ જિનશાસન છે.
જ્યાં સુધી જીવ સત્ત્વ-રજો-તમોગુણની સીમામાં છે, ત્યાં સુધી તે મુક્ત બનતો નથી.
મુક્તિ એ સત્ત્વગુણની પરાકાષ્ઠા નથી, કિન્તુ ત્રિગુણાતીત અવસ્થા છે.
મુક્તિ એ સાધ્ય અને આત્મભાન તેનું સાધન છે.

## સાચી સાધના કરાવે આત્માની મુક્તિ.

ધર્મધ્યાન એ મુક્તિનો માર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત
સાધુ-પુરુષો ઉપર બહુમાન ઉત્પન્ન કરે છે.
વળી શુદ્ધ સ્વરૂપ મેળવવા વીર્યોલ્લાસ ઉત્પન્ન કરે છે.

સંકુચિતતા = બંધસ્થિતિ. મુક્તિ = બંધસ્થિતિમાંથી મોક્ષ.

સંકુચિતતાનો ત્યાગ કરીને સર્વ સાથે એકરૂપ થઈ વર્તવું.
ઈશસ્થિતિ કાયમ રહે છે.

'तमेव विदित्वाऽतिमृत्युमेति नाऽन्यःपन्था:
विद्यतेऽयनाय ।' (યજુર્વેદ અ.૩૧।૧૮) અર્થાત્:
તે એક સર્વસાક્ષી પરમાત્માને જાણીને જન્મ અને
મરણથી છૂટી શકાય, બીજો કોઈ મુક્તિનો માર્ગ નથી.
એવી માન્યતાથી સદ્વર્તનનો પાયો દૃઢ થાય છે કે:
આત્મા છે, કર્મ છે, પુનર્જન્મ તથા અંતિમ મુક્તિ પણ છે.

દિવ્યની સાથે જોડાઈ જવું, તે મુક્તિ.

'પરો મોક્ષ: વિતૃષ્ણતા ।' સર્વ બંધન છૂટી જાય અને
જીવાત્મા પરમાત્મામાં તલ્લીન બની જાય, તે મોક્ષ.

આગમઅનુસરણ = મુક્તિમાર્ગ, આગમઉલ્લંઘન = મોક્ષ.

અવિદ્યા અને અજ્ઞાનથી છૂટવું, તેનું જ નામ 'મુક્તિ' છે
અને તેની પ્રાપ્તિનો ઉપાય આત્મજ્ઞાન છે.

શ્રુતધર્મ જિનવાણી રૂપ છે તથા
ચારિત્રધર્મ તદનુસાર આચરણ રૂપ છે.

જિનવાણીને અનુસરતું આચરણ અને એને કરનાર,
કરીને સિદ્ધપદ પામનાર અને તેનું માર્ગદર્શન આપનારનું
શરણ જીવે ગ્રહણ કર્યું નહિ અને તેથી વિપરીત
જેઓનું જ્ઞાન અસત્ય અને આચરણ અશુદ્ધ છે,
તેઓની મતિ અને ગતિનું શરણ જીવ તુરંત ગ્રહે છે,
તે કારણે જ તે આપત્તિ ઉપર આપત્તિ ભોગવે છે.
તેમાંથી ઉગારી લેનાર અરિહંતાદિ ચારનું શરણ છે,
તેને જ નિરન્તર સ્મરણમાં ગ્રહીને તદનુરૂપ જીવન
જીવવા પ્રયત્ન કરનાર જ મોક્ષમાર્ગનો આરાધક બને છે
અને સ્વપરને માટે ઉપકારક થઈ
સાદિ - અનંતકાળ માટે શાશ્વત સુખનો ભોક્તા બને છે.

'મારી મુક્તિ' શબ્દ ખોટો છે.

જ્યાં હું છું, ત્યાં મુક્તિ નથી - જ્યાં મુક્તિ છે, ત્યાં હું નથી.

'હું' એ એક દેહમાં નહીં, પરન્તુ બધા દેહમાં વ્યાપેલો છે.

સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં એમ અપાર શક્તિ પડેલી છે

અને તેનો વિસ્ફોટ થતાં તે પ્રકટે છે,

તેમ આપણી અંદર રહેલી આત્મશક્તિનું પણ છે.

અહીં આગળ હરકોઈના જીવનમાં તેનો સ્પર્શ છે જ.

આપણે તેની વચમાં ન આવીએ અને

તેને જ તેનું કામ કરવા દઈએ,

તેને જેટલો મોકો આપીએ, તેટલું કલ્યાણ છે.

તેનો વિસ્ફોટ થતાં તેનું સાક્ષાત્ દર્શન પણ થશે.

ઉગ્રતા એમ શક્તિ છે, તેમ અનુગ્રતા - સમાધિ તથા

સમાધાનની સ્થિતિ પણ એક અનોખી શક્તિ છે અને

કેવળ સ્વરૂપ બનવું, તેનું સ્વરૂપ છે.

કોઈપણ કામ ન કરવું, એ નિવૃત્તિ નથી, કોઈક કામ

ન કરવું, એ ય કામ કરવાની માફક એક વૃત્તિ જ છે.

## કઈ કઈ વસ્તુઓ અનાદિસિદ્ધ છે?

ભવ અને મોક્ષ અનાદિસિદ્ધ છે અને
ભવનો રાગ તથા મુક્તિનો દ્વેષ પણ અનાદિસિદ્ધ છે.
તેમાંથી છૂટીને ભવનિર્વેદ અને મુક્તિનો અનુરાગ
થવામાં ગુરુસંયોગ અને સ્વયોગ્યતાદિ પ્રગટે છે,
તે બધા કારણોમાં ભગવદનુગ્રહ મુખ્ય છે.

પરપુદ્ગલ વસ્તુમાત્રની પ્રીતિ તજી આત્માના સહજ
સુખનો અનુભવ કરવો, એ જ શાસ્ત્રોનું રહસ્ય તથા
મોક્ષપ્રાપ્તિનો સરળ-સરસ ઉપાય છે.

વ્યવહાર માર્ગરૂપી ઘોડા ઉપર બેસીને જ
મોક્ષમહેલની નજીક - આંગણા સુધી પહોંચી શકાય છે.

ઉપકારીઓએ આરાધના બતાવી તેની જરૂર નહિ પણ
તેવી વિશુદ્ધ ભક્તિને પ્રાપ્ત કરવા માટે
શુદ્ધ અનુષ્ઠાનોના સેવનની અગત્ય છે.

ગુણી પ્રત્યે અનુરાગનું જ બીજું નામ ભક્તિ છે અને
ભક્તિ એ જ મુક્તિનું કારણ છે.

આપણે મનથી અળગા થઈએ, તેના સાક્ષી, નિયંતા થઈએ.

આવું આત્મરૂપી લાભ એ જ 'મુક્તિ'.

જ્યાં સુધી સર્વ જીવોની શાંતિ ઇચ્છી નહિ,
ત્યાં સુધી આત્માની મુક્તિ શક્ય નહિ, તેથી
મુક્તિ માટે સૌ જીવોની ક્ષમાપના અને શાંતિ ચાહવી.

## મુક્તિનો અધિકારી કોણ?

ઉચિત વ્યવહારનું પાલન જીવને મુક્તિનો અધિકારી બનાવીને મોક્ષમાર્ગની આરાધનાને સાર્થક બનાવે છે. મુક્તની જ મુક્તિ છે, આત્માને મુક્તિ-બંધન જ નહિ. સ્વપ્નનો અંત લાવવા માટે નિદ્રાથી જાગવા સિવાય બીજો ઉપાય નહિ, તેમ આત્મલાભ એ જ મુક્તિ છે.

શરીર ન મળે, તે માટે મોક્ષ આવશ્યક અને
મોક્ષ માટે ઈશ્વરદર્શન જરૂરી.

ઈશ્વરમય જીવન જીવ્યા વિના બીજો ઉપાય નહિ. વિવેકીએ મુમુક્ષુ થવું અનિવાર્ય છે. જ્યાં સુધી સહેજે મુક્તિનો અનુભવ ન થાય, ત્યાં સુધી જીવને ચેન નહિ.

## મુક્તિમાર્ગની આરાધના કઈ રીતે થાય ?

જેમ રીતે સિદ્ધ થનાર જીવ સંસારી જીવોને
નિગોદમાંથી બહાર કાઢવામાં ઉપકારક બને છે,
તેમ રીતે સંસારમાં રહેલા જીવોમાં પ્રથમ સમ્યક્ત્વ,
જ્ઞાન, ચારિત્ર, વીર્ય કે શિક્ષા પામેલા જીવોના આલંબને
જ પછીના જીવોને તે તે ગુણોની પ્રાપ્તિ થાય છે, તેથી
મિથ્યાત્વનો મોક્ષ સમ્યગ્દૃષ્ટિ જીવો વડે,
અજ્ઞાનનો મોક્ષ આપણા પહેલાં જ્ઞાની થયેલા જીવો
અથવા અવિરતિથી મોક્ષ વિરતિધર પુરુષો વડે અને
પ્રમાદ તથા કષાયથી મુક્તિ આપણા પહેલાં મુક્ત થયેલા
જીવોના આલંબન વડે જ થાય છે. એમ જીવરાશિ
પરસ્પરોપગ્રહિત થઈને ઉત્ક્રાંતિમાં આગળ વધે છે.
ઉત્ક્રાંતિમાં આગળ વધવું, તે જ 'મુક્તિમાર્ગની આરાધના'.
મુક્તિનું સુખ અનુભવવું હોય, તો દ્વૈતભાવની
અનાદિ ટેવને ટાળવાની શક્તિ સર્વ શાસ્ત્રકારો આપે છે.
દ્વૈતભાવ = વિષયભાવ. પ્રપંચ = સંસાર. અંત = મોક્ષ.

## તમે શાની શોધમાં છો?

ગૌરવની, પ્રભુતાની, સત્તાની, શક્તિની, મોટાઈની કે મોક્ષની?

'મુક્તિ' એટલે સંસારના રોગ - શોકથી મુક્ત થવું, જ્ઞાન - દર્શનાદિ અનુપમ વસ્તુઓ પ્રાપ્ત કરવી અને પરમ સુખ અને આનંદનો અખંડ અનુભવ કરવો.

આપણી કોઈપણ આરાધનાનું અનન્ય ધ્યેય છે:

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગ પ્રસ્થિત ઉપર અરુચિ, દ્વેષ, ઉપેક્ષા ટાળીને રુચિ, પ્રેમ, આદર કેળવવો.

મુક્તિ, મુક્તિમાર્ગ અને મુક્તિમાર્ગના સાધક - એ ત્રણે તત્ત્વો ઉપર અદ્વેષ, જિજ્ઞાસા, શુશ્રૂષા, શ્રવણ, બોધ, મીમાંસા, પ્રતિપત્તિ, પ્રવૃત્તિ કેળવીએ.

o

મુક્ત = Complete indifference to all the objects of the world.

Be prideless and observe the rules of the Royal Road.

## સંસારી જીવોની વૃત્તિના પાંચ પ્રકાર

(1) અવિદ્યા (2) અસ્મિતા (3) રાગ (4) દ્વેષ (5) અભિનિવેશ.

## જીવન્મુક્તની વૃત્તિના પાંચ પ્રકાર

(1) પ્રમાણ = પ્રત્યક્ષ, અનુમાન, આગમ.

(2) વિપર્યય = અતદ્રૂપ, મિથ્યાજ્ઞાન, ઝાંઝવાં. (3) વિકલ્પ = શબ્દવૃત્તિ, વસ્તુશૂન્ય, સ્વાભાવિક જ્ઞાન, સર્પબુદ્ધિઃ ।

(4) નિદ્રા = હું સુખે સૂતો.

(5) સ્મૃતિ = પૂર્વે સાંભળેલ, અનુભવેલ.

આ વૃત્તિઓનો નિરોધ થતાં આત્મદર્શન થાય, ત્યારે વૃત્તિજ્ઞાનનું મિથ્યાપણું ભાસે છે.

આપણી સર્વ વૃત્તિઓ પ્રાણાધીન છે.

'પ્રાણસ્યેદં વશેસર્વમિતિશ્રુતેઃ ।

ક્રમયોઃ પરસ્પરં નિરોધઃ ।'

અર્થાત્ : સૌ પ્રથમ પ્રાણનિરોધ કરવાથી સર્વ વૃત્તિઓ સહેલાઈથી નિરુદ્ધ થાય છે. અન્ય રીતે વૃત્તિનિરોધ દુઃસાધ્ય છે.

## મુક્તિના બે પંથ એટલે...

આચારમાં ન્યાય-નીતિ અને વિચારમાં પ્રેમ-ભક્તિ.

મનુષ્યજન્મ એટલે મનુષ્યના આયુષ્ય કર્મનો ઉદય.
તેને સાર્થક કરવા માટે તે જન્મમાં
આયુષ્ય સાથે મળેલા બાબ (૫) ઇંદ્રિય, (3) બળ અને
શ્વાસોચ્છવાસ ઉપર સંયમપૂર્વક જીવવું, એ જ મોક્ષમાર્ગ છે.

વિશ્વ ઉપર ખરેખર સામ્રાજ્ય બે વસ્તુનું છે:
કર્મનો ન્યાય અટલ છે અને પ્રભુનો પ્રેમ અચૂક છે.

મોક્ષની રુચિમાત્રથી ભોગ-આસક્તિ અને
રાગ ઘટતો જાય, ઉદાસીનતા વધતી જાય, એટલે
પરિણામ નિર્મળ થાય તથા પુણ્યનો બંધ વધતો જાય.
વળી દેવગતિ અને મનુષ્યગતિ સિવાય
અન્ય ગતિઓમાં જવાનું બંધ થાય,
ઊંચી ગતિમાં સામગ્રી પણ સારી મળતી જાય,
વૈરાગ્ય વધતો જ જાય અને તે ઉપરાંત
છેલ્લે મોક્ષમાર્ગનો પુરુષાર્થ કરી ભવનો અંત આવે.

મુક્તિ બે પ્રકારની છે: ક્રમમુક્તિ અને સદ્યોમુક્તિ.

ક્ષણોની ધારાની અને ગુણોનાં પરિણામની પૂર્ણ જે

ધારા રહેલ છે, એ ધારાવિચ્છિન્નને 'ક્રમ' કહે છે.

પરિણામની સમાપ્તિરૂપી ચિહ્ન દ્વારા એ ક્રમ સમજાય.

'ગુણોનો પ્રતિપ્રસવ થવો' એટલે

વિકૃતિ રૂપ તત્ત્વ પ્રકૃતિ રૂપમાં લીન થવું, એ કૈવલ્ય છે

અથવા ચિતિશક્તિની સ્વરૂપમાં પ્રતિષ્ઠા, એ મોક્ષ છે.

સંપ્રદાયાનુસારી જીવ, જગત અને મુક્તિનું

તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી ભૌતિક જગત પ્રત્યે

ઉદાસીન રહેનારા ક્રમમુક્તિના અધિકારી છે, જ્યારે

સંગતિપક્ષ રૂપી મહાવાક્યના આધારે

સ્વપર કલ્યાણ કરનારા સદ્યોમુક્તિના અધિકારી છે.

જ્યાં યોગ ત્યાં સંસાર, જ્યાં ઉપયોગ ત્યાં મુક્તિ.

શુદ્ધોપયોગ એ ધર્મ છે અને એ જ મોક્ષનો ઉપાય છે.

ચિત્ત અસંખ્ય વાસનાઓથી રંગાયેલું છે.

તે પુરુષને ભોગ અને મોક્ષ આપવાના પ્રયોજનવાળું છે.

ચિત્તમાં આત્મભાવનો અભાવ થવો, એ વિવેક છે.
ચિત્તમાંથી આત્મભાવનો અભાવ થતાં ચિત્ત કેવળ વિવેક તરફ ઢળેલું અને મુક્તિરૂપ અંતિમ કિનારાવાળું થાય છે.
આવા સતત વહેતાં વિવેકપ્રવાહમાં વચ્ચે ક્વચિત્ છિદ્ર પડે છે, તે છિદ્ર મોટું ન થાય, તે માટે અને તેના નિવૃત્તિ માટે અચ્છિદ્ર વિવેકજ્ઞાનનો અભ્યાસ છે.

ધર્મ અને અધર્મનો વિભાગ પાડ્યા વિના
ઇહલૌકિક સુખના અર્થી તે લઘુમાનવ છે અર્થાત્
ધર્મયુક્ત લૌકિક સુખના અભિલાષુક માનવ છે.
ઇહલોક-પરલોક ઉભયના અર્થી તે મહામાનવ છે અને
કેવળ પરલોકના, મુક્તિસુખના અભિલાષી અને
તે માટે જ ઉદ્યમ કરનારા અતિમાનવ છે.
અતિમાનવમાં સર્વ ભૂત-પ્રાણી સાથે અભેદબુદ્ધિ રહે.
બ્રાહ્મણવર્ગ સર્વાત્મદર્શી રહે છે અને ક્ષત્રિયવર્ગ
સર્વાત્મદર્શિતા સાથે સર્વભૂતહિતેરતિપરાયણ રહે છે,
તેથી તેઓ મુક્તિ કે મોક્ષવિદ્યાના અધિકારી છે.

પોષ સુદી ૧૧, બુધ

અગ્નિ પાસે બધાય શીતત્રાણ ઇચ્છે છે,

તેમાં અગ્નિએ શું કર્યું?

'અહીં જનારનો પુરુષાર્થ કાર્ય કરે છે' તેમ માનનારને

પ્રશ્ન છે કે : અગ્નિ પાસે બધાનું મન કોણે કરાવ્યું?

અગ્નિમાં શીતત્રાણનો ગુણ છે, એવા જાણે? ના.

તો એ ભાવ કોણે કરાવ્યો?

અગ્નિના સ્વભાવે કે જનાએ? અગ્નિના સ્વભાવે.

અગ્નિના સ્વભાવે જ ભાવ, ઇચ્છા, પ્રવૃત્તિ કરાવી,

તેથી શીતત્રાણ થયું!

એટલે શીતત્રાણમાં મુખ્ય હેતુ અગ્નિ છે અને

અગ્નિભાવ વગેરે તો સહકારી કારણો છે.

એ જ નિયમ મુજબ મુક્તિમાં મુખ્ય હેતુ પ્રભુ છે,

પ્રભુનું ધ્યાન વગેરે તો સહકારી કારણો છે.

'મુખ્ય હેતુ તું મોક્ષનો, એ મુજને સબળ વિશ્વાસો રે.'

મનુષ્યના દેહમાં મોક્ષની શક્યતા છે, સંભવ નથી.

નિર્વાણ તે શુદ્ધ સ્વરૂપમાં અવસ્થાન છે.

નિર્વાણ કોઈ ક્રિયાનું નહીં પણ મુક્તાત્માનું નામ છે.

'નિર્વાણ' નામનું તત્ત્વ સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા જેવા નામોથી ઓળખાવા છતાં તત્ત્વથી નિરામય, નિરાબાધ, જન્માદિરહિત એવું તે એક જ સ્વરૂપ છે.

વૈરની સામે વાત્સલ્ય, ક્રૂરતાની સામે કરુણા અને દુર્જનની સામે જો ક્ષમા દર્શાવે, તો મોક્ષ નજીક આવે.

વાત્સલ્યના પરિણામે નિર્વાણનાં સુખ અને વૈરના પરિણામે નરકની વેદનાઓ છુપાયેલી છે.

નિર્વાણસાધક યોગો તે મોક્ષમાર્ગ.

જ્ઞાનાદિ શક્તિઓ દ્વારા મોક્ષમાર્ગને સાધે, તે સાધુ.

મોક્ષ કે નિર્વાણ એ સનાતન સ્થાયી તત્ત્વનો અનુભવ છે, એને જ 'પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર' કહે છે.

: બે શોચનીય પંક્તિઓ :

'જિનવર ને નિજાત્મમાં, ભેદ ન કિંચિત જાણ;
એહી જ કારણ મોક્ષનું, ધ્યાયા લહે નિર્વાણ' ...(૧)

## 'બ્રાહ્મી સ્થિતિ' તથા 'બ્રહ્મનિર્વાણ' એટલે શું ?

'બ્રાહ્મી સ્થિતિ' એટલે પરબ્રહ્મ પરમાત્મ સ્વરૂપની જેમ વિશ્વના ઉત્પત્તિ - સ્થિતિ - લયના અનુભવ વખતની અસંગ - નિર્લેપ - નિરહંકાર સ્થિતિ.

પોતાની જાત સહિત જગતની આ ત્રણે સ્થિતિમાં અસંગ નિર્વિકારતા જોવા - જાણવા અને માણવા, તેને જ બ્રાહ્મી સ્થિતિ અથવા તો બ્રહ્મનિર્વાણ કહે છે.

જીવ જો બ્રહ્મ ન હોય, તો બ્રહ્મમાં નિર્વાણ કેમ પામે ?

આ બ્રહ્મનિર્વાણ જ મોહમાયાનો નિરાસ કરવા સમર્થ છે. પોતાનું બ્રહ્મપણું ન જાણ્યું, તે સંસારમાં શું માણવાનો ? પોતાની અપરિમિત બ્રહ્મસત્તા સમજીને જ માણવાનો આનંદ અનુભવી શકાય છે; પછી તે આનંદનો કદી ય અંત આવતો નથી પણ નિત્ય વૃદ્ધિને પામ્યા કરે છે.

જીવ એ શિવ સિવાય બીજું કશું હોઈ શકતો નહિ. એથી જ બ્રાહ્મી સ્થિતિની ઓળખ અને સ્થિરતા માટે આપણા સર્વ શાસ્ત્રો પ્રેરણા આપે છે.

'બ્રહ્મનિર્વાણ' શબ્દમાં 'બ્રહ્મ' એટલે મહાજ્યોતિમાં જ્યોતિનું મળી જવું. તેનું જ નામ 'બ્રાહ્મીસ્થિતિ' છે.
બ્રાહ્મી સ્થિતિનું બીજું નામ સમાધિનો લાભ છે. એમાં સ્થિર રહેનાર અંતકાળે બ્રહ્મનિર્વાણને પામે છે.
'બ્રાહ્મી સ્થિતિ' શબ્દ 'નીચે ન પડવું' એમ જણાવે છે.
'બ્રહ્મનિર્વાણ' પદ 'ઉપર ન ચઢવું' તેમ કહે છે.

'બ્રહ્મનિર્વાણ' શબ્દ એટલે સદા - સર્વદા એક જાગ્રત અને સ્થિર જ્ઞાનની દશામાં રહેવું તે. જીવનો પોતાનો સ્વભાવ અને જ્ઞાન - દર્શન ઉપયોગ એ જ એકમાત્ર શરણ - ધર્મસ્વોપલબ્ધિનો માર્ગ છે.

'દેવવંદન ભાષ્ય'માં કહ્યું છે કે:

'જિણાણાએ કુણંતાણં નૂણં નિવ્વાણકારણં ।
સુંદરંપિ સબુદ્ધીએ સવ્વં ભવનિબંધણં ॥૧॥' અર્થાત્:

'ભગવાનની આજ્ઞા છે' એમ સમજીને કરે, તો નિશ્ચે નિર્વાણનું કારણ થાય છે અને સારું પણ અનુષ્ઠાન સ્વમતિથી કરે, તો સંસારનું કારણ થાય છે.

## 'નિર્વાણ' એટલે બુઝાઈ જવું... પરન્તુ શું ?

મનુષ્યના હૃદયમાં હું-મારું અને રાગ-દ્વેષ વગેરે
જે વૃત્તિઓ સળગે છે, તેનું બુઝાઈ જવું.

ચિત્ત અને વાયુનો નાશ ન થાય, ત્યાં સુધી શાસ્ત્રનું
જ્ઞાન, આત્માની પ્રતીતિ અને મોક્ષપ્રાપ્તિ થતી નથી.
સ્વપર આત્મજ્ઞાનની શોભા છે સમતા + શાંતિ તથા
સમતા અને શાંતિનું ફળ છે મોક્ષ અને નિર્વાણ.
શૂન્યાદિ નિર્વાણ અને બ્રહ્માદિ વગેરે પર્યાય શબ્દ છે.

નિર્વાણ અને બ્રહ્મ શબ્દથી ભિન્ન છે, અર્થથી એક છે.
શૂન્યને જાણવા માટે કોઈ શબ્દ કે પ્રમાણ નથી.
શૂન્ય એ ભાવ નથી અને અભાવ પણ નથી, કિન્તુ
તે વાણી - વિચારથી વ્યક્ત ન કરી શકાય, એવું છે.

યોગદૃષ્ટિએ નિર્વાણ તત્ત્વને અનુભવનાર
જે કોઈ હોય, તે બધાં સર્વજ્ઞ જ છે.

પરમેષ્ઠિ સ્મરણ = આત્મશુદ્ધિનું સ્મરણ.
આત્મશુદ્ધિનું સ્મરણ = મોક્ષ અથવા નિર્વાણનું સ્મરણ.

## કોના નિર્વાણમાં વિલંબ થાય?

જન્મ, વૃદ્ધિ, જરા, મૃત્યુ - અસ્તિત્વના સર્વસંગમાંનો
ક્રમાંક જોઈ જ પસાર થાય છે, પરિવર્તનનો નિયમ
આત્માને પણ સરખી રીતે જ લાગુ પડે છે.
કેવળ 'અનામી' પરમ તત્ત્વ જ પરિવર્તનથી પર છે.
વિશ્વનાં સર્વ રૂપો તેના જ આવિષ્કાર છે.
કરુણાના પરમ નિયમને 'સામર્થ્ય સંવાદિતા' કહે છે.
જે કોઈ આ સંવાદિતાને ખંડિત કરશે, તે તેટલા પ્રમાણમાં
સ્ખલન કરશે અને પોતાના નિર્વાણને વિલંબમાં મૂકશે.

## નવકાર અને નિર્વાણ

સામાયિકાદિ શ્રુતજ્ઞાનનો સાર ચરણ (ચારિત્ર)
અને ચરણનો સાર નિર્વાણ હોઈ શકે.
નવકારનો સાર માત્ર ચરણ કે
નિર્વાણ જ નહીં, પરંતુ તે કરતાં ઘણું અધિક છે
અથવા નવકાર તે મહાઆગમિક ધ્વનિ છે, જેણે સંપૂર્ણ
શ્રુતસાગર એક નાનકડા ઘૂંટડાની જેમ પી નાંખેલ છે.

નિર્વાણ = નિવૃત્તિ, નિશ્ચિંતતા, સ્વસ્થતા - દુઃખત્યાગ.

## નિર્વાણની સ્થિતિ એટલે...

વાસનાહીન કે દુઃખહીન સંપૂર્ણ શાંતિની સ્થિતિ.

બુદ્ધનું નિર્વાણ એટલે સંપૂર્ણ લય નહીં, કિન્તુ
આપણી અંદરની બાધક વૃત્તિઓનો સંપૂર્ણ નાશ.

શુભ ઉપયોગયુક્ત આત્મા સ્વર્ગાદિને અને
શુદ્ધ ઉપયોગયુક્ત આત્મા નિર્વાણને પામે છે.

## બૌદ્ધ દર્શનના મતે ધર્મનું લક્ષણ

'સર્વં દુઃખં, ક્ષણિકં, સ્વલક્ષણં, શૂન્યં ।'

આ ચાર સત્યને અનુકૂળ ભાવધારા પ્રવાહિત બને,
ત્યારે તે બૌદ્ધ મતે 'ધર્મ' છે.

બૌદ્ધ મતમાં સર્વ વસ્તુ ક્ષણિક છે એની અંતે જ્યારે
સર્વનો ઉચ્છેદ - શૂન્યતા થાય, તે નિર્વાણ છે.

નિર્વાણ પ્રાપ્તિના દરેક ઉપાય રૂપે વ્યવહારમાં
અહિંસાદિનું પાલન તે ધર્મ છે. અહિંસાના સાધન રૂપે
મૈત્રી - મુદિતા તથા કરુણાદિ પણ ધર્મ છે.

## નિર્વાણનું બીજું નામ 'વિશુદ્ધિ' છે.

આત્માનું સ્વરૂપ નિર્વાણ અથવા તૃષ્ણાનાશ છે.
મારા ઇષ્ટનાં સાધન પ્રભુ જીવો ખાતર જ જન્મ્યા છે.
પ્રભુ સુખલાભ અને દુ:ખનાશને સાધી આપનારા છે.
કેમકે તેઓ સર્વનાં સુખનો વિચાર કરનારા છે અને
સર્વનાં દુ:ખોનો નાશ તેમને ખૂબ અભીષ્ટ છે. તે કાર્ય
સિદ્ધ કરીને જ નિર્વાણ પામ્યાં છે, તેથી તેમની ભક્તિ
સર્વનાં દુ:ખનાશની - સુખલાભની ઇચ્છા જગાડે છે,
તે ઇચ્છા અહંકાર તથા કષાયોનો નાશ કરનારી છે.

'દીપિકા સ્વલ્પનિર્વાણા નિર્વાણપથદર્શિની ।
શુદ્ધાત્મ (તત્ત્વ) ચેતના યા ચ સાધૂનામક્ષયોનિધિઃ ॥'

અર્થ: નિર્વાણમાર્ગને બતાવનારી,
નહીં બુઝાયેલા દિવાની જ્યોત જેવી શુદ્ધાત્મ તત્ત્વની
ચેતના જ શ્રમણોને માટે અક્ષયનિધાન છે.
શુભોપયોગ યુક્ત આત્મા સ્વર્ગાદિને પામે છે અને
શુદ્ધોપયોગ યુક્ત આત્મા નિર્વાણને પામે છે.

# જગ ક્યારે નિર્વાણ પામે?

'દેહ એ હું' એવું મમત્વ જો દેહ સાથે દૃઢ થાય,
તો તે જગ એક દેહથી બીજા દેહમાં ભમે છે.
'દેહને જે જાણે છે, તે હું' અને
એ હુંની સાથે એકતા થાય, તો જગ નિર્વાણ પામે.
કોઈપણ કાળે 'પોતે કોણ છે' એવું આગળ પર્વતની તરફ
જોશે કે પોતે કોણ છે, એટલે તુરંત ઉત્તર મળી આવશે.
'દેહમાં હું' એમ થાય કે દેહ સાથે રહેવાથી ભટકાય છે,
'આત્મામાં હું' એમ થવું કે 'આત્મા જ્યોતિર્મય, સહજમય
સ્વરૂપ પોતે જ છે' એમ જાણવું, તે મોક્ષનો ઉપાય છે.
'જાણનાર હું' એમ થતાં જ દેહભાવમાંથી
રાગદ્વેષ ચીકાશ જવાથી કર્મની નિર્જરા થાય અને
'નાશવંત દૃશ્ય દેહ એ હું' એમ થતાં
દેહને યોગ્ય એવા કર્મ પુદ્ગલો ખેંચાઈ આવવા મંડે છે.
નિર્વાણની શૂન્યતા બહાર વિષે છે, જ્યારે
અંતરને વિષે તો સહજાનંદ છે.

નિર્વાણ = આત્મામાં જે દુઃખ છે, તે સૌનો સંપૂર્ણ નાશ.

પરમ નિર્વાણ એટલે શું ?

નિરાલંબન ધ્યાનનો વિષય શુદ્ધ ચૈતન્ય છે, તેથી
મોહ અને નિરાલંબન ધ્યાન પરસ્પર વિરોધી તત્ત્વ છે.
નિરાલંબન ધ્યાનને 'સંપ્રજ્ઞાત યોગ' કહે છે અને
કેવલજ્ઞાન થવા સાથે જે માનસિક વૃત્તિઓ નાશ પામે,
તેને પતંજલિ ઋષિ 'અસંપ્રજ્ઞાત યોગ' કહે છે.
તેમાં સૂક્ષ્મ સંસ્કાર રહે છે, તે અઘાતિ કર્મસ્વરૂપ છે.
તેનો નાશ 'અયોગ' નામના ગુણસ્થાને થાય છે, ત્યારે
વૃત્તિના બીજરૂપ જે જે સૂક્ષ્મ સંસ્કારો નાશ પામે,
તે વિદેહ, મુક્તિ અગર પરમ નિર્વાણ છે.
મોહ ગયે આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવામાં આવે,
ત્યારે રાગ-દ્વેષ છૂટી જાય અને
જીવ કર્મબંધનથી મુક્ત થઈ પરમ નિર્વાણને પામે છે.
સર્વ અરિહંતો આ માર્ગે ચાલીને સર્વ કર્મ ખપાવીને
મોક્ષ પામ્યા અને એ રીતે કરવાનો ઉપદેશ આપી ગયાં.

## <u>જીવ પરમ નિર્વાણને કઈ રીતે પામે ?</u>

ભક્તિ અને મૈત્રી દ્વારા સાધના સબળ બને છે.
જળના સ્થાને શ્રદ્ધા, પવનના સ્થાને તપ,
પ્રકાશના સ્થાને જ્ઞાન અને પ્રેમ તથા
વાડના સ્થાને ચારિત્ર અને સંયમ છે.
તેમાંથી આત્મજ્ઞાન ઉત્પન્ન થાય છે,
જે ઘાતી કર્મોનો ક્ષય કરાવી કેવળજ્ઞાન અને
કેવળદર્શન પ્રાપ્ત કરાવી અંતે શૈલેશીકરણ દ્વારા
સકલ કર્મનો ક્ષય કરી જીવ પરમ નિર્વાણને પામે છે.

<u>ભક્તિ નિર્વાણ માટે છે.</u>

<u>યોગ અનુભવાત્મક જ્ઞાન મેળવવા માટે છે.</u>

પ્રથમ પદે જન્મ-મરણના ફેરામાંથી છૂટકારો થાય છે
અને પ્રાંતે આપણા આત્માને નિર્વાણની પ્રાપ્તિ થાય છે.
'નિર્વાણ' નામનું તત્ત્વ સદાશિવ, પરબ્રહ્મ, સિદ્ધાત્મા
જેવા જુદાં જુદાં નામથી ઓળખાવા છતાં તત્ત્વથી નિરામય,
નિરાબાધ, જન્માદિરહિત એવું એક જ સ્વરૂપ છે.

## કુશલ કર્મો...

'आसवलीक्रियन्ते' અર્થાત્ આકૃપાદ છે,
'परिपोष्यन्ते' અર્થાત્ ભાવોપચય થાય છે તથા
'निर्वाप्यन्ते' અર્થાત્ પરિસમાપ્તિ પામે છે.
શુભ પ્રવર્તક - પરમ શુભસાધક અનુબંધ વડે
કુશલ કર્મો પરંપરાએ નિર્વાણપ્રાપક બને છે.
'કુશલ કર્મ સાનુબંધ બને' અર્થાત્
સુપ્રયુક્ત ઔષધની જેમ આત્યન્તિક અનુબંધવાળું બને.
અહં-મમ બુદ્ધિ ટળવાથી નવાં કર્મ બંધાતા નથી,
જુના કર્મ ભોગવાઈ જાય છે, તેથી જીવને નિર્વાણ છે.

## નિર્વાણના ઉપાયો

પોતાના સુખમાંથી બીજાને ભાગ આપો,
બીજાના દુઃખમાં તમે ભાગ લો.
પોતાનું સુખ આપો, બીજાનું દુઃખ માંગો.
બીજાના નાનામાં નાના ઉપકારને યાદ કરો તથા
મોટામાં મોટા ઉપકારને ભૂલી જાઓ.

જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ -
એ ચારે ય દુઃખનું મૂળ અવિદ્યા છે, તૃષ્ણા છે.
તેનો મુખ્ય ઉપાય પંચશીલ છે અર્થાત્
સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ સંકલ્પ,
સમ્યક્ વ્યાયામ અને સમ્યગ્ સમાધિ છે.
પંચશીલવાન બની અષ્ટાંગ યોગનું સાધન કરે,
તે દુઃખથી મુક્ત થઈ નિર્વાણને પામે છે.
નિર્વાણ પામવા પહેલાં બ્રહ્મવિહાર પર ભાર મૂક્યો છે,
તે મૈત્રી - કરુણા - મુદિતાસ્વરૂપ છે.
જિનેશ્વર ભગવંતોએ કેવળદર્શન વડે જોયેલો,
કેવળજ્ઞાનથી સારી રીતે જાણેલો અને
ચરણ - કરણ દ્વારા સેવેલો એવો નિર્વાણમાર્ગ છે.
આપણી વિચારશક્તિને શુદ્ધ અને સરળ બનાવવાથી
આત્માનો મોક્ષ સરળ અને સફળ બને છે.
મૈત્રીભાવનાં દિવ્ય રસાયણથી બુદ્ધિ જ્યારે એકરૂપ -
સમરૂપ બની જાય છે, ત્યારે જ નિર્વાણ મળે છે.

તારું સાચું નામ 'નિર્વાણ' છે.

'નિર્વાણ' એટલે ઇચ્છામાત્રનું વિસર્જન,

તેથી દયાની કરુણી અને ક્ષમાનો આલોક ઉજાગર કર.

તારું સાચું સ્વરૂપ અલખ છે, જ્યાં આંગળી ચીંધી શકાય,
અહીં ઓળખ - પરખના સર્વ જાળાં સરી પડે છે.
નામ નિર્વાણ અને રૂપ અલખ - અગોચર રહે,
ત્યાં જ દયાની કરુણી અને ક્ષમાની ઝલક રહે છે.
કહ્યું છે કે આપણે આપણાં નામ - રૂપનાં વસ્ત્રો
જો ચુસ્ત પહેરીએ, પછી વસ્ત્રો ઉતારવાનો વારો આવે,
ત્યારે તકલીફ પડે છે, તેથી સમજને વસ્ત્રો ઢીલાં પહેરીએ,
ગાંઠો ઓછી વાળીએ, તો આપણો પાઠ ભજવ્યા પછી
વસ્ત્રો ઉતારતાં તકલીફ ઓછી પડે છે પણ જેણે વસ્ત્રો
ઢીલાં પહેર્યાં રહે, દયા-ક્ષમાના તાણાવાણાથી વણ્યાં રહે,
એ તો વસ્ત્રો સાથે જ ગગનમાં વિચરી શકે છે.
ઇચ્છારહિત થવાની ઇચ્છા
દયા અને ક્ષમાનાં ઢીલાં વસ્ત્રો પહેરવાથી પૂરી થાય છે.

## ધ્યાન = જ્ઞાનની વિરાટ શક્તિના સાથે તાદાત્મ્ય.

વસ્તુના અનંત પર્યાયોને જ્ઞાત કરવાનું સાધન ધ્યાન છે.

નિર્વાણ કોઈ ક્રિયાનું નહીં, પરન્તુ મુક્તાત્માનું નામ છે.

નિર્વાણ તે શુદ્ધ સ્વરૂપમાં અવસ્થાન છે.

પ્રાણીમાત્ર પ્રતિ આત્મૌપમ્ય દૃષ્ટિ અહિંસાનું આચરણ છે.

મોક્ષમાં નિમિત્ત કારણ દેવ - ગુરુ - ધર્મ છે અને

ઉપાદાન કારણ આત્મા પોતે જ છે.

મોક્ષ અને મોક્ષનું કારણ આત્મા જ છે.

કર્મમલથી લિપ્ત આત્મા ધ્યાનાદિ પ્રક્રિયા દ્વારા

કર્મમલનો નાશ કરી સ્વયં શુદ્ધ બની શકે છે.

છેક મોક્ષ પહોંચતા શુદ્ધ મનનું ચલચિત્ર દેખાય છે.

એ ચિત્ર પૂરું થાય, એટલે મોક્ષ - મુક્તિ - નિર્વાણ.

વિચાર સાથે આપણો સંબંધ હાથ મિલાવવાનો રહે,

એની સાથે શાદી કરવાની ન રહે, કેમકે

વિચાર એ જ્ઞેય છે, તું જ્ઞાતા છે.

ભવ તાપસ્વરૂપ છે, નિર્વાણ શીતલતાસ્વરૂપ છે.

સદા જ્ઞાનાકાર વૃત્તિ એજ એક નિર્વાણનો ઉપાય છે.

વિશ્વાસ પરમ બંધુ છે અને નિર્વાણ પરમ સુખ છે.
આ માર્ગે આરોગ્ય પરમ લાભ છે, સંતોષ પરમ ધન છે.

સત્યાસત્યબુદ્ધિ આ લોકમાં સુખ નથી,

પ્રભુસ્વરૂપબુદ્ધિ પરલોકમાં મોક્ષ.

પર એટલે શત્રુ. શત્રુભાવ મોક્ષમાં બાધક છે.
મિત્રભાવથી જ તે દૂર થાય, તેથી મિત્રભાવ મોક્ષનું સાધન છે, સ્વ અને પર એવો ભેદ વ્યવહારથી છે.

મુક્તિ = વસ્તુજગત ઉપર જીવની પક્કડ છોડવી તે.

આત્માનું હોવું અને એની પક્કડ હોવી, તે ગૃહસ્થતા છે.
પરિગ્રહ એ માલિકી હોવાની ભાવના છે, અધિકાર - અહંકાર - સ્વત્વમાં નહીં પણ વસ્તુત્વમાં જીવવાનું છે.

વસ્તુત્વમાં જીવવાનું એજ સંસાર છે,

એ છૂટી જાય, એટલે સર્વત્ર એક નિર્વાણ જ છે.
દરેક ધર્મમાં સર્વજ્ઞનું સ્વરૂપ, મોક્ષનું સ્વરૂપ અને ઉપશમ ભાવપ્રધાન મોક્ષનો માર્ગ એકસરખો કહ્યો છે.

## નાદ દ્વારા થતી સમાધિ અટલ...

## કૈવલ્યાવસ્થા - તુર્યાવસ્થા અને મહાશૂન્ય.

એ માટે ગુરુના વચનનું શાંતિથી ધ્યાન કરવું.
એ સ્થિતિમાં અંતરમાં ગુંજતો નાદ તે જ નાદાનુસંધાન.
શક્તિના કેન્દ્રો સ્થિર છે.

માનવમાં સુષુપ્તપણે પડેલા નાદશક્તિને જડતામુક્ત કરી શરીરની મધ્ય નાડી સુષુમ્ણાના માર્ગે દોરવામાં આવે, ત્યારે મન શૂન્યમાં આવી શિવત્વ પ્રાપ્ત કરે છે.

આવું વિશુદ્ધ શૂન્યત્વ એજ નિર્વાણપદ છે.
તે કામના અને ક્રોધથી મુક્ત તત્વાતીત અવસ્થા છે, જે શિવ - શક્તિનો અભેદ સમન્વયથી પ્રાપ્ત થાય છે.

જન્મ - મરણરૂપ સંસારનું કારણ કર્મ અને મોહ છે અને કર્મ અને મોહથી મુક્ત થવું, તે નિર્વાણ છે.

પ્રભુને મહાગોપ એટલે મહાગોવાળ કહ્યા છે અર્થાત્ ભવ્ય જીવોરૂપી ગાયોને નિર્વિઘ્ને મોક્ષપુર પહોંચાડનાર, જરા - મરણાદિ રોગો હરીને નિર્વાણ સુખને પમાડનાર.

તીર્થંકરોની ભક્તિ સંસારનો ઉચ્છેદ કરવા સમર્થ છે.

ભક્તિ વિના મોક્ષની સિદ્ધિ કેવી રીતે થશે ?

ભક્તિયોગની ક્રિયા ઉત્તમ ભૂમિમાં બીજવપન તુલ્ય છે.

૨૪ તીર્થંકરોના પાંચ અને ૨૦ વિહરમાન ચાર, અર્થાત્

૨૪ × ૫ = ૧૨૦ અને ૨૦ × ૪ = ૮૦.

એ રીતે કુલ ૨૦૦ કલ્યાણકો જે દિવસોમાં આવે,
તે દિવસે તપ - જપ - પૂજા - ભક્તિ આદિ કર્તવ્ય છે.
તે વડે ભવભ્રમણ ટળતાં નિર્વાણપદ પ્રાપ્ત થાય છે.

દીક્ષા, કેવળ અને નિર્વાણનો જેને જાપ હોય, તેણે
ભગવાનના તે તે કલ્યાણકો અવશ્ય ઉજવવા જોઈએ.

કલ્યાણકો પરમ પવિત્ર - સર્વ જીવોને સુખદાયક છે.

નામ, આકૃતિ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ વડે
ભગવાનની સર્વ અવસ્થાઓ પૂજાય છે.

ક્ષેત્રથી તીર્થાદિ ભૂમિ, કાળથી પર્વાદિ તિથિ ગ્રહણ.
ચ્યવન, જન્મ, દીક્ષા અને નિર્વાણ એ દ્રવ્યાવસ્થા છે
અને કેવળજ્ઞાન પછી સમવસરણાદિ ભાવાવસ્થા છે.

આત્મા નિગોદમાંથી નીકળ્યો, એ જ વધામણા છે,

કેમકે હવે તે સિદ્ધના નિર્વાણ પામશે.

નિગોદમાંથી નીકળવું, એ જ નિર્વાણ છે.

ક્રિયા એટલે આચરણ. તેને મોક્ષનું કારણ માનનારના મતે
બહુ આચરણ અજ્ઞાનપૂર્વક હોય, ત્યાં સુધી મોક્ષ ન થાય,
કિન્તુ જો વિશુદ્ધ જ્ઞાનપૂર્વકની ક્રિયા હોય, તો જ થાય.

સિદ્ધ એ પ્રકાશ છે, નિગોદ એ અંધકાર છે.

પ્રભુ રત્નત્રયીની સાધના દ્વારા સંસારે પરિભ્રમણશીલ
જગતને મોક્ષનાં અવ્યાબાધ સુખ આપવા ઇચ્છે છે.

અજ્ઞાનમાં સંસાર છે - જ્ઞાનમાં નિર્વાણ છે.

આત્માને ઓળખીને સમદર્શી થવું, એ સમ્યગ્ જ્ઞાન.

તે જ્ઞાન જ મોક્ષ મેળવવામાં ઉપયોગી થાય છે.

જ્ઞાન યોગથી અને વિજ્ઞાન પ્રયોગથી પ્રાપ્ત થાય છે.

જ્ઞાનથી નિર્વાણ અને તેથી મોક્ષ મળે છે.

ધર્મનું મૂળ તીર્થંકર દેવ છે, ધર્મનું ફળ મોક્ષનું સુખ છે,
ધર્મનું સ્વરૂપ આજ્ઞાનું પાલન છે.

## ૨૪ તીર્થંકરોની નિર્વાણભૂમિઓ

આદિનાથ પ્રભુના ઉપદેશથી તથા વાર્ધકીરત્નની મદદથી ભરત ચક્રવર્તીએ ભાવિ ૨૦ તીર્થંકરોના ૨૦ જિનમંદિરો સમ્મેતશિખરજી તીર્થ ઉપર બંધાવ્યાનો અધિકાર છે. શ્રી અજીતનાથ ભગવંતથી શ્રેયાંસનાથ પ્રભુ સુધી અને ૧૩મા શ્રી વિમલનાથ ભગવંતથી ૨૧મા શ્રી નમિનાથ પ્રભુ સુધી તથા ૨૩મા શ્રી પાર્શ્વનાથ પ્રભુ - એમ કુલ ૨૦ તીર્થંકરો સમ્મેતશિખરજી તીર્થ ઉપરથી મોક્ષે ગયાં છે તથા શેષ ચાર તીર્થંકરો નીચેના તીર્થોમાં મોક્ષે ગયાં છે:

| | | | |
|---|---|---|---|
| આદિનાથ | વાસુપૂજ્ય | નેમનાથ | મહાવીરસ્વામી |
| ૧ - | ૧૨ - | ૨૨ - | ૨૪ |
| અષ્ટાપદ | ચંપાપુરી | ઉજ્જયંત | પાવાપુરીજી. |

## મોક્ષમાર્ગ અને નિર્વાણ

ભૂતદયા, અહિંસા અને સ્યાદ્વાદ એ મોક્ષમાર્ગ છે.

આરંભ અને રાગ-દ્વેષની
સર્વથા નિવૃત્તિ થતાં નિર્વાણ પ્રાપ્ત થાય છે.

નિર્વાણ પામવા માટે ભાવના ભાવવી જરૂરી છે,
કેમકે તેથી ચિત્તનું સમાધાન રહે, શરીરની કાંતિ વધે,
ચિત્તની પ્રસન્નતા વધતાં નિર્વાણસુખ સમીપે આવે
અને ન મળે, ત્યાં સુધી વળી દૈવલોક પ્રાપ્ત થાય
તથા પાપકર્મ ઉપરાંત ચિત્તની સંકુચિતતા નાશ પામે છે.

બુદ્ધના નિર્વાણમાં એ Extinctionની
કલ્પના મુખ્ય છે, તેમ જૈનના વીતરાગભાવમાં પણ
મૈત્ર્યાદિ શુભ ભાવોનું જાણે extinction થતું હોય,
તેવો ભાસ થાય છે, પરન્તુ તે ભાસ બરોબર નથી જ.
નિર્વાણમાં એમ શુદ્ધ આત્મા તેની perfect & pure
શક્તિઓ સહિત વિદ્યમાન છે, તેમ વીતરાગતામાં
perfect & pure મૈત્ર્યાદિ ભાવોનું કાર્ય વિદ્યમાન છે.

તેનું multiplication થાય છે.

'વીતરાગ વિશ્વનું કલ્યાણ કરે છે'
તેમ કહેવું સત્ય નથી, તેમ અસત્ય પણ નથી.
'વીતરાગ કલ્યાણ નથી કરતા' એમ કહેવું અસત્ય છે.

'મનુષ્યાણાં સહસ્ત્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે ।' અર્થાત્:
હજારો મનુષ્યોમાં કોઈક જ મોક્ષ માટે પ્રયત્ન કરે છે.

મુનીન્દ્રના હૃદયમાં તત્ત્વથી ધર્મ રહે છે.

હૃદયમાં મુનીન્દ્ર રહેવાથી નિયમા સર્વાર્થની સિદ્ધિ થાય છે.

વચનોપયોગપૂર્વકનો ધર્મ એ જ શ્રેષ્ઠ ચિન્તામણિ છે.

તેવા ધર્મથી શમરસની પ્રાપ્તિ થાય છે,
જે યોગી પુરુષોની માતા જેવી નિર્વાણફલને આપે છે.

નિર્મળ મતિવાળો એ રીતે ઔચિત્ય મુજબ ધર્મને કરે છે,
ત્યારે શ્રોતાઓને વિષે નિર્વાણફલને આપનાર
અતુલ ધર્મને પેદા કરે છે.

નમસ્કારભાવ એટલે...
ક્ષમાયાચના એટલે સંવર-નિર્જરા એટલે મોક્ષ-નિર્વાણ.

નમસ્કારભાવ અને ક્ષમાયાચના-
આ બંને ત્રણે જગતના સ્વામિત્વનું બીજ છે.
તમામ તીર્થંકરો તથા સિદ્ધ પરમાત્માઓની
સકલ સિદ્ધિઓ 'નમો' ભાવમાંથી જ ફાલીફૂલી છે.

## તીર્થયાત્રા અને નિર્વાણપદને શું સંબંધ ?

'દરેકનો આત્મા શક્તિરૂપે પરમાત્મા જ છે' એવું
સ્મરણ કરવાનું આલંબન સ્થાવર તીર્થો છે, તેથી યાત્રા
આપણા સમકીતને વિશિષ્ટ રીતિએ નિર્મળ કરે છે.

સમ્યગ્ દર્શનની નિર્મળતા
આત્મામાં રહેલા પરમાત્મભાવની બુદ્ધિને સ્થિર કરે છે.
તેમ થવાથી મરણનો ભય ચાલ્યો જતાં તે નિર્મળતા
અમર એવા આત્મતત્ત્વની પ્રતીતિ કરાવે છે.
પછી તેને જન્મ - મરણના ફેરા ફરવા રૂપ રહેતું નથી.
'ત્રિસંધ્યાએ પૂજા કરનાર ત્રીજે ભવે નિર્વાણપદ પામે'
એ શાસ્ત્રવાક્ય આ ઉપરથી ચરિતાર્થ થાય છે.

<u>સાધનાના માર્ગોમાં અંતર છે, પરન્તુ બધાનું
આંતરલક્ષ્ય એક જ છે, જે છે નિર્વાણપદની પ્રાપ્તિ.</u>

'જગત ઉપર પરમાત્માની દૃષ્ટિ છે' તે વાક્યનો અર્થ
જગતના જીવો તત્ત્વથી પરમાત્મસ્વરૂપ છે,
એવું દર્શન ભગવાન નિત્ય કરે છે.

## 'બ્રહ્મનિર્વાણ' એટલે શું ?

સર્વ ઉપાધિ તોડી - ફોડીને સર્વભૂત હૃદય સાથે તાદાત્મ્ય પામવું, અનંતમાં લીન થવું તથા બ્રહ્મમાં ઓગળી જવું, એ જ સાધનાનું અંતિમ ધ્યેય છે અને એ જ 'બ્રહ્મનિર્વાણ' કહેવાય છે.

'બ્રહ્મ' એટલે વિશાળ, વ્યાપક.

'સંકુચિત જીવન છોડી બ્રહ્મરૂપ થવું' એ જ ધ્યેય છે.

(અ) નિર્ગુણ બ્રહ્મ - આત્મદ્રવ્ય ઊર્ધ્વતા સામાન્ય, સર્વ પર્યાયોમાં અનુસ્યૂત ત્રિકાળવ્યાપી દ્રવ્ય, શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય, ગુણ - પર્યાયવિમુક્ત દ્રવ્ય, તત્ પદનો વિષય.

(બ) સગુણ બ્રહ્મ - આત્મત્વ જાતિ તિર્યક્ સામાન્ય, બધા આત્મામાં રહેલું આત્મત્વ ગુણ, શુદ્ધ સંગ્રહનયનો વિષય, ગુણાદ્યપર્યાય વિશિષ્ટ દ્રવ્ય, ૐ પદનો વિષય.

જે જીવનવ્યાપાર જીવને મોક્ષ લક્ષ્ય લઈ જાય છે, તેના મૂળમાં અભિનિવિષ્ટપણું તો જોઈએ જ અને જ્યાં ક્લેશો ગયા, ત્યાં અકુશળ પ્રવૃત્તિ સંભવે જ નહીં.

પહેલા પ્રભાતે નીચે પ્રમાણે ભાવના કરવાથી
એની ચમત્કારિક શુભ અસર દેખાય છે:

'જગતના સર્વ જીવો સુખી થાઓ.
વિશ્વના સૌ જીવોને સદ્બુદ્ધિ મળો, દુઃખથી મુક્ત થાઓ,
પાપરહિત બનો અને મોક્ષસુખ પામો.'

દુશ્મન, વિરોધી કે દુઃખદાતા માટે ય આ ભાવના કરવી,
બલ્કે એમના માટે વિશેષ પ્રકારે આ ભાવના ભાવવાની.

'જગતના જીવમાત્ર મારા મિત્ર છે, પ્યારા બંધુ છે'
એ ભાવના વાસ્તવિક તો જ બને કે
જો એ જીવો પ્રત્યે આપણા હૈયામાંથી
આપણા ઉપકારી મિત્ર માફક સ્નેહ ઉભરાય!
એને આરોગ્ય, સદ્બુદ્ધિ, દુઃખનાશ, પાપમુક્તિ,
અનંત કલ્યાણ અને મોક્ષસુખ પ્રાપ્ત થાય,
એવા મંગળ કામનાનાં તરંગો આંદોલિત રહ્યા કરે.

સર્વદા, સૌ સુખી થાઓ, પાપ ના કોઈ આચરો,
રાગ - દ્વેષથી મુક્ત થઈને, મોક્ષસુખ સૌ જગ વરો.

# ચિંતામણી - કલ્પતરૂ - કામકુંભરૂપ
# આ કાર્યયજ્ઞનો હવે સાલશે વિરહ!

'શબ્દ-સુરત યોગ'ની અનુભૂતિનો આછો સ્પર્શ એટલે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'ના ૬૮ બૃહદ્ ગ્રંથોની ગ્રંથશ્રેણી એવં તેમાંથી ઉદ્ધૃત આ વિષયવાર ૪૦ લઘુગ્રંથોના સર્જનનું અવતાર કૃત્ય, જે હવે વિરામ પામશે! પૂજ્ય પંન્યાસજી મહારાજે પોતાની વર્ષોની આંતરયાત્રા દરમ્યાન સ્વનામ-રૂપના પડલો ભેદીને અધ્યાત્મની ભીતર રહેલા પરમ તત્ત્વને પોતાની રોજનીશીઓમાં સત્ય રૂપે સહજ પ્રકાશિત કર્યું. અંદરના નાદને સુણી તેને બહાર રમતું કરવા બાહિર-ભીતર સકલ શબ્દને જાણ્યો. તેને આ શ્રેણીમાં ઢાળવા પ.પૂ.પં. વજ્રસેનવિજયજી મહારાજ તથા પ.પૂ.આ. હેમપ્રભસૂરીશ્વરજી મહારાજે અમારી ઉપર શ્રદ્ધા રાખી. આ શબ્દસાધનામાંથી નિષ્પન્ન પરિણામ એટલે શબ્દને સુરતાના દોરામાં પરોવવાનો આ દસકાં-દીર્ઘ ઉત્સવ! બસ! આ કાર્ય પૂર્ણ થયે પણ 'શબ્દ અને સુરતી' વચ્ચે કદાપિ આંતરૂં ન પડે, એ જ પરમાત્માને પ્રાર્થના.

દરેકને પ્રાયઃ બે ચહેરાં હોય, એક જે દર્પણમાં દેખાય તે અને બીજો ચહેરો એટલે અન્યના મનમાં જે ઝીલાય તે! પાણીથી પણ પતલી અનુપ્રેક્ષાઓ ઝીલીને આલેખનાર પૂજ્ય પંન્યાસજી મહારાજના એ બંને ચહેરા એક જ હતાં! તેમણે વ્યષ્ટિ તેમ જ સમષ્ટિ - બંનેનું શ્રેય કરનાર નવકારની કેડીએ દોરી જઈ સ્વયં સમારાધનાનું મંગળ પર્વ ઉજવ્યું અને આપણને પણ તેમાં જોડ્યા. એમના જીવનનું દરેક કાર્ય કોઈ એક અગમ તારને સ્પર્શતું, જેનો નાદ અનંતમાં સ્પંદિત થતો. આજે એ સ્પંદનો આ હસ્તલિખિત હસ્તાક્ષરોમાંથી પ્રસ્ફૂટ થઈ આપણા સુધી યથાતથ રીતે પહોંચી શક્યા છે, તેનો હર્ષ છે. તેમાં માત્ર અને માત્ર તેઓની જ અસીમ કૃપાનો અનુભવ અમોને શબ્દે શબ્દે થયો છે. અમે જોયું છે કે સાચો શબ્દ હંમેશા પોતાનો સાચો સમય તથા સાચું સ્થાન શોધી જ લે છે, એવું જ આ રોજનીશીઓ સાથે પણ થયું!

તેમની અનંત કૃપાનું લીલ્લુંછમ્મ ધોધમાર ચોમાસું માણ્યું એકધારૂં અમે ૧૨૦ મહિના! જાણે વીતાવ્યો જીવનનો પરમ શ્રેષ્ઠ સુવર્ણકાળ! આવા આર્યદ્રષ્ટા ચિંતક અમારા પરિવારના પથદર્શક ગુરૂમહારાજ હતાં, તેમ વિચારીને આજે અધિક ગરિમા અનુભવાય છે. આ અક્ષરમાતૃકાઓમાં તેમનો વાસ હવે 'અહેસાસ' રૂપે તો છે જ! આપણા સૌમાં જે આત્મશક્તિ નિહિત છે - નિગૂઢ છે, તેને પૂર્ણતયા પ્રગટ કરવાની કેડી આપનાર આપણા સહુના આ જીવનદ્રષ્ટાને ત્રિકાળ શત - સહસ્ત્ર વંદન હો!

પૂજ્ય ગુરૂમહારાજને તેઓના શબ્દદેહ થકી ફરી મળવાના આ મહામિલનના ઉત્સવે અગણ્ય આત્માઓને અભ્યંતર ગતિ કરાવી હશે, અસંખ્ય સાધકોને વૈખરીની હદ ઉપર, જ્યાં શબ્દ નથી પહોંચતો, એવી પરાવાણીનું અનુસંધાન લઈ આપ્યું હશે અને શુદ્ધ અસ્તિત્વની સમીપ બેસાડી 'હું કોણ છું?' એ પ્રશ્ન વિચારતા ય કરી મૂક્યાં હશે, એનો અત્યંત આનંદ છે. તે અર્થે પરમ પૂજ્ય પંન્યાસજી મહારાજના ૭ સાગર કે આભ જેટલાં ઋણમાંથી ઉત્તીર્ણ થઈ શકાય તેમ જ નથી! ૨૧મી સદીના જિનશાસનના આ ચમકંતા જવાહરની જેટલી ઉપબૃંહણા કરીએ, તે ઓછી છે.

આત્મનિરીક્ષણની આ યાત્રા આપણા સૌ માટે પરમ સત્યની ખોજયાત્રા બની રહી. આ કાર્ય દરમ્યાન અમારાથી જે કાંઈ ત્રુટિ, ભૂલ કે અનાચરણ થયું હોય, તેની અમે સૌ મન-વચન-કાયાથી અંતઃકરણપૂર્વક ક્ષમા માંગીએ છીએ.

મિચ્છામિ દુક્કડં સહ સૌને સાદર વંદન. અસ્તુ!

**ભારતી દિપક મહેતા તથા હસ્તાક્ષર જૂથના સાદર વંદન**

॥ शुभम् भवतु ॥

## તીર્થંકરની માતા જે ૧૪ મહાસ્વપ્નો જૂએ છે,
## તેમાં ચૌદમું સ્વપ્ન નિર્ધૂમ અગ્નિ.



ગગનસ્પર્શી શિખા અને જ્વાળાથી ભરેલ, નિર્ધૂમ અને ઘૃત વડે અભિષિક્ત ધુમ્રવિહિન અગ્નિ આ સ્વપ્નના ફળરૂપે એમ સૂચવે છે કેઃ

આ ગુણવાન શિશુનો આત્મા પોતાના સર્વ પૂર્વ કર્મોનો ક્ષય કરીને પ્રાંતે નિર્વાણ પામી મોક્ષનગરીમાં બિરાજશે.



: મોક્ષમાર્ગમાં પ્રવેશવાની ત્રણ શરત :

(૧) બીજાનું દુઃખ દેખીને દયાર્દ્ર થવું. (૨) દેવ-ગુરૂ-અતિથિનો સત્કાર કરવો.
(૩) દીન-અનાથ આદિ જીવોનો ઉદ્ધાર કરવો.

કુદરતની માલીકીની કોઈપણ વસ્તુ ઉપર આપણી માલીકી રાખીએ, ત્યાં સુધી ગુન્હાહિત છીએ. તે માલીકી કુદરતની છે, તે તેને જ સોંપી દેવાથી ગુન્હાથી મુક્તિ મળે છે, તેથી તે માર્ગ એ મોક્ષનો માર્ગ છે.

મોક્ષમાર્ગ = ‘વૃત્તિમાં અનેકાન્ત’ અને ‘પ્રવૃત્તિમાં એકાન્ત’.

www.fiestadesigns.in